# યાત્રાકારી

## ભાગ-૨



લેખક :- જોન બન્યન
અનુવાદક :- શ્રી ઉપકાર
અજુભાઇ દેસાઇ

1BG42 ૪૮

# THE PILGRIM'S PROGRESS

BY

JOHN BUNYAN

PART II

# યાત્રાકારી

## ભાગ બીજો

ORIGINALLY TRANSLATED FROM THE ENGLISH
BY
UPAKAR AJUBHAI DESAI. B.A

First Edition A. D. 1904 - 1000 Copies
This Edition A. D. 2000 - 1000 Copies

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

- યાત્રાકારી ભાગ - ૨

- અનુવાદક :

  શ્રી ઉપકાર અજુભાઈ દેસાઈ

- પ્રકાશક

  **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**

  સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ,

  અમદાવાદ-૩૮૦ ૦૦૬.

  ફોન : ૬૪૪૫૨૮૧.

- પ્રથમ આવૃત્તિ : ૧૯૦૪

  દ્વિતીય આવૃત્તિ : નવેમ્બર ૨૦૦૦

- **મૂલ્ય : રૂા. ૩૦ - ૦૦**

- **નકલ : ૧૦૦૦**

- મુદ્રક :

  **ફોટ્રોનિક્સ**

  ભરવાડા હાઉસ,

  જૂની હાઇકોર્ટ રેલવે ક્રોસિંગ પાસે, નવરંગપુરા,

  અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૬૪૨૭૪૪૮.

# આભાર

યાત્રાકારી ભાગ – ૨ના પ્રકાશન માટે સુરતના સ્નેહીજન તરફથી પ્રકાશનનો પૂરો ખર્ચ રૂા. 30,000/- ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને ભેટ આપ્યા છે તે બદલ સમગ્ર પરિવારનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

# પ્રસ્તાવના

જોન બન્યન મહાન પ્રભુના સેવક. તેને Man of the one Book' ગણવામાં આવે છે. પરંતુ અન્ય ધાર્મિક સાહિત્યનો તેમને પરિચય ન હતો. તેમ જ વાંચન પણ ન હતું. પરંતુ બાઇબલ તેમના જીવનનો એક મહત્ત્વનો ભાગ હતો. તેમ જ તેમનું સભાન અને સુષુપ્ત મન પ્રભુના વચનોથી ઓતપ્રોત હતું. અને તેની અભિવ્યક્તિ ઉપમા અને ચિત્રસ્વરૂપે 'યાત્રાકારી'માં કરવામાં આવી છે. તેમ જ માણસના મનોવિજ્ઞાનનું તેમ જ ધાર્મિક વૃત્તિઓનું અત્યંત સૂક્ષ્મ રીતે આબેહૂબ વર્ણન આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

ખ્રિસ્તી જીવનને એક પ્રવાસ તરીકે આલેખીને સ્વર્ગ તરફ તેને મુસાફરી કરતો, તેમ જ જીવનપથ ઉપર ઈસુની સહાયથી સંઘર્ષ કરતો આલેખવામાં આવ્યો છે. પ્રથમ ભાગમાં ખ્રિસ્તી પોતે મુસાફરી કરે છે. બીજા ભાગમાં તેની પત્ની અને બાળકો સ્વર્ગપ્રતિ પોતાનો પ્રવાસ શરૂ કરે છે. અને જારી રાખે છે.

આ પુસ્તક વાંચતાં આપણા પોતાના જીવનોનું પ્રતિબિંબ તેમાં નિહાળી શકીએ છીએ. ઘણા બધા વિવેચકોએ ધાર્મિક સાહિત્યની દૃષ્ટિએ આ પુસ્તકને બાઇબલ પછીનો બીજો ક્રમ આપેલો છે. એક અત્યંત દુષ્ટ માણસ પ્રભુમાં નવો જન્મ પામીને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નવસર્જન બનીને પોતાની મનોવૃત્તિઓમાં નવો થઈને માણસ શું કરી શકે તેનું ઉદાહરણ પૂરું પાડે છે.

પ્રત્યેક ખ્રિસ્તી વાચક અને સાહિત્ય પ્રેમીને યાત્રાકારી ભાગ-૧ અને ભાગ-૨ વાંચવા અને બીજાને વાંચવા માટે ઉત્તેજન આપે તેવી નમ્ર વિનંતી કરીએ છીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે સૂરતના આપણા સ્નેહીજન તરફથી પ્રકાશનના પૂરા ખર્ચ પેટે રૂા. ૩૦,૦૦૦/-નું ખૂબ જ ઉદાર દાન મળ્યું છે તે બદલ સમગ્ર કુટુંબીજનોનો હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ.

ડિસેમ્બર ૨૫, ૨૦૦૦

**રેવ. પ્રકાશ સીંગાડા**
સેક્રેટરી
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી

# યાત્રાકારી : ભાગ બીજો

સ્નેહી મિત્રો,

**ખ્રિસ્તી** નામના મુસાફર વિષે તથા **સ્વર્ગીય દેશ** તરફની તેની જોખમ ભરેલી મુસાફરી વિષે મને જે સ્વપ્ન આવ્યું હતું; તે કેટલાક સમય પર તમને કહેતાં મને આનંદ થયો હતો અને તમને લાભ થયો હતો. તેની પત્ની તથા બાળકો વિષે પણ મેં જે સ્વપ્નમાં જોયું હતું તે પણ મેં તમને તે વખતે કહ્યું હતું કે, તેઓએ તેની સાથે મુસાફરીએ જવાની ના પાડી અને તેથી તેઓને મૂકીને એકલા ચાલી નીકળવાની તેને ફરજ પડી. કેમ કે **નાશ થનાર** શહેરમાં તેઓની સાથે રહેવાથી નાશ પામવાનો જે ભય તેને લાગતો હતો, તેનું જોખમ ઉઠાવવાની હિંમત તે રાખી શક્યો નહિ; એ માટે મેં તમને અગાઉ કહ્યું હતું તે પ્રમાણે તે તેઓને મૂકીને ચાલ્યો ગયો.

હવે કામના બહુ બોજાને લીધે એમ બન્યું કે, જે સ્થળોમાં **ખ્રિસ્તી**એ યાત્રા કરી તે સ્થળોમાં મારા રિવાજ પ્રમાણે મુસાફરી કરવામાં મારે ઘણું રોકાવું પડ્યું છે, અને તેથી જેઓને તે પાછળ મૂકી ગયો હતો તેઓ વિષેની હકીકત તમને આપવા માટે તેઓ વિષે વધુ તપાસ કરવાનો અવસર અત્યાર સુધી મને મળ્યો નહોતો; પણ થોડા વખત પર તે તરફ મને કેટલુંક કામ હોવાથી હું ફરી ત્યાં ગયો હતો, અને તે જગ્યાથી આશરે એક માઈલ દૂર આવેલી એક ઝાડીમાં મુકામ કરીને હું રાત્રે ત્યાં સૂતો હતો ત્યારે મને ફરી સ્વપ્ન આવ્યું.

મને એવું સ્વપ્ન આવ્યું કે, હું સૂતો હતો તે સ્થળની નજીક થઈને એક વૃદ્ધ માણસ જતો હતો, અને જે માર્ગે હું મુસાફરી કરતો હતો તેજ માર્ગે કેટલેક સુધી તે જવાનો હતો, માટે હું ઊઠીને તેની સાથે ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં મુસાફરોની સામાન્ય રીત મુજબ અમે એક બીજા સાથે વાત કરવા લાગ્યા; અને વાતના પ્રસંગમાં અમે **ખ્રિસ્તી** વિષે તથા તેની મુસાફરી વિષે વાત કરવા લાગ્યા. એ વૃદ્ધ પુરુષની સાથે નીચે મુજબ મેં વાત શરૂ કરી :

સાહેબ, પેલું આપણા માર્ગની ડાબી બાજુએ નીચાણમાં જે શહેર આવેલું છે તે કયું શહેર હશે?

ત્યારે એ વૃદ્ધ પુરુષ જેનું નામ **બુદ્ધિવાન** હતું તેણે મને કહ્યું કે, એ તો **નાશ થનાર** શહેર છે, એમાં બહુ ગીચ વસ્તી છે, પણ તેમાં રહેનાર લોકો ઘણા આળસુ અને દુર્દશામાં જીવે છે.

મેં કહ્યું કે મારું પણ ધારવું એવું હતું કે એ તે જ શહેર હશે. એક વખતે હું પોતે એ શહેરમાં થઈને ગયો હતો, અને તેથી જાણું છું કે આ જે હકીકત તમે તે વિષે આપો છો તે સાચી છે.

**બુદ્ધિવાન :** દુઃખની વાત છે કે હકીકત તદ્દન સાચી પડે છે. હું દિલગીર છું કે તેના વિષે વધારે સારી હકીકત હું આપી શકતો નથી.

મેં કહ્યું કે, સાહેબ, હું જોઈ શકું છું કે, આપ ભલા માણસ છો, અને તેથી જ આપ જે કંઈ સારું હોય તે વિષે સાંભળવામાં અને કહેવામાં આનંદ માનો છો. કેટલાક સમય ઉપર આ શહેરનો **ખ્રિસ્તી** નામનો એક માનવી સ્વર્ગીય દેશ તરફ મુસાફરીએ

નીકળ્યો હતો. તેનું શું થયું તે આપના સાંભળવામાં કદી આવ્યું છે શું?

**બુદ્ધિવાન :** કેમ સાંભળ્યું ન હોય! વળી માર્ગે ચાલતાં તેના પર જે સતાવણીઓ, વિપત્તિઓ, યુદ્ધો, બંધનો, રુદન, શોક, ભય, શંકા વગેરે આવી પડ્યા તથા વીત્યાં તેઓ વિષે પણ મેં સાંભળ્યું છે. વળી મારે તમને કહેવું જોઈએ કે, આપણા આખા દેશમાં તેની કીર્તિ ગાજી રહી છે. વળી જે લોકોએ તેના વિષે તથા તેનાં કામો વિષે સાંભળ્યું છે, તેઓમાં માત્ર થોડા જ એવા હશે કે જેઓએ તેની મુસાફરીના હેવાલના પુસ્તકની નકલો શોધી શોધીને પોતાનાં કુટુંબોને માટે ખરીદી ન હોય. હા, હું એમ પણ કહી શકું કે તેની વિઘ્નમય મુસાફરીનો વિચાર કરીને ઘણા લોકો તેના માર્ગો પ્રત્યે આદર દર્શાવવા લાગ્યા છે. કેમ કે જ્યારે તે અહીં હતો ત્યારે બધા લોકો તેને મૂર્ખ કહેતા હતા, તથા હવે તેના ગયા પછી બધા લોકો તેની પ્રશંસા કરે છે. કેમ કે લોકો એવી વાત કરે છે કે જ્યાં તે ગયો છે ત્યાં તે બહુ આનંદમાં અને સુખમાં દિવસો વીતાવે છે; હા, તેઓમાંના ઘણા જેઓએ એવું નક્કી કર્યું છે કે તેણે જે જોખમ ઉઠાવ્યાં છે તે કદી ઉઠાવવાં નહિ, તેઓને પણ તેને મળેલા લાભોનો વિચાર કરતાં પુષ્કળ આનંદ થાય છે.

મેં કહ્યું કે, **ખ્રિસ્તી** પરલોકમાં બહુ સુખ તથા જાહોજલાલી ભોગવે છે એવું તેમનું જે ધારવું છે તે વાજબી છે. કેમ કે તે હમણાં જીવનના ઝરાની પાસે તથા તેની અંદર રહે છે, અને જે સુખરૂપી ફળ તેને મળે છે તે મહેનત કર્યા વગર તથા દુઃખ ભોગવ્યા વગર મળે છે, કેમ કે તેની સાથે કલેશ ભળેલો નથી. પણ મહેરબાની કરીને મને કહેશો કે લોકો તેના વિષે કેવી વાતો કરે છે?

**બુદ્ધિવાન :** વાતો! વાતો તો લોકો તેના વિષે જાત જાતની કરે છે. કેટલાક કહે છે કે હવે તે શ્વેત વસ્ત્રો પહેરીને ફરે છે; તેના ગળામાં સોનાનો હાર છે, અને તેને માથે સોનાનો રત્નજડિત મુગટ છે. વળી કેટલાક લોકો એમ કહે છે કે, જે પ્રકાશિત પુરુષો તેની મુસાફરીમાં તેને વખતે વખતે દર્શન દેતા હતા તેઓના સહવાસમાં હાલ તે રહે છે, અને અહીં માણસોને પોતાના પડોશીઓની સાથે નજીકની ઓળખાણ હોય છે, તેવી ગાઢ મિત્રતા તેને તેઓની સાથે છે. વળી તેના વિષે એમ પણ ખાતરીપૂર્વક કહેવામાં આવે છે કે, જ્યાં તે છે ત્યાંના રાજાએ પોતાના દરબારની નજીકમાં તેને એક મહા વૈભવી અને મનોરંજક મકાન આપ્યું છે, અને જે ત્યાંના સર્વનો ન્યાયાધીશ છે તેની સાથે તે દરરોજ ખાય છે, પીએ છે, તેની સાથે હરે છે, ફરે છે તથા વાતચીત કરે છે, અને તેની પ્રસન્નતા તથા કૃપા પામે છે. વળી કેટલાક લોકો એવી આશા રાખે છે કે તેનો રાજા, એટલે તે દેશનો માલિક થોડી મુદતમાં આ પૃથ્વી પર આવશે, અને જેઓએ તે મુસાફરીએ નીકળવાનો છે એવું જાણીને તેને બહુ તુચ્છકાર્યો તથા તેની મશ્કરી કરી હતી તેઓની પાસેથી જવાબ લેશે.

તેઓ વળી એમ કહે છે કે હાલ તેના રાજાની તેના પર એટલી બધી પ્રીતિ છે, અને જ્યારે તે મુસાફરીએ નીકળ્યો ત્યારે તેનું જે અપમાન કરવામાં આવ્યું હતું તેથી તેના રાજાને એટલું બધું ખોટું લાગ્યું કે, એ બધું દુઃખ તથા અપમાન પોતાને જ કરવામાં આવ્યું હોય એમ તે ગણશે; અને એમાં કાંઈ નવાઈ નથી, કેમ કે પોતાના રાજા પ્રત્યેના પ્રેમને લીધે જ **ખ્રિસ્તીએ** એટલું બધું જોખમ ઉઠાવવાની હિંમત ધરી હતી.

મેં કહ્યું કે. મને તો એ વાતથી આનંદ થયો છે. બિચારા **ખ્રિસ્તી**ને માટે મને આનંદ થાય છે. કેમ કે હાલ તે પોતાની મહેનતથી વિસામો ભોગવે છે. અને પોતાનાં આંસુનું આનંદરૂપી ફળ ભોગવે છે: અને તે જ્યાં છે ત્યાં તેના શત્રુઓની ગોળીઓ પહોંચી શકતી નથી. અને તેના દ્વેષ કરનારાનો દ્વેષ નિરર્થક છે. વળી એ જાણીને પણ મને આનંદ થાય છે કે આ વાતોની ચર્ચા આ દેશમાં સર્વત્ર ફેલાઇ રહી છે. એથી પાછળ રહેલાઓની ઉપર કદાપિ સારી અસર થાય. પણ સાહેબ. ખ્રિસ્તીનાં પત્ની તથા બાળકોના કંઈ સમાચાર તમારા સાંભળવામાં આવે છે? ગરીબ બિચારાં! કોણ જાણે એ શું કરતાં હશે.

**બુદ્ધિવાન :** કોણ? **ખ્રિસ્તી સ્ત્રી** અને તેનાં બાળકો? **ખ્રિસ્તી**નું જેવું ભલું થયું તેવું જ ભલું તેઓનું પણ થવાનું છે: કેમ કે જો કે પ્રથમ તો તેઓ સર્વ મૂર્ખની પેઠે વર્ત્યા. અને **ખ્રિસ્તી**ના રુદનથી તેમ જ આજીજીથી પણ બિલકુલ એકનાં બે ન થયાં. પણ પાછળના વિચારોએ તેમના મનમાં અજબ જેવી અસર કરી છે: તેથી તેઓ પણ સામાન બાંધીને તેમની પાછળ ગયાં છે.

મેં કહ્યું. વાહ. વાહ. આ ખુશખબર તો વળી બીજી બધીને ચઢાવે એવી છે! પણ શું એ ખરી વાત છે કે તેની પત્ની અને છોકરાં બધાં ગયાં?

**બુદ્ધિવાન :** સાચી વાત છે. એ વિષેની બધી હકીકત હું તમને આપી શકું છું. કેમ કે તે સમયે હું ત્યાં જ હતો. અને સઘળી વાતની મને પૂરેપૂરી માહિતી છે.

મેં કહ્યું કે. ત્યારે તો એ વાતને સાચી વાત તરીકે બીજાઓને જણાવવામાં કંઈ વાંધા જેવું લાગતું નથી.

**બુદ્ધિવાન :** એ વાત જણાવતાં તમારે ડરવું નહિ. હું કહું છું કે એ ભલી સ્ત્રી તથા તેના ચાર દીકરા એ સર્વ મુસાફરીએ ગયાં છે. અને મને લાગે છે કે આપણો સંઘાત ઘણે લાંબે સુધી થવાનો છે. માટે એ બાબતની તમામ હકીકત હું તમને કહી સંભળાવીશ.

જે દિવસથી તે સ્ત્રી પોતાનાં બાળકોને લઈને મુસાફરીએ નીકળી તે દિવસથી તેનું નામ **"ખ્રિસ્તી સ્ત્રી"** પડ્યું. આ **ખ્રિસ્તી સ્ત્રી**નો પતિ નદી પાર ઊતરી ગયો. અને ત્યારપછી તેના કંઈ પણ સમાચાર ન મળ્યાં ત્યારે તેણીનું મન આકુળવ્યાકુળ થવા લાગ્યું. તેનું એક કારણ એ હતું કે પોતાના પતિના વિયોગના કારણથી તેઓ બંને વચ્ચે સંબંધની પ્રેમરૂપી જે ગાંઠ હતી તે તદ્દન તૂટી ગઈ. તમે જાણો છો કે પ્રેમી સગાંવહાલાંના વિયોગની ઘડી ઘડી યાદ આવ્યાથી પાછળ રહેનારાંઓના મનમાં સ્વાભાવિક રીતે ઘણી શોકની લાગણીઓ વ્યાપે છે. માટે તેણીના પતિના આ વિયોગથી તેણીને ઘણું દુઃખ થતું હતું. તેણીના દુઃખનું કારણ માત્ર એટલું જ હતું એમ નહિ. પણ તેણીના મનમાં એવા વિચાર આવવા લાગ્યા કે, કોણ જાણે કદાપિ મારા પતિ પ્રત્યેની મારી અયોગ્ય વર્તણૂકના કારણથી જ તેઓ સદાને માટે મારાથી દૂર ગયા હશે. અને આવી રીતે મારી પાસેથી લઈ લેવાયા હશે! ત્યારપછી જે નિર્દય, અસ્વાભાવિક તથા ધર્મવિરુદ્ધ વર્તણૂક પોતાના પ્રિય પતિ સાથે તેણે ચલાવી હતી તેના વિચાર ઉપરાછાપરી તેણીના મનમાં આવવા લાગ્યા: અને તેથી તેણીનું મન દુભાતું અને તેણીને દોષિત ઠરાવતું. વળી તેણીના પતિની હૈયાવરાળ. રુદન તથા વિલાપ તેણીને યાદ આવવાથી તેણીનું હૃદય વિંધાઈ જતું હતું: વળી તેનો પતિ તેને

તથા તેનાં સંતાનને પોતાની સાથે મુસાફરીએ જવાને આજીજી તથા પ્રીતિપૂર્વક સમજાવતો હતો ત્યારે તેણીએ પોતાનું મન કેવું કઠણ કર્યું હતું. તેના સ્મરણથી પણ તેની વેદના વધી જતી હતી અને પોતાના પતિની પીઠ પર બોજાનું દબાણ એ બધો વખત છતાં તેમણે તેણીને જે જે કહ્યું હતું અથવા તેણીની આગળ કર્યું હતું તે બધું વીજળીના ચમકારાની પેઠે તેણીનાં હૃદયમાં ચમક્યું. અને તેથી તેણીનું હૃદય ચિરાઈ જવા લાગ્યું; વિશેષ કરીને તેણે કષ્ટથી જે બૂમ પાડી હતી કે. "તારણ પામવા સારુ હું શું કરું?" તેના શોકયુક્ત ભણકારા તેણીના કાનમાં હજી પડતા હતા.

પછી તેણીએ પોતાના બાળકોને કહ્યું. "હે દીકરાઓ. મારાં પાપથી મેં તમારા પિતાને કાઢી મૂક્યાં તેથી તેઓ ચાલ્યા ગયા છે. આપણને પોતાની સાથે લઈ જવાનું તેઓને બહુ મન હતું. પણ હું હઠ કરીને ગઈ નહિ. મેં તો તમને પણ જીવનના માર્ગમાં રોકી રાખ્યા છે." એ સાંભળીને બાળકો રડી પડ્યાં અને પોતાના પિતાની પાછળ જવાને રુદન કરવા લાગ્યા. ત્યારે તેણીએ કહ્યું કે. "અરેરે...! જો આપણે તેમની સાથે જવાને નસીબવંતા થયાં હોત તો કેવું સારું! ત્યારે તો આપણું ભલું થાત, હવે થવાનો સંભવ છે તેના કરતાં વધારે થાત. કેમ કે જો અગાઉ તો તમારા પિતાનાં દુઃખ વિષે હું મૂર્ખાઈથી એવું ધારતી હતી કે. તે તો તેમના મૂર્ખ તરંગથી દુઃખી છે. અથવા તેમના મિજાજમાં ઉદાસીનું તત્ત્વ પ્રબળ થઈ ગયું હશે તેથી દુઃખી છે, પણ હમણાં તો મારા મનમાંથી એ વિચાર જતો જ નથી કે તેમના દુઃખનું કારણ એ કે તેમને જીવનનું અજવાળું પ્રાપ્ત થયું છે. અને મને લાગે છે કે તેમના આશ્રયથી

તે મોતનાં ફાંદાથી બચી ગયા છે.'' પછી તે બધાં ફરીથી રડવા લાગ્યા. અને બૂમ પાડીને કહેવા લાગ્યા. ''અરેરે...! અમને અફસોસ છે!''

બીજી રાતે **ખ્રિસ્તી સ્ત્રીને** એક સ્વપ્ન આવ્યું. તેમાં તેણીએ પોતાની આગળ એક પહોળું ચર્મપત્ર ઉઘાડેલું જોયું. અને તેમાં તેણીનાં બધાં કામ લખેલાં હતાં. અને તેણીને શિરે કાળા કર્મનો ભારે બોજ તેણીને જણાયો; એટલે તે ઊંઘમાં બૂમ પાડી ઊઠી. ''હે પ્રભુ, મુજ પાપી ઉપર દયા કરો!'' અને તેનાં નાનાં બાળકોએ તે સાંભળ્યું.

ત્યાર પછી તેણીએ પોતાના બિછાનાની બાજુમાં ખૂબ જ કદરૂપા માણસોને ઊભા રહેલા જોયા. તેઓ આ પ્રમાણે વાત કરતા હતા કે, ''આપણે આ સ્ત્રીનું શું કરવું? કેમ કે એ તો જાગતી હોય છે કે ઊંઘતી હોય પણ એવી બૂમ પાડ્યા કરે છે કે, મારા પર દયા કર. દયા કર; જેમ તેણીએ કરવા માંડ્યું છે તેમ ને તેમ જો તેણીને કરવા દઈશું, તો જેમ આપણે તેના પતિને ખોઈ બેઠા છીએ તેમ તેણીને પણ ખોઈ બેસીશું. માટે આપણે હરકોઈ રીતે ભવિષ્યની સ્થિતિ વિષેના તેણીના વિચારો જો નહિ ટાળીએ, તો આખું જગત તેને મુસાફરીએ નીકળતાં અટકાવી શકશે નહિ.

હવે તે જાગી ત્યારે પરસેવે રેબઝેબ થઈ ગઈ હતી અને ધ્રૂજતી હતી: પણ થોડી વારમાં તે પાછી ઊંઘી ગઈ અને તેના જોવામાં જાણે એવું આવ્યું કે, પોતાનો પતિ એક સુખભવનમાં ઘણા અમર સંતોની સંગમાં ઊભેલો છે. અને તેના હાથમાં એક વીણા હતી. તે રાજ્યાસન પર બિરાજેલો એક કે જેના માથાની આસપાસ મેઘધનુષ્ય હતું તેની આગળ તે વગાડતો હતો. વળી

પોતાના રાજાના પગ નીચે જે ફરસબંદી હતી ત્યાં સુધી તેનું માથું નમાવીને તે એમ કહેતો હતો કે, હે મારા પ્રભુ તથા રાજા, મને આ સ્વર્ગીયધામમાં લાવવાને માટે હું અંતઃકરણપૂર્વક તમારો આભાર માનું છું. ત્યારે આસપાસ ઊભેલી સભાએ હર્ષ પોકાર કર્યો અને પોતાની વીણાઓ વગાડી. પણ **ખ્રિસ્તી** અને તેના સાથીઓ સિવાય કોઈ બીજાં તેઓ શું બોલ્યા તે કહી શક્યા નહિ.

તે પછી બીજી સવારે તેણીએ ઊઠીને પરમેશ્વરની પ્રાર્થના કરીને થોડી વાર સુધી પોતાના સંતાનોની સાથે વાત કરી. એટલામાં કોઈએ બારણું ખખડાવ્યું: તેને તેણીએ હાંક મારીને કહ્યું કે, "જો તમે ઈશ્વરને નામે આવ્યા હોય તો અંદર આવો." ત્યારે તેણે 'આમેન' કહીને બારણું ઉઘાડ્યું. અને "આ ઘરમાં શાંતિ થાઓ" એમ કહીને તેણીને સલામ કરી. એમ કર્યા પછી તેણે કહ્યું. "હે **ખ્રિસ્તી સ્ત્રી,** હું શા માટે આવ્યો છું તે તું જાણે છે શું? ત્યારે તેણીનું મુખ શરમિંદુ થઈ ગયું. અને તે ધ્રૂજવા લાગી; વળી તે ક્યાંથી આવ્યા અને તેણીને માટે શો સંદેશો લાવ્યા હતા, તે જાણવાને તેણીને ખૂબ જિજ્ઞાસા થવા લાગી. માટે તેણે તેણીને કહ્યું કે, મારું નામ **મર્મભેદી** છે; સ્વર્ગવાસીઓની સાથે હું રહું છું. જ્યાં હું રહું છું ત્યાં એવી વાત ચાલે છે કે, ત્યાં જવાની તારી ઇચ્છા છે; વળી એવી પણ અફવા ચાલે છે કે તારું મન કઠણ કરીને તારા પતિને મુસાફરીએ જતાં અટકાવવાને, તેમની સામે થવામાં આ સંતાનોને અજ્ઞાનપણામાં રાખવામાં જે નુકસાન તેં તારા પતિને અગાઉ કર્યું હતું તેની સમજ તને હવે પડી છે. હે **ખ્રિસ્તી સ્ત્રી**, કૃપાળુ ઈશ્વરે મને તને એમ કહેવા મોકલ્યો છે કે, તે માફી આપવા સદા તૈયાર

છે. અને અપરાધોની માફીની અધિકતામાં તે આનંદ માને છે. વળી તને તે એવું જણાવવા માગે છે કે. તે તને તેની હજૂરમાં તેના જમણમાં આવવાને નોંતરે છે. અને તને તેના ઘરની પુષ્ટતાથી તથા તારા પિતા યાકૂબના વતનથી ભરપૂર કરશે.''

''ત્યાં **ખ્રિસ્તી** જે તારો પતિ હતો. તે બીજા હજારો સાથીઓની સાથે છે. અને જે મુખને દેખતાં જ જોનારાઓને જીવન પ્રાપ્ત થાય છે. તે મુખ તે હમેશાં નિહાળે છે. અને જ્યારે તેઓ તારા પગને પિતાનો ઉંબરો ઓળંગવાનો સાદ સાંભળશે ત્યારે તેઓ બધા પુષ્કળ આનંદ પામશે.

આ સાંભળીને **ખ્રિસ્તી સ્ત્રી** ઘણી ઝંખવાણી પડી અને તેણીએ પોતાનું મુખ ભૂમિ સુધી નમાવ્યું. મુલાકાત લેનારે વળી કહ્યું કે, આ એક પત્ર હું તારે માટે તારા પતિના રાજા પાસેથી લાવ્યો છું. ત્યારે તેણીએ તે લઈને ખોલ્યો, તો તે શ્રેષ્ઠ સુગંધીદ્રવ્ય જેવો જ મહેંકતો હતો.વળી તેનું લખાણ સોનેરી અક્ષરોનું હતું. કાગળમાં એમ લખેલું હતું કે, રાજાની ઇચ્છા એવી છે કે તારા પતિ **ખ્રિસ્તીએ** જેમ કર્યું તેમ તારે કરવું, કેમ કે તેના શહેરમાં જવાનો તથા તેની હજૂરમાં સદા આનંદમાં રહેવાનો માર્ગ એ જ છે. આ સાંભળીને એ ભલી સ્ત્રી તદ્દન પીગળી ગઈ. અને પોતાની મુલાકાત લેનારને બૂમ પાડીને કહેવા લાગી કે. સાહેબ, મને અને મારા દીકરાઓને આપની સાથે લઈ જશો, કે અમે પણ જઈને રાજાનું ભજન કરીએ?

ત્યારે **મર્મભેદીએ** કહ્યું કે. **ખ્રિસ્તીબહેન**. મીઠા પહેલાં કડવું તો હોય. જેમ તારી આગળ જનાર સંકટોમાં થઈને સ્વર્ગી શહેરમાં પહોંચ્યો. તેમ તારે પણ કરવું પડશે. માટે જેમ તારા પતિએ કર્યું

તેમ તને પણ કરવાની ભલામણ હું કરું છું. મેદાન ઓળંગીને સામેના નાના દરવાજે જા, કેમ કે જે માર્ગે થઈને તારે જવું પડશે તેને મથાળે (નાકે) તે દરવાજો આવેલો છે, અને તારી મુસાફરી સુખરૂપ તથા ઝડપથી થાઓ એવી મારી ઇચ્છા છે. વળી હું એ પણ ભલામણ કરું છું કે, તારે આ પત્ર તારી ગોદમાં રાખવો અને તે બધો તને આવડી જાય ત્યાં સુધી તારે પોતાને માટે તે વાંચ્યાં કરવો. તેમ જ તારા દીકરાઓને પણ વાંચી સંભળાવો, કેમ કે જ્યાં સુધી તું તારી આ મુસાફરીના ઘરમાં છે ત્યાં સુધી જે ગીતો તારે ગાવાનાં છે તેમાંનું એક એ છે કે, અને એ તારે આગળને દરવાજે સોંપી દેવો પડશે."

હવે મારા સ્વપ્નમાં મેં એવું જોયું કે, આ વૃદ્ધ સદગૃહસ્થ મને એ વાત કહેતા હતા તે દરમિયાન તે વાતથી તેના પોતાના મન પર ભારે અસર થઈ હતી. તેણે વાત આગળ ચલાવતાં વળી કહ્યું કે, **ખ્રિસ્તી સ્ત્રી**એ પોતાના દીકરાને એકઠા કરીને નીચે મુજબ તેઓની સાથે વાત કરવામાં માંડી. "મારા બાળકો, તમે જોયું હશે કે, થોડા વખતથી તમારા પિતાના મૃત્યુ વિષે મારા મનમાં ઘણું દુઃખ થયા કરે છે. તેમના સુખ વિષે મારા મનમાં કંઈ હોવાથી એમ થાય છે એમ તો નહિ, કેમ કે હવે મને ખાતરી થઈ છે કે તેઓ ક્ષેમકુશળ છે. મારી પોતાની તથા તમારી સ્થિતિના વિચારથી પણ મને ઘણું દુઃખ થાય છે, કેમ કે આપણી સ્થિતિ સ્વાભાવિક રીતે અધમ છે. તમારા પિતાના દુઃખના વખતમાં જે વર્તણૂક મેં તેમની સાથે ચલાવી હતી તેના વિચારથી પણ મારા મન પર દુઃખનો ભારે બોજ રહે છે. કેમ કે મેં પોતાનું તેમ જ



ખ્રિસ્તીસ્ત્રીને પત્ર મળે છે.

તમારું મન તેમની વિરુદ્ધ કઠણ કર્યું. અને તેમની સાથે મુસાફરીએ જવાની ના પાડી."

"ગઈ રાત્રે મને એક સ્વપ્ન આવ્યું તે જો ન આવ્યું હોત. અને આજે સવારે આ પરદેશી માણસે મને હિંમત આપી ન હોત. તો આ બાબતોના વિચારો મારો જીવ લેત. મારા દીકરાઓ. ચાલો. આપણે ગાંસડાં પોટલાં બાંધીને **સ્વર્ગીય દેશ** તરફ જવાને દરવાજા તરફ ચાલી નીકળીએ. એ માટે કે આપણે તમારા પિતાને મળીએ અને તે દેશના નિયમ મુજબ તેમની સાથે તથા તેના સાથીઓ સાથે સુખશાંતિમાં રહીએ."

ત્યારે પોતાની માનું મનનું બદલાયેલું વલણ જોઈને બાળકોને એટલો બધો આનંદ થયો કે. તેઓની આંખો હર્ષના આંસુથી છલકાઈ ઊઠી. એટલે તેમની મુલાકાત લેવા આવનાર છેલ્લી સલામ કરીને ચાલ્યો ગયો. અને તેઓ મુસાફરીએ ચાલી નીકળવાની તૈયારી કરવા લાગ્યાં.

હવે તેઓ એ પ્રમાણે ચાલી નીકળવાની તૈયારમાં રોકાયેલાં હતાં એવામાં **ખ્રિસ્તી સ્ત્રી**ની બે પડોશમાં રહેતી બે બહેનો તેણીને ઘેર આવી અને તેનું બારણું ઠોકવા લાગી. તેમને તેણીએ અગાઉની પેઠે કહ્યું કે, જો તમે પ્રભુને નામે આવ્યાં હો. તો અંદર પધારો. આ સાંભળીને એ સ્ત્રીઓ અચંબામાં પડી ગઈ. કેમ કે એવી વાતો સાંભળવાનો કે **ખ્રિસ્તી સ્ત્રી**ના મોંમાંથી નીકળતી જોવાનો તેમને મહાવરો નહોતો: તોપણ તેઓ અંદર આવી. પણ જુઓ, તેઓએ તો જોયું કે ખ્રિસ્તીની પત્ની તો ઘર છોડીને ચાલી જવાની તૈયારી કરે છે.

માટે તેઓએ પૂછ્યું કે. વહાલી બહેનો. આ તમે શું કરવા માગો છો?

**ખ્રિસ્તીબહેને** તેઓમાંની જે મોટી. જેનું નામ **ભયાતૂરા** હતું તેને કહ્યું કે. હું મુસાફરીએ જવાની તૈયારી કરું છું.

જે વ્યક્તિ **ખ્રિસ્તી**ને દુર્ઘટ પહાડ ઉપર મળી હતી. અને સિંહોની બીક બતાવીને તેને પાછો મોકલી દેવા ઇચ્છતી હતી તેની દીકરી **ભયાતૂરા** હતી.

**ભયાતૂરા :** તમે ક્યાં જવાની તૈયારી કરો છો તે મહેરબાની કરી કહેશો?

**ખ્રિસ્તી સ્ત્રી :** મારા પ્રિય પતિની પાછળ જવાની જ તો. અને એમ કહીને તે રડવા લાગી.

**ભયાતૂરા :** ભલી બહેન. મને આશા છે કે તમે એમ નહિ કરશો; તમારાં બાળકોની ખાતર તમે મહેરબાની કરીને સ્ત્રીને ન ઘટે એવી રીતે પોતાનું સત્યાનાશ વાળશો નહિ.

**ખ્રિસ્તી સ્ત્રી :** ના. મારાં બાળકો તો મારી સાથે આવશે; તેમાંનું એકે અહીં રહેવા ઇચ્છતું નથી.

**ભયાતૂરા :** મને અજાયબ લાગે છે કે આ વિચાર તમારા મનમાં શાથી ભરાયો!

**ખ્રિસ્તી સ્ત્રી :** ઓ બહેન! જેટલું હું જાણું છું તેટલું તમે જાણતાં હોત તો, મને ખાતરી છે કે. તમે પણ મારી સાથે આવત.

**ભયાતૂરા :** જે નવાઈનું જ્ઞાન તારા મનને તારા મિત્રો પાસેથી લઈ જાય, અને તને કોણ જાણે ક્યાંયે જવાને લલચાવે છે તે કેવું જ્ઞાન તને મળ્યું છે?

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રીએ** ઉત્તર આપ્યાં કે. "મારા પતિ મને મૂકીને ગયા ત્યારથી અને વિશેષ કરીને તેઓ નદી ઓળંગી ગયા ત્યારથી મારું મન બહુ પીડાય છે. પણ જેથી મને સૌથી વધારે દુઃખ થાય છે તે તો એ કે, તેમના સંકટ સમયે મારી તેમના પ્રત્યેની તોછડી વર્તણૂક હતી. વળી જેવી ત્યારે તેમની સ્થિતિ હતી તેવી હમણાં મારી સ્થિતિ છે. મુસાફરીએ ગયા વગર મને ચાલે એમ નથી. ગઈ રાતે મેં સ્વપ્નમાં તેમને જોયા. અરેરે! જો મારો આત્મા તેમની સાથે હોત તો કેવું સારું! તે તે દેશના રાજાની હજૂરમાં રહે છે. ને તેમની સાથે બેસીને ભોજન કરે છે. તે અમર સંતોની સોબતમાં રહે છે. અને હમણાં તેમને રહેવાને એક ઘર આપેલું છે તે એવું છે કે. પૃથ્વી પરનો સૌથી સરસ મહેલ તેની સાથે સરખામણીમાં ઉકરડા જેવો જ મને જાણાય છે. તે જગ્યાના રાજાએ મને બોલાવી છે. અને એવાં વચન આપ્યાં છે. કે જો હું તેમની પાસે જઈશ તો મારી સારી આગતા સ્વાગતા કરવામાં આવશે. હમણાં જ તેનો સંદેશવાહક અહીં આવ્યો હતો. અને તે મારે માટે પત્ર લાવ્યો છે. તેમાં મને ત્યાં જવાનું આમંત્રણ આપેલું છે." અને એમ કહીને તેણીએ તે પત્ર પોતાની ગોદમાંથી ખેંચી કાઢ્યો. અને તે વાંચીને તેઓને કહ્યું. "હવે તમે શું કહો છો?"

**ભયાતૂરા :** અરેરે! આવી મુસીબતોમાં પડવાનું ગાંડપણ તને તથા તારા પતિને ક્યાંથી થયું? તારા પતિને માથે આ માર્ગમાં પહેલું ડગલું ભરતાં જ જે વિપત્તિઓ આવી પડી તે તું જાણતી જ હશે. આપણો પડોશી હઠીલો હજી પણ તે વિષે સાક્ષી આપી શકે છે. કેમ કે તે તેની સાથે ગયો હતો. હા. ચંચળ પણ તેમની સાથે

હતો. પણ આખરે તે બંને ડહાપણ વાપરીને બીકના કારણથી આગળ ગયા નહિ. વળી તે ઉપરાંત. તેને કેવી રીતે **સિંહોની, અપોલ્યનની, મૃત્યુછાયા**ની તથા બીજી ઘણી વિપત્તીઓનો સામનો કરવો પડ્યો તે પણ અમે સાંભળ્યું છે. વળી **વ્યર્થત્વ** બજારમાં જે જોખમ તેને નડ્યું હતું તે પણ તારે ભૂલી જવાનું નથી. કેમ કે જો કે તે પુરુષ છતાં તેને એટલી બધી મુશ્કેલી પડી. તો તું બિચારી અબળા શું કરી શકવાની છે? વળી એ વાત પણ તારે ધ્યાનમાં લેવાની છે કે. આ ચાર પ્રિય બાળકો તારાં સંતાન અને તારા માંસમાંનું માંસ તથા તારાં હાડકાંમાંનાં હાડકાં છે. એ માટે જો કે તું મૂર્ખાઈથી પોતાનું નખોદ વાળવા માગતી હોય તોપણ તારા પેટનાં છોકરાંની ખાતર ઘરે રહે.

પણ **ખ્રિસ્તી સ્ત્રી**એ તેણીને કહ્યું કે. "હે મારી પડોશણ. મારું પરીક્ષણ ન કર. હવે નફો કમાવા સારુ મારા હાથમાં નાણું સોંપેલું છે. અને આ તકનો લાભ લેવાની હિંમત હું રાખું. તો મારા જેવું મૂર્ખ બીજું કોઈ નહિ. અને માર્ગમાં જે એ બધાં સંકટો મારા ઉપર આવવાના સંભવ વિષે તમે કહો છો. તે તો મને નાહિંમત કરવાને બદલે ખાતરી કરી આપે છે કે. હું ખરે માર્ગે ચઢી છું. પહેલું કડવું અને પછી મીઠું લાગે છે. એ માટે તમે મારા કહેવા મુજબ ઈશ્વરને નામે મારે ઘેર આવ્યાં નથી. મારે મહેરબાની કરીને અહીંથી જાઓ અને મને વધુ હેરાન ના કરો."

ત્યારે **ભયાતૂરા**એ તેની નીંદા કરી અને પોતાની સાથીને કહ્યું. ચાલ. પડોશણ **કરુણા,** આપણે તેને તેના પોતાના જ હાથમાં સોંપીને ચાલ્યાં જઈએ. કેમ કે તે આપણી શિખામણ તથા સોબત

ધિક્કારે છે. પણ કરુણા ઊભી થઈ. અને પોતાની પડોશણ સાથે એમ એકદમ એક મતની થઈ શકી નહિ. અને તેનાં બે કારણ હતાં. (૧) તેનું અંતર **ખ્રિસ્તી સ્ત્રી**ને માટે કળવળતું હતું. માટે તે પોતાના મન સાથે એવો વિચાર કરતી હતી કે. જો મારી પડોશણ જશે જ. તો કેટલેક સુધી હું તેની સાથે જઈને તેને મદદ કરીશ. (૨) તેનું અંતર તેના પોતાના આત્માને માટે આકુળ વ્યાકુળ થતું. કેમ કે **ખ્રિસ્તી સ્ત્રી**એ જે વાત કરી હતી તે કેટલેક દરજ્જે તેણીના મન પર ઠસી હતી. માટે તેણીએ વળી પોતાના મન સાથે એવો વિચાર કર્યો કે, હજી **ખ્રિસ્તી સ્ત્રી** સાથે વધારે વાત કરીશ. અને જો તેની વાતમાં મને સત્ય તથા જીવન જણાશે. તો હું પણ પૂરા દિલથી તેની સાથે જઈશ. એ માટે **કરુણા**એ પોતાની પડોશણ **ભયાતૂરા**ને નીચે મુજબ ઉત્તર આપવાનું શરૂ કર્યું :

**કરુણા :** હું આજ સવારે તારી સાથે ખ્રિસ્તી સ્ત્રીને મળવા તો આવી હતી; પણ તું જુએ છે કે તે આપણો દેશ સદાને માટે છોડીને જાય છે. માટે આ નિર્મળ પ્રભાતને સમયે કેટલેક સુધી તેની સાથે જવાનો મારો વિચાર થાય છે. એ માટે કે હું માર્ગે તેણીને મદદ કરું. પણ તેણીએ તેને બીજું કારણ ન કહેતાં પોતાના મનમાં રાખ્યું.

**ભયાતૂરા :** વારુ. હું સમજું છું કે, તને પણ એની પેઠે ઘેલી થઈને ભટકવા જવાનું મન થાય છે, પણ વેળાસર ચેતજે, અને ડહાપણથી વર્તજે. જ્યાં સુધી જોખમથી બહાર છીએ ત્યાં સુધી કંઈ ફિકર નહિ. પણ એક વાર તેમાં પડ્યા કે પછી નીકળવું મુશ્કેલ.

પછી **ભયાતૂરા** પોતાને ઘેર પાછી આવી. અને **ખ્રિસ્તી સ્ત્રી** મુસાફરીએ ચાલી નીકળી. પણ **ભયાતૂરાએ** પોતાને ઘેર ગયા પછી પોતાની કેટલીક પડોશણોને બોલાવી. તેઓનાં નામ નીચે મુજબ હતાં : **ઉલુક-નયની, અવિચારી, લઘુ-ચિત્તા,** અને **જ્ઞાનહિના.** જ્યારે તેઓ તેને ઘેર આવી ત્યારે તે **ખ્રિસ્તી સ્ત્રી** વિષે તથા તેણીએ જે મુસાફરી કરવા માટે વિચારેલું તે વિશે વાત કરવા મંડી પડી, અને કહેવા લાગી કે, હે સખીઓ, આજ સવારે મને વધારે કામ ન હોવાથી હું ખ્રિસ્તી સ્ત્રીની મુલાકાતે ગઈ હતી. અને જ્યારે હું તેના બારણા પાસે આવી ત્યારે આપણા દેશના રિવાજ મુજબ મેં બારણું ખખડાવ્યું. ત્યારે તેણીએ એવો ઉત્તર આપ્યો કે, જો તમે ઈશ્વરને નામે આવ્યાં હો તો અંદર આવો. ત્યારે બધું ઠીક છે એમ ધારીને મેં અંદર પ્રવેશ કર્યો. પણ અંદર જઈને જોઉં છું તો તે પોતાનાં બાળકો સાથે નગર છોડીને જવાની તૈયારી કરી રહી હતી. માટે મેં તેને પૂછ્યું કે આમ કરવામાં તારો શો હેતુ છે? ત્યારે તેણીએ મને ટૂંકમાં કહ્યું કે, મને પણ મારા પતિની પેઠે મુસાફરીએ જવાની ઉત્કંઠા ઉત્પન્ન થઈ છે. વળી તેને એક સ્વપ્ન આવ્યું હતું. તે પણ તેણીએ મને કહી સંભળાવ્યું. અને જ્યાં પોતાના પતિ ગયા ત્યાંના રાજાએ તેને ત્યાં બોલાવવાને જે આમંત્રણપત્ર મોકલ્યો છે તે વિષે પણ તેણીએ મને કહ્યું.

ત્યારે **જ્ઞાનહિનાએ** કહ્યું, “શું તું એમ ધારે છે કે તે જશે?”

**ભયાતૂરા :** હા, ગમે તે થાય પણ તે ગયા વગર રહેવાની જ નથી. અને એમ ધારવાનું એ કારણ મને જણાય છે કે, તેને ઘેર રહેવાને સમજાવવાને જે મારી સબળ દલીલ હતી. એટલે કે, જે

સંકટો તેને માર્ગે થવાનો સંભવ હતો તે તો તેને મુસાફરીએ જવાનું સબળ ઉત્તેજન થઈ પડ્યું છે. તેણીએ મને ચોખ્ખે ચોખ્ખું કહ્યું કે. પહેલું કડવું અને પછી મીઠું અને પહેલું કડવું ચાખ્યાથી પછી મીઠું વધારે મીઠું લાગે છે.

**ઉલુક** : અરે એ તો આંધળી થઈ કે ઘેલી! તેના પતિનાં સંકટો પરથી પણ તે ચેતવાની નહિ કે શું? મારી તો ખાતરી છે કે. જો તેનો પતિ પાછો અહીં આવી શકે તો તે સાજાં હાડકાં રાખવાને ખુશીથી ઘરે રહે. અને નકામાં એટલાં બધાં જોખમ માથે ઊઠાવે નહિ.

**અવિચારી** સ્ત્રીએ પણ કહ્યું કે. "એવી તરંગી તથા ઘેલી સ્ત્રીઓને નગરમાંથી જવા દો! હું તો તેના વિષે કહું છું કે પીડા ટળી! જો તે અહીં જ રહે અને તેના તરંગ એવા ને એવા જ રહે તો કોઈ તેની પાસે સુખે રહી શકે નહિ, કેમ કે તે ઉદાસ ને ઉદાસ રહે. અથવા પડોશીઓને પીડાકારક થાય, અથવા એવી વાતો કરે કે કોઈ ડાહ્યું માણસ ધીરજથી સાંભળી શકે નહિ. એ માટે હું તો તેના જવાથી લેશમાત્ર પણ દુઃખી થવાની નહિ. તે જશે તો તેની જગ્યાએ કોઈ વધારે લાયક માણસ આવશે; જ્યારથી એ તરંગી અને મૂર્ખ લોકો આ જગતમાં રહેવા લાગ્યા ત્યારથી એમાં કદી કોઈએ સુખ જોયું નથી."

ત્યારે **લઘુ-ચિત્તા**એ કહ્યું. "ચાલો. એવી વાતો જવા દો. હું કાલે **કામાતૂરા**ને ત્યાં ગઈ હતી. અને અમને બહુ ગમત પડી હતી. ત્યાં કોણ કોણ હતી તે જાણો છો? ત્યાં હું **રતાર્થિની, લંપટજી, મલિનમતિ**, તેની ત્રણ ચાર સખી વગેરે હતાં. અને ત્યાં નાચ, રંગ, રાગ તથા સર્વ પ્રકારનાં સુખભોગનાં સાધન હતાં. અને મને લાગે

છે કે કામાતૂરા સ્તુતિપાત્ર સભ્યતાવાળી સ્ત્રી છે, અને લંપટજી પણ એટલા જ ઉમદા સ્વભાવના ગૃહસ્થ છે.

એટલામાં **ખ્રિસ્તી સ્ત્રી** મુસાફરીએ નીકળી ચૂકી છે. અને કરુણા પણ તેની સાથે ચાલી નીકળી છે. હવે **કરુણા, ખ્રિસ્તી સ્ત્રી**



તથા તેનાં છોકરાં ચાલતાં જતાં હતાં ત્યાર ચાલતા ચાલતાં **ખ્રિસ્તી સ્ત્રી** વાત કરવા લાગી, અને કહ્યું કે, "**કરુણા,** હું નહોતી જાણતી કે તું ઘર છોડીને કેટલેક સુધી મારી સાથે આવવાનો શ્રમ ઉઠાવશે."

ત્યારે **કરુણાએ** (જે હજી તો નાની બાળા હતી) કહ્યું કે, "તારી સાથે આવવું એ સાર્થક નિવડશે એવી મને ખાતરી થાય તો હું હવે પછી આ નગરની નજીક ન જાઉં."

**ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું. "વારુ. ત્યારે **કરુણા**. તું મારી સાથે ચાલ. મારું જે થશે તે તારું થશે. આપણી મુસાફરીનું છેવટે શું થશે તે હું સારીપેઠે જાણું છું; મારા પતિ જે સ્થળે છે તે એવું સુખધામ છે કે. કોઈ લંકાનું તમામ સોનું તેને આપવાનું કહે તોપણ તે સ્થળ છોડવાને લલચાય નહિ. અને જો કે તું માત્ર મારા જ આમંત્રણથી ત્યાં આવે છે તોપણ તારો ઇનકાર કરવામાં નહિ આવે. જે રાજાએ મને તથા મારાં બાળકોને તેડાવ્યાં છે તે દયા કરવામાં આનંદ માને છે. વળી જો તારી મરજી હોય તો હું તને પગાર ઠરાવીને રાખું. અને તું મારી સાથે મારી ચાકર તરીકે આવજે. તેમ છતાં કોઈ પણ વસ્તુની બાબતમાં મારી ને તારી વચમાં ભેદ રાખવામાં આવશે નહિ અને આપણો સરખો હક રહેશે. માત્ર મારી સાથે તું ચાલ એટલે સૌ સારાં વાનાં થશે."

**કરુણા :** મારો પણ અંગીકાર કરવામાં આવશે એની મને શી રીતે ખાતરી થાય? પોતાના અનુભવ ઉપરથી કહી શકે એવો કોઈ દૂત જો મને એ આશા આપે તો વગર આનાકાનીએ હું ત્યાં આવું. અને સર્વશક્તિમાનની સહાયથી, ગમે તેવો મુશ્કેલ માર્ગ હોય તોપણ. ડરું નહિ.

**ખ્રિસ્તી સ્ત્રી :** વારુ પ્રિય કરુણા. હું તને એક ઉપાય બતાવું છું તે પ્રમાણે કર. નાના દરવાજા સુધી મારી સાથે ચાલ. એટલે ત્યાં હું તારા વિષે વધુ પૂછીશ. અને જો ત્યાં તને ખતારી નહિ થાય તો તું ભલે પોતાને ઘેર પાછી આવજે. વળી માર્ગમાં અમારો સંગાથ કરવાથી મારા પર તથા મારાં બાળકો પર તેં જે ભલાઈ બતાવી છે તેનો બદલો પણ હું તને આપીશ.

**કરુણા :** ત્યારે તો હું ત્યાં સુધી આવીશ. પછી જે થવાનું હોય તે થાય. અને પ્રભુ કરે ને સ્વર્ગમાં રાજાની મારા પ્રત્યે કૃપા થઈને મારું ત્યાં ભલું થાય.

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી** પોતાના મનમાં ઘણી ખુશ થઈ. તેનું એક કારણ એ કે તેને સાથીદાર મળી. પણ બીજું વિશેષ કારણ એ કે, એ બિચારી દીકરીના મનમાં તારણ પામવાની ઇચ્છા તે ઉત્પન્ન કરી શકી. હવે તેઓ સાથે સાથે ચાલવા લાગ્યાં. અને કરુણા રડવા લાગી. ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ પૂછ્યું કે, "હે મારી બહેન. તું શા માટે રડે છે?"

કરુણાએ કહ્યું. "અરેરે..! અમારા પાપિષ્ટ નગરમાં મારાં સગાં રહી ગયાં છે, તેમની સાચી હાલત ધ્યાનમાં લેતાં કોણ રડ્યા વગર રહે? અને મને વિશેષ દુઃખ થવાનું કારણ તો એ છે કે, તેમની પાસે ઉપદેશકો અથવા આવનાર ક્રોધ વિષે ચેતવણી આપનાર કોઈ નથી."

**ખ્રિસ્તી સ્ત્રી :** દયાનો ગુણ મુસાફરોને શોભે છે. અને જ્યારે મને મૂકીને મારા વહાલા પતિને જવું પડ્યું ત્યારે તેમણે મારે માટે જેમ શોક કર્યો હતો, તેમ તું પણ તારાં સ્નેહીઓને માટે શોક કરે છે. તેમને શોક કરવાનું કારણ એ હતું કે, હું તેમનું કહેવું ધ્યાનમાં લેતી કે લેખવતી નહિ. પણ તેમના તથા આપણા પ્રભુએ તેમનાં આંસુ એકઠાં કરીને પોતાની શીશીમાં ભરી રાખ્યાં. અને હાલમાં હું, તું અને આ મારાં પ્રિય બાળકો તેનું શુભ ફળ ભોગવીએ છીએ. હે **કરુણા**, મને આશા છે કે આ તારાં આંસુ ફોકટ જશે નહિ. કેમ કે શાસ્ત્રનું વચન છે કે, "જેઓ રડતાં રડતાં વાવે છે

તેઓ હર્ષસહિત લણશે." અને "જે જન મૂલ્યવાન બી લઈને રડતાં રડતો બહાર નીકળે છે તે બેશક પોતાની સાથે પૂળીઓ લઈને હર્ષસહિત પાછો આવશે."

ત્યારે **કરુણા** નીચે મુજબ ગાવા લાગી :

અરજ કરું છું હે જગરાય. પથદર્શક તું મારો થાય:
ગ્રહી કર સિયોન પર ચઢાવ. કઠણ રસ્તો પાર કરાવ.
કુપથમાં ચઢીએ નહિ અમે. કરજો. ધીરજવાળા તમે:
માગે એવી કૃપા તુજ દાસ. સદાય સુખમાં પામું વાસ.
સુત પરિવાર ને મિત્રો જે. આશરો એ સૌ તારો લે:
અરજ સદાની એ તું માન. કાજે તું કરુણા જ નિધાન.

હવે મારા વૃદ્ધ મિત્રે વાત આગળ ચલાવીને કહ્યું કે. જ્યારે ખ્રિસ્તી સ્ત્રી **નિરાશકળણ**ની પાસે આવી પહોંચી ત્યારે ઊભી રહીને કહેવા લાગી કે. આ જગ્યામાં તો મારા પ્રિય પતિ કાદવમાં ખૂંપી જઈને લગભગ ગુંગળાઈ મરવા જેવા થઈ ગયા હતા. વળી તેણીએ જોયું કે રાજાએ મુસાફરોની સુગમતાને માટે આ જગ્યાને સુધારવાની આજ્ઞા કરી હતી. તોપણ અગાઉના કરતાં હાલ તે વધારે બગડેલી સ્થિતિમાં હતી. માટે મેં બુદ્ધિવાનને પૂછ્યું કે. શું એ વાત ખરી છે? તેણે કહ્યું હા. સત્તર આની ખરી છે. કેમ કે એવા ઘણા છે કે જેઓ રાજાના મજૂરો હોવાનો ઢોંગ કરીને કહે છે કે. અમારું કામ રાજાની સડકો સમારવાનું છે, પણ તેઓ પથ્થરોને બદલે છાણ તથા કચરો વાપરીને સડકોને સમારવાને બદલે બગાડે છે. માટે ખ્રિસ્તી સ્ત્રી પોતાના દીકરાઓ સહિત અહીં ઊભી થઈ. પણ કરુણાએ કહ્યું. 'ચાલો. હિંમત રાખી આગળ ચાલો. ફક્ત એટલું

જ કે આપણે સાવચેતી રાખવી પડશે.' ત્યારે ઘણી સાવચેતીથી ડગલાં મૂકતાં મૂકતાં લથડીઆં ખાતાં ખાતાં તેઓ જેમ તેમ કરીને પાર નીકળ્યાં.

પણ ખ્રિસ્તી સ્ત્રી તો ઘણી વાર પડી જતાં માંડ માંડ બચી. પાર નીકળતાં જ તેઓએ એક એવી વાણી સાંભળી કે, "જે વિશ્વાસ રાખે છે તેને ધન્ય છે. કેમ કે જે વચનો તેને પ્રભુથી અપાયાં છે તે પૂરાં થશે."

પછી તેઓ ફરી આગળ ચાલવાં લાગ્યાં. એટલે કરુણાએ ખ્રિસ્તી સ્ત્રીને કહ્યું કે, "નાને દરવાજે તમારો પ્રેમથી સ્વીકાર કરવામાં આવશે એવી આશા રાખવાનું જેવું સબળ કારણ તમને છે તેવું મને હોત તો ગમે તેવું **નિરાશકળણ** પણ મને નાહિંમત કરી શકત નહિ."

ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ કહ્યું કે, "તું એમ ના જાણીશ કે મારે એકલીને દુઃખ છે. જેમ તને છે તેમ મને પણ છે. અને મારી વહાલી સખી, આપણી મુસાફરી પૂરી થયા પહેલાં તો કોણ જાણે કેટલાયે સંકટ આપણા પર આવશે. કેમ કે જ્યારે આવી અમૂલ્ય મહિમાવાન સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખવાને લીધે લોકો એ સુખ વિષે આપણી એટલી બધી અદેખાઈ કરે છે, ત્યારે આપણા શત્રુઓ તરફથી બને તેટલી ધાસ્તી, ફાંદા, સંકટો, વિપત્તિઓ વગેરે આપણને વેઠવાં પડશે એમાં શો શક?"

એટલી વાત કરીને **બુદ્ધિવાન** મને એકલો મૂકીને જાણે ચાલ્યો ગયો. પછી સ્વપ્નમાં મેં **ખ્રિસ્તી સ્ત્રી**, **કરુણા** તથા બાળકોને ચાલતાં ચાલતાં નાના દરવાજા સુધી જઈ પહોંચતાં જોયાં. ત્યાં

પહોંચ્યા પછી તેઓ થોડી વાર પરસ્પર વિવાદ કરવા લાગ્યા કે, દરવાનને કેવી રીતે બોલાવવો અને તેને શું કહેવું. આખરે તેઓએ એવો નિર્ણય કર્યો કે. બધામાં મોટી **ખ્રિસ્તી સ્ત્રી** છે, માટે એ દરવાજો ખખડાવીને અંદર પ્રવેશ કરવાનું માગે. અને દરવાજો ઉઘડ્યા પછી દરવાનની સાથે બધાં તરફથી તે વાત કરે. તેથી **ખ્રિસ્તી સ્ત્રી** દરવાજો ખખડાવવા લાગી, અને તેના પતિની પેઠે તેણીએ પણ વારંવાર ખખડાવ્યા કર્યું. પણ કોઈએ ઉત્તર આપ્યો નહિ. ઊલટું તેઓને એમ લાગ્યું કે એક કદાવર તથા બિહામણો કૂતરો ભસતો ભસતો અમારા પર ધસી આવે છે. અને આથી તે સ્ત્રીઓ તથા છોકરાં ગભરાઈ ગયા. અને રખે કૂતરો અમારા પર ધસી પડીને ફાડી નાખશે એવી બીકથી કેટલીક વાર સુધી ફરી ખખડાવવાની તેમની હિંમત ચાલી નહિ. હવે તેઓ પોતાના મનમાં જ બહુ જ ગભરાવા લાગ્યાં. અને શું કરવું તે સૂઝ્યું નહિ. કૂતરાની બીકને લીધે ખખડાવવાની તો તેમની હિંમત ચાલી નહિ. અને રખે દરવાન તેમને પાછાં જતાં જોઈને તેમના પર ગુસ્સે થાય એ બીકથી તેઓએ પાછાં જવાની હિંમત પણ કરી નહિ. છેવટે તેઓએ ફરીથી દરવાજો ખખડાવવાનો વિચાર કર્યો, અને અગાઉના કરતાં વધારે જોરથી ખખડાવ્યું. ત્યારે દરવાને કહ્યું. એ કોણ છે? ત્યારે કૂતરો ભસતો બંધ થયો. અને દરવાને તેઓને સારુ દરવાજો ઉઘાડ્યો.

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ નીચા નમીને પ્રણામ કરીને કહ્યું. "ઓ અમારા પ્રભુ, આપની દાસીઓએ આપનો પાદશાહી દરવાજો ખખડાવ્યો તેને લીધે આપ કૃપા કરી અમારા પર કોપાયમાન ના

થાઓ." ત્યારે દરવાને પૂછ્યું, "તમે ક્યાંથી આવ્યાં છો અને તમારે શું જોઈએ છે?"

**ખ્રિસ્તી સ્ત્રી**એ ઉત્તર આપ્યો, "જ્યાંથી ખ્રિસ્તી આવ્યા હતા ત્યાંથી અને તેજ હેતુથી અમે આવ્યા છીએ. એટલે જો આપની કૃપાદૃષ્ટિ હોય તો આ દરવાજેથી પ્રવેશ પામીને **સ્વર્ગીય શહેર**ના માર્ગ પર દાખલ થવાને આવ્યા છીએ. અને હે મારા પ્રભુ, બીજું મારે એ કહેવાનું કે, ખ્રિસ્તી જે હમણાં ઉપર સિધાવી ગયા છે તેમની વિધવા ખ્રિસ્તી પત્ની હું છું."

એ સાંભળીને દરવાને અચંબો પામીને કહ્યું, "જે માત્ર થોડા જ દિવસ ઉપર મુસાફરી કરવાની વાત ધિક્કારથી કહેતી હતી તે શું હમણાં મુસાફર બની છે?" ત્યારે તેણીએ પોતાનું માથું નમાવીને કહ્યું, "હા, એમ જ છે, અને આ મારાં પ્રિય બાળકો પણ મુસાફર થયાં છે."

ત્યારે દરવાન **ખ્રિસ્તી સ્ત્રી**નો હાથ પકડીને તેને અંદર લઈ ગયો, અને વળી કહ્યું કે, એ બાળકોને મારી પાસે આવવા દો. અને એમ કહીને તેણે દરવાજો બંધ કર્યો. ત્યાર પછી દરવાજાના ધાબા ઉપરથી એક ભૂંગળ વગાડનારને બોલાવીને કહ્યું કે, "હર્ષપોકાર સહિત તથા હર્ષનાદ સહિત **ખ્રિસ્તી સ્ત્રી**નો સત્કાર કરો. તે ભૂંગળ વગાડનારે આજ્ઞા મુજબ ભૂંગળ વગાડીને મધૂર નાદથી આકાશ ગજાવી મૂક્યું.

હવે આ બધો વખત કરુણા બહાર ઊભી રહી રહી મારો અંગીકાર નહિ કરે એવી બીકથી ધ્રૂજતી તથા વિલાપ કરતી હતી. પણ **ખ્રિસ્તી સ્ત્રી** પોતાનાં બાળકો સહિત પ્રવેશ પામ્યા પછી કરુણાને માટે કાલાવાલા કરવા લાગી.

તેણીએ કહ્યું, "હે મારા પ્રભુ, મારી સાથે મારી એક સખી આવી છે. તે હજી બહાર ઊભી છે, જે હેતુથી હું આવી છું તેજ હેતુથી તે પણ આવી છે. હું તો મારા પતિના રાજાના આમંત્રણથી આવી છું. પણ તે તો તેના ધારવા પ્રમાણે વગર બોલાવે આવી છે. ને તેથી તેનું મન અત્યંત વ્યાકુળ છે.

એટલામાં **કરુણા** ઘણી જ અધીરી થવા લાગી. તેને એક પળ એક ઘડી જેટલી લાગતી હતી, માટે **ખ્રિસ્તી સ્ત્રી** તેને માટે વધારે આજીજી કરે તે પહેલાં તો તે પોતે દરવાજો ખખડાવા મંડી પડી. અને એટલા જોરથી ખખડાવ્યું કે **ખ્રિસ્તી સ્ત્રી** ચમકી ઊઠી. ત્યારે દરવાને કહ્યું, એ કોણ છે? **ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું કે, એ તો મારી સખી છે.

ત્યારે તેણે દરવાજો ઊઘાડીને બહાર ડોકિયું કર્યું તો કરુણા મૂર્છા ખાઈને બેભાન અવસ્થામાં પડેલી હતી. મૂર્છાનું કારણ એ હતું કે. તેને એવી બીક લાગી કે મારે માટે દરવાજો ઉઘાડવામાં આવશે જ નહિ.

ત્યારે દરવાને તેનો હાથ પકડીને કહ્યું, "દીકરી, હું તને કહું છું કે ઊઠ."

ત્યારે તેણીએ કહ્યું, "ઓ મુરબ્બી,હું તો બેહોશ થઈ ગઈ છું, હું તો લગભગ મુડદા જેવી થઈ ગઈ છું." પણ તેણે ઉત્તર આપ્યો કે. એક ભક્તે એક વખત એમ કહ્યું છે કે, "જ્યારે મારો આત્મા મારામાં નિર્ગત થયો ત્યારે મેં પ્રભુનું સ્મરણ કર્યું, અને મારી પ્રાર્થના તેના શુદ્ધસ્થાનમાં તેની હજૂરમાં પહોંચી." બીહીશ મા, ટટાર ઊભી રહે, અને તારા આવવાનો હેતુ મને કહે.



દરવાજા આગળ કરૂણાનો આવકાર.

**કરુણા :** જેને માટે મારી સખી આમંત્રણથી આવી છે તેને જ માટે હું બિલકુલ આમંત્રણ વગર આવી છું. તેને તો રાજા તરફથી આમંત્રણ મળ્યું છે. પણ મને તો માત્ર મારી સખી તરફથી મળ્યું છે. માટે મને લાગે છે કે મારી આશા પાયા વગરની છે.

**દરવાન : શું ખ્રિસ્તી સ્ત્રીએ** તને તેની સાથે અહીં આવવાનું કહ્યું હતું?

**કરુણા :** હા, અને આપ જુઓ છો કે હું આવી છું. જો હજી પણ કંઈ કૃપા તથા પાપની ક્ષમા મને મળી શકે એમ હોય, તો હું આપના કાલાવાલા કરું છું કે આપની દીન દાસીને તેમાંથી આપવાની કૃપા કરશો.

ત્યારે ફરીથી તે તેણીનો હાથ પકડીને ધીમેથી તેને અંદર લઈ ગયો અને કહ્યું કે, "જેઓ હરકોઈ રીતે મારે શરણે આવીને મારા પર વિશ્વાસ કરે છે, તેઓને સારુ હું પ્રાર્થના કરું છું. પછી તેણે પાસે ઊભેલાઓને કહ્યું કે, **કરુણાને** મૂર્છાઓ આવતી બંધ પડે એ માટે કંઈ સુગંધી તેને સુંઘવાને લાવી આપો." માટે તેઓએ બોળની એક પોટલી તેને લાવી આપી, અને થોડી વારમાં તે શુદ્ધિમાં આવી.

અને હવે પ્રભુએ **ખ્રિસ્તી સ્ત્રી**, તેના છોકરાંઓ તથા કરુણાને માર્ગના આરંભમાં દાખલ કર્યાં, અને તેમની સાથે ઘણી માયાળુ રીતે વાત કરી. ત્યારે તેઓએ તેને કહ્યું કે, "અમે અમારા પાપને લીધે ખેદિત છીએ, અને આપની પાસે માફી માગીએ છીએ, અને વિનંતી કરીએ છીએ કે, અમારે હવે શું કરવું તે અમને જણાવવાની કૃપા કરશો."

તેમણે કહ્યું કે, "વાક્ય દ્વારા તેમ જ કાર્યદ્વારા માફી આપું છું. વાક્ય દ્વારા એટલે, પાપની માફીનું વચન આપીને, અને કાર્યદ્વારા એટલે, પોતાના યજ્ઞ વડે પાપની માફી સર્વ વિશ્વાસીઓને માટે પ્રાપ્ત કરીને, પાપની માફીનું વચન હું તમને હાલ મારા મુખથી ચુંબન સાથે આપું છું. અને કાર્યદ્વારાની માફી જેમ જેમ પ્રગટ થતી જશે તેમ તેમ તમે અનુભવશો."

હવે સ્વપ્નમાં મેં એવું જોયું કે તેમણે તેઓને ઘણાં મધૂર વચનો કહ્યાં, જેથી તેમનાં મન ઘણાં આનંદિત થયાં. પછી તેમણે તેમને દરવાજાના ધાબા ઉપર લઈ જઈને જે કાર્યથી તેમનું તારણ થયું તેનું દર્શન કરાવ્યું, અને કહ્યું કે, "માર્ગે ચાલતાં તમને ફરી એનું દર્શન થશે અને તેથી તમને સંતોષ તથા દિલાસો પ્રાપ્ત થશે."

પછી તે તેમને નીચે લાવીને એક આરામદાયી ઓરડામાં મૂકીને થોડી વાર સુધી ગયા. એટલે તેઓ માંહોમાંહે વાત કરવા લાગ્યા, અને **ખ્રિસ્તી સ્ત્રી**એ વાતની શરૂઆત કરતાં કહ્યું કે, આપણે અહીં પ્રવેશ પામ્યાં છીએ તેથી મને બહુ આનંદ થાય છે.

**કરુણા :** હા, આનંદ કરવાનું તારે વાજબી કારણ છે, પણ બધાં કરતાં મારે તો હર્ષથી કૂદવાનું કારણ છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** જ્યારે મેં દરવાજા આગળ ઊભા રહીને તે ખખડાવ્યો અને કોઈએ ઉત્તર આપ્યો નહિ, પણ વિશેષ કરીને જ્યારે પેલો બિહામણો કૂતરો જોર જોરથી આપણને ભસવા લાગ્યો, ત્યારે તો એક વખત મને એવું લાગ્યું કે આપણો અત્યાર સુધીનો સર્વ શ્રમ વ્યર્થ ગયો.

**કરુણા :** પણ જ્યારે તમારા પર કૃપા કરવામાં આવી અને મને બહાર પડતી મૂકીને તમને અંદર લીધાં ત્યારે મને જે બીક

લાગી તેથી તો હદ વળી. મને લાગ્યું કે શાસ્ત્રનું એ વચન પૂરું થયું કે. "બે સ્ત્રીઓ ઘંટીએ દળતી હશે, તેઓમાંની એક લેવાશે અને બીજી પડતી મૂકાશે." ભોગ મળ્યા! એવી બૂમ પાડતાં મેં માંડ માંડ પોતાને અટકાવી અને ફરીથી ઠોકતાં પણ મને બીક લાગી, પણ જ્યારે મેં ઊંચું મોં કરીને દરવાજા પરનું લખાણ જોયું ત્યારે મને હિંમત આવી. મને એવું પણ લાગ્યુંકે દરવાજો ફરીથી ખખડાવ્યા વગર મારું મોત છે. તેથી મેં ખખડાવ્યું, પણ શી રીતે ખખડાવ્યું તે હું જાણતી નથી. મારો આત્મા જીવન અને મરણ વચ્ચે ગોથાં ખાતો હતો."

**ખ્રિસ્તી સ્ત્રી :** તેં કેવી રીતે ખખડાવ્યું તે શું તું નથી જાણતી? તેં તો એવું જોરથી ખખડાવ્યું હતું કે તેનો અવાજ સાંભળીને જ હું તો ઝબકી ઊઠી, મેં મારા જીવનમાં કદી આવો ખખડાટ સાંભળ્યો નથી. મને તો એમ લાગ્યું કે, તું બળાત્કારથી પ્રવેશ કરશે અથવા હુમલો કરીને રાજ્ય જીતી લેશે.

**કરુણા :** અરે! રે.. મારા જેવી ભયંકર સ્થિતિમાં આવી પડે તો કોણ એ પ્રમાણે કર્યા વગર રહે? તમે જોયું કે મને બહાર રાખીને દરવાજો બંધ કરી દીધો, અને ત્યાં આગળ એક મહા ઘાતકી કૂતરો હતો, તેથી મારું મન ત્રાસ પામી ગયું હતું. એવી સ્થિતિમાં કોણ પૂરાં બળથી ખખડાવ્યા વગર રહે? પણ મારી અવિવેકી વર્તણૂક વિષે મારા પ્રભુએ શું કહ્યું? શું તેઓ મારા પર કોપાયમાન નહોતા થયા?

**ખ્રિસ્તી સ્ત્રી :** તારો કરેલો ધમકાર સાંભળીને ઊલટું તેમનું મુખ અજાયબ રીતે મલકાયું. મને લાગે છે કે તેં એવી રીતે ખખડાવ્યું તેથી તેઓ બહુ પ્રસન્ન થયા. કેમ કે તેમણે અપ્રસન્નતાનું

કંઈ પણ ચિહ્ન દેખાડ્યું નહિ. પણ એ એવો કૂતરો રાખે છે તેથી મને અજાયબી લાગે છે. જો એ વિષે મેં અગાઉ જાણ્યું હોત તો અહીં આવવાની મને હિંમત થાત નહિ. પણ હવે તો અંદર આવી ગયાં છીએ માટે ફિકર નથી. અને મને ઘણો આનંદ થાય છે.

**કરુણા :** જ્યારે તેઓ પાછા નીચે આવશે ત્યારે તમારી મરજી હોય તો હું તેમને પૂછી જોઈશ કે, તમે એવો ખરાબ કૂતરો કેમ પાળ્યો છે? એવું ન થાય કે મારા પૂછવાથી તેમને ખોટું લાગે.

બાળકોએ કહ્યું કે. "જરૂર પૂછજો. અને તેમને સમજાવજો કે તેઓ એ કૂતરાને ફાંસી દઈને મારી નાખે. કેમ કે આપણે અહીંથી જઈશું ત્યારે તે આપણને કરડી ખાશે એવી બીક અમને લાગે છે."

આખરે તે પાછો નીચે આવ્યો ત્યારે કરુણાએ તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને કહ્યું કે, "મહારાજ. હું મારા હોઠરૂપી વાછરડાનું સ્તુતિરૂપી જે અર્પણ આપને ચઢાવું છું તે આપ કૃપા કરી સ્વીકારશો."

ત્યારે તેણે કહ્યું. "તારું કલ્યાણ થાઓ. ઊભી થા." પણ તે ઊંધે મોંએ પડી રહી. અને કહ્યું, "હે પ્રભુ, જ્યારે હું તમારી વિનંતી કરું છું ત્યારે તમે ન્યાયી માલમ પડો છો. તોપણ તમારાં ન્યાયકૃત્યો વિષે મને તમારી સાથે વાદ કરવા દો." "તમે તમારા વાડામાં એવો ઘાતકી કૂતરો કેમ રાખો છો કે જેને જોઈને અમારા જેવાં સ્ત્રી બાળકો બીને નાસવા માંડે છે?"

તેણે ઉત્તર આપતાં કહ્યું કે. "એ કૂતરાનો માલિક તો બીજો કોઈ છે. વળી તે બીજા માણસની હદમાં બાંધી રાખેલો છે. મારાં મુસાફરો માત્ર તેનું ભસવું સાંભળે છે. દૂર પેલો જે કિલ્લો તમે જુઓ છો તેના તાબાનો એ કૂતરો છે. પણ એ આ કંપાઉન્ડના કોટ સુધી આવી શકે છે. તેની ભયંકર ગર્જનાથી ગભરાઈને તો ઘણાં

પ્રામાણિક મુસાફરો ખોટો માર્ગ મૂકી ખરે ચઢ્યાં છે. તેનો માલિક મારા અને મારાં મુસાફરોના ભલાને અર્થે તેને રાખે છે એમ તો નહિ, પણ મુસાફરો અહીં મારી પાસે ન આવે. અને આ દરવાજે આવીને પ્રવેશને માટે ખખડાવતાં ગભરાય, એ હેતુથી તેણે તેને પાળ્યો છે. વળી કોઈ કોઈ વખતે બહાર નીકળી આવીને મારાં કેટલાંક પ્રિય મુસાફરોને તેણે કરડ્યાં પણ છે. હમણાં તો હું એ બધું ધીરજથી સહન કર્યા કરું છું. વળી હું મારાં મુસાફરોને વેળાસર સહાય કરું છું અને તેના પંજામાંથી છોડાવી લઉં છું, નહિ તો તે પોતાના ક્રૂર સ્વભાવ પ્રમાણે તેમને ફાડી ખાય. પણ હે મારી મુક્ત કરેલી. જો તું એ કૂતરાની બધી હકીકત પહેલાંથી જાણતી હતો તો મને લાગે છે કે તું એનાથી કદી પણ ન ગભરાત. જે ભિક્ષુકો ઘરે ઘરે ફરીને ભિક્ષા માગે છે તેઓ કૂતરાના ઘૂરકવાથી કે ભસવાથી કે કરડવાથી બીતા નથી. અને માત્ર કોઈ કોઈ ઘેરથી થોડી ભિક્ષા મળવાની આશાથી કૂતરા કરડવાનું જોખમ માથે લઈને ઘેર ઘેર ફરે છે, ત્યારે જે કૂતરો બીજા માણસના વાડામાં પૂરેલો છે, તેનું ભસવું હું મુસાફરોના ભલાને અર્થે વાપરું છું. તે કૂતરો મુસાફરોને મારી પાસે આવતાં અટકાવે શું? હું સિંહોના પંજામાંથી તેમને છોડાવું છું. અને કૂતરાના બળથી મારા વહાલાંને બચાવું છું.''

ત્યારે કરુણાએ કહ્યું, ''હું મારું અજ્ઞાનીપણું કબૂલ કરું છું, મેં વગર સમજે વાત કરી, હું કબૂલ કરું છું કે આપનાં સર્વ કામો યોગ્ય છે.''

પછી **ખ્રિસ્તી સ્ત્રી** પોતાની મુસાફરી વિષે વાત કરવા તથા માર્ગ વિષેની હકીકત પૂછવા લાગી. ત્યારે તેમણે તેઓને ભોજન કરાવ્યું તથા તેઓના પગ ધોયા. અને જેમ તેમણે તેણીના પતિને

માર્ગે ચઢાવ્યો હતો તેમ તેને પણ સીધે માર્ગે ચઢાવી. પછી મેં સ્વપ્નમાં જોયું કે તેઓ માર્ગે ચાલવા લાગ્યાં. તે વખતે હવા ઘણી ખુશનુમા તથા અનુકૂળ હતી. **ખ્રિસ્તી સ્ત્રી**એ ચાલતાં ચાલતાં નીચેનું ગીત ગાયું :

પંથી થયાં જે દિનમાં. તે દિવસાને ધન્ય.
શુભ શુભ તે દિનથી મળ્યું. ચિંતા નવ રહી અન્ય.
ધન્ય થજો તે જનને. જે લાવ્યો આ પંથ.
વેળા વહી ગઈ છે ઘણી. દોડો જલદી સંત.
શોક વિપત્તી વેઠજો. અમર જીવને કાજ.
છેવટે શુભ ફળ પામશો. વેઠો દુઃખ જો આજ.

હવે જે માર્ગે **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેની સાથેનાં ચાલતાં હતાં તેની બંને બાજુએ જે કોટ હતો તેની પેલી બાજુએ એક બગીચો હતો. અને આગળ જે ભસતા કૂતરાની હકીકત આપી ગયા છીએ તે કૂતરાના માલિકનો તે બગીચો હતો, અને તે બગીચામાંનાં કેટલાંક ઝાડની ડાળીઓ કોટની આ તરફ સુધી લંબાઈને અમારા માર્ગ પર નમેલી હતી. અને ફળો એવાં પાકી ગયેલાં દેખાતાં હતાં કે, જે મુસાફરો તેમને જોતાં તેઓ તેમને તોડીને ખાતાં, અને તેથી તેમને પીડા થતી. **ખ્રિસ્તી સ્ત્રી**ના છોકરાં પણ એ વૃક્ષો તથા તેઓનાં ફળની લટકતી લૂમો જોઈને મોહિત થઈ ગયા, અને ફળ ચૂંટીને ખાવા લાગ્યાં. તેઓની માએ તેમને એ કૃત્યો માટે ધમકાવ્યા. તો પણ તેઓએ ફળો ખાવાનું છોડ્યું નહિ.

તેણીએ કહ્યું, "મારા દીકરાઓ. તમે આજ્ઞાભંગ કરો છો. કેમ કે એ ફળો આપણાં નથી." પણ તે નહોતી જાણતી કે એ ફળો તો શત્રુઓનાં છે. જો તે જાણતી હોત તો નિશ્ચે ભયથી મરણતોલ

થઈ જાત. ત્યાર પછી તેઓ આગળ ચાલ્યાં, જે જગ્યાથી તેઓ માર્ગમાં દાખલ થયાં હતાં તે જગ્યાથી આશરે બે તીરવા દૂર તેઓ ગયા ત્યારે તેઓએ બે કદરૂપા માણસો પોતાની તરફ દોડતાં આવતાં જોયાં. તેથી ખ્રિસ્તી સ્ત્રી તથા તેની સખી કરુણાએ પોતાનાં મુખ પોતાની સાડીથી ઢાંકી નાખીને ચાલવાનું ચાલુ રાખ્યું: છોકરાંઓ પણ કેટલેક દૂર તેમની આગળ ચાલતાં હતાં, માટે થોડી વારમાં તેઓ બધાં ભેગાં થઈ ગયાં. પેલા સામેથી આવનાર બે જણ આ બે સ્ત્રીઓની નજીક આવી ગયાં અને તેમને આલિંગન કરવા જતા હતા, ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ કહ્યું, "દૂર રહો, અને સજ્જનોને ઘટે તેવી રીતે છાના માના તમારે માર્ગે ચાલ્યા જાઓ." પણ એ બે જણ જાણે બહેરા હોય એમ ખ્રિસ્તી સ્ત્રીના કહેવા પર ધ્યાન ન આપતાં. તેમના પર હાથ નાખવાનું કર્યું, તેથી ખ્રિસ્તી સ્ત્રી બહુ ક્રોધાયમાન થઈ અને તેમને પગની ઠોકરે ચઢાવ્યાં. કરુણાએ પણ તેમને હટાવવા માટે પોતાથી બનતા ઉપાય કર્યા. ખ્રિસ્તી સ્ત્રીએ ફરી તેમને કહ્યું, "દૂર રહો કેમ કે તમે જુઓ છો કે અમે મુસાફર છીએ. અને અમારી પાસે પૈસા નથી કે તે તમે લો. અમે તો ભિક્ષા માગીને અમારો નિર્વાહ કરીએ છીએ."

ત્યારે તે બેમાંના એક જણે કહ્યું કે, "અમે પૈસાને માટે તમારી સાથે રકઝક કરતા નથી. પણ અમે તો તમને એ કહેવા માગીએ છીએ કે. અમે તમને એક જૂજ અરજ કરવાના છીએ. તે જો તમે સ્વીકારશો તો અમે સદાને માટે તમારું ભાગ્ય ખોલી નાખીશું."

હવે ખ્રિસ્તી સ્ત્રી તેમનો મતલબ કળી ગઈ, તેથી તણીએ ફરીથી તેમને કહ્યું કે, "તમારી માગણી અમે કદી સાંભળીશું કે

કબૂલ કરી શકીશું નહિ. અમારે ઘણી ઉતાવળ છે માટે અમે અહીં થોભી શકતાં નથી, અમારું કામ એવું છે કે. તેના પર અમારા જીવન કે મરણનો આધાર રહેલો છે." એમ કહીને **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેની સખીએ ફરીથી તેમને બાજુએ મૂકીને આગળ નીકળી જવાનું કર્યું. પણ એ દુરાચારીઓએ માર્ગમાં આડા ઊભા રહીને તેમને અટકાવ્યાં અને કહ્યું કે. "અમે તમારા જીવને કંઈ હાનિ પહોંચાડવાના નથી, અમારી મતલબ તો બીજી છે." **ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું કે. "તમારે તો અમારાં શરીર તેમ જ આત્માનો નાશ કરવો છે. કેમ કે હું જાણું છું કે. તમે એ જ મતલબથી આવ્યા છો. પણ અમારે મરવું પડે તો ભલે. પરંતુ જેથી અમારા આત્માના કલ્યાણને જોખમ લાગે એવા ફાંદામાં તમે અમને પાડો એ તો અમે થવા દેનાર નથી." એમ કહીને તેઓએ, ચોર! ચોર! એમ કહીને બૂમબરાડા કરી મૂક્યાં. અને એમ કરીને સ્ત્રીઓના રક્ષણને માટે જે નિયમો સ્થાપેલા છે તેનો આશરો લીધો. તોપણ બે જણ જોરજુલમથી પોતાની બૂરી મતલબ પાર પાડવાના ઇરાદાથી તેમનાં અંગ પર ધસ્યા, માટે તેઓએ ફરીથી બૂમબરાડા કરી મૂક્યાં.

હવે જે દરવાજેથી તેઓ અંદર દાખલ થયાં હતાં તેનાથી તેઓ દૂર નહોતાં ગયાં. માટે ત્યાંથી તેઓની બૂમો દરવાજા આગળ સંભળાઈ. તેથી તે મકાનમાં કેટલાક બહાર નીકળી આવ્યા તો તેંઓએ **ખ્રિસ્તી સ્ત્રી**નો સાદ ઓળખ્યો. તેથી તેઓ તેની મદદે દોડી આવ્યા. તેઓને જોઈ શકે એટલે સુધી આવતાં જ મદદગારોએ સ્ત્રીઓ ઉપર જોરજુલમ થતાં જોયાં. છોકરાં પણ પાસે ઊભા રહીને રડ્યાં કરતાં હતાં. હવે જે પુરુષ તેમને છોડાવવાને આવ્યો

હતો તેણે એ ઘાતકી દુરાચારીઓને ધમકાવીને કહ્યું કે, "અરે, તમે એ શું કરો છો? શું તમે મારા પ્રભુની દાસીઓ પાસે આજ્ઞાભંગ કરાવવા માગો છો?" પછી તે તેઓને પકડવા દોડ્યો પણ તેઓ કોટ કૂદીને પેલા મોટા કૂતરાના માલિકના બગીચામાં નાસી ગયા. અને કૂતરાએ તેમનું રક્ષણ કર્યું. ત્યાર પછી સ્ત્રીઓને છોડાવનાર તેમની પાસે આવીને તેમની ખબર અંતર પૂછવા લાગ્યો. ત્યારે સ્ત્રીઓએ તેને ઉત્તર આપ્યો કે, "તમારા રાજાના ઉપકારથી અમને કંઈ ઈજા તો થઈ નથી, માત્ર અમને થોડી ઘણી બીક લાગી હતી. વળી અમે તારો પણ આભાર માનીએ છીએ કે તું અમારી મદદે દોડી આવ્યો. નહિ તો તેઓ અમારા પર ફાવી જાત."

પછી બીજી થોડી વાત કરીને ઉદ્ધારકે કહ્યું કે, "જ્યારે નાકા પરના દરવાજામાં તમારી આગતાસ્વાગતા કરવામાં આવી ત્યારે, તમે લાચાર અબળાઓ છતાં,પ્રભુ પાસે માર્ગદર્શક ન માગ્યો તે ઘણું નવાઈ જેવું લાગે છે. તમે માર્ગદર્શક માગી લીધો હોત તો તમને આ બધી મુશ્કેલીઓ તથા જોખમ ન નડત. તમે માર્ગદર્શક માગ્યો હતો તો તે જરૂર તમને આપત."

**ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું, "અરેરે, અમે તો અમારા તરતના આનંદમાં એટલાં બધાં મશગુલ થઈ ગયાં હતાં કે, ભવિષ્યનાં જોખમોનો ખ્યાલ જ અમને ન આવ્યો. વળી રાજાના મહેલની છેક નજીક આવા દુષ્ટો સંતાઈ રહે છે એવું કોના માનવામાં પણ આવે? જો અમે અમારા પ્રભુ પાસે માર્ગદર્શક માગ્યો હોત તો જરૂર બહુ સારું થાત, પણ અમારા પ્રભુ જાણતા હતા કે અમને માર્ગદર્શક આપ્યો હોત તો અમને ફાયદો થાત, ત્યારે તેમણે તેને અમારી સાથે ના મોકલ્યો એ અજાયબ જેવું છે."

**ઉદ્ધારક :** મોટે ભાગે માગ્યા વગર કંઈ આપવાનો બહુ રિવાજ નથી. કેમ કે જો એમ આપે તો લેનારને તે વસ્તુ જૂજ મૂલ્યની કે નકામી જેવી લાગે, પણ જ્યારે કોઈ વસ્તુની આપણને જરૂર પડે છે ત્યારે, આપણને તે મળ્યા પછી, આપણે તેની વાજબી કિંમત કરીએ છીએ. અને સંભાળ તથા જતનથી તેનો ઉપયોગ કરીએ છીએ. જો મારા પ્રભુએ તમને માર્ગદર્શક વગર માગે આપ્યો હોત તો ના માગવામાં જે ભૂલ તમે કરી છે તેને લીધે જેવો પશ્ચાત્તાપ તમને કરવો પડે છે તેવો પશ્ચાત્તાપ તમે કરત નહિ. માટે બધી વાતો ગુણકારક કરે છે. અને એથી તમે ભવિષ્યમાં વધારે સાવચેત થશો.

**ખ્રિસ્તીસ્ત્રી :** ત્યારે અમે પાછાં અમારા પ્રભુ પાસે જઈને અમારી મૂર્ખાઈ કબૂલ કરીને માર્ગદર્શક માગીએ?

**ઉદ્ધારક :** તમે તમારો અપરાધ કબૂલ કરો છો એ વાત હું તેને વિદિત કરીશ. તમારે પાછાં જવાની અગત્ય નથી. કેમ કે જે જે ઠેકાણે તમે જશો ત્યાં તમને કશાની ખોટ પડશે નહિ. કેમ કે જે મકાનો મારા પ્રભુએ પોતાના મુસાફરોની આશાને માટે બંધાવ્યાં છે તે દરેક મકાનમાં શત્રુઓની સર્વ કોશીષ રદ કરવાને માટે પૂરતી સામગ્રી તૈયાર રાખેલી છે. પણ જેમ મેં આગળ કહ્યું હતું તેમ, જોઈતી સર્વ વસ્તુઓ તેની પાસે માગવી જોઈએ એવી તેની ઇચ્છા છે, માગ્યા વગર પામવાની આશા રાખવી વાજબી નથી. અને જે વસ્તુ માગવાની યોગ્ય ન હોય તે નકામી જાણવી. આટલું કહીને તે પાછો પોતાને મકાને ગયો. અને મુસાફરોએ આગળ ચાલવાનું જારી રાખ્યું.

પછી કરુણાએ કહ્યું. "આ એકાએક કેટલી બધી ખામી! હું તો જાણતી હતી કે આપણે બધાં સંકટ પાર તરી ઉતર્યાં છીએ. અને હવે પછી આપણને કદી કંઈ દુઃખ પડવાનું નથી."

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું. "મારી પ્રિય બહેન, આ બાબતમાં તારો ઝાઝો દોષ નથી. કેમ કે તું તો નહોતી જાણતી કે આગળ જોખમ છે. પણ હું તો વિશેષ દોષિત છું, કેમ કે ઘેરથી નીકળ્યા પહેલાં આ જોખમ વિષે હું જાણતી હતી, તોપણ યોગ્ય સમયે મેં તે વિષે વિચાર્યું નહિ."

ત્યારે કરુણાએ પૂછ્યું કે. "તમને ઘેરથી નીકળ્યા પહેલાં એની ખબર શી રીતે પડી? મહેરબાની કરીને એ ભેદ મને સમજાવો."

**ખ્રિસ્તી સ્ત્રી :** સાંભળ ત્યારે, હું તને કહું છું. હજી તો મેં ઘર બહાર પગ મૂક્યો નહોતો એવામાં એક રાતે હું મારા બીછાનામાં સૂઈ રહી હતી, ત્યારે મને આ વિષે સ્વપ્ન આવ્યું હતું. સ્વપ્નમાં મેં આબેહૂબ આ બે દુષ્ટો જેવા જ બે જણને મારા બીછાનાની પાંગતે ઊભેલા જોયાં. તેઓ મારા તારણને ખલેલ પહોંચાડવાની યુક્તિઓ રચતા હતા. તેઓનો બોલેલો શબ્દેશબ્દ હું તને કહું છું. (તે વખતે તો હું ગભરાટમાં હતી) તેઓએ કહ્યું, આ સ્ત્રીને શું કરીએ? કેમ કે એ તો જાગતાં ને ઊંઘતાં ક્ષમાને માટે બૂમ માર્યાં કરે છે. જેમ તેણીએ કરવા માંડ્યું છે તેમ તેને કર્યા કરવા દઈએ, તો જેમ આપણે તેના પતિને ગુમાવ્યો છે તેમ તેને પણ ગુમાવી બેસીશું. આથી મારે ચેતીને વેળાસર ઉપાય કરવો હતો.

**કરુણા**એ કહ્યું હશે, જેમ આ ભૂલથી આપણને આપણી ખામીઓ જાણવાનો અવસર મળ્યો, તેમ આપણા પ્રભુએ પોતાની અમૂલ્ય કૃપા દર્શાવવાનો લાગ સાધ્યો; કેમ કે આપણે જાણીએ

છીએ કે આપણા માગ્યા વગર માત્ર પોતાની કૃપાથી જ આખે માર્ગે આપણા પર દયા રાખી, અને આખરે આપણા કરતાં બળવાન શત્રુઓના હાથમાંથી આપણને છોડાવ્યાં.

આવી રીતે વાતો કરતાં કરતાં કેટલીક વાર સુધી ચાલ્યા પછી તેઓ માર્ગમાં મુસાફરોના આરામને માટે એક ઘર બાંધેલું હતું તેની નજીક આવી પહોંચ્યાં. આ ઘરનું સવિસ્તર વર્ણન તમને "યાત્રાકારી" નામના પુસ્તકના પ્રથમ ભાગમાં મળશે. આ ઘર જે **સમજાવનાર**નું હતું, તેના દરવાજા આગળ તેઓ પહોંચ્યાં, ત્યારે ઘરમાં કોઈને મોટેથી વાત કરતાં તેઓએ સાંભળ્યું. તેઓએ કાન લગાડીને સાંભળ્યું તો તેઓને એવું લાગ્યું કે, વાતમાં **ખ્રિસ્તી સ્ત્રી**નું નામ લે છે, કેમ કે તમારે જાણવું જોઈએ કે, **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેનાં છોકરાંની મુસાફરીએ નીકળવાની વાતની જાણ તેઓને થઈ ગઈ હતી. અને તે ખ્રિસ્તીની પત્ની છે એ જાણીને તેઓને વિશેષ આનંદ થતો હતો, કેમ કે તેઓ જાણતાં હતા કે, પહેલાં એ સ્ત્રી મુસાફરીનું નામ પણ સાંભળવા રાજી નહોતી. હવે તેઓ છાનાંમાનાં ત્યાં થોડી વાર ઊભાં રહ્યાં, તો અંદરના ભલા લોકોને **ખ્રિસ્તી સ્ત્રી** બહાર દરવાજા આગળ ઊભી છે એવું જાણ્યા વગર તેની પ્રંશસા કરતા તેઓએ સાંભળ્યા. આખરે **ખ્રિસ્તી સ્ત્રી**એ જેમ નાનો દરવાજો ખખડાવ્યો હતો તેમ જ આ ઘરનો દરવાજો પણ ખખડાવ્યો. ત્યારે **શુદ્ધમતિ** નામની એક તરુણીએ આવીને બારણું ઉઘાડ્યું. અને જુએ છે તો ત્યાં બે સ્ત્રીઓ ઊભેલી જોઈ.

ત્યારે **શુદ્ધમતિ**એ તેમને પૂછ્યું કે, "આ ઘરમાં તમે કોની સાથે વાત કરવા માગો છો?"

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રીએ** ઉત્તર આપ્યો કે, "અમે સાંભળ્યું છે કે આ મકાન ખાસ મુસાફરોને માટે બંધાવેલું છે. અમે મુસાફર છીએ અને આ બારણા આગળ ઊભા છીએ, માટે જે આશ્રયને માટે અમે અત્યારે આવ્યાં છીએ તે કૃપા કરી અમને આપશો. કેમ કે તમે જુઓ છો કે દિવસ આથમીને અંધારું થયું છે. અને આજ રાત્રે અમને આગળ ચાલવાની ઇચ્છા નથી."

**શુદ્ધમતિ :** કૃપા કરીને તમારું નામ મને કહો તો હું અંદર જઈને મારા પ્રભુને કહું.

**ખ્રિસ્તી સ્ત્રી :** મારું નામ **ખ્રિસ્તી સ્ત્રી** છે, કેટલાંક વર્ષ પહેલાં જે મુસાફર આ માર્ગે થઈને ગયો હતો તેની વિધવા હું છું. અને આ તેના ચાર દીકરા છે. આ કન્યા મારી સાથે આવેલી છે અને એ મુસાફર છે.

ત્યારે **શુદ્ધમતિએ** અંદર દોડી જઈને અંદરના લોકોને કહ્યું, "બારણા આગળ કોણ હશે વારુ, કહો જોઈએ? એ તો **ખ્રિસ્તી સ્ત્રી,** તેના છોકરાં અને તેની સખી છે. તેઓ બધાં અહીં પ્રવેશ પામવાને આતુર છે." ત્યારે તેઓ હર્ષથી કૂદવા લાગ્યા, અને જઈને પોતાના પ્રભુને સમાચાર આપ્યાં, પછી તે બારણા આગળ આવ્યા, અને **ખ્રિસ્તી સ્ત્રીને** જોઈને તેણે પૂછ્યું, "જ્યારે **સુભક્ત** ખ્રિસ્તી મુસાફરીએ નીકળ્યો ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી** નામની જે સ્ત્રીને પાછળ મૂકીને તે નીકળ્યો હતો તે સ્ત્રી શું તું છે?"

**ખ્રિસ્તી સ્ત્રી :** જે સ્ત્રી એવા કઠણ હૃદયની હતી કે, પોતાના પતિની વિપત્તિ ન ગણકારીને તેમને મુસાફરીએ એકલા જવા દીધો તે હું છું. અને આ તેના ચાર દીકરાઓ છે. હવે હું પણ આવી છું. કેમ કે આ વગર બીજો કોઈ માર્ગ સત્ય નથી.

**સમજાવનાર** : ત્યારે તો શાસ્ત્રની એ વાત પૂરી થઈ કે. "એક માણસે પોતાના દીકરાને કહ્યું કે. આજ મારી દ્રાક્ષાવાડીમાં જઈને કામ કર. ત્યારે તેણે પોતાના બાપને કહ્યું કે. હું તો નહિ જાઉં. તોપણ પાછળથી પસ્તાઈને ગયો."

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું. ઈશ્વર એવું થવા દો. આમેન. ઈશ્વર કરે ને એ વાક્ય મારા વિષે ખરું પડે. અને આખરે હું તેમને શાંતિમાં નિર્દોષ અને નિષ્કલંક માલુમ પડું."

**સમજાવનાર** : તું આવી રીતે બારણા આગળ કેમ ઊભી રહી છે? હે વિશ્વાસીબહેન. અંદર આવ. હમણાં જ અમે તારા વિષે વાત કરતા હતા. કેમ કે તું મુસાફર થઈ તેનાં સમાચાર અમને અગાઉથી મળ્યાં હતાં. ચાલો દીકરાઓ. અંદર ચાલો. ચાલ દીકરી. અંદર ચાલ. એમ કહીને તે બધાંને ઘરમાં લઈ ગયો.

એવી રીતે બધાં અંદર ગયા પછી તેઓને એવું ફરમાવવામાં આવ્યું કે બેસીને વિશ્રામ લો. તેઓએ એ પ્રમાણે કર્યું એટલે જેઓનું કામ ઘરમાં આવેલાં મુસાફરોની આગતાસ્વાગતા કરવાનું હતું તેઓ તેમને જોવાને એ ઓરડીમાં આવ્યાં. અને ખ્રિસ્તી સ્ત્રીને મુસાફર થયેલી જોઈને બધાં બહુ ખુશી થયાં. વળી બાળકોને પણ જોઈને તેઓ તેમનાં મુખ પર સ્નેહ તથા આદરસત્કારપૂર્વક હાથ ફેરવવા લાગ્યા, કરુણાનો પણ સ્નેહપૂર્વક આદરસત્કાર કરીને એ બધાંને કહ્યું કે, અમારા પ્રભુના ઘરમાં ભલે પધાર્યાં.

ભોજન તૈયાર થવાની હજી થોડી વાર હતી માટે સમજાવનાર તેઓને પોતાની બોધસૂચક ઓરડીઓમાં લઈ ગયો, અને કેટલાંક વખત પર ખ્રિસ્તીએ જે જે જોયું હતું તે તેઓને દેખાડ્યું. અહીં તેઓએ પેલા પીંજરામાં પૂરેલાં માણસને તથા સ્વપ્નવત થયેલા

માણસને તથા શત્રુઓની વચમાંથી તલવાર વડે માર્ગ કાપી નીકળી જનાર શૂરવીરને જોયા. વળી એ સર્વના કરતાં કદાવર પુરુષની તસ્વીર તથા બાકીની બધી બાબતો જે તે વખતે ખ્રિસ્તીને બહુ લાભકારક થઈ હતી. તે તેઓએ જોઈ.

હવે જે બધું તેઓએ જોયું હતું તેનો ખુલાસો કેટલેક દરજ્જે તેમનાં મનમાં વસ્યા પછી. સમજાવનાર તેમને ત્યાંથી પ્રથમ એક



ઓરડીમાં લઈ ગયો. ત્યાં એક માણસ હાથમાં છાણું એકઠું કરવાની પંજેટી લઈને સતત નીચે જમીન તરફ જોઈ રહ્યો હતો. તે બીજી કોઈ દિશાએ જોઈ શક્તો જ નહોતો. વળી તેની પાસે એક પુરુષ હાથમાં સ્વર્ગી મુગટ લઈને ઊભો હતો. તે પેલા માણસને છાણની પંજેટીને બદલે તે મુગટ આપવા માગતો હતો. પણ એ માણસે

ઊંચું જોવા જેટલી પણ દરકાર કરી નહિ. અને પોતાને સારુ પરાળ. બળતણ તથા ધૂળ સમેટ્યાં કર્યાં.

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે. "હું ધારું છું કે એનો અર્થ હું કેટલેક દરજ્જે સમજું છું. હે **દીનદયાળ**. એ સંસારી માણસની ઉપમા તો ન હોય?"

તેણે કહ્યું. "બરાબર. તારું કહેવું ખરું છે. અને તેની છાણ-પંજેટી તેના સંસારી મનની ઉપમા છે. અને પેલો પુરુષ હાથમાં સ્વર્ગી મુગટ લઈને તેને જે કરવાનું કહે છે તેની દરકાર ન કરતાં પરાળ. બળતણ અને ધૂળ એકઠી કરવામાં મચ્યો રહ્યો છે. તે એવું દર્શાવે છે કે. કેટલાંક લોકો તો સ્વર્ગની વાતને કેવળ ખોટી વાત ગણે છે. અને માત્ર સંસારી વસ્તુઓને જ ઉપયોગી તથા ખરી માને છે. વળી એ માણસ નિરંતર નીચે જ જોઈ રહ્યો હતો. એ જ તને બતાવવામાં આવ્યું હતું તે તને એવું શીખવવાને બતાવ્યું હતું કે. જ્યારે સંસારી વાનાં પર માણસનું મન મોહિત થાય છે ત્યારે તેનું અંતઃકરણ ઈશ્વરથી વિમુખ રહે છે."

**ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું. ઈશ્વર મને આવી છાણ-પંજેટીથી બચાવે.

**સમજાવનારે** કહ્યું કે. "એ પ્રાર્થનારૂપી ધન તો વાપર્યા વગર જાણે કે કટાઈ ગયું છે. મને ધનવાન ન કર. એવી પ્રાર્થના તો લાખોમાંથી ભાગ્યે જ કોઈ કરે છે. ઘણા ખરા લોક તો પરાળ. કચરા અને ધૂળ સમાન નકામી વસ્તુઓને મૂલ્યવાન ગણીને તે મેળવવામાં મચ્યાં રહે છે."

તે સાંભળીને **ખ્રિસ્તી સ્ત્રી** તથા **કરુણા** રડી પડ્યાં અને કહ્યું અરે. રે! એમ જ છે.

સમજાવનાર તેમને એટલું સમજાવ્યા પછી પોતાના ઘરમાંના સૌથી શ્રેષ્ઠ ઓરડામાં લઈ ગયો. એ તો બહુ ભવ્ય ઓરડો હતો. પછી તેણે તેઓને કહ્યું કે, હવે ચારે તરફ નજર કરી જુઓ કે તમારે માટે કંઈ લાભકારક વસ્તુ અહીં જોવામાં આવે છે? પછી તેઓએ ચારે તરફ ફરી ફરીને તપાસી જોયું, પણ તેમના જોવામાં કશું આવ્યું નહિ, કેમ કે ત્યાં દીવાલ ઉપર એક બહુ મોટો કરોળિયો હતો તે તેમના જોવામાં આવ્યો નહિ.

ત્યારે કરુણાએ કહ્યું, "મહારાજ, મને તો કંઈ પણ દેખાતું નથી." પણ **ખ્રિસ્તી સ્ત્રી** કંઈ બોલી નહિ.

પણ સમજાવનારે કહ્યું કે, "ફરીથી જુઓ." ત્યારે તેણીએ ફરીથી જોઈને કહ્યું, કે "એક બેડોળ કરોળિયો પોતાના હાથ વડે દીવાલે બાઝી રહ્યાં છે તે સિવાય બીજું કશું અહીં નથી." ત્યારે તેણે કહ્યું, "શું આ આખા વિશાળ ઓરડામાં માત્ર એક જ કરોળિયો છે?" **ખ્રિસ્તી સ્ત્રી** ચપળ બુદ્ધિશાળી હતી તેથી તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, અને તેણીએ કહ્યું, "હા પ્રભુ, એક નહિ પણ વધારે છે. અને તેમનું ઝેર પેલા કરોળિયાના કરતાં વધારે નાશકારક છે." ત્યારે સમજાવનારે તેની પ્રત્યે પોતાનું મુખ મલકાવીને કહ્યું કે, "તારું કહેવું સત્ય છે." આ સાંભળીને કરુણા શરમાઈ ગઈ અને છોકરાઓએ પણ પોતાનાં મુખ સંતાડ્યાં, કેમ કે તેઓ બધાં હવે દૃષ્ટાંતનો અર્થ સમજવા લાગ્યાં.

પછી સમજાવનારે ફરીથી કહ્યું કે, "જુઓ, કરોળિયો પોતાના હાથથી બાઝી રહે છે, અને તે રાજાઓના મહેલોમાં હોય છે." અને આ તમને એવું શિખવવાને લખ્યું છે કે, ગમે એટલા પાપરૂપી ઝેરથી તમે ભરપૂર હો તોપણ તમે વિશ્વાસરૂપી હાથથી બાઝી રહીને સ્વર્ગી રાજમહેલના સર્વોત્તમ ઓરડામાં રહી શકો."

**ખ્રિસ્તી સ્ત્રીએ** કહ્યું કે. "એ બાબતનો થોડોક ખ્યાલ તો મને પણ આવ્યો હતો. પણ બધો નહિ. અને એ ખ્યાલ તો આવ્યો હતો કે અમે કરોળિયા જેવાં છીએ. અને ગમે તેવા સુંદર ઓરડામાં અમે હોઈએ તોપણ અમે કદરૂપા કરોળિયાં જેવાં દેખાઈએ છીએ. પણ કેવી રીતે વિશ્વાસ કરવો એ અમારે આ ઝેરી અને બેડોળ કરોળિયા પરથી શીખવું જોઈએ. એ ખ્યાલ તો મારા મનમાં ન જ આવ્યો. જો કે હું નજરે જોઉં છું કે કરોળિયો તેના હાથથી ભીંતે બાઝીને ઘરના સર્વોત્તમ ઓરડામાં રહે છે. તોપણ ઉપલો ખ્યાલ મને ન સૂઝ્યો. પરમેશ્વરે કશું નિરર્થક બનાવ્યું નથી."

તે વખતે તેઓ બધાં ખુશ થયેલાં જણાયાં. પણ તેમની આંખોમાં આંસુ આવી રહ્યાં હતાં. તોપણ તેઓએ એક બીજા સામે જોયું અને પછી સમજાવનારને પ્રણામ કર્યા.

પછી સમજાવનાર તેઓને બીજી ઓરડીમાં લઈ ગયો. ત્યાં એક મરઘી તથા તેનાં બચ્ચાં હતાં. તે તેમને બતાવીને તેણે કહ્યું કે, "થોડી વાર સુધી ધ્યાન દઈને જુઓ." એટલામાં મરઘીનાં બચ્ચાંમાંનું એક કુંડી પાસે પાણી પીવાને ગયું. અને ટીપું ટીપું પાણી ચાંચમાં લઈને દર વખતે આકાશ તરફ ઊંચે જોઈને પીવા લાગ્યું. ત્યારે તેણે તેઓને કહ્યું. "આ મરઘીનું બચ્ચું શું કરે છે તે જોઈને તમને જે જે દાન મળે તે ઊંચે જોઈને (ઉપકારસ્તુતિ) સાથે સ્વીકારો. અને એમ માનો કે દરેક કૃપાદાન અમને ઉપરથી મળે છે. પછી તેણે કહ્યું. ફરીથી ધ્યાન દઈને જુઓ. એટલામાં તેઓએ જોયું કે એ મરઘી પોતાનાં બચ્ચાં પ્રત્યે ચાર પ્રકારનો સાદ વાપરે છે (૧) સાધારણ સાદ જે આખો દિવસ વાપરે છે તે. (૨) ખાસ સાદ, તે તો કોઈ કોઈ વાર જ વાપરે છે. (૩) બચ્ચાંને પાંખો તળે રાખીને તેમને છાવરવાનો સાદ વાપરે છે. (૪) ભયસૂચક સાદ.

હવે આ મરઘી તે તમારા રાજાનું દૃષ્ટાંત. અને આ તેનાં બચ્ચાં તે તેનાં આજ્ઞાકારી છોકરાંનું દૃષ્ટાંત સૂચવે છે. કારણ કે આ મરઘીની પેઠે તમારો પ્રભુ પણ પોતાના લોકો પ્રત્યે ચાર પ્રકારની વર્તણૂક ચલાવે છે. જ્યારે તે સાધારણ સાદ વાપરે છે ત્યારે કંઈ દાન કરવાનો ઇરાદો તેને હોતો નથી. જ્યારે ખાસ સાદ વાપરે છે ત્યારે કંઈ દાન કરવાનો ઇરાદો હોય છે. વળી જે લોકોએ તેની પાંખો તળે આશરો લીધો છે. તેઓને માટે છાવરવાનો સાદ પણ તે વાપરે છે. વળી જ્યારે તે શત્રુને આવતો જુએ છે ત્યારે તમને ચેતવવાને ભયસૂચક સાદ પણ તે વાપરે છે. હે મારાં લાડકા. મેં તમને આવી વસ્તુઓવાળી ઓરડીમાં લાવવાનું યોગ્ય ધાર્યું તેનું કારણ એ છે કે. તમે અબળાઓ છો માટે એ વસ્તુઓનો અર્થ તમે સહેલાઈથી સમજી શકો."

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે. "મહારાજ. અમને એવી બીજી વસ્તુઓ પણ બતાવો." તેથી તે તેઓને કતલખાનામાં લઈ ગયો. ત્યાં એક કસાઈ ઘેટું કાપતો હતો. ઘેટું મૂંગે મોંએ તથા ધમપછાડા કર્યા વગર મોતને આધીન થયું. સમજાવનારે તેઓને કહ્યું. આ ઘેટાં ઉપરથી તમારે દુઃખ તથા સતાવણી બડબડ્યા સિવાય મૂંગે મોંએ સહન કરતા શીખવું. જુઓ એ ઘેટું કેવું શાંત રીતે મોત સહે છે. અને ધમપછાડા કર્યા વગર પોતાનું ચામડું ઉતારી લેવા દે છે? તમારો રાજા તમને પોતાનાં ઘેટાં કહે છે."

ત્યાર પછી તે તેમને પોતાની ફૂલવાડીમાં લઈ ગયા. ત્યાં જાત જાતનાં અગણિત ફૂલો હતાં. પછી તેમણે તેઓને કહ્યું. આ બધાં તમે જોયાં?" **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું. "હા. જોયાં." ત્યારે સમજાવનારે કહ્યું. "જુઓ. એ ફૂલો કદમાં. જાતમાં. રંગમાં. સુગંધમાં

તથા ગુણમાં ભિન્ન ભિન્ન છે. કેટલાંક તો સાધારણ છે અને કેટલાંક તેમના કરતાં વધારે સારાં છે. વળી દરેક છોડ જ્યાં માળીએ રોપ્યો છે ત્યાં જ રહેલો છે. અને તેઓ એક બીજાને અડચણરૂપ થતાં નથી."

વળી તે તેઓને પોતાના ખેતરમાં લઈ ગયો. તેમાં તેણે ઘઉં અને બીજું અનાજ વાવેલું હતું. પણ ત્યાં તો તેમણે બધા અનાજની ઊંબીઓ લણી લીધેલી અને સાંઠા એકલા ઊભેલા જોયાં. પછી સમજાવનારે કહ્યું કે. "આ જમીનમાં ખાતર નાખ્યું હતું. અને તેને ખેડીને તેમાં વાવેતર કર્યું હતું. પણ આ એમાં જે ઉત્પન્ન થયું છે તેનું શું કરવું?" ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું. "તેમાંથી કેટલુંક બાળી નાખો અને બાકીનું ખાતર બનાવો." ત્યારે સમજાવનારે કહ્યું. "તમે જાણો છો કે અહીં ફળ જોવાની આશા તમે રાખતાં હતાં અને જ્યારે ફળ ન જોયું ત્યારે તમે કહો છો કે એને બાળી નાખો અને ખાતર બનાવીને મનુષ્યના પગ નીચે ખુંદાવા દો. સાંભળો. રખે તમે એમ કરવાથી પોતાને દોષિત ઠરાવો."

હવે તેઓ ફરીને પાછાં ઘેર આવતાં હતાં ત્યારે માર્ગમાં તેઓએ એક ચકલી જોઈ. તેના મોંમાં એક મોટો કરોળિયો પકડેલો હતો. ત્યારે સમજાવનારે કહ્યું કે. "આ જુઓ." **કરુણા**ને એ દેખાવ જોઈને નવાઈ લાગી. પણ **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે. આવું સુંદર તથા લાલ રંગની છાતીવાળું નાનું પક્ષી. જે બીજાં ઘણાં પક્ષીઓ કરતાં વિશેષ મનુષ્યના સહવાસમાં રહેવા ચાહે છે. તે આવો ભક્ષ કરે છે. એ તેને કેટલું લાંછન લગાડનારું છે! હું તો એવું ધારતી હતી કે રોટલીની ભૂકરી અથવા બીજા એવા સુઘડ પદાર્થો ખાઈને તે જીવતું હશે. એ પક્ષી ઉપરથી મારી પ્રીતિ ઘટી ગઈ છે."

ત્યારે સમજાવનારે ઉત્તર આપ્યો કે, "આ પક્ષી કેટલાક ધર્મવેષધારી લોકોનું સહેજ સમજાય એવું દૃષ્ટાંત છે. કેમ કે જેમ એ પક્ષી સૂર, રંગ તથા ચાલમાં સુંદર દેખાય છે તેમ તેઓ પણ ઉપરથી તો ધાર્મિક દેખાય છે. વળી તેઓ ખરા વિશ્વાસીઓ પ્રત્યે બહુ માયાળુ જણાય છે. અને તેમની સાથે સહવાસ તથા સોબત રાખવા તેઓ એટલા તો ઇન્તેજાર જણાય છે, કે જાણે એ સંતોની મેજ પરથી પડેલા ટુકડા ઉપર પણ નિર્વાહ ચલાવવા તેઓ રાજી હોય. એ જ ઢોંગથી તેઓ સુભક્તોને ઘેર આવજા કરે છે તથા ઈશ્વર સેવાનાં કાર્યોમાં હાજર રહે છે. પણ જ્યારે તેઓ આ પક્ષીની પેઠે એકાંતમાં હોય છે, ત્યારે તેઓ પણ જાણે કે કરોળિયા પકડીને ગળી જાય છે. અર્થાત્, તેઓ પોતાની વર્તણૂક એકદમ બદલી નાખે છે. અને તેમનાં દુષ્ટ મનો તૃપ્ત થતાં સુધો દુષ્ટાચાર તથા પાપકર્મો કર્યાં કરે છે."

જ્યારે તેઓ ઘરમાં પાછાં આવ્યાં ત્યારે, જમણને તૈયાર થતાં હજી કેટલીક વાર હતી માટે **ખ્રિસ્તી સ્ત્રીએ** સમજાવનારને ફરીથી વિનંતી કરી કે, આપ કૃપા કરીને બીજી કોઈ લાભકારક વસ્તુઓ અમને બતાવશો કે તેનું વર્ણન કરશો.

ત્યારે સમજાવનારે કહ્યું કે, "ભૂંડણ જેમ વધારે પુષ્ટ હોય છે, તેમ કીચડમાં આળોટવા વધારે ઇચ્છે છે. ગોધો જેમ વધારે પુષ્ટ હોય છે, તેમ તે વધારે મલકાતો કસાઈ વાડે જાય છે. કામી પુરુષ જેમ વધારે નિરોગી હોય છે, તેમ કુકર્મ કરવાની તેને વધારે ઇચ્છા થાય છે. સ્ત્રીઓને ટાપટીપ થઈને ફરવાની ઇચ્છા હોય છે, પણ ઈશ્વરની નજરમાં જે મૂલ્યવાન તેથી આભુષિત થવું સંતોને શોભે છે. એક બે રાત્રિનો ઉજાગરો કરવો સહેલો છે, પણ લાગલગાટ

આખા વર્ષનો ઉજાગરો કરવો બહુ મુશ્કેલ છે. તેમ જ ધર્માચાર સારી રીતે શરૂ કરવો એ બહુ મુશ્કેલ છે. પણ આખર સુધી જોઈએ તેવી રીતે ધર્માચારમાં ટકી રહેવું એ બહુ મુશ્કેલ છે. તોફાનની વખતે વહાણવટીઓ ખુશીથી હલકા મૂલ્યનો માલ સમુદ્રમાં વામી નાખે છે. પણ ભારે મૂલ્યનો માલ પહેલો કોણ વામી દે? જેને ઈશ્વરનો ડર ન હોય તે જ એમ કરે. એક ગાબડું પડ્યાથી વહાણ ડૂબી જાય. અને એક જ પાપથી પાપી માણસનો નાશ થાય. જે પોતાના મિત્રને ભૂલી જાય છે તે એની પ્રત્યે કૃતઘ્ની થાય છે. પણ જે કોઈ પોતાના તારનારને ભૂલી જાય છે તે તો પોતા પ્રત્યે નિર્દયી થાય છે. જે પાપ કર્યે જાય છે અને પરલોકમાં સુખ પામવાની આશા રાખે છે. તે ઘાસ વાવીને પોતાની વખારો ઘઉં તથા જવથી ભરવાની આશા રાખનારાના જેવો છે. જો કોઈ માણસ સદાચારી થવા ઇચ્છતો હોય તો તેણે પોતાનો અંત સમય નજર આગળ રાખીને તેનું સદા સ્મરણ કરવું. દુનિયામાં જે કાનફૂસિયા કરવાનું તથા વિચારોનું બદલાણ ચાલી રહ્યું છે. તે દુનિયામાં પાપની હયાતિનું પ્રમાણ છે. આ સંસાર જે ઈશ્વરની નજરમાં તુચ્છ જેવો છે તે જ્યારે માણસોને ઘણો મૂલ્યવાન લાગે છે. ત્યારે સ્વર્ગ. જેની ઈશ્વર પ્રશંસા કરે છે તે કેવું સુંદર સુખધામ હશે! આ જીવન કે જેમાં આપણને એટલાં બધાં સંકટો વેઠવાં પડે છે તે આપણને એવું પ્રિય લાગે છે કે તેને છોડવા આપણે બહુ નારાજ છીએ. ત્યારે સ્વર્ગી જીવન કેવું આનંદદાયક હશે! કોઈ માણસ કંઈ પરોપકારનું કામ કરે તો બધાં તેનાં વખાણ કરવા લાગે છે. પણ પરમેશ્વરની કૃપાને લીધે તેમનો યોગ્ય આભાર કોણ માને છે? આપણે જ્યારે ખાવા બેસીએ છીએ ત્યારે મોટે ભાગે

હમેશાં આપણે ખાઈ રહ્યા પછી થોડું ઘણું વધે છે કે બાકી રહે છે. તેમ જ ખ્રિસ્તનું પુણ્ય તથા ન્યાયીપણું એટલું અખૂટ છે કે. આખી દુનિયાના લોકોને તારવાને બસ પડે તે કરતાં પણ વધારે છે.''

એ વાતો કરી રહ્યા પછી સમજાવનારે તેઓને ફરીથી બગીચામાં લઈ જઈને એક વૃક્ષ દેખાડ્યું. એ ઝાડ અંદરથી સડીને પોલું થઈ ગયું હતું. તોપણ ઉપરથી બીજાં વૃક્ષના જેવું જ લીલું તથા નિરોગી દેખાતું હતું. ત્યારે કરુણાએ તેને પૂછ્યું કે. ''આનો શો ખુલાસો?'' તેણે કહ્યું કે. ''જેમ આ ઝાડ ઉપરથી સુંદર દેખાય છે પણ અંદરથી સડી ગયેલું છે. તેમ જ ઈશ્વરના બગીચામાં પણ ઘણા એવા છે. તેઓ મોંથી ઈશ્વરનાં બહુ વખાણ કરે છે. પણ તેને માટે કંઈ કામ કરતાં નથી. તેમનાં પાંદડાં ઘણાં સુંદર હોય છે. પણ તેમનાં અંતઃકરણ નકામાં છે, જાણે કે શેતાનના દુષ્ટ હેતુ સાધવા સિવાય બીજાં કશા કામમાં આવે એવાં તે નથી.''

હવે ભોજન તૈયાર થયું અને બધી વાનગીઓ પીરસી એટલે તેઓ જમવા બેઠાં. અને તેઓમાંના એક જણે ખાણા ઉપર ઈશ્વરનો આશીર્વાદ માગ્યા પછી તેઓ જમવા લાગ્યાં. અને સમજાવનારે પોતાની હમેશની રીતે પ્રમાણે પોતાના પરોણાઓને જમતી વખતે ગમત આપવા વાજાં વગાડવાનો હુકમ કર્યો. એટલે વાજાંવાળા સુંદર સરોદ વગાડવા લાગ્યા. ત્યાં એક ગવૈયો પણ હતો તે સુંદર મધૂર રાગે ગાયન કરતો હતો. તેણે જે ગીત ગાયું તે નીચે મુજબ હતું :

મારું પોષણ જે કરે, આનંદ જે પણ દેઃ
તે મારા પરમેશનું. હેત ઓછું કોણ કહે?

જ્યારે ગાયન તથા વાજિંત્રો બંધ પડ્યાં ત્યારે સમજાવનારે **ખ્રિસ્તી સ્ત્રી**ને પૂછ્યું કે. "મુસાફરી કરવાની અભિલાષા તમારા મનમાં પ્રથમ શાથી ઉત્પન્ન થઈ?" **ખ્રિસ્તી સ્ત્રી**એ ઉત્તર આપ્યો કે "પહેલું કારણ તો એ કે. મારા પતિના વિયોગથી મને ઘણું દુ:ખ થવા લાગ્યું.પણ એ તો માત્ર સ્વાભાવિક સ્નેહ હતો. ત્યાર પછી મારા પતિનાં સંકટો. તેમનું મુસાફરીએ જવું. તથા તેમના પ્રત્યેની મારી ઉદ્ધત વર્તણૂક. એ બધું મારા મનમાં આવ્યું. તેથી હું મોટી ગુનેગાર છું એવી ઊંડી લાગણી મને થઈ અને તેથી મારું મન વિહવળ બન્યું. અને જો મારા પતિ સુખમાં તથા સહીસલામત છે એવું સ્વપ્ન મને વેળાસર ન આવ્યું હોત. અને મારા પતિ જ્યાં રહે છે તે દેશના રાજાએ મને આમંત્રણ પત્ર મોકલ્યો ન હોત. તો કૂવા હવાડામાં પડીને હું ડૂબી મરત. એ સ્વપ્ન તથા પત્ર બંનેએ મળીને મારા મન પર એટલી અસર કરી કે. મુસાફર થયા વગર મને જંપ ન વળ્યો."

**સમજાવનાર :** પણ ઘેરથી નીકળતાં તમને કોઈએ રોક્યાં નહિ?

**ખ્રિસ્તી સ્ત્રી :** હા. **ભયાતૂરા** નામની મારી એક પડોશણે મને રોકવાને પ્રયત્ન કર્યો હતો ખરો. જે માણસ સિંહોની બીક બતાવીને મારા પતિને મુસાફરીથી પાછો ફેરવવા ચાહતો હતો તેની સગી તે હતી. તેણીએ મારી કરવા ધારેલી મુસાફરીને અવિચારી સાહસ કહીને મને મૂર્ખ ગણી કાઢી. વળી મારા પતિને માર્ગમાં જે મુશ્કેલીઓ તથા સંકટો પડ્યાં હતાં. તેનું વિવેચન કરીને મને નાહિંમત કરવાનો તેણીએ બહુ પ્રયત્ન કર્યો. પણ એ બધાથી મારું મન ડગ્યું નહિ.

પણ તે વખતે મને બે કદરૂપા પુરુષોનું સ્વપ્ન આવ્યું હતું. કે જેમાં તેઓ મારી મુસાફરીમાં ભંગાણ પાડવાની યુક્તિઓ રચતા હતા. તેથી મને બહુ ગભરાટ થયો હતો. બલકે હજી પણ તેનું સ્મરણ મારા મનમાંથી ખસતું નથી. અને રસ્તામાં કોઈ પણ પુરુષ મને મળે છે તો મને તેનો ડર લાગે છે કે. રખેને તે આવીને મને માર્ગેથી ભટકાવીને ખોટે માર્ગે લઈ જઈને હાનિ પહોંચાડે. વળી આ વાત બીજાંઓના જાણવામાં આવે એવી મારી ઇચ્છા નથી. તથા આપને તો કહું છું કે. નાના દરવાજેથી અહીં સુધી આવતાં અમારા પર માર્ગમાં એવો તો સખત હુમલો કરવામાં આવ્યો હતો કે ચોર. ચોર. કહીને અમે બૂમબરાડા કરી મૂક્યાં. અને જે બે માણસોએ અમારા પર હુમલો કર્યો તેઓ મારા સ્વપ્નમાં જે બે માણસો આવ્યા હતા તેમના જેવા જ હતા.''

ત્યારે સમજાવનારે કહ્યું કે. ''તારી મુસાફરીનો આરંભ તેં ઉત્તમ રીતે કર્યો છે. અને તેનું પરિણામ તને ઘણું લાભકારક નીવડશે.'' ત્યાર પછી તે કરુણા સાથે વાત કરવા લાગ્યો અને તેને પૂછ્યું કે. ''હે પ્રિય દીકરી, અહીં આવવાનું મન તને શાથી થયું?'' એ પ્રશ્નથી કરુણા શરમાઈ ગઈ અને ધ્રૂજવા લાગી, અને કેટલાક સમય સુધી શાંત બેસી રહી.

ત્યારે તેણે કહ્યું. ''બીશ મા.. માત્ર વિશ્વાસ રાખીને તારા મનની વાત કહી દે.''

ત્યારે કરુણાએ કહ્યું, ''મહારાજ. હું તો છેક બિનઅનુભવી છું. અને તેથી જ મને બોલવાનો પ્રસંગ ન આવે તો સારું એવું હું ઇચ્છું છું. અને તેથી જ મને એવી બીક લાગે છે કે. આખરે હું અધૂરી માલુમ પડીશ. હું મારી સખી **ખ્રિસ્તી સ્ત્રી**ની પેઠે સંદર્શનો

તથા સ્વપ્નો વિષે બ્યાન કરી શક્તી નથી. વળી મારાં ભલાં સગાં વહાલાંની શિખામણ ન માનવાને લીધે પશ્ચાત્તાપ કરવો એ શું હશે. એ પણ હું જાણતી નથી.'

**સમજાવનાર :** ત્યારે પ્રિય બાળા, આ માર્ગ લેવાની ઇચ્છા તારા મનમાં શાથી ઉત્પન્ન થઈ?

**કરુણા :** જ્યારે આ મારી સખી શહેરમાંથી નીકળી જવાની તૈયાર કરતી હતી ત્યારે હું તથા બીજી એક સ્ત્રી અનાયાસે તેને મળવા ગયાં. અમે તેનું બારણું ખખડાવી જ્યારે અંદર ગયાં ત્યારે તેને તૈયારી કરતી જોઈને અમે તેને પૂછ્યું કે, આ ક્યાં જવાની તૈયારી કરો છો? ત્યારે તેણીએ કહ્યું કે, મને મારા પતિ પાસે જવાનું તેડું આવ્યું છે. વળી તેણીએ અમને કહ્યું કે, મેં સ્વપ્નમાં મારા પતિને જોયા. તેઓ એક સુંદર સુખધામમાં અમર પુરુષોની સાથે રહે છે. તેમને માથે મુગટ પહેરેલો છે અને તેઓ રાજાની સાથે બેસીને જમે છે. અને વાંસળી વગાડીને નિરંતર તારનારની સ્તુતિ ગાય છે. જ્યારે તે અમને આ વાતો કહેતી હતી ત્યારે મારું મન ઘણું આકર્ષાવા લાગ્યું, અને મેં મારા મન સાથે એવો વિચાર કર્યો કે જો આ વાત સત્ય હોય તો, હું મારાં માબાપને તથા જન્મભૂમિને તજીને ખ્રિસ્તી સ્ત્રીની સાથે મુસાફરીએ જઈશ. તેથી મેં ફરી પણ તેની સાથે વાત કરીને પૂછ્યું કે, શું એ વાતો ખરી છે, અને તું મને તારી સાથે લઈ જશે? કેમ કે હવે મને ખાતરી થઈ હતી કે હવે પછી અમારા શહેરમાં રહેવું જોખમકારક છે. તોપણ શહેરને છોડતાં મારું મન ઘણું જ દુઃખી થયું. ત્યાંથી નીકળી જવાનું મારું મન નહોતું એમ નહિ, પણ મારાં ઘણાં સગાંવહાલાંને મારે એ શહેરમાં મૂકીને જવું પડ્યું તેથી હું અત્યંત દુઃખી હતી.

પણ હું તો મારા અંતઃકરણની પૂરી ઇચ્છાથી આવી છું. અને જો બની શકશે તો ખ્રિસ્તીબહેન સાથે જ્યાં તેમના પતિ છે ત્યાં જઈને તેમના રાજાનાં દર્શન કરીશ.

**સમજાવનાર :** તારી મુસાફરીનો આરંભ તેં ઉત્તમ રીતે કર્યો છે. કેમ કે તેં સત્યનો વિશ્વાસ કર્યો છે. તું રૂથ જેવી છે. કે જે નાઓમી પરની તથા પોતાના પ્રભુ દેવ પરની પોતાની પ્રીતિને લીધે પોતાનાં માબાપને તથા જન્મભૂમિને તજીને છેક અજાણ્યા લોકોની સાથે રહેવા ગઈ. પ્રભુ તારા કામનો બદલો તને આપો. અને ઇસ્રાએલનો પ્રભુ દેવ જેની પાંખ તળે તેં આશરો લીધો છે. તે તને સંપૂર્ણ પ્રતિફળ આપો.

જમ્યા પછી સૂવાની તૈયારી કરવામાં આવી. સ્ત્રીઓ એક અલાયદા ઓરડામાં જુદા જુદા બીછાનામાં સૂતી. અને છોકરાંઓ પણ પોતાના આગલા ઓરડામાં સૂતા. કરુણા સૂતી તો ખરી. પણ આનંદને લીધે તેને ઊંઘ ન આવી. કેમ કે અંત સમયે સ્વર્ગ બહાર રખાવાની જે બીક તેને લાગતી હતી તે દૂર થઈ હતી. માટે ઈશ્વરે જે મહા કૃપા તેના ઉપર કરી હતી તેને લીધે તે સૂતી સૂતી મોડી રાત સુધી તેમને ધન્યવાદ આપતી તથા તેમની સ્તુતિ કરતી રહી.

પછી સવારે સૂર્ય ઊગતાં ઊઠીને તેઓ ત્યાંથી ચાલી નીકળવાની તૈયારી કરવા લાગ્યાં. પણ સમજાવનારે તેઓને કહ્યું કે. થોડી વાર સુધી તમારે રોકાવું પડશે; કેમ કે તમારે અહીંના નિયમ પ્રમાણે તૈયારી કરીને જવું પડશે. પછી જે તરુણીએ તેમને માટે પ્રથમ દરવાજો ઉઘાડ્યો હતો તેને તેણે કહ્યું કે. તેમને બગીચામાં જે હોજ છે ત્યાં લઈ જઈને હોજમાં નહવડાવ. અને માર્ગમાં ચાલતાં જે ધૂળ તેઓને લાગી હોય તે ધોઈ નાખીને તેમને સ્વચ્છ

કર. તેથી એ તરુણી **શુદ્ધમતિ** તેમને બગીચામાં લઈ ગઈ. અને હોજ આગળ લાવીને તેમને કહ્યું કે, તમારે એમાં સ્નાન કરીને શુદ્ધ થવું જોઈએ. કેમ કે મારા પ્રભુની ઇચ્છા એવી છે કે, જે મુસાફર સ્ત્રીઓ માર્ગમાં તેને ત્યાં ઉતરે તેઓ એ પ્રમાણે સ્નાન કરીને શુદ્ધ થાય, ત્યારે સ્ત્રીઓ તથા છોકરાં બધાંએ હોજમાં ઉતરીને સ્નાન કર્યું. અને સ્નાન કરીને બહાર નીકળ્યાં ત્યારે તેઓ સ્વચ્છ તથા સુંદર દેખાવા લાગ્યાં. એટલું જ નહિ પણ તેમનાં શરીર બહુ તાજાં અને બળવાન થયેલાં હતાં. માટે તેઓ સ્નાન કર્યા પહેલાં દેખાતાં હતાં તેના કરતાં સ્નાન કરીને ઘરમાં આવ્યાં ત્યારે અધિક સુંદર દેખાવા લાગ્યાં.

તેઓ સ્નાન કરીને બગીચામાંથી પાછાં ઘરમાં આવ્યાં, ત્યારે સમજાવનારે તેમને નિહાળીને જોયાં અને કહ્યું કે, તમે ચંદ્ર જેવાં સુંદર થયાં છો. ત્યાર પછી તેમના હોજમાં નાહીને મુસાફરોને જે નિશાન મારવાનો જે રિવાજ હતો તે નિશાન તેણે મંગાવીને તે પોતાનું નિશાન તેમના પર માર્યું. એ માટે કે હવે પછી જ્યાં જ્યાં તેઓ જવાનાં હતાં ત્યાં લોકો તેમને ઓળખે. જ્યારે ઇસ્રાએલ લોકો મિસર દેશમાંથી નીકળી આવ્યા, ત્યારે તેઓ જે પાસ્ખાપર્વનું ભોજન જમ્યા હતા. તેનો સાર એ નિશાનમાં સમાયેલો હતો. એ નિશાન તેઓનાં કપાળે ભૂષણ જેવી હોવાથી તેઓની શોભામાં બહુ વધારો થયો: અને તેથી તેઓની ગંભીરતામાં પણ ઘણો વધારો થયો. અને તેઓનાં મુખ દેવદૂતોના જેવાં દેખાવા લાગ્યાં.

ત્યાર પછી સમજાવનારે એ સ્ત્રીઓની સેવા બજાવનારી તરુણીને કહ્યું કે, વસ્ત્રગૃહમાં જઈને આ લોકોને સારુ વસ્ત્રો લઈ આવ. તેથી તે દીકરી જઈને શ્વેત પોશાક લઈ આવી. અને તેની

આગળ મૂક્યાં. ત્યારે તેણે તેઓને એ પોશાક પહેરવાની આજ્ઞા કરી. તે પોશાક બારિક શ્વેત અને સ્વચ્છ શણનાં કપડાંનો હતો. જ્યારે આ સ્ત્રીઓએ એ વસ્ત્રલંકાર સજ્યો ત્યારે તેઓ એકબીજાને જોઈને સ્તબ્ધ થઈ ગઈ. કેમ કે પ્રત્યેક જણ જે મહા શોભા બીજાં બધાંમાં દેખતાં હતાં તે પોતામાં દેખતાં નહોતાં. અને તેથી તેઓ બીજાંઓને પોતાથી શ્રેષ્ઠ ગણવા લાગ્યાં. અને એક કહે કે. તું



મારા કરતાં સુંદર છે. ત્યારે બીજી કહે કે. તું મારા કરતાં સુંદર છે. છોકરાંઓ પણ પોતાનું સ્વરૂપ આટલું બધું સુંદર થયેલું જોઈને દિગ્મૂઢ બની ગયા.

પછી સમજાવનારે **સતપુરુષ** નામના પોતાના એક સેવકને બોલાવીને તેને એવી આજ્ઞા કરી કે ઢાલ. તલવાર તથા ટોપ

સજીને આ મારી દીકરીઓને રમ્ય નામના રાજભુવન સુધી વળાવી આવ, કેમ કે વિશ્રામ લેવાને બીજો ઉતારો તેઓને તે જગ્યાએ કરવાનો છે. તેથી **સતપુરુષ** પોતાનાં શસ્ત્ર સજીને તેઓની આગળ આગળ ચાલવા લાગ્યો, ત્યારે સમજાવનારે કહ્યું કે, ઈશ્વર તમને આબાદાની બક્ષે. સમજાવનારનાં કુટુંબીઓએ પણ તેમને ઘણાં ઘણાં આશીર્વચનો ઉચ્ચારીને વિદાય કર્યાં અને તેઓ ચાલતાં ચાલતાં નીચે મુજબ ગાવા લાગ્યાં :

આ બીજે મુકામે, શાસ્ત્ર સંપત્તિ મારા પર જામી,
પ્રગટી કૃપા પ્રભુકેરી, ગુપ્ત ધરેલાં મર્મો હું પામી.
કરોળિયાદી જીવો, અમ શિક્ષકો થયા એહ સારા,
જેથી ભણી સત શિક્ષા, પ્રભુ મારગ તો વસ્યા મન મારા,
પક્ષી પણ આ જે જે, અને વળી આ વૃક્ષ તથા વેલા,
અનેક જે જે આ છે, બાગ વિખે જે સૂકાં ને લીલાં,
પ્રભુ પ્રેમ કરુણાની, રાતદિન સાક્ષી આપે એ તો,
એથી અંતર માંહે, ચેતવણી લઈ સમજુ ચિત્ત ચેતો,
પ્રાર્થ કરો ઈસુ કેરી, સંદેહ રાખ્યા વિના અરે મિત્રો,
ધ્યાન ધરો પણ તેનું, નવ રાખશો મનમાં કંઈ ખતરો,
કષ્ટ ભરેલાં થંભે, નિત્ય ચિત્તને ચોંટાડી રાખો,
જો તે નાસે બીજે, તો ઝટ પકડી તેને ત્યાં નાખો.

હવે સ્વપ્નમાં મેં એવું જોયું કે, એ સ્ત્રીઓ આગળ ચાલવા લાગી અને **સતપુરુષ** તેઓની મોખરે આગળ હતો. હવે જે જગ્યાએ ખ્રિસ્તીની પીઠ પરનો બોજો આપોઆપ એક કબરમાં ગબડી પડ્યો હતો ત્યાં આગળ તેઓ ચાલતાં ચાલતાં આવી પહોંચ્યાં, ત્યારે તેઓ ત્યાં કેટલીક વાર થોભ્યાં, અને ઈશ્વરની સ્તુતિ કરી.

**ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે. નાના દરવાજા આગળ અમને જે કહેવામાં આવ્યું હતું તે મને હમણાં યાદ આવે છે. તે એ કે. અમને વચનથી તેમ જ કર્મથી પણ માફી મળશે. વચનથી એટલે પાપથી માફીનું વચન આપ્યાથી. અને કર્મથી એટલે જે કાર્યો વડે પાપની માફી સંપાદન કરવામાં આવી તે કાર્યોથી. વચનો કેવાં કે કયા છે તે વિષે તો હું થોડું ઘણું જાણું છું. પરંતુ કર્મ દ્વારા કે ક્ષમાની પ્રાપ્તિ દ્વારા માફી મળવી એટલે શું. એ તો હે **સતપુરુષ,** આપ જાણતા હશો. માટે કૃપા કરી એનું વર્ણન અમને કહી સંભળાવશો.

**સતપુરુષ :** કર્મ દ્વારા માફી. એટલે જે કોઈને પાપની માફીની અગત્ય છે તેને માટે બીજા કોઈએ મેળવેલી માફી. માફી પામનારે એ માફી પોતે સંપાદન કરી છે એમ નહિ, પણ બીજો એક પુરુષ કહે છે કે, મેં એ માફી એને માટે સંપાદન કરી છે. આ બાબતનો વધારે સવિસ્તર ખુલાસો એ છે કે, જે માફી તને, કરુણાને તથા આ છોકરાઓને મળી છે. તે તમારે માટે બીજાએ. એટલે જેમણે તમને નાના દરવાજામાં થઈને અંદર પ્રવેશ કરવા દીધો તેમણે મેળવેલી છે. તેમણે તો તમને પહેરાવવા સારુ પુણ્યરૂપી વસ્ત્ર તૈયાર કર્યાં. અને તમને સ્નાન કરાવીને શુદ્ધ કરવા સારુ પોતાનું લોહી વહેવાડ્યું છે. એ બે રીતે તેમણે તમારે માટે પાપની માફી સંપાદન કરી છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** પણ જો તે પોતાનું સત્કર્મ અમને આપી દે છે તો પછી તેમને પોતાને માટે શું રહે છે?

**સતપુરુષ :** તમારે જોઈએ અને તેમને પોતાને જોઈએ એ કરતાં પણ એનું સત્કર્મ અધિક છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** મહેરબાની કરીને એ વાત સમજાવશો?

**સતપુરુષ :** ઘણી ખુશીની સાથે સમજાવીશ. પણ પ્રથમ મારે કહેવું જોઈએ કે. જેમના વિષે આપણે હમણાં વિવેચન કરવાનાં છીએ તે એવા અલૌકિક છે કે તેમના જેવો બીજો કોઈ નથી. તે એક પુરુષ છતાં તેને બે સ્વભાવ છે. એ બે સ્વભાવનો ભેદ સ્પષ્ટ રીતે સમજી શકાય એમ છે. પણ તેઓને જુદા પાડવા અશક્ય છે. એ બંને સ્વભાવને પોતપોતાનું ખાસ ફળ છે. અને પ્રત્યેક સ્વભાવને પોતાના ફળ જોડે એટલો નિકટ અને અવશ્ય સંબંધ છે કે સ્વભાવનો લોપ થયા સિવાય તેમનું ન્યાયીપણું કે ફળ તેનાથી જુદું પાડવું અશક્ય છે. આ ખાસ ફળના ભાગીદાર આપણે થઈ શક્તા નથી, અને આપણને પુણ્યવાન કે જીવનના હકદાર બનાવવાને એ ફળ કે એમાંનો કંઈ પણ અંશ આપણને આપી શક્તાં નથી. વળી એ પુરુષના બંને સ્વભાવયુક્ત થયાથી એ બંને સ્વભાવને સામાન્ય રીતે લાગુ પડતું એક ત્રીજા પ્રકારનું પણ ફળ તે પુરુષ ધરાવે છે. તે બંને સ્વભાવયુક્ત થવાથી ઉત્પન્ન થયું છે. મધ્યસ્થની પદવી જે ઈશ્વરે તેમને સોંપી છે તે પદવીને સારુ તેની તૈયારીને માટે અવશ્યનું જે ફળ તે એ છે. પહેલા પ્રકારનું ફળ તજવાથી તેમનું ઈશ્વરપણું લોપ થાય. અને બીજા પ્રકારનું ફળ તજવાથી તેમના મનુષ્યપણાની પવિત્રાઈનો લોપ થાય. અને ત્રીજા પ્રકારનું ફળ તજવાથી જે ગુણ વડે મધ્યસ્થની પદવીને લાયક તે ઠરે છે તે ગુણનો લોપ થાય છે. હવે એ ત્રણ ઉપરાંત એક ચોથા પ્રકારનું ફળ છે, કે જે કાર્યથી કે ઈશ્વરથી આજ્ઞાનું પાલન કર્યાથી સાધિત થાય છે. પાપીઓને જે ફળ તે આપે છે તે એ જ છે. અને એથી જ તેઓનાં પાપ ઢંકાય છે. જેમ લખેલું છે તેમ કે. "જેમ એક માણસે આજ્ઞાભંગ કરી તેથી ઘણાં પાપી ઠેરવાયાં. તેમ જ એકે આજ્ઞાપાલન કર્યું તેથી ઘણાં ન્યાયી ઠેરવાશે."

**ખ્રિસ્તી સ્ત્રી :** ત્યારે બાકીનાં ત્રણ પ્રકારનાં પુણ્યથી આપણને કંઈ પણ લાભ થતો નથી?

**સતપુરુષ :** હા. થાય છે. કેમ કે જો કે સત્કર્મો તેના સ્વભાવને તથા પદવીઓને અવશ્યનાં છે. અને બીજા કોઈને તે આપી શક્તાં નથી. તોપણ તે સત્કર્મોના પ્રતાપથી પાપીઓને પુણ્યવાન બનાવનારું ફળ સાર્થક થાય છે. તેમના ઈશ્વરીપણાનાં ફળને લીધે તેમનું આજ્ઞાપાલન કાર્યસાધક થાય છે. અને એના માણસપણાના ફળને લીધે તેમનું આજ્ઞાપાલન માણસોને પુણ્યવાન બનાવવાને શક્તિમાન થાય છે. અને તેમના બંને સ્વભાવયુક્ત થયાથી જે ફળ સાધિત થાય છે એ સત્કર્મના પ્રતાપથી જ જે પદવી તેમને સોંપવામાં આવી છે તેમનું કામ તે બજાવવાને હકદાર તથા શક્તિમાન થાય છે. ત્યારે આ ચોથા પ્રકારનું ફળ એવું છે કે જેની જરૂર ખ્રિસ્તના ઈશ્વરપિતાને છે જ નહિ. કેમ કે તેના વિના પણ તેઓ ઈશ્વર જ છે. વળી આ ફળની જરૂર ખ્રિસ્તના માણસપણાને પણ નથી. કેમ કે તેના વિના પણ તેઓ સંપૂર્ણ માણસ છે. વળી તેમના ઈશ્વરીપણા તથા માનવપણાના સંયુક્ત સ્વભાવને પણ આ ફળની જરૂર નથી. કેમ કે એના વિના પણ તેના ઈશ્વરાવતારની સંયુક્ત વ્યક્તિ સંપૂર્ણ છે. ત્યારે આ ફળ એવું છે કે ખ્રિસ્તના ઈશ્વરીપણાને તેમ જ ઈશ્વરાવતારને પોતાને માટે ખપતું નથી. માટે એ તે માણસોને આપી શકે છે. એ સત્કર્મ માણસોને પુણ્યવાન કરવાને શક્તિમાન છે. અને ખ્રિસ્તને એની પોતાને માટે જરૂર નથી, માટે તેઓ એ ફળ માણસોને આપે છે. માટે એ સત્કર્મોનું દાન કહેવાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત નિયમને આધીન થયા તેથી આ ફળ આપી દેવાની ફરજ તેમને માથે આવે છે. કેમ કે નિયમને આધીન થયેલા પુરુષને

સંપૂર્ણ ન્યાયીપણાથી વર્તવું આવશ્યક છે એટલું જ નહિ. પરંતુ તેણે પરોપકારી પણ થવું જોઈએ. એ માટે જો એની પાસે બે અંગરખા હોય તો નિયમશાસ્ત્ર પ્રમાણે તેની ફરજ એ છે કે, જેની પાસે અંગરખું ન હોય તેને પોતાનાં બેમાંથી એક આપવું. હવે આપણા પ્રભુ પાસે ખરેખર ફળરૂપી બે અંગરખા છે. એક પોતાને માટે અને બીજો ફાલતું કે વધારાનો. એ માટે જેઓની પાસે બિલકુલ અંગરખો નથી તેઓને તે મફત આપે છે. હે **ખ્રિસ્તી સ્ત્રી** તથા **કરુણા** તથા તમે બાળકો, એવી રીતે તમારી માફી કાર્યથી અથવા બીજા માણસના કામથી સાધિત થાય છે. એ કામ કરનાર તમારા પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે, અને એ કામનું ફળ જે જે જરૂરિયાતમંદ તેમના જોવામાં આવે છે તેઓ બધાને તે મફત આપે છે.

વળી તમારે બીજું એ જાણવું જોઈએ કે કાર્યથી પાપની માફી થવાને સારુ આપણી નગ્નતા ઢાંકવાને પુણ્યરૂપી વસ્ત્ર સંપાદન કરવાની જરૂર છે એટલું જ નહિ, પરંતુ આપણા ઉદ્ધારની અમુક કિંમત પણ ઈશ્વરને આપવી જોઈએ. ઈશ્વરના ન્યાયી નિયમશાસ્ત્ર પ્રમાણે પાપ કરવાથી આપણે શ્રાપપાત્ર થયાં છીએ. માટે આપણે પ્રાયશ્ચિત કરીએ નહિ ત્યાં સુધી એ શ્રાપથી મુક્ત થવાય નહિ. તમારા પ્રભુ ઈસુએ તમારા વતી તમારા પાપને લીધે તમારે જે મરણ સહેવાનું તે તમારા બદલે તેમણે પોતે સહ્યું, અને એમ પોતાના લોહી વડે તમારા ઉદ્ધારની કિંમત ભરી આપી. એ રીતે પોતાના લોહી વડે તેમણે તમને તમારાં પાપથી ખંડી લીધાં છે, અને તમારા આત્માઓની ભ્રષ્ટતા તથા બેડોળપણું પોતાના પુણ્યરૂપી વસ્ત્રથી ઢાંકી દીધાં છે, એ સત્કર્મની ખાતર ઈશ્વર તમને જવા દે છે, અને જ્યારે તેઓ જગતનો ઇનસાફ કરવા આવશે ત્યારે તમને સજા કરશે નહિ.

**ખ્રિસ્તી સ્ત્રી :** આહા. આ કેવી ઉત્તમ અને ખૂબીની વાત! વચન વડે તથા કાર્ય વડે પાપની માફી થવા વિષેની વાત ઉપરથી અમને ઘણું જ્ઞાન પ્રાપ્ત થવાનું હતું એ હવે હું સમજું છું. ભલી સખી **કરુણા.** આ વાતનું સ્મરણ આપણા મનમાં ઠસાવવા આપણે મહેનત કરીએ. અને હે મારા દીકરાઓ. તમે પણ એ વાત તમારા સ્મરણમાં રાખો. પણ મહારાજ. જે વાતથી મારા પતિ ખ્રિસ્તીનો બોજો એમની પીઠ પરથી ગબડી પડ્યો. અને જેને લીધે તેમણે હર્ષથી ત્રણ કુદકા માર્યા. તે શું આજ વાત નહોતી?

**સતપુરુષ :** હા. એ જ વાત પર વિશ્વાસ કર્યાથી તેમના બોજાના બંધ તૂટી ગયા. અને બીજા કોઈ સાધનથી તે તૂટે એમ નહોતું. એ વાતના પરાક્રમની એમને ખાતરી કરાવવા સારુ એમને એ બોજો ઉપાડીને વધસ્તંભ સુધી જવા દીધા.

**ખ્રિસ્તી સ્ત્રી :** હું એમ જ સમજતી હતી, કેમ કે અગાઉ મારું અંતઃકરણ ખુશ તથા આનંદી હતું તેના કરતાં હાલ તે દસગણું પ્રફુલ્લિત છે. અને જો કે મારો અનુભવ હજી જૂજ છે. તોપણ તેટલા અનુભવ ઉપરથી મને ખાતરી થાય છે કે. જો દુનિયામાં સૌથી મોટો પાપરૂપી બોજો ઊપાડનાર અહીં આવે. અને જે હમણાં હું જોઉં છું તથા માનું છું તે તે માને, તો તેનું અંતઃકરણ ખુશી અને ઉલ્લાસી થાય.

**સતપુરુષ :** આ વાતો સાંભળવાથી તથા તેમના વિષે મનન કર્યાથી આપણને દિલાસો તથા બોજાથી છૂટકો મળે છે એટલું નહિ, પણ તેથી આપણાં અંતઃકરણમાં વહાલ તથા પ્રીતિ ઊપજે છે. કેમ કે પાપની માફી માત્ર વચનથી નહિ પણ આવી રીતે (ત્રાતાનાં કાર્યથી) મળે છે. એનો વિચાર જો કોઈ માત્ર એક વાર

કરે તો તે પોતાના તારણની અદ્દ્ભુત રીત તથા ઉપાયથી દંગ થઈને પોતાના ત્રાતા ઉપર પ્રીતિ કર્યા વગર કેમ રહી શકે?

**ખ્રિસ્તી સ્ત્રી :** તમે સત્ય કહો છો. તેમણે મારે લીધે પોતાનું લોહી વહેવડાવ્યું છે. એ વિચારથી તો મારું અંતઃકરણ વિંધાઈ જાય છે. હે પ્રેમસાગર પ્રભુ. હે ધન્ય ત્રાતા. મારું સર્વસ્વ તમને સ્વાધીન કરવું ઘટે છે. તમે મને ખરીદી લીધી છે. મારું સર્વસ્વ તમને સોંપવું ઘટે છે. મારા મૂલ્ય કરતાં દસ સહસ્ત્રગણું મૂલ્ય તેં મારે માટે આપ્યું છે. આ જોવાથી મારા પતિની આંખોમાં આંસુ આવ્યાં હતાં. તથા આનંદને લીધે જલદી જલદી આગળ ચાલવા માંડ્યું હતું. તેમાં કંઈ નવાઈ નથી. મને ખાતરી છે કે મને પોતાની સાથે લઈ જવા તેઓ ઇચ્છતા હતા. પણ હું કેવી અધમ અભાગણી. કે મેં એમને મુસાફરીમાં એકલા જવા દીધા. ઓ બહેન કરુણા. તારાં માબાપ અહીં આવ્યાં હોત, બલકે **ભયાતૂરા** બહેન પણ આવ્યાં હોત તો કેવું સારું! વળી હવે હું અંતઃકરણપૂર્વક ઇચ્છું છું કે કામુકી પણ અહીં આવ્યાં હોત તો બહુ સારું. નિશ્ચે તેઓનાં મન પીગળ્યાં વગર ન રહેત; અને **ભયાતૂરા**નો ભય તથા **કામાતૂરા**નો કામાભિલાશ તેમને મુસાફરીમાંથી પાછા ફેરવીને ઘેર લઈ જઈ ન શકત.

**સતપુરુષ :** તમે હમણાં તાજી લાગણીઓના ઊભરામાં બોલો છો. તમારી લાગણીઓ હમેશાં એવી જ રહેશે એમ તમે ધારો છો? વળી આ કૃપા બધાંને આપવામાં આવતી નથી. ઈસુનું લોહી વહેતું જોનારાઓમાંના પણ સર્વને તે આપવામાં આવી નહોતી. જેઓ ઈસુના મરણ સમયે ત્યાં ઊભા હતા. અને જેઓએ તેમનું લોહી તેમના હૃદયમાંથી જમીન પર ટપકતું જોયું હતું. તેઓમાં

પણ એવા ઘણા હતા કે જેઓએ શોક કરવાને બદલે તેમના ઠઠ્ઠા કર્યાં, અને તેમના શિષ્યો થવાને બદલે પોતાનાં હૃદય તેમની વિરુદ્ધ કઠણ કર્યાં. માટે હે મારી દીકરીઓ, તમારામાં જે બધી લાગણીઓ તથા ભાવનાઓ ઉત્પન્ન થયાં છે. તેનું કારણ એ છે કે, મારી કહેલી વાતોનું મનન કરવામાં ઈશ્વરે તમારી સહાય કરવાથી તમારાં મન પર ખાસ અસર થવાથી ઉત્પન્ન થયાં છે. તમને એવું કહેવામાં આવ્યું હતું કે. મરઘી પોતાનો સાધારણ સાદ કરે છે ત્યારે પોતાનાં બચ્ચાંને ચારો આપતી નથી. એ માટે તમારી આ ભાવનાઓ ઈશ્વરના વિશેષ અનુગ્રહનું ફળ છે.

હવે મેં સ્વપ્નમાં એવું જોયું કે. જ્યારે ખ્રિસ્તી મુસાફરી કરતો કરતો આવ્યો ત્યારે જે જગ્યાએ મૂર્ખ. આળસુ અને ધીટાઈ ઊંઘી ગયા હતા. તે જગ્યાએ તેઓ આવી પહોંચ્યા. તો તેઓએ ત્રણેને રસ્તાની બાજુ પર કેટલેક દૂર બેડીઓ સહિત ફાંસીએ ટાંગેલા જોયા. ત્યારે કરુણાએ માર્ગદર્શકને પૂછ્યું કે. એ ત્રણ જણ કોણ છે. અને શા માટે તેઓને અહીં ફાંસી આપી છે?

**સતપુરુષ :** એ ત્રણ માણસો દુર્ગુણી હતા. તેઓને મુસાફર થવાની ઇચ્છા નહોતી એટલું જ નહિ. પણ બનતાં સુધી તેઓ બીજાઓને પણ મુસાફરી કરતાં અટકાવતા હતા. તેઓ પોતે આળસુ તથા મૂર્ખ હતા એટલું જ નહિ. પરંતુ તેમનાથી બને તેટલાને તેઓ સમજાવીને પોતાના જેવા બનાવતા, અને વળી એવી ખોટી આશા રાખવાનું તેઓને શીખવતા કે. છેવટે અમારું કલ્યાણ થશે. જ્યારે ખ્રિસ્તી અહીં થઈને જતો હતો ત્યારે તેઓ ઊંઘતા હતા, અને હમણાં તમે અહીં થઈને જાઓ છો ત્યારે તેઓ ફાંસીને લાકડે લટકતા જોવામાં આવે છે.

**કરુણા :** પણ તેઓ કોઈને સમજાવીને પોતાના મતમાં લાવી શક્યા છે શું?

**સતપુરુષ :** હા. તેઓએ ઘણાઓને રસ્તા પરથી ભટકાવી દીધા છે. **મંદગામી**ને તેઓએ બદસલાહ આપીને પોતાના જેવો કરી નાખ્યો છે. વળી **અલ્પવિશ્વાસી, નાહિંમત, કામાતૂર** તથા **ઊંઘણશી**ને અને **મંદમતિ** નામની એક સ્ત્રીને પણ એમણે ખોટું સમજાવીને રસ્તા પરથી ભટકાવી દઈને પોતાના જેવા કુમાર્ગી બનાવી દીધાં છે. વળી તમારા પ્રભુ પોતાના સેવકો પાસે બહુ જ ક્રૂરતાથી કામ લેનારા છે એવું બીજાઓને સમજાવીને તેઓએ તેની પણ નિંદા કરી છે. વળી તેના ઉત્તમ દેશની પણ તેઓ નિંદા કરીને કહેતા હતા કે. લોકો એ દેશના જે જશ ગાય છે તેમાંનું અર્ધું પણ સાચું નથી. વળી તેના દાસોમાંના જે શ્રેષ્ઠ છે તેઓને પણ પારકા કામમાં હાથ નાખનારા. માથાફોડીઆ તથા ખટપટિયા એવાં નામ આપીને તેઓની બદનક્ષી કરવા લાગ્યા હતા. વળી ઈશ્વરની આપેલી રોટલીને તેઓ ભૂસું અને તેનાં સંતાનોના સુખને કલ્પના. અને મુસાફરોના કષ્ટ તથા પરિશ્રમને નકામા ફાંફાં કહીને વખોડી કાઢે છે.

**ખ્રિસ્તી સ્ત્રી** બોલી કે. જો એ લોક એવા જ હતા તો હું એમને માટે કદી શોક કરીશ નહિ. તેઓને ઘટતી જ સજા થયેલી છે, અને તેઓને રાજમાર્ગની છેક નજીક ટાંગ્યા છે એ પણ મને લાગે છે કે ઠીક જ થયું છે. કેમ કે એમને જોઈને બીજાઓ કદાપિ ચેતવણી પામે. પરંતુ બીજા દુષ્ટોની ચેતવણીને અર્થે જો એમનાં કુકર્મોની હકીકત કોઈ લોઢાના કે પિત્તળના પતરા ઉપર કોતરાવીને અહીં તેમનાં કુકર્મોની જગ્યાએ ટાંગી હોત તો સારું ન થાત?

**સતપુરુષ :** એમ જ કરેલું છે. તમે જરા ભીંતની પાસે જશો તો એ તમારા જોવામાં આવશે.

**કરુણા :** ના. ના. તેઓ ભલે લટક્યા કરે. અને તેમનું નામ નિશાન પણ નષ્ટ થાઓ. અને તેઓનાં કુકર્મો તેમની વિરુદ્ધ સદા સાક્ષીરૂપ થાઓ. એ તો ઈશ્વરની મહાકૃપા થઈ કે આપણે અહીં આવવા પહેલાં તેઓને ફાંસીએ લટકાવી દીધા હતા. નહિ તો તેઓ આપણા જેવી અબળાઓને કોણ જાણે શું કરત! પછી તેણીએ એ વિષે એક ગીત બનાવ્યું. અને નીચે મુજબ ગાવા લાગી:

ધર્મ વિરોધી જે થયા. પામ્યા દુઃખના હાલ.
પથ જેવામાં ચાલશે. તેવા તેના હાલ.
આ ભયકારી ઠામમાં. આવે યાત્રી જેહ.
ગૃહી ચિત્ત દુર્જન ગતિ. નિત્ય જ ચેતી રેહ.
સમજાવી તમને કહું. તેથી ચેતો યાર.
સાથી પથિકને પ્રેમથી. નમ્ર વિનંતી સાર.

એવી રીતે ચાલતાં ચાલતાં તેઓ બધાં દુર્ઘટ પહાડના થડમાં આવી પહોંચ્યાં. ખ્રિસ્તી મુસાફરી કરતો કરતો આ જગ્યાએ આવ્યો ત્યારે ત્યાં જે કંઈ થયું હતું તે સતપુરુષે પ્રસંગનો લાભ લઈને તેઓને કહી સંભળાવ્યું. પ્રથમ તો તેઓને એક ઝરાની પાસે લઈ જઈને તેણે કહ્યું કે. આ પહાડ ઉપર ચઢ્યાં પહેલાં ખ્રિસ્તીએ આ ઝરાનું પાણી પીધું હતું. તે વખતે તો એનું પાણી સ્વચ્છ અને ઉત્તમ હતું. પણ હમણાં તે ગંદુ થયેલું છે. કેમ કે મુસાફરો એ પાણી પીને પોતાની તરસ મટાડે એવું ઇચ્છનારા કેટલાંક દુષ્ટોએ એનું પાણી પોતાના પગથી ડહોળી નાખ્યું છે. એ સાંભળીને કરુણાએ પૂછ્યું. એઓ એટલી બધી અદેખાઈ કેમ કરતા હશે?

પણ માર્ગદર્શકે કહ્યું કે, તે પાણીને લઈને સારી તથા મીઠી માટીના વાસણમાં ભરશો તો કામમાં આવશે, કેમ કે માટી તળિયે બેસી જશે અને પાણી નિતર્યું થશે. હવે **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેના સાથીઓને એમ જ કરવું પડ્યું. તે પાણીને લઈને તેઓએ થોડી વાર સુધી એક માટીનાં વાસણમાં ભરી રાખ્યું, એટલે એનો મેલ નીચે બેસી ગયો અને પાણી ચોખ્ખું થઈ ગયું. ત્યારે તેઓએ તે પીધું.

પછી જે બે આડમાર્ગો એ પહાડની તળેટીમાં (રાજમાર્ગને મળતા) હતા અને જેમાં કર્મઠ તથા ઢોંગી સખત નાશ પામ્યા હતા, તે તેમને બતાવીને મહાત્માએ કહ્યું કે, એ બંને માર્ગોમાં ભારે જોખમ છે. ખ્રિસ્તી મુસાફરી કરતો કરતો અહીં આવ્યો ત્યારે બે જણ એ માર્ગોમાં રખડીને નાશ પામ્યા. હમણાં તો તમે જુઓ છો કે એ માર્ગોનાં નાકામાં તારની વાડ કરીને તથા ખાઈઓ ખોદાવીને બંધ કરી દીધાં છે. તોપણ કોઈ કોઈ માણસો પહાડ પર ચઢવાની મહેનતથી ડરીને આ માર્ગોનું જોખમ ઉઠાવવાનું વધારે પસંદ કરે છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** "પાપીઓનો માર્ગ વસમો છે" આ રસ્તાઓમાં પેસતાં જ તેમની ડોકીઓ ભાંગી જવાની તેમને બીક નથી લાગતી એ અજાયબ જેવું છે.

**સતપુરુષ :** તેઓ તો ભયને ન ગણકારતાં આંખો મીંચીને ધસી જવાના. અને જો કોઈ વખત રાજાનો કોઈ સેવક તેમને જતા જોઈને તેમને પોકારીને કહે છે કે, તમે ખોટે રસ્તે ચઢેલાં છો, એમાં બહુ જોખમ છે માટે સવેળાથી ચેતીને પાછા વળો; તો તેઓ મશ્કરી કરીને જવાબ આપે છે કે, "જે વાત મહારાજાના નામથી તેં અમને કહી છે તે તારી કહેલી વાત અમે માનવાના નથી. પણ

અમારા મુખમાંથી જે કંઈ વાત નીકળી છે તે જ અમે કર્યા વગર રહેવાના નથી.'' વળી જો તમે જરા આગળ નજર નાખીને જોશો તો તમને માલૂમ પડશે કે એ રસ્તા તો લોકોની ચેતવણીને માટે સખત રીતે બંધ કરેલા છે. તારની વાડ બનાવીને તથા ખાઈ ખોદીને બંધ કરેલી છે. એટલું જ નહિ. પણ કાંટાની વાડથી પણ પૂરી દીધેલા છે. આટલું છતાં પણ લોકો એ માર્ગે જવાનું પસંદ કરે છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** તેઓ આળસુ છે. તેઓને કામ કરવાનું મન જ નથી. પહાડ પર ચઢવાનો રસ્તો તેમને શ્રમ ભરેલો લાગે છે. માટે સત્શાસ્ત્રમાં જે લખેલું છે તે એમની બાબતમાં પૂરું થાય છે કે. ''આળસુનો માર્ગ કાંટાની વાડના જેવો છે.'' આ પહાડ પર ચઢીને તથા બાકીનો માર્ગ પૂરો કરીને સ્વર્ગપુરી જવું તેના કરતાં ફાંદા ઉપર ચાલવાનું તેઓ વધારે પસંદ કરે છે.

પછી તેઓ આગળ ચાલીને પહાડ પર ચઢવા લાગ્યાં. પણ કેટલીક વાર પછી. તેઓ હજી શિખરે પહોંચ્યાં નહોતાં. એટલામાં **ખ્રિસ્તી સ્ત્રી** હાંફવા લાગી અને બોલી કે. મને લાગે છે કે આ પહાડ હંફાવનારો છે. જે લોકો પોતાના આત્માઓના કલ્યાણ કરતાં દૈહિક સુખચેન વધારે ચાહે છે. તેઓ આ માર્ગ કરતાં વધારે સહેલો માર્ગ પસંદ કરે તેમાં કંઈ નવાઈ નથી. એટલામાં **કરુણા** બોલી કે. મારે તો અહીં બેસીને વિસામો લીધા વગર છૂટકો નથી. અને સૌથી નાનો છોકરો પણ પણ થાકીને રડવા લાગ્યો. ત્યારે **સતપુરુષે** કહ્યું. ચાલો. ચાલો. અહીં ના બેસો. હજી થોડુંક વધારે ચઢીશું એટલે રાજાની કુંજ આવશે. પછી તે નાના છોકરાનો હાથ પકડીને તેને કુંજ સુધી લઈ ગયો.

જ્યારે તે બધાં કુંજ આગળ આવી પહોંચ્યાં ત્યારે તેમાં નજીક બેસી ગયાં, કેમ કે ચઢાણના પરિશ્રમથી તેઓ બધાં પરસેવાથી રેબઝેબ થઈ ગયાં હતાં. પછી કરુણાએ કહ્યું કે, મહેનત કરનારાઓને વિસામો કેવો મીઠો લાગે છે! વળી મુસાફરોના રાજા જેમણે મુસાફરોને માટે આવાં વિશ્રામસ્થાનો બનાવડાવ્યાં છે તેની કેટલી બધી કૃપા કહેવાય! આ કુંજ વિષે મેં બહુ બહુ વાતો સાંભળી હતી. પણ આજ સુધી કોઈ દિવસ તે જોઈ નહોતી. પણ આપણે સાવધાન રહીને અહીં સૂવું નહિ. કેમ કે મારા સાંભળવા મુજબ ખ્રિસ્તીને અહીં સૂઈ જવાથી ભારે દુઃખ ભોગવવું પડ્યું હતું.

ત્યારે **સતપુરુષે** છોકરાઓને કહ્યું, હે પ્રિય બાળકો, તમને કેમ છે? મુસાફરી કરવા વિષે હવે તમે શું ધારો છો? ત્યારે સૌથી નાનો છોકરો બોલ્યો કે, મહારાજ, મારો તો પ્રાણ કંઠે આવી ગયો હતો, પણ મારી અગત્યની વેળાએ આપે મારો હાથ ઝાલીને મારી સહાય કરી તેને લીધે હું આપનો આભાર માનું છું. મારી માએ મને જે વાત કહી છે તે મને હાલ યાદ આવે છે કે, "સ્વર્ગનો માર્ગ સીડી પર ચઢવા જેવો મુશ્કેલ છે, અને નર્કનો માર્ગ પહાડ પરથી ઉતરવા જેવો સહેલો છે." પણ પહાડ પરથી ઉતરવા જેવો સહેલો માર્ગ થઈને અનંત મૃત્યુમાં જવું તેના કરતાં સીડી જેવા મુશ્કેલ માર્ગે ચઢીને અનંત જીવનમાં જવું એ હું વધારે પસંદ કરું છું.

ત્યારે કરુણાએ કહ્યું કે, લોક કહાણી તો એવી છે કે, ઉતરતે ઢાળે ચાલવું સહેલું છે. પણ એ નાનો છોકરો જેનું નામ યાકૂબ હતું, તેણે કહ્યું કે, મારા ધારવા પ્રમાણે એવો દિવસ આવશે કે જ્યારે પહાડ પરથી ઉતરવું એ બધાં કરતાં મુશ્કેલ થઈ પડશે. એ સાંભળી છોકરાનો શિક્ષક **સતપુરુષ** બોલ્યો, શાબાશ છોકરા, તેં

તેને ખરો જવાબ આપ્યો છે. ત્યારે કરુણાનો ચહેરો મલકાયો, પણ છોકરો શરમિંદો થયો.

**ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું, અહીં થાક ખાવા બેઠાં છો એટલામાં તમારાં મોં જરા મીઠાં કરવાને કંઈ ખાશો? સમજાવનાર સાહેબે મને તેના ઘરમાંથી નીકળતી વખતે થોડું દાડમ, થોડું મધનું ચાકું તથા દ્રાક્ષારસની એક નાની શીશી આપ્યાં હતાં, તે હાલ મારી પાસે છે. કરુણાએ કહ્યું કે, તેણે તમને એકાંતમાં બોલાવ્યાં હતાં તે પરથી મેં જાણ્યું હતું કે, તેણે તમને કંઈક આપ્યું છે. **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું, હા, તારા ધારવા પ્રમાણે જ છે. અને ઘેરથી નીકળતી વખતે જે વચન મેં આપ્યું હતું તે હવે પણ આપું છું. મારી બધી સુખ સંપત્તિમાં તને પણ સરખે ભાગે હિસ્સો મળશે, કેમ કે તું રાજી ખુશીથી મારી સાથીદાર થઈ છે. એમ કહીને તેણીએ કરુણાને તથા છોકરાઓને ખાવાનું આપ્યું, અને તેઓ સૌએ ખાધું. પછી તેણીએ **સતપુરુષ**ને કહ્યું કે, મહારાજ, આપ અમારી સાથે જમશો? પણ તેણે ઉત્તર આપ્યો કે, તમારે તો મુસાફરી કરવાની છે, અને હું તો થોડીવારમાં પાછો વળવાનો છું. તમે જે જમો છો તે તમને બહુ લાભકારક નીવડો, ઘેર તો હું દરરોજ એ જ વસ્તુઓ જમું છું. હવે તેઓએ ખાઈ પીને થોડી વાર સુધી વાતચીત કર્યા પછી તેઓના માર્ગદર્શકે તેઓને કહ્યું, દિવસ નમી ગયો છે, માટે તમારી મરજી હોય તો આપણે આગળ ચાલવા માંડીએ. માટે તેઓ ઊઠીને ચાલવા લાગ્યાં, અને નાના છોકરાઓ આગળ ચાલતાં હતાં. પણ **ખ્રિસ્તી સ્ત્રી** પોતાની દ્રાક્ષારસની શીશી સાથે લેવાનું ભૂલી ગયાથી તેણીએ પોતાના નાના છોકરાને લઈ આવવા સારુ પાછો મોકલ્યો. ત્યારે કરુણાએ કહ્યું, મને લાગે છે કે આ જગ્યાએ

કંઈને કંઈ પણ ખોવાય છે જ. અહીં ખ્રિસ્તીના અગત્યના પત્રો ખોવાયા હતા, અને **અહીં ખ્રિસ્તી સ્ત્રી** પોતાની શીશી ભૂલીને આગળ ચાલી ગઈ. હે મહારાજ. આનું શું કારણ હશે? ત્યારે માર્ગદર્શકે ઉત્તર આપી કહ્યું કે. એનું કારણ તો ઊંઘ અને વિસ્મૃતિ છે. કેટલાંક તો જે વખતે જાગવું જોઈએ તે વખતે ઊંઘી જાય છે. અને કેટલાંક તો જ્યારે યાદ રાખવું જોઈએ ત્યારે ભૂલી જાય છે. અને આજ કારણથી વારંવાર એવું બને છે કે. કોઈ કોઈ મુસાફરો વિશ્રામસ્થળોમાં કોઈ કોઈ વસ્તુઓ ખોઈ બેસે છે. મુસાફરોએ પોતાની પરમ સુખી અવસ્થામાં જાગૃત રહીને પોતાને મળેલાં દાનો યાદ રાખવાં જોઈએ, પણ એમ ન કરવાથી વારંવાર મુસાફરોને આનંદને અંતે શોક કરવો પડે છે. અને જે સૂર્યપ્રકાશ તેઓ ભોગવતા હતા તે વાદળથી અંધરાઈ જાય છે. દાખલા તરીકે આ ઠેકાણે ખ્રિસ્તીને જે વીત્યું હતું તે ધ્યાનમાં લો.

જે ઠેકાણે ભ્રાંતવાળાએ તથા બીકણે ખ્રિસ્તીને મળીને તેને સિંહોની બીક દેખાડીને પાછા ફરવાની સલાહ આપી હતી, તે ઠેકાણે તેઓ આવ્યાં ત્યારે તેમણે એક જાતનો ઓટલો જોયો. અને તેની આગળ, માર્ગ તરફ, એક પહોળું પતરું લગાડેલું હતું. અને તેમાં એક કવિતા કોતરેલી હતી. અને તેની નીચે. એ જગ્યાએ એ ઓટલો બાંધવાનું કારણ આપેલું હતું. કવિતા નીચે મુજબ હતી:

નજર થકી આ ભાળી ચેતવું યાર હવે.
વચન વળી નીજ વાણી. રાખવી હાથ કહાવે.
નહિ નહિ ન થાશે. એ થકી યાર હાનિ.
થઈ પહેલાઓની. ગતિ તે ના થવાની.

કવિતાની નીચે લખેલા શબ્દો તે એ હતા કે. "જેઓ બીક તથા શકને લીધે પોતાની મુસાફરીમાં આટલેથી આગળ નથી ચાલતા તેઓને એ ઓટલા પર શિક્ષા આપવાને એ ઓટલો બંધાવેલો છે. વળી ખ્રિસ્તીને મુસાફરી કરતાં અટકાવવાને પ્રયત્ન કરવાને લીધે **ભ્રાંતવાળાની** તથા **બીકણની** જીભો. તપાવેલી છરી વડે આ ઓટલા પર કાપવામાં આવી હતી."

ત્યારે કરુણાએ કહ્યું કે. એ તો આપણા વહાલા પ્રભુના એ વાક્યને બહુ મળતું આવે છે કે. "ઓ કપટી જીભ. તને શું આપવામાં આવશે. અથવા તારા શા હાલ કરવામાં આવશે? પરાક્રમીનાં તીક્ષ્ણ બાણો તથા અગ્નિના અંગારા (તને આપવામાં આવશે.)"

એવી રીતે તેઓ ચાલતાં ચાલતાં જે જગ્યાએ સિંહો રાખેલા હતા તેની નજીક આવી પહોંચ્યા. હવે **સતપુરુષ** તો જોરાવર માણસ હતો. માટે સિંહથી ડરતો નહોતો. તથા જ્યાં સિંહો હતા તે જગ્યાએ તેઓ આવી પહોંચ્યા. ત્યારે છોકરાઓ જે આગળ ચાલતા હતા તેઓ સિંહથી ભયભીત થઈને પાછા હટ્યા, અને બધાંની પછવાડે લપાતાં લપાતાં ચાલવાં લાગ્યાં. એ જોઈને માર્ગદર્શક હસીને કહેવા લાગ્યા કે, હે પ્રિય છોકરાઓ, જ્યારે કંઈ ભયનું કારણ જોવામાં ન આવે ત્યારે તમે બધાંની આગળ આગળ ચાલવાનું ચાહો છો. અને સિંહોને દેખતાં જ પછવાડે આવતા રહેવાનું ચાહો છો, એમ કેમ?

પછી ચાલતાં ચાલતાં **સતપુરુષ** તલવાર તાણીને સિંહોની વચમાં થઈને મુસાફરોને સારુ માર્ગ કરવા લાગ્યો. તેજ વખતે ત્યાં એક દૈત્ય દેખાયો. જેણે સિંહોને મદદ કરવાનું માથે લીધું હોય

એમ લાગતું હતું. તેણે માર્ગદર્શકને પૂછ્યું કે, તમે શા કારણથી અહીં આવ્યાં છો? હવે એ દૈત્યનું નામ **ઘોરાકાર** અથવા **હત્યારો** હતું. કેમ કે તે મુસાફરોને મારી નાખતો હતો. તે તો દૈત્યના વંશનો હતો.

માર્ગદર્શકે ઉત્તર આપ્યો કે. આ સ્ત્રીઓ તથા છોકરાં મુસાફરી કરે છે. અને આ માર્ગે થઈને તેઓને જવાનું છે. અને તારાં તથા સિંહોનાં અટકાવ્યાં તેઓ અટકવાનાં જ નથી.

**ઘોરાકાર** : આ તેમનો માર્ગ નથી. અને તેમને આ માર્ગે થઈને જવા નહિ દઉં. હું તેઓને રોકવાને આવ્યો છું. અને તે કારણથી સિંહોને મદદ કરીશ.

હવે સાચું પૂછો તો, આ સિંહોની વિકરાળતાથી તથા તેમના મદદગાર **ઘોરાકાર**ના ભયાનક ચહેરાથી લોકો એટલા બધા ડરે છે કે હાલ કેટલાક વખતથી આ માર્ગ બહુ સૂનો પડી રહેતો હતો, અને તેથી લગભગ તમામ માર્ગ પર ઘાસ ઊગી નીકળ્યું હતું.

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે. જો કે રાજમાર્ગો આજ સુધી સૂના પડ્યા છે, અને મુસાફરોને ગલીકૂચીને માર્ગે થઈને ચાલવું પડ્યું છે. પરંતુ હવે એમ થવાનું જ નથી. કેમ કે હવે હું ઇસ્રાએલમાં માતારૂપે ઉત્પન્ન થઈ છું.

**ઘોરાકારે** સિંહોના સોગન ખાઈને કહ્યું કે, તમારે ગલીકૂંચીને માર્ગે જવું જ પડશે, બાજુ પર વળી જાઓ, કેમ કે આ માર્ગે થઈને તમને જવા દેવાનાં જ નથી.

પણ તેમના માર્ગદર્શક **સતપુરુષે પ્રથમ** તેની ઉપર ધસી પડીને પોતાની તલવાર વડે તેને એવા સખત ઘા મારવા માંડ્યા કે **ઘોરાકાર** પાછો હટી ગયો. અને કહેવા લાગ્યો કે, શું મારી પોતાની ભૂમિમાં તમે મને મારી નાખશો?



સતપુરુષ તથા ઘોરાકાર.

**સતપુરુષ :** અમે રાજાની સડક પર છીએ. અને તેં તો તેના માર્ગમાં આ સિંહોને રાખેલાં છે. પણ આ સ્ત્રીઓ તથા છોકરાં જો કે અબળ છે. તોપણ તારા સિંહોની વચમાં થઈને પોતાને માર્ગે આગળ ચાલ્યાં જશે. એમ કહીને તેણે તેના માથા પર એવો સખત ઘા માર્યો કે તે ઘૂંટણભેર થઈ ગયો. એ ઘાથી તેનો ટોપ પણ ફાટી ગયો. અને બીજા ઝટકાથી તેણે તેનો એક હાથ કાપી નાખ્યો. ત્યારે એ દૈત્ય એવી ભયંકર ચીસો પાડવા લાગ્યો કે તે સાંભળીને સ્ત્રીઓ ગભરાઈ ગઈ. તોપણ તેને જમીને ઊંધો પડેલો જોઈને તેઓ ખુશ થઈ. પેલા સિંહો તો સાંકળોથી બાંધેલા હતા તેથી પોતાની મેળે કંઈ કરી શક્તા નહોતા. માટે તેમનો મદદગાર ઘોરાકાર જ્યારે મરી ગયો ત્યારે મહાત્માએ મુસાફરોને કહ્યું. ચાલો. મારી પાછળ પાછળ આવો. સિંહો તમને કંઈ ઈજા કરી શકવાના નથી. એટલે તેઓ આગળ ચાલવા લાગ્યા. પણ સિંહોની નજીક થઈને જતી વખતે સ્ત્રીઓ બીકથી ધ્રૂજવા લાગી. અને છોકરાઓ તો ભયથી મરણતોલ જેવા થઈ ગયેલા દેખાયા. પણ તેઓ બધાં બીજી કંઈ ઈજા પામ્યાં વગર સિંહોની વચમાં થઈને પસાર થઈ ગયાં.

હવે તેઓ થોડું આગળ ચાલ્યાં એટલે કેટલેક દૂર દરવાનનું ઘર તેમના જોવામાં આવ્યું. અને તે જગ્યાએ રાત પડ્યા પછી ચાલવાનું ઘણું જોખમકારક હોવાથી. તેઓ વધારે ઉતાવળા ચાલીને થોડી વારમાં ત્યાં પહોંચાં. હવે જ્યારે તેઓ તેના દરવાજા પાસે પહોંચ્યાં ત્યારે માર્ગદર્શકે તે ખખડાવ્યો. એટલે દરવાને ઘાંટો પાડીને પૂછ્યું, કોણ છે? પણ જ્યારે માર્ગદર્શકે કહ્યું કે. એ તો હું છું. ત્યારે તેનો સાદ ઓળખીને તે તરત નીચે આવ્યો. કારણ કે

માર્ગદર્શક અગાઉ પણ ઘણી વાર મુસાફરોને અહીં પહોંચાડી ગયો હતો. દરવાને નીચે આવીને દરવાજો ઉઘાડ્યો. હવે મુસાફરો માર્ગદર્શકની પાછળ ઊભેલાં હતાં તેથી દરવાને જોયાં નહિ. અને એકલા માર્ગદર્શકને દરવાજાની છેક નજીક ઊભેલો જોઈને કહ્યું કે. હે **સતપુરુષ**. આમ કેમ. આજ રાતે આટલા મોડા તમે શા કામે આવ્યા છો? તેણે જવાબ આપ્યો કે. હું કેટલાંક મુસાફરોને લઈને આવ્યો છું. અને મારા પ્રભુના હુકમથી તેઓને અહીં રાતવાસો કરવો પડશે. સિંહોને મદદ કરનાર દૈત્ય જો મારી સામો થયો ન હોત તો ક્યારનોય હું અહીં આવી પહોંચત. પણ મારે તેની સાથે ઘણી વાર સુધી ભારે યુદ્ધ કરવું પડ્યું અને આખરે એને મારી નાખીને મુસાફરોને અહીં સહીસલામત લઈ આવ્યો છું.

**દરવાન :** તમે અંદર આવીને સવાર સુધી નહિ રહો શું?

**સતપુરુષ :** ના. હું આજ રાતે જ મારા પ્રભુ પાસે પાછો જઈશ.

**ખ્રિસ્તી સ્ત્રી :** ઓ મહારાજ. અમને અમારી મુસાફરીમાં અધવચ મૂકીને આપ ચાલ્યા જાઓ એ કેવી રીતે બને. અહીં સુધી આખે માર્ગે આપે બહુ જ વિશ્વાસુપણાથી તથા પ્રીતિથી અમને મદદ કરી છે. આપે એટલી બહાદુરીથી અમારે માટે યુદ્ધ કર્યું છે. અને એટલી આતુરતાથી અમને સુસલાહ આપી છે. કે આપનો જે ઉપકાર અમારા પ્રત્યે થયો છે તે હું જીંદગીભર ભૂલવાની નથી.

ત્યારે કરુણા બોલી. અરે. જો આપ અમારી મુસાફરીના અંત સુધી અમારી સાથે ચાલ્યા હોત તો કેવું સારું! અમ બિચારી લાચાર અબળાઓ આ સંકટ ભરેલા માર્ગ ઉપર રક્ષક મિત્ર વગર કેવી રીતે નભીશું?

સૌથી નાના છોકરા યાકૂબે કહ્યું કે, હે મહારાજ, મહેરબાની કરીને અમારું કહેવું માન્ય કરીને અમારી સાથે ચાલીને અમારી મદદ કરો, કેમ કે અમે બહુ જ અબળ છીએ અને માર્ગ બહુ ભયંકર છે.

**સતપુરુષ :** હું તો મારા પ્રભુની આજ્ઞાને આધીન છું, જો આખે માર્ગે તમારો માર્ગદર્શક થવાનું તે મને સોંપે, તો હું ઘણી ખુશીથી તમારી ખિદમતમાં રહું. પણ આ બાબતમાં પ્રથમથી જ તમારી ભૂલ થઈ છે. કેમ કે જ્યારે તેણે મને અહીં સુધી તમારી સાથે આવવાનું કહ્યું ત્યારે જો તેં તેને કાલાવાલા કર્યા હોત તો તે તમારી વિનંતી માન્ય કરીને માર્ગના અંત સુધી મને તમારી સાથે મોકલત. પરંતુ હાલ તો મારે ગયા વગર છૂટકો નથી. હે **ખ્રિસ્તી સ્ત્રી**, કરુણા તથા પ્રિય બાળકો, હું રજા લઉં છું. ઈશ્વર તમારી સાથે રહો.

ત્યારે પછી **દરવાન** જેનું નામ **જાગૃત** હતું તેણે **ખ્રિસ્તી સ્ત્રી**ને તેના દેશ તથા સગાં વહાલાં વિષે પૂછ્યું. ત્યારે તેણીએ કહ્યું, હું નાશ થનાર શહેરમાંથી આવી છું. કેમ કે ખ્રિસ્તી મુસાફર નામના મારા પતિ મરણ પામ્યો છે. ત્યારે દરવાને કહ્યું, શું કહો છો! શું એ તમારા પતિ હતા? તેણીએ કહ્યું, હા, એમ જ હતું. અને આ તેમના છોકરાં છે. અને કરુણા સામું જોઈને તેણીએ કહ્યું કે, આ દીકરી મારા શહેરની છે. ત્યારે દરવાને પોતાના રિવાજ પ્રમાણે ઘંટડી વગાડી, તેથી **નમ્રચિત્તા** નામની એક કન્યા દરવાજા આગળ આવી. દરવાને એને કહ્યું કે, અંદર જઈને ખબર આપ કે ખ્રિસ્તીની પત્ની તથા તેનાં બાળકો મુસાફર બનીને અહીં આવ્યાં છે. માટે તેણીએ અંદર જઈને સમાચાર કહ્યાં. પણ એ સમાચાર તેના

મુખમાંથી નીકળતાં જ ઘરમાં હર્ષના પોકાર થઈ રહ્યાં. પછી ઘરમાંથી લોકો તરત દરવાજા પાસે આવ્યા. કેમ કે **ખ્રિસ્તી સ્ત્રી હજી** દરવાજા પાસે જ ઊભી હતી. અને તેઓમાંનાં જે વધારે ગંભીર તેઓએ તેણીને કહ્યું કે. હે ખ્રિસ્તીબહેન. અંદર પધારો. હે પ્રખ્યાત સુભક્ત ખ્રિસ્તીની પત્ની અંદર પધારો. હે ભાગ્યશાળી બહેન. તમારાં સર્વ સાથીઓ સહિત અંદર પધારો. ત્યારે તે અંદર ગઈ અને તેના છોકરાઓ તથા કરુણા પણ તેની પાછળ પાછળ અંદર ગયાં. જ્યારે તે બધાં અંદર ગયાં ત્યારે તેમને એક વિશાળ ઓરડામાં લઈ જઈને ત્યાં બેસવાનું કહેવામાં આવ્યું. ત્યારે તેઓ બેઠાં એટલે એ પરોણાઓને ભેટવા તથા આવકાર આપવાને ઘરના મુખ્ય માણસોને બોલાવવામાં આવ્યા. તેઓ અંદર આવ્યા. અને તેમની ઓળખાણ કરીને દરેકને ચુંબન કરીને કહ્યું. હે ઈશ્વરની કૃપાને પાત્ર મિત્રો. ભલે પધાર્યા. અમે તમારા મિત્રો છીએ. અમારા મધ્યે ભલે પધાર્યાં."

હવે રાત ઘણી વીતી ગઈ હતી અને મુસાફરો ચાલવાથી થાકી ગયાં હતાં. અને યુદ્ધ તથા ભયંકર સિંહોને જોવાથી નિર્ગત થઈ ગયાં હતાં. માટે તેઓએ જેમ બને તેમ જલદી સૂવાની તૈયારી કરવાની રજા માગી. ત્યારે ઘરના લોકોએ કહ્યું કે. એમ નહિ. પણ પહેલાં તમે થોડું જમી લો. પછી નિરાંતે સૂઈ જજો. કેમ કે દરવાને તમારા આવવાના સમાચાર અગાઉથી જાણીને અમ ઘરનાંઓને ખબર આપી હતી. તેથી અમે તમારે સારુ એક હલવાન તેની સાથે જે તરકારી રાંધવાનો રિવાજ છે તે સુદ્ધાં રાંધીને તૈયાર રાખેલું છે. માટે તેઓ જમ્યાં. અને પ્રાર્થના કરીને ગીત ગાયા પછી તેઓએ

સૂવા જવાની રજા માગી. પણ **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું. સાહેબો. બેઅદબી માફ કરજો. પણ જે ઓરડીમાં મારા પતિ રાત રહ્યા હતા એ ઓરડી અમને સૂવાને મળે તો આપની બહુ કૃપા થાય. તેથી તેઓને એ ઓરડીમાં લઈ જવામાં આવ્યાં. અને બધાં મુસાફરો એ એક ઓરડીમાં સૂતાં. સૂતા પછી થોડી વારમાં **ખ્રિસ્તી સ્ત્રી** તથા કરુણા પ્રસંગોનુસાર વાતો કરવા લાગ્યા.

**ખ્રિસ્તી સ્ત્રી :** જે વખતે મારા પતિ મુસાફરીએ નીકળ્યા તે વખતે મને એ ખ્યાલ જ નહોતો કે હું કદી તેમની પાછળ જઈશ.

**કરુણા :** અને તેઓ સૂતા હતા તેજ બિછાનામાં અને તેજ ઓરડીમાં તમે હાલની માફક સૂઈને આરામ લેશો. એવો ખ્યાલ પણ તમારા મનમાં આવેલો નહિ.

**ખ્રિસ્તી સ્ત્રી :** અને તેમનું મુખ આનંદ સહિત ફરીથી જોવાનો તથા તેમની સાથે ઊભા રહીને આપણા પ્રભુ તથા મહારાજાનું ભજન કરવાનો ખ્યાલ તો મારા મનમાં આવે જ ક્યાંથી? પરંતુ હવે તો મને પૂરો વિશ્વાસ છે કે એ પ્રમાણે થશે.

**કરુણા :** સાંભળો. સાંભળો. કંઈ અવાજ તમારા સાંભળવામાં નથી આવતો શું?

**ખ્રિસ્તી સ્ત્રી :** હા. સંભળાય છે. મને લાગે છે કે એ તો આપણે અહીં આવ્યાં છીએ તેને લીધે આનંદનાં વાજાં વાગે છે.

**કરુણા :** કેવું આશ્ચર્યકારક! આપણે અહીં આવ્યાં છીએ તેને લીધે ઘરમાં આનંદનાં વાજાં. અંતઃકરણમાં આનંદનાં વાજાં. અને આકાશમાં પણ આનંદના વાજાં વાગી રહ્યાં છે! કેટલીય વાર સુધી એવી વાતો કરીને પછી તેઓ ઊંઘી ગયાં.

હવે તેઓ સવારે જાગ્યાં. ત્યારે **ખ્રિસ્તી સ્ત્રીએ** કરુણાને કહ્યું કે. તું આજ રાતે ઊંઘમાં હસતી હતી એનું શું કારણ? મને લાગે છે કે તને સ્વપ્ન આવ્યું હશે.

**કરુણા :** હા. એમ જ હતું. મને બહુ સુંદર સ્વપ્ન આવ્યું હતું. પણ હું હસતી હતી એ તમે ખાતરીપૂર્વક કહો છો?

**ખ્રિસ્તી સ્ત્રી :** હા. તું ખડખડાટ હસતી હતી. પણ કરુણા. મહેરબાની કરીને મને તારું સ્વપ્ન કહે.

**કરુણા :** મને એવું સ્વપ્ન આવ્યું હતું કે. હું કોઈ એકાંત જગ્યામાં એકલી બેસીને મારા અંતઃકરણની કઠણતાને લીધે રુદન કરતી હતી. એટલે થોડી વારમાં મને જોવા તથા હું બોલતી હતી તે સાંભળવા ઘણા માણસો મારી આસપાસ જાણે કે એકઠાં થયાં. અને મારા અંતઃકરણની કઠણતાને લીધે હું જે વિલાપ કર્યા કરતી હતી તે તેઓએ સાંભળ્યો. સાંભળનારાઓમાંના કેટલાકે મારી મશ્કરી કરી. કેટલાંક મને મૂર્ખ કહેવા લાગ્યા. અને કેટલાક તો મને હડસેલવા લાગ્યા. તેથી જાણે મેં ઊંચું જોયું તો એક પુરુષ ઊડતો ઊડતો મારી તરફ આવતો દેખાયો. તેણે તદ્દન મારી પાસે આવીને કહ્યું. કરુણા. તને શું થયું છે? જ્યારે મેં મારા દુઃખની વાત તેને કહી. ત્યારે તેણે કહ્યું. તને શાંતિ થાઓ. વળી તેણે પોતાના રૂમાલથી મારાં આંસુ લૂછી નાખીને મને સોના રૂપાના જરીનો પોશાક પહેરાવ્યો. અને મારા ગળામાં હાર. કાનમાં કુંડળ અને માથે મુગટ પહેરાવ્યો. પછી તેણે મારો હાથ પકડીને કહ્યું કે. કરુણા. મારી પાછળ પાછળ ચાલી આવ. એમ કહીને તે ચઢવા લાગ્યો. અને હું પણ તેની પાછળ પાછળ ચાલવા લાગી. અને કેટલીક મુદત પછી અમે સોનાના દરવાજા આગળ આવી પહોંચ્યાં.

ત્યારે તેણે દરવાજો ખખડાવ્યો, અને અંદરના લોકોએ દરવાજો ઉઘાડ્યો. એટલે તે પુરુષ અંદર ગયો અને હું પણ તેની પાછળ પાછળ ગઈ. એટલે અમે એક સિંહાસન પાસે આવ્યાં, જે પર એક પુરુષ બિરાજેલો હતો, તેણે મને કહ્યું, દીકરી, તું ભલે આવી. તે જગ્યા તારાઓના તેજ કરતાં પણ વધારે, બલકે સૂર્યના તેજ જેવી પ્રકાશિત તથા ઝગઝગાટ લાગતી હતી. વળી એ સ્વપ્નમાં મેં તમારા પતિને પણ જોયા. પછી હું સ્વપ્નાવસ્થામાંથી જાગી ઊઠી. પણ શું હું હસતી હતી?

**ખ્રિસ્તી સ્ત્રી :** હા, તું હસતી હતી. અને તું પોતાને એવી સારી સ્થિતિમાં જોઈને હસે એમાં શી નવાઈ? કેમ કે હું તને એટલું કહેવાની રજા લઉં છું કે, મારા ધારવા પ્રમાણે એ સ્વપ્ન બહુ સારું છે. અને જેમ તેનો પહેલો ભાગ તારા અનુભવમાં પૂરો થવા લાગ્યો છે તેમ જ આખરે તેનો પાછલો ભાગ પણ પૂરો થયેલો તું અનુભવશે. "ઈશ્વર એક વખત બોલે છે, હા બે, વખત, પણ માણસ લેખવતો નથી, સ્વપ્નમાં, રાતના સંદર્શનમાં, જ્યારે માણસો ભર નિદ્રામાં પડેલાં હોય, બિછાનાં પર ઝોકામાં હોય ત્યારે." આપણે બિછાનામાં સૂતાં હોઈએ ત્યારે ઈશ્વરની સાથે વાત કરવા સારુ જાગૃત રહેવાની જરૂર નથી. આપણે ઊંઘમાં હોઈએ તે વખતે પણ તે આપણી મુલાકાત લઈને પોતાનો સાદ આપણને સંભળાવી શકે છે. આપણે ઊંઘતા હોઈએ ત્યારે ઘણીવાર એમ બને છે કે આપણું અંતઃકરણ જાગતું હોય છે. અને ઈશ્વર જેમ જાગતા માણસની સાથે વાત કરે તેમ જ તેની સાથે વચનો વડે, દૃષ્ટાંતો વડે અથવા ચિન્હો તથા ઉપમાઓ વડે વાત કરી શકે છે.

**કરુણા :** ત્યારે તો મારા સ્વપ્નને લીધે મને બહુ આનંદ થાય છે. કેમ કે મને એવી આશા છે કે થોડા સમયમાં તે પૂરું થયેલું જોઈને મને ફરી હસવું આવશે.

**ખ્રિસ્તી સ્ત્રી :** હું ધારું છું કે આપણે ઊઠવાનો વખત થયો છે. અને આપણે ઊઠીને પૂછવું જોઈએ કે. હવે અમારે શું કરવું જોઈએ?

**કરુણા :** હું તમારી વિનંતી કરું છું કે. જો ઘરના લોકો આપણને અહીં કેટલોક વખત રહેવાનું કહે, તો આપણે એ માગણી ઘણી ખુશીથી કબૂલ રાખવી. કેમ કે **અગમસોચી, ધાર્મિક** અને **પ્રેમી** એ ત્રણ કન્યાઓ મને બહુ સુંદર અને ગંભીર ચહેરાવાળી લાગે છે, અને અહીં થોભવાની મને વિશેષ ઇચ્છા થાય છે તેનું કારણ એ છે કે. તેમની સાથે વધારે ઓળખાણ કરવાનો આપણને સમય મળે.

**ખ્રિસ્તી સ્ત્રી :** આપણે જોઈશું કે તેઓ શું કહે છે.

પછી તેઓ ઊઠીને દાતણ પાણી કરીને તથા કપડાં પહેરીને નીચે આવ્યાં. ત્યારે ઘરના લોકોએ તેમની ખબર પૂછી કે રાત્રે મીઠી નિંદ્રા આવી હતી કે કેમ, અને સારો આરામ ભોગવ્યો કે કેમ?

કરુણાએ કહ્યું કે. બહુ મજાની ઊંઘ અને આરામ મળ્યાં. આવી સુખી રાત મેં મારી જીંદગીભર બીજા કોઈ પણ ઉતારામાં ભાગ્યે જ ગાળી હશે.

ત્યારે **અગમસોચી** અને **ધાર્મિક** કહેવા લાગ્યા કે, જો તમે અમારું કહ્યું માનીને થોડા દિવસ અહીં રહી જાઓ, તો અમારી યથાશક્તિ તમારી પરોણાગત કરવામાં અમે કંઈ કમી રાખીશું

નહિ. **પ્રેમીએ** પણ કહ્યું કે. હા અમે બહુ ખુશીથી તમારી પરોણાચાકરી કરીશું.

ત્યારે તેઓ હા પાડીને એક માસ કે એથી કંઈક વધારે મુદત સુધી ત્યાં રહ્યાં. અને એક બીજાના સહવાસથી તે સર્વને ઘણો લાભ થયો. હવે **ખ્રિસ્તી સ્ત્રીએ** પોતાનાં છોકરાંને કેવી રીતે ઊછેર્યાં છે તે જાણવાનું **અગમસોચીને** મન થયાથી તેણીએ તેઓને પ્રશ્નો પૂછવાની રજા **ખ્રિસ્તી સ્ત્રી** પાસે માગી. **ખ્રિસ્તી સ્ત્રીએ** હા પાડ્યાથી. તેણીએ સૌથી નાનો છોકરો જેનું નામ યાકૂબ હતું તેને પ્રથમ પ્રશ્નો પૂછવા માંડ્યાં. અને કહ્યું. વારુ યાકૂબ. કહે જોઈએ. તને કોણે ઉત્પન્ન કર્યો?

**યાકૂબ :** પિતા. પુત્ર તથા પવિત્ર આત્મા. એ ત્રણે મળીને જે એક જ ઈશ્વર છે, તેમણે.

**અગમસોચી :** શાબાશ. દીકરા. વળી કહે જોઈએ. તારો તારનાર કોણ છે?

**યાકૂબ :** પિતા. પુત્ર તથા પવિત્ર આત્મા. એ ત્રણે મળીને જે એક જ ઈશ્વર છે તે મારો તારનાર છે.

**અગમસોચી :** આ વખતે પણ તને શાબાશી ઘટે છે. દીકરા. પણ ઈશ્વરપિતા કેવી રીતે તમારા તારનાર છે, તે કહે જોઈએ?

**યાકૂબ :** તેની કૃપાએ કરીને.

**અગમસોચી :** ત્યારે કહે. કે ઈશ્વર પુત્ર કેવી રીતે તમારા તારનાર છે?

**યાકૂબ :** તેનું ન્યાયીપણું. તેનું મોત તથા લોહી અને તેનું જીવન. એ ત્રણે મળીને.

**અગમસોચી :** ઈશ્વર પવિત્ર આત્મા કેવી રીતે તારો તારનાર છે?

**યાકૂબ :** મનને પ્રકાશિત કરવાથી. નવો જન્મ આપવાથી. અને રક્ષણ કરવાથી.

આ સાંભળીને **અગમસોચીએ ખ્રિસ્તી સ્ત્રીને** કહ્યું કે. તમારાં બાળકોને આવી ઉત્તમ રીતે તમે ઉછેર્યાં છે તેને લીધે તમને શાબાશી ઘટે છે. આ પ્રશ્નોના ઉત્તર સૌથી નાનો છોકરો આવી સરસ રીતે આપી શકે છે. તેથી હું ધારું છું કે. એ પ્રશ્નો બીજા છોકરાઓને પૂછવાની જરૂર નથી. માટે એના કરતાં જે મોટો અને બીજાઓ કરતાં જે નાનો છોકરો યૂસફ તેને હું બીજા કોઈ પ્રશ્નો પૂછીશ. પછી તેણીએ કહ્યું. વારુ યૂસફ. હું તને કંઈ પ્રશ્નો પૂછું?

**યૂસફ :** ઘણી ખુશીની સાથે.

**અગમસોચી :** મનુષ્ય શું છે?

**યૂસફ :** મુનષ્ય. તર્ક કે વિચારશક્તિવાળું પ્રાણી છે. અને મારા ભાઈએ કહ્યું તેમ પરમેશ્વરે તેને એવું બનાવ્યું છે.

**અગમસોચી :** તારણ. એ શબ્દ ઉપરથી શું સમજવાનું છે?

**યૂસફ :** એ સમજવાનું છે કે માણસે પાપ કર્યાથી પોતાને ગુલામીની તથા દુઃખની હાલતમાં આણ્યાં છે.

**અગમસોચી :** ત્રિએક દેવથી માણસનું તારણ થાય છે. એ ઉપરથી શું સમજવું જોઈએ?

**યૂસફ :** એ સમજવાનું કે. પાપ એવો મોટો અને બળવાન જુલમગાર છે કે ઈશ્વર વગર બીજો કોઈ આપણને તેના હાથમાંથી છોડાવી શકતો નથી. અને ઈશ્વર મુનષ્ય પ્રત્યે એટલો પરોપકારી

તથા પ્રીતિવાન છે કે તે મનુષ્યને આ દુઃખી સ્થિતિમાંથી ખરેખર ખેંચી કાઢે છે.

**અગમસોચી :** કંગાલ મનુષ્યોનો ઉદ્ધાર કરવામાં ઈશ્વરનું શું પ્રયોજન છે?

**યૂસફ :** પોતાના નામનો, પોતાની કૃપાનો તથા પોતાના ન્યાય વગેરે ગુણોનો મહિમા દર્શાવવો અને પોતાનાં સૃજેલાં પ્રાણીઓને અનંત સુખ પમાડવું, એ પ્રયોજન છે.

**અગમસોચી :** કયા લોકોનું તારણ થવાનું?

**યૂસફ :** જે લોકો તારણનો અંગીકાર કરશે તેઓનું.

**અગમસોચી :** શાબાશ યૂસફ, તારી માએ તને ઉત્તમ રીતે શિક્ષણ આપ્યું છે, અને તેં તેનાં વચનો લક્ષ દઈને સાંભળ્યાં છે.

પછી અગમસોચીએ યૂસફથી મોટા છોકરાને કહ્યું, વારુ સેમ્યુએલ, હું તને કંઈ પ્રશ્નો પૂછું, તું રાજી છે?

**સેમ્યુએલ :** તમે ચાહો તે પૂછો, હું રાજી છું.

**અગમસોચી :** સ્વર્ગ એ શું હશે?

**સેમ્યુએલ :** એ તો પરમ સુખનું સ્થળ તથા સ્થિતિ છે, કેમ કે ઈશ્વરનો નિવાસ ત્યાં છે.

**અગમસોચી :** નરક એ શું હશે?

**સેમ્યુએલ :** એ તો અત્યંત દુઃખનું સ્થળ તથા સ્થિતિ છે, કેમ કે તે પાપ, શેતાન તથા મોતનું રહેઠાણ છે.

**અગમસોચી :** તું સ્વર્ગમાં જવાની ઇચ્છા કેમ રાખે છે?

**સેમ્યુએલ :** ઈશ્વરનું દર્શન કરવા તથા નિરંતર થાક્યા વિના તેની સેવા કરવાને, ખ્રિસ્તનું દર્શન કરીને સર્વકાળ તેના પર પ્રીતિ

રાખવાને. અને પવિત્ર આત્માનું જે ભરપૂરીપણું મને અહીં કદી મળી શકતું નથી તે ભરપૂરીપણું પામવાને સ્વર્ગમાં જવા હું ચાહું છું.

**અગમસોચી :** તું પણ બહુ સારો છોકરો છે અને સારું શીખ્યો છે.

ત્યાર પછી સૌથી મોટા છોકરા માથ્થીની સાથે અગમસોચી વાત કરવા લાગી અને તેને કહ્યું. વારુ માથ્થી. હું તને કંઈ પ્રશ્નો પૂછું કે?

**માથ્થી :** ઘણી ખુશીની સાથે પૂછો.

**અગમસોચી :** ઈશ્વરની પહેલાં કે અગાઉ કંઈ વસ્તુ હયાત હતી કે કેમ?

**માથ્થી :** કંઈ જ નહિ. કેમ કે ઈશ્વર અનાદિ તથા અનંત છે. અને તેમના સિવાય બીજું કંઈ નથી કે જે પહેલા દિવસથી અગાઉ હયાત હતું. કેમ કે પ્રભુએ છ દિવસમાં આકાશ તથા પૃથ્વી તથા સમુદ્ર તથા તેઓની અંદરનું સર્વ ઉત્પન્ન કર્યું.

**અગમસોચી :** ધર્મશાસ્ત્ર વિષે તું શું સમજે છે?

**માથ્થી :** ધર્મશાસ્ત્ર ઈશ્વરનું પવિત્ર વચન છે.

**અગમસોચી :** તું ન સમજી શકે એવું કંઈ પણ ધર્મપુસ્તકમાં લખેલું નથી શું?

**માથ્થી :** છે. ઘણુંએ છે.

**અગમસોચી :** તું નથી સમજી શક્તો એવી વાતો જ્યારે તારા વાંચવામાં આવે છે ત્યારે તું શું કરે છે?

**માથ્થી :** ત્યારે હું એવો વિચાર કરું છું કે. પરમેશ્વર મારા કરતાં બુદ્ધિવાન છે. અને હું તેમની એવી પ્રાર્થના કરું છું કે જે જે

વાતો સમજવાથી મારું હિત થાય એવી હોય. તે બધી વાતો તેઓ મને સમજાવે છે.

**અગમસોચી :** મૂએલાંના પુનરુત્થાન વિષે તારું માનવું શું છે?

**માથ્થી :** મારું માનવું છે કે. બધાં માણસો જેવાં દટાયા હશે તેવા જ પાછાં ઊઠશે. એટલે તેવા ને તેવા જ નાશવંત શરીર લઈને ઊઠશે એમ નહિ. પણ તેવા ને તેવા જ સ્વભાવ સહિત પાછાં ઊઠશે. અને મારે માનવાનાં બે કારણો છે. એક તો એ પરમેશ્વરે એવું વચન આપ્યું છે. અને બીજું એ કે તે એ વચન પાળવાને સમર્થ છે.

પછી અગમસોચીએ છોકરાઓને કહ્યું કે. હવે પછી પણ તમારી માનાં વચનો પર લક્ષ દેજો. કેમ કે તે તમને હજીએ વધારે શિક્ષણ આપી શકશે. વળી જે જે સારી વાતો બીજાઓને મોંએ તમે સાંભળો. તે બધીને તમારે ખંતથી સાંભળવી કેમ કે તમારી ખાતર તેઓ સારી સારી વાતો કરે છે. વળી આકાશ તથા પૃથ્વી પરથી તમને શી શિખામણ મળે છે. તેનું પણ સંભાળથી અવલોકન કરવું. પણ વિશેષ કરીને જે પુસ્તકની શિખામણથી તમારા પિતા મુસાફર બન્યા. તે પુસ્તકનું ખૂબ મનન કરવું. અને હે પ્રિય છોકરાઓ. જ્યાં સુધી તમે અહીં રહેશો. ત્યાં સુધી હું પણ મારી યથાશક્તિ તમને શિખવીશ. અને ધાર્મિક વિષયોને લગતા પ્રશ્નો જો તમે મને પૂછશો તો હું ઘણી ખુશીની સાથે તેના ઉત્તર આપીશ.

હવે આ મુસાફરોને આ જગ્યાએ રહ્યાને એક અઠવાડિયું થયું એવામાં એક જણ કરુણાની મુલાકાત લેવાને આવ્યો. તેનું નામ **ચાલાક** હતું અને તે કરુણાનો હિતેચ્છુક હોવાનું ડોળ કરતો

હતાં. તે કેટલેક દરજ્જે કુળવાન માણસ હતો. અને ધાર્મિકપણાનું ઢોંગ કરતો હતો. તથાપિ દૈહિક વાનાં પર તેનો બહુ જ પ્યાર હતો. તે બે ચાર વખત કરુણા પાસે આવ્યો. અને તેણીની સાથે લગ્ન કરવાની માગણી તેણે કરી. કરુણા તો બહુ સુંદર હતી અને તેથી વળી તે તેણીની ઉપર વધારે મોહિત થયો હતો.

વળી કરુણાનો સ્વભાવ એવો હતો કે હમેશાં કંઈ ને કંઈ કામમાં તે જોડાયેલી રહેતી. અને જ્યારે પોતાનું કંઈ કામ ન હોય. ત્યારે ગરીબોને આપવા માટે લૂગડાં સીવ્યા કરતી. આ લૂગડાંનો તે ક્યાં અને કેવો ઉપયોગ કરે છે તે ચાલાક જાણતો નહોતો. તેથી તેને હમેશાં કામ કરતી જોઈને તેનું મન તેની તરફ બહુ લોભાયું. અને તે પોતાના મનમાં કહેવા લાગ્યો કે. આ સ્ત્રી ઉત્તમ પત્ની થશે એમાં કોઈ શક નથી.

હવે કરુણાએ એ બાબત ઘરની કન્યાઓને જાહેર કરી અને તેમના દ્વારા તપાસ કરી કે એ માણસ કેવો છે. કેમ કે તેઓ એની ચાલચલગત વિષે વધારે માહિતગાર હતી. માટે તેઓએ તેને કહ્યું કે. એ ઘણો ચાલાક જુવાન છે અને ધાર્મિકપણાનું ડોળ રાખે છે. પણ તેનું અંતઃકરણ સુધર્મની અસરથી છેક અજાણ્યું છે.

કરુણા એ સાંભળીને બોલી ઊઠી કે. ત્યારે તો હું હવે પછી તેનું મોં પણ નહિ જોઈશ. કેમ કે મારા આત્માને કદી નુકસાનકારક બંધનમાં પડવા દેવો નહિ એવો મારો દૃઢ નિશ્ચય છે

અગમસોચીએ કહ્યું કે. તેને પાછો પાડવાને કંઈ વિશેષ કરવાની જરૂર નથી. ગરીબોને માટે જેમ તું મહેનત કરે છે તેમ જ કર્યા કર. એટલે થોડી વારમાં એ માણસ નાહિંમત થઈ જશે.

એ પ્રમાણે જ્યારે તે બીજી વખત આવ્યો ત્યારે તેણે તેને અગાઉની માફક ગરીબોને માટે કપડાં સીવવામાં ગુંથાયેલી જોઈને કહ્યું કે, "ઓહો, હમેશાં કામ ને કામ?" તેણીએ કહ્યું કે, "હા, ગમે તો મારે માટે કરું અને મારે માટે જરૂર ન હોય તો પારકાને માટે કરું, પણ મને નવરું બેસવું તો ગમે જ નહિ." ચાલાકે પૂછ્યું કે, "તમે દરરોજ કેટલું કમાઈ શકો છો?" તેણીએ ઉત્તર આપ્યો કે, "હું તો આ કામો એ હેતુથી કરું છું કે, હું ઉત્તમ કામો વિષે દ્રવ્યવાન થાઉં અને આવતા કાળને સારુ પોતાને વાસ્તે પૂંજીરૂપી સારો પાયો નાખું, એ માટે કે, હું અનંતજીવન પ્રાપ્ત કરું. "ચાલાક બોલ્યો, "આ કપડાંનું શું કરો છો?" તેણીએ કહ્યું કે, "એ કપડાં વસ્ત્ર વગરનાં ગરીબોને હું પહેરાવું છું." એ સાંભળીને તેનું મોં ઊતરી ગયું, અને તે ચાલ્યો ગયો અને ફરીથી તેની પાસે આવ્યો નહિ. અને જ્યારે તેને કોઈએ ન આવવાનું કારણ પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે, કરુણા બહુ રૂપાળી યુવતી છે ખરી પણ તે ખોટા ધોરણ પર ચાલે છે.

જ્યારે ચાલાકે આવવું છોડી દીધું ત્યારે અગમસોચીએ કહ્યું, "શું મેં તને નહોતું કહ્યું કે ચાલાક સાહેબ તને જલદીથી તજી દેશે? અરે, એ તો તારી વિરુદ્ધ ખોટી અફવા ઉડાવશે, કેમ કે જો એ ધાર્મિકપણાનું તથા કરુણા પર પ્રીતિ રાખવાનું ડોળ રાખે છે તો પણ કરુણાના અને તેના સ્વભાવમાં એટલો બધો ફરક છે કે, કોઈ પણ દિવસે એ બેનો મેળ મળવાનો જ નહિ."

**કરુણા :** આ વાત મેં અગાઉ કોઈને કહી નથી, પણ તમને કહું છું કે, જો મારી મરજી હોત તો હું ક્યારનીએ પરણી ગઈ હોત, કેમ કે ઘણા મારે માટે માગણી કરી ચૂક્યાં છે, તથાપિ જો

કે મારા રૂપમાં તો કોઈ ખામી કાઢી નથી પણ મારા કામ કરવાના નિયમો કે ધોરણો તેમને ગમ્યાં નહિ. અને તેથી મારે કોઈની સાથે બનતું નથી.

**અગમસોચી** : આપણા વખતમાં 'કરુણા' એ નામને કંઈ માન હોય તો હોય. પરંતુ એ ગુણની તો કંઈ કિંમત છે જ નહિ. તેના ધોરણ પ્રમાણે ચલાવેલો વ્યવહાર અંગીકાર કરે એવા તો હાલ થોડા જ છે.

કરુણાએ કહ્યું. વારુ ત્યારે. જો મને કોઈ કબૂલ નહિ કરે તો હું કુંવારી મરીશ. અથવા મારાં કામનાં ધોરણોને મારો માલિક ગણીશ. કેમ કે હું મારો સ્વભાવ બદલી શક્તી નથી. અને મારા સ્વભાવથી ઊલટો પડે એવા કોઈને હું જીંદગીભર અંગીકાર કરવાની જ નથી. **દાનશીળા** નામની મારે એક બહેન હતી. તેને એવા એક કંજૂસ માણસની સાથે પરણાવેલી હતી. પણ મારી બહેને તો પાકો નિશ્ચય કર્યો હતો કે. હું તો જેમ વર્તતી આવી છું તેમ જ વર્ત્યા કરીશ અને ગરીબો પ્રત્યે માયા દેખાડતી રહીશ. માટે તેના પતિએ પ્રથમ તો વધસ્તંભ આગળ તેની નિંદા કરી. અને પછી પોતાના ઘરમાંથી તેને કાઢી મૂકી.

**અગમસોચી** : પરંતુ મને ખાતરી છે કે તે પોતાને ધાર્મિક કહેતો હશે.

**કરુણા** : હા. તે પોતાને ધાર્મિક તો કહેતો હતો. અને એના જેવા તો આજકાલ દુનિયામાં પુષ્કળ છે. પણ એ બધામાંથી કોઈની સાથે મારે કંઈ પ્રયોજન નથી.

હવે **ખ્રિસ્તી સ્ત્રી**નો મોટો છોકરો એકાએક બહુ માંદો થઈ ગયો અને તેના પેટમાં બહુ ચૂંક આવી. ત્યાંથી થોડે જ દૂર એક

વૃદ્ધ તથા બહુ જાણીતો વૈદ રહેતો હતો. અને તેનું નામ **નિપુણ** હતું. **ખ્રિસ્તી સ્ત્રી**ની વિનંતીથી તે ઘરનાં માણસોએ તેને બોલાવવા માણસ મોકલ્યાથી તે આવ્યો. ઓરડીમાં આવીને છોકરાને થોડીવાર તપાસીને તેણે એવો અભિપ્રાય આપ્યો કે તેને ચૂંકનું દર્દ છે. પછી તેણે છોકરાની માને પૂછ્યું કે, હમણાં હમણાં માથ્થીને શો ખોરાક આપતાં હતાં? **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું, ખોરાક! તંદુરસ્તીને નડે એવો તો કંઈ પણ ખોરાક એને આપવામાં આવ્યો નથી. વૈદરાજે જવાબ આપ્યો કે. આ છોકરાએ છૂપી રીતે એવું કંઈ ખાધું છે કે તેના પેટમાં પાચન થયા વગર એમને એમ રહેલું છે. અને ઉપાય કર્યા વગર એ નીકળવાનું નથી. અને હું તમને કહું છું કે. એને દવા આપવી જોઈએ નહિ તો એ છોકરો મરી જશે.

પછી સેમ્યુએલે પોતાની માને પૂછ્યું કે. આ માર્ગને નાકે જે દરવાજો છે તેમાંથી આપણે નીકળ્યાં તે વખતે મારો ભાઈ કંઈક વીણીને ખાતો હતો, તે શું હતું? તમે જાણો છો કે ડાબી બાજુ ભીંતની પેલી બાજુએ ફળોનો બાગ હતો. અને કેટલાંક ઝાડની ડાળી ભીંત ઉપર થઈને આપણા માર્ગ પર ઝઝૂમેલી હતી. અને તે ડાળો ઉપરથી ફળ તોડીને મારા ભાઈએ ખાધાં હતાં.

**ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે, હા દીકરા. તું સત્ય કહે છે. એણે તે પરથી તોડીને ખાધાં હતાં ખરાં. અરે એ અળવીતરા છોકરાને હું ધમકાવતી હતી તોપણ એ ઝાડ પરનાં ફળ ખાધા વગર એ રહ્યો નહિ.

**નિપુણ :** હું જાણતો હતો કે તંદુરસ્તીને નડે એવું કંઈક એણે ખાધું છે. અને એ ફળ તો વળી બધા કરતાં પણ વધારે નુક્સાનકારક છે. એ બેલઝબુલના બગીચાનું ફળ છે. કોઈએ તમને એ વિષે

ચેતવણી ન આપી એ મને અજાયબ જેવું લાગે છે. કેમ કે ઘણાં તે ફળ ખાવાથી મરી ગયાં છે.

એ સાંભળીને **ખ્રિસ્તી સ્ત્રી** રડતી રડતી કહેવા લાગી કે, અફસોસ છે તને, અણકહ્યાગરા છોકરા! અને અફસોસ છે મને, અચેત માતા! હવે મારા દીકરાને માટે હું શું કરું?

**નિપુણ :** ચાલો ચાલો. એટલાં બધાં નાહિંમત ન થાઓ. કદાપિ એ છોકરો સારો પણ થાય. પરંતુ એને દવા લાગવી જોઈએ તથા ઊલટી થવી જોઈએ.

**ખ્રિસ્તી સ્ત્રી :** હે મહારાજ, જેટલા નાણાં થશે એટલું હું આપીશ, પરંતુ આપને જેટલો ઉપાય સૂઝે તેટલો કરો.

**નિપુણ :** ના ના. હું વાજબી મૂલ્ય લઈશ. એમ કહીને તેણે રેચ બનાવીને તેને પાયો. પણ તે એટલો મંદ હતો કે તેથી કંઈ અસર થઈ નહિ. એવું કહે છે કે એ રેચ બકરાનું લોહી, વાછરડીની રાખ તથા જુફા છોડવાના રસનો બનાવેલો હતો. જ્યારે નિપુણે જોયું કે એ દવાથી છોકરાને કંઈ લાભ થયો નહિ, ત્યારે તેણે એક તેજ દવા બનાવીને છોકરાને પીવડાવી એ દવા ખ્રિસ્તના માંસ તથા રક્તની બનાવવામાં આવી હતી (તમે જાણો છો કે વૈદો પોતાના ઘરાકોને વિચિત્ર દવાઓ આપે છે.) એક બે વચનો તથા માફકસર મીઠું મેળવીને એ દવાની ગોળીઓ બનાવવામાં આવી હતી. હવે એ ગોળીઓ **પશ્ચાત્તાપથી** બનેલા **નેત્રજળમાં** દર વખતે ત્રણ ત્રણ ઓગાળીને ભૂખ્યા પેટે છોકરાને પીવાની હતી.

જ્યારે એ દવા તૈયાર કરીને છોકરાની પાસે લાવ્યા ત્યારે જો કે ચૂંકની વેદનાથી તેનું શરીર જાણે હમણાં તૂટીને ટુકડા થઈ જશે એમ હતું, તોપણ એ દવા પીવા વિષે તેણે કંટાળો બતાવ્યો. ત્યારે

વૈદે કહ્યું, ચાલ ચાલ, એ પીધા વગર તો છૂટકો જ નથી. છોકરાએ કહ્યું કે, એ પીતાં મને સૂગ આવે છે. તેની માએ કહ્યું, એ તો તારે પીવી જ પડશે. તને પીવડાવ્યા વગર હું રહેવાની નથી. છોકરાએ કહ્યું કે, જો પીશ તોપણ મને ઊલટી થઈને એ દવા પાછી નીકળી જશે. ત્યારે **ખ્રિસ્તી સ્ત્રીએ** નિપુણ વૈદને પૂછ્યું કે, મહેરબાન સાહેબ, એનો સ્વાદ કેવો છે? વૈદે કહ્યું કે, એનો સ્વાદ તો કંઈ ખોટો નથી. એ સાંભળીને તેણીએ એક ગોળીને પોતાની જીભનું ટેરવું લગાડીને ચાખી જોઈ, અને કહ્યું, આહા, માથ્થી, આ દવા તો મધ કરતાં પણ મીઠી છે. જો તને તારી મા, તારા ભાઈઓ તથા કરુણા વહાલાં હોય, અરે, તારો પોતાનો જીવ જો વહાલો હોય, તો એ પી જા. એવી રીતે બહુ બહુ સમજાવ્યા પછી, દવા ઉપર ઈશ્વરના આશીર્વાદને માટે એક ટૂંકી પ્રાર્થના કરીને તે દવા પી ગયો, અને તે તેને માફક આવી. તેથી તેને આરામ લાગ્યો, અને તેને શાંત તથા મીઠી ઊંઘ પણ આવી ગઈ. વળી તેના શરીરમાં ગરમી પણ સારી આવી અને પરસેવો પણ છૂટ્યો, અને તેની ચૂંક તદન મટી ગઈ. અને થોડી વારમાં તે ઊઠ્યો અને લાકડીના ટેકાથી આમ તેમ ફરવા લાગ્યો, અને કોટડીએ કોટડીએ ફરીને **અગમસોચી, ધર્મી** તથા **પ્રેમી**ની સાથે પોતાની માંદગી વિષે તથા પોતે કેવી રીતે સાજો થયો તે વિષે વાતો કરવા લાગ્યા.

છોકરો સાજો થયો ત્યાર પછી **ખ્રિસ્તી સ્ત્રીએ** નિપુણને પૂછ્યું કે, મહારાજ, આપે મારે માટે તથા મારા દીકરાને માટે જે શ્રમ તથા કાળજી ઊઠાવ્યાં છે, તેને લીધે હું આપને શું આપું તો આપ સંતુષ્ટ થાઓ? તેણે જવાબ આપ્યો કે, એ બાબતમાં ઠરાવેલા નિયમ પ્રમાણે જે આપવું ઘટે તે વૈદશાળાના અધ્યક્ષને તમારે આપવું જોઈએ.

તેણીએ પૂછ્યું કે, મહારાજ, બીજા ક્યા રોગો આ ગોળીઓથી મટે છે?

**નિપુણ :** એ ગોળી તો બધા રોગને લાગુ પડે છે. જેટલા રોગ મુસાફરોને લાગવાનો સંભવ છે તેટલા બધાને માટે એ ગોળીઓ અકસીર છે. અને જ્યારે એ ગોળીઓ સંભાળથી બનાવવામાં આવે છે ત્યારે તેઓ કદી બગડી હોય એવું કોઈના જાણવામાં નથી.

**ખ્રિસ્તી સ્ત્રી :** મહારાજ, આપ મને એ ગોળીની બાર ડબીઓ મહેરબાની કરીને બનાવી આપો. કેમ કે જો મને એ ગોળીઓ મળશે તો હું કદી બીજી દવા પીશ નહિ.

**નિપુણ :** એ ગોળીઓથી માંદાં માણસ સારાં થાય છે એટલું જ નહિ પરંતુ સાજાં માણસોને પણ રોગ લાગતો અટકે છે. હા, હું છાતી ઠોકીને કહું છું કે, જો કોઈ માણસ આ દવાનું યોગ્ય રીતે સેવન કરે તો તે અમર થઈ જાય. પણ ખ્રિસ્તીબહેન, મેં જે સૂચના આપી છે તે સિવાય બીજી કોઈ રીતે તમારે એ ગોળીઓ પીવી નહિ. કેમ કે બીજી કોઈ રીતે પીવાથી કંઈ લાભ થશે નહિ. એમ કહીને પછી તેણે **ખ્રિસ્તી સ્ત્રીને** પોતાને સારુ, તેના છોકરાઓને સારુ તથા કરુણાને સારુ દવા આપી. અને માથ્થીને કહ્યું, ખબરદાર, હવે પછી કાચાં જાંબુ ખાતો નહિ. પછી તે બધાંને ચુંબન કરીને વિદાય થયો.

તમને અગાઉ કહેવામાં આવ્યું હતું કે, **અગમસોચીએ** છોકરાઓને એવું કહ્યું હતું કે, ફાયદાકારક નિવડે એવા વિષય ઉપર જો કોઈ વખતે પ્રશ્નો પૂછવાનું તમને મન થાય તો બેશક પૂછજો. અને હું તમને કંઈ વાતો કહીશ.

હવે માથ્થી જે મંદવાડમાંથી ઊઠ્યો હતો તેણે અગમસોચીને પૂછ્યું કે. મોટે ભાગે બધી દવાઓ આપણને કડવી કેમ લાગતી હશે?

**અગમસોચી :** એ ઉપરથી એ શીખવાનું છે કે. સંસારી મનવાળા માણસને ઈશ્વરનું વચન તથા તેની શુભ અસર બહુ અણગમતાં લાગે છે.

**માથ્થી :** જે દવા ગુણકારક નિવડે છે તેથી રેચ તથા ઊલટી કેમ થાય છે?

**અગમસોચી :** એ ઉપરથી એ શીખવાનું છે કે. જ્યારે ઈશ્વરનું વચન કાર્યસાધક નીવડે છે ત્યારે તે અંતઃકરણને તથા મનને શુદ્ધ કરે છે. કેમ કે જેવી અસર દવા શરીર ઉપર કરે છે તેવી જ અસર ઈશ્વરનું વચન આત્મા ઉપર કરે છે.

**માથ્થી :** આપણે અગ્નિ સળગાવીએ છીએ ત્યારે તેની ઝાળ ઉપર ચઢે છે અને સૂર્યનાં મધુર અસરવાળાં કિરણો નીચે આવે છે. એ ઉપરથી આપણે શું શીખવું જોઈએ?

**અગમસોચી :** અગ્નિની જ્વાળાના ઉપર જવાથી આપણને એવી શિખામણ મળે છે કે, આતુર અને આવેશી ઇચ્છાઓ વડે આપણાં મન આપણે સ્વર્ગ તરફ ચઢાવવાં જોઈએ. અને સૂર્ય પોતાની ગરમી. કિરણો તથા મધુર અસરો નીચે મોકલે છે તે ઉપરથી આપણને એવી શિખામણ મળે છે કે, જગતનો ત્રાતા જો કે ઊંચે સ્વર્ગમાં છે તોપણ તે તેની કૃપા તથા પ્રીતિ આપણને અહીં નીચે પૃથ્વી પર પહોંચાડે છે.

**માથ્થી :** વાદળમાં પાણી ક્યાંથી આવે છે?

**અગમસોચી :** સમુદ્રમાંથી.

**માથ્થી :** એ ઉપરથી આપણે શું શીખીએ?

**અગમસોચી :** એ કે. ધર્મસેવકોએ પોતાનું જ્ઞાન તથા શિક્ષણ પરમેશ્વર પાસેથી પામવાં જોઈએ.

**માથ્થી :** વાદળ પોતામાંનું પાણી પૃથ્વી પર કેમ વરસાવે છે?

**અગમસોચી :** આપણને એવું શીખવવાને કે. ધર્મસેવકોએ પોતે ઈશ્વર વિષે જે જ્ઞાન પામ્યા હોય તે જગતના લોકોને પમાડવું જોઈએ.

**માથ્થી :** સૂર્યનાં કિરણથી મેઘધનુષ્ય થાય છે તે પરથી શું શીખવું?

**અગમસોચી :** એ શીખવું જોઈએ કે ઈશ્વરે આપણી સાથે કૃપાનો જે કરાર કરેલો છે તે ખ્રિસ્તના પ્રતાપથી આપણા લાભમાં સાર્થક થાય છે.

**માથ્થી :** સમુદ્રમાંથી ઝરાઓનું પાણી જમીન મારફતે આપણને મળે છે એ ઉપરથી આપણે શું શીખીએ?

**અગમસોચી :** એ શીખીએ કે. ઈશ્વરની કૃપા ખ્રિસ્તના શરીર દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

**માથ્થી :** કેટલાક ઝરા ઊંચા પર્વતોના શીખરો ઉપરથી ફૂટી નીકળે છે એનું શું પ્રયોજન હશે?

**અગમસોચી :** એ ઉપરથી એ શીખીએ કે. કૃપાનો આત્મા જેમ ઘણા ગરીબ અને નીચી પદવીનાં માણસોમાં પ્રગટ થાય છે, તેમ જ કેટલાક મહાન અને પરાક્રમી માણસોમાં પણ પ્રગટ થાય છે.

**માથ્થી :** બત્તી સળગાવીએ છીએ ત્યારે દીવેટ સળગે છે એ પરથી આપણે શું શીખવું?

**અગમસોચી :** એ કે. જ્યાં સુધી કૃપાથી હૃદય ન ચેતે (સળગે) ત્યાં સુધી જીવનનો સત્ય પ્રકાશ આપણામાં હોઈ શકે નહિ.

**માથ્થી :** બત્તીનું અજવાળું જારી રાખવામાં દીવેટ અને તેલ તમામ ખપી જાય છે. તે ઉપરથી આપણે શું શીખવું?

**અગમસોચી :** એ કે. ઈશ્વરની કૃપા જે આપણામાં છે તેને શુભસ્થિતિમાં જારી રાખવાને આપણું તન. મન. અને ધન તેની સેવામાં વાપરવું જોઈએ.

**માથ્થી :** પેલિકન નામનું પક્ષી પોતાની ચાંચથી પોતાની છાતી કોચે છે એનું કારણ શું?

**અગમસોચી :** પોતાનું લોહી પાઈને પોતાના બચ્ચાનું પોષણ કરવાને તે પોતાની છાતી કોચે છે. અને એ ઉપરથી આપણે શીખવું જોઈએ કે. ધન્ય ઈસુ ખ્રિસ્ત પોતાના લોકો ઉપર એટલી પ્રીતિ રાખે છે કે તેમનું તારણ કરવા સારુ તેમણે પોતાનું લોહી વહેવડાવ્યું છે.

**માથ્થી :** મરઘો બોલે તે ઉપરથી આપણે શું શીખવું?

**અગમસોચી :** મરઘાને બોલતો સાંભળીને આપણે પીતરનું પાપ તથા તેનો પશ્ચાત્તાપ યાદ કરવા શીખવું જોઈએ. વળી મરઘો બોલે છે ત્યારે આપણે એ પણ જાણીએ છીએ કે થોડી વારમાં દિવસ ઊગશે. માટે મરઘો બોલતો સાંભળીને ન્યાયકરણના છેલ્લા તથા ભયંકર દિવસને તમારે યાદ કરવો.

હવે આશરે આ વખતે તેઓનો મહિનો પૂરો થયો. માટે તેઓએ એ ઘરનાંને કહ્યું કે. હવે અમારે નીકળવું સુગમ પડે એમ છે. પછી યૂસફે પોતાની માને કહ્યું કે. આપણને છેક સુધી પહોંચાડવા સારુ **સતપુરુષ**ને મહેરબાની કરીને મોકલી દે એવી વિનંતી સમજાવનાર સાહેબને કરવાને કોઈને તેમને ઘેર મોકલવાનું ભૂલશો નહિ. તેણીએ કહ્યું કે. દીકરા. તેં બહુ સારું કર્યું. હું તો ચોક્કસ

ભૂલી જાત. એમ કહીને તેણીએ એક વિનંતીપત્ર લખ્યો. અને જાગૃત દરવાન સાહેબને તે આપીને વિનંતી કરી કે. એ પત્ર કોઈ યોગ્ય માણસની સાથે મારા પરોપકારી મિત્ર સમજાવનારને પહોંચાડવો. અને સમજાવનારને તે પત્ર મળ્યો ત્યારે તે વાંચીને તેનો મતલબ જાણીને પત્ર લાવનાર માણસને તેણે કહ્યું કે. જઈને તેઓને કહે કે હું તેને મોકલીશ.

હવે જે કુટુંબની સાથે **ખ્રિસ્તી સ્ત્રી**એ ઊતારો લીધો હતો તેઓએ જ્યારે જાણ્યું કે તેઓએ આગળ ચાલવાનું નક્કી કર્યું છે. ત્યારે એવા હિત કરનાર પરોણાઓ તેમને ત્યાં મોકલ્યાને લીધે પોતાના રાજાનો આભાર માનવા સારુ તેઓએ આખા કુટુંબનાં માણસોની સભા ભરી. પોતાના રાજાનો આભાર માન્યા, પછી તેઓએ **ખ્રિસ્તી સ્ત્રી**ને કહ્યું કે. જેવી રીતે મુસાફરોને કંઈ કંઈ બતાવવાનો અમારો રિવાજ છે તેવી રીતે તને પણ રસ્તે ચાલતાં ચાલતાં મનન કરવા સારુ કેટલીક વસ્તુઓ બતાવવા માગીએ છીએ, તારી મરજી શી છે? એમ કહીને તેઓ **ખ્રિસ્તી સ્ત્રી**ને. તેના છોકરાઓને તથા **કરુણા**ને એક ઓરડીમાં લઈ ગયાં. અને જે ફળ હવાએ ખાધાં અને પોતાના પતિને પણ ખવડાવ્યાં. અને જે ખાધાથી તે બંનેને એદન વાડીમાંથી કાઢી મૂક્યાં તેઓમાંનું એક ફળ તેઓને બતાવીને તેઓએ **ખ્રિસ્તી સ્ત્રી**ને પૂછ્યું કે. એ ફળ કયું હશે. તમે શું ધારો છો? ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ ઉત્તર આપ્યો કે. હું નથી જાણતી કે એ ખવાય એવું ફળ છે કે ઝેરી છે. ત્યારે તેઓએ તેને એ ફળની વાતનો ખુલાસો કરી બતાવ્યો. એટલે તેણીએ પોતાના હાથ ઊંચા કરીને બહુ નવાઈ દર્શાવી.

ત્યાર પછી તેઓએ તેને બીજી એક જગ્યાએ લઈ જઈને યાકૂબની સીડી બતાવી. એ વખતે કેટલાક દૂતો તેની ઉપર ચઢતાં હતા. તેથી **ખ્રિસ્તી સ્ત્રી**એ તથા તેની સાથેનાં બધાંએ નિહાળીને દૂતોને ચઢતાં જોયો. પછી તેઓને કંઈ બીજી વસ્તુ બતાવવાને તેઓ તેઓને બીજી જગ્યાએ લઈ જતા હતા. પણ યાકૂબે પોતાની માને કહ્યું કે. મહેરબાની કરીને તેઓને હજી થોડીવાર અહીં થોભવાનું કહો. કેમ કે આ તો નવાઈ પમાડે તેવો દેખાવ છે. એ માટે તેઓ પાછાં ફર્યાં. અને કેટલીક વાર સુધી ઘણા જ સાનંદાશ્ચર્ય સહિત એ મનોરંજક દેખાવ જોતાં ઊભાં રહ્યાં.

ત્યાર પછી તેઓ તેમને જે જગ્યાએ સોનેરી લંગર લટકાવેલું હતું ત્યાં લઈ ગયા. અને **ખ્રિસ્તી સ્ત્રીને** કહ્યું કે. એને ઊતારી લો. એ તમારી સાથે રાખજો. કેમ કે પડદાની અંદર તમારે એને જકડી રાખવું એ અવશ્યનું છે. એ માટે કે તોફાન આવે ત્યારે તમે સ્થિર રહી શકો. અને એ મળ્યાથી તેઓને બહુ આનંદ થયો.

ત્યાર પછી તેઓ જે પર્વત પર આપણા પિતા પોતાના દીકરા ઇસ્હાકનું અર્પણ કરવા લઈ ગયા હતા તે પર તેઓને લઈ ગયા. અને તેમને તે વેદી. લાકડાં. અગ્નિ તથા છરો દેખાડ્યાં. કેમ કે મુસાફરોને દેખાડવા સારુ તેમને આજ સુધી અનામત રાખેલાં છે. એ બધું જોઈને તેઓએ પોતાના હાથ ઊંચા કરીને પોતાને ભાગ્યશાળી માનીને કહ્યું કે. "ઓહો! ઇબ્રાહીમ પોતાના પ્રભુ ઉપર પ્રીતિ કરવામાં તથા પોતાનો નકાર કરવામાં કેટલો અદ્ભુત માણસ હતો!"

તેઓ આપણાં મુસાફરોને આ બધી વસ્તુઓ બતાવી રહ્યાં ત્યારે પછી અગમસોચી તેઓને જમણા ઓરડામાં લઈ ગઈ. ત્યાં

એક ઉત્તમ જાતનું વાજિંત્ર હતું, તે તે વગાડવા લાગી. અને જે બધું તેણીએ તેઓને બતાવ્યું હતું તેનું ખૂબ સુંદર ગીત નીચે પ્રમાણે જોડીને વાજિંત્રના રાગ જોડે ગાવા લાગી :

હવાનાં ફળ દેખીને, રહો સૌ ચિત ચેતીને.
સીડી યાકૂબની ભાળી, ચઢતાં દૂત નિહાળી.
સોના લંગર આ સારુ, પડદાની માંહે જનારું.
મળે છે એ જ્યારે, બને છે મન દૃઢ ત્યારે.
તજો તમ પ્રિય ચીજોને, તજી જ્યમ બાપ ઇબ્રામે.

એટલામાં કોઈએ દરવાજો ખખડાવ્યો. તેથી દરવાને દરવાજો ઊઘાડીને જોયું તો **સતપુરુષ**ને ત્યાં ઊભો રહેલો જોયો. અને **સતપુરુષ** અંદર આવ્યો ત્યારે તેમને અત્યંત આનંદ થયો, કેમ કે તેણે થોડી જ વાર પહેલા **ઘોરકાર** ખૂની નામના દૈત્યને મારી નાખીને એ મુસાફરોને સિંહથી બચાવ્યાં હતાં, એ વાત તેને જોતાં જ તેઓના સ્મરણમાં તાજી થઈ.

પછી **સતપુરુષે ખ્રિસ્તી સ્ત્રી**ને તથા કરુણાને કહ્યું કે, મારા પ્રભુએ માર્ગે તમારે સારુ તમારે બેને માટે એકેક શીશી દ્રાક્ષરસ, થોડીઘણી ધાણી તથા બબ્બે દાડમ મોકલ્યાં છે, અને છોકરાઓને માટે પણ થોડાં અંજીર તથા દ્રાક્ષ મોકલ્યાં છે.

હવે તેઓ નીકળ્યાં, અને **અગમસોચી** તથા ધર્મી પણ તેમની સાથે ચાલ્યાં. તેઓ દરવાજા આગળ આવ્યાં ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ દરવાનને પૂછ્યું કે, આ થોડા દિવસોમાં આ માર્ગે થઈને કોઈ ગયું છે? તેણે કહ્યું કે,કોઈ નથી ગયું, કેટલાક વખત પર માત્ર એક જણ અહીં થઈને ગયો હતો. તે મને કહેતો હતો કે, કેટલાક દિવસ ઉપર રાજાના રાજમાર્ગ ઉપર અહીંથી કેટલેક આગળ જતાં મોટી

લૂંટ થઈ હતી, પણ તે લૂંટારા પકડાયા છે અને થોડા દિવસમાં તેઓનો ન્યાય કરવામાં આવશે અને ગુનો સાબિત થયે તેમને ફાંસી આપવામાં આવશે. આ વાત સાંભળીને **ખ્રિસ્તી સ્ત્રી** તથા કરુણા ગભરાવા લાગ્યાં, પણ માથ્થીએ કહ્યું કે, માજી, જ્યાં સુધી મહાત્મા આપણા વળાવા તરીકે આપણી સાથે આવનાર છે ત્યાં સુધી બીકનું કંઈ કારણ નથી.

પછી **ખ્રિસ્તી સ્ત્રીએ** દરવાનને કહ્યું કે, મહારાજ, અમે અહીં આવ્યાં ત્યારથી આજ સુધી જે સઘળી માયા મારા પર તથા જે સઘળી પ્રીતિ તથા ઉપકાર મારાં છોકરાં પર આપે દેખાડ્યાં છે તેને લીધે હું આપની અત્યંત આભારી છું. હું આપના ઉપકારનો બદલો શી રીતે વાળી શકું તે જાણતી નથી, માટે મહેરબાની કરીને આપની પવિત્ર સેવામાં આટલી જૂજ વસ્તુ માન્ય રાખશો, એમ કહીને તેણીએ તેમના હાથમાં એક સોનામહોર મૂકી. ત્યારે દરવાને તેને નમસ્કાર કરીને કહ્યું કે, તમારાં વસ્ત્રો સદા શ્વેત રહો, અને તમારા માથાને તેલની ખોટ કદી ન પડો. કરુણા અમર રહો, અને તેનાં કામ વિશેષ થાઓ. અને તેણે છોકરાઓને કહ્યું કે, તમે જુવાનીના વિષયોથી દૂર નાસો અને ગંભીર તથા જ્ઞાની માણસોની સોબતમાં રહીને ધાર્મિકપણાને અનુસરો, એમ કરવાથી તમારી માનું અંતઃકરણ હરખાશે, અને બધાં વિચારવંત માણસોથી તમે વખાણ પામશો. પછી દરવાનનો આભાર માનીને તેઓ વિદાય થયાં.

હવે મેં સ્વપ્નમાં જોયું કે, તેઓ ચાલતાં ચાલતાં તે પહાડના શિખર ઉપર પહોંચ્યાં, ત્યાં આગળ **ધર્મી**ને યાદ આવ્યાથી તે બોલી ઊઠી કે, અરે, રે! **ખ્રિસ્તી સ્ત્રી**ને તથા તેનાં સાથીઓને જે વસ્તુ આપવાને મેં વિચાર્યું હતું તે હું વીસરી ગઈ છું. હું પાછી જઈને

તે લઈ આવીશ. પછી તે દોડીને લઈ આવી. પણ તે લેવા ગઈ હતી તે દરમિયાન **ખ્રિસ્તી સ્ત્રી**ને એવું લાગ્યું કે. જમણી બાજુએ થોડે દૂર વૃક્ષોની ઘટામાંથી નવાઈ જેવા મધુર ગાયનનો નાદ સંભળાય છે. તે ગીતનો અર્થ મોટે ભાગે નીચે મુજબ જણાતો હતો :

જન્મારા પર્યંત ઘણી. કૃપા પામ્યો તુજ પાસ.
નિરંતર તુજ ધામમાં. થાય અમારો વાસ.

અને તે હજી કાન દઈને સાંભળતી હતી એટલામાં તેને એવું લાગ્યું કે. એના જવાબમાં બીજું કોઈ જાણે નીચે પ્રમાણે ગાતું હોય:

સદા સનાતન તું ધણી. દયા કૃપાની ખાણ.
સર્વકાળ તવ સત્યતા. સ્થાઈ છે જ પ્રમાણ.

એ સાંભળીને **ખ્રિસ્તી સ્ત્રી**એ અગમસોચીને પૂછ્યું કે. આવું નવાઇ જેવું ગાયન કોણ કરતું હશે? અગમસોચીએ ઉત્તર આપ્યો કે. એ અમારાં વનોમાં રહેનારાં પક્ષીઓનું ગાયન છે. વસંત ઋતુ વગર બીજી કોઈ વખતે આ નાદ કે સૂર તેઓ કવચિત જ કાઢે છે. પણ વસંત ઋતુમાં જ્યારે ફૂલો ખીલે છે તથા સૂર્યનો ખુલ્લો પ્રકાશ તથા તાપ પડે છે ત્યારે આ સૂરે ગાતાં તેમને તમે આખો દિવસ સાંભળી શકો. હું તેમનું ગાયન સાંભળવાને ઘણી વાર ખેતરોમાં જાઉં છું. વળી ઘણી વખત તો એ જાતનાં પક્ષીઓને પાળીને ઘરમાં રાખીએ છીએ. આપણે ઉદાસ હોઈએ ત્યારે તેમની સોબત ઘણી લાભકારક થાય છે. વળી તેમના મધુર નાદથી ઝાડીઓ. કુંજો તથા એકાંત જગ્યાઓ એટલી ખુશનુમા બને છે કે આપણાં મન ત્યાં જવા લોભાય છે.

આટલી વાત થતાં **ધર્મી** પાછી આવી પહોંચી. અને **ખ્રિસ્તી સ્ત્રી**ને કહેવા લાગી કે. અમારે ઘેર જે સઘળી વસ્તુઓ તેં જોઈ હતી

તે સર્વની નોંધ હું લાવી છું. તે જો આ રહી. લે. જ્યારે તું કોઈ વાત ભૂલી જાય ત્યારે એ નોંધમાં જોવાથી તારા સંસ્થાપન તથા સમાધાનને સારુ એ વાતોનું સ્મરણ તારા મનમાં તાજું થશે.

પછી તેઓ એ પર્વત પરથી નમ્રતાના મેદાનમાં ઉતરવા લાગ્યાં. એ પહાડનો ઢોળાવ અતિશય ઢળતો હતો અને માર્ગ બહુ જ લપસણો હતો. પણ તેઓ ઘણી જ સાવચેતી રાખીને ચાલતાં હતાં તેથી કંઈ વધારે ઈજા થયા વગર તેઓ ઊતરી આવ્યાં. જ્યારે તેઓ મેદાનમાં ઊતરી આવ્યાં ત્યારે **ધર્મીએ** ખ્રિસ્તીસ્ત્રીને કહ્યું કે. આજ જગ્યાએ તમારા પતિને દુષ્ટ દૈત્ય અપાલ્યનનો મેળાપ થયો હતો. અને આજ ઠેકાણે તે બેની વચ્ચે પેલું ભયંકર યુદ્ધ થયું હતું. મને ખાતરી છે કે તમે તે વિષે સાંભળ્યું હશે. પણ હિંમત રાખો. જ્યાં સુધી **સતપુરુષ** મહારાજ તમારા માર્ગદર્શક તથા દોરનાર તરીકે તમારી સાથે છે ત્યાં સુધી તમને કંઈ વિઘ્ન નડશે નહિ. એવી મારી આશા છે. હવે અગમસોચી તથા ધર્મીએ એ મુસાફરોને તેમના માર્ગદર્શકના હવાલામાં સોંપ્યાં. એટલે માર્ગદર્શક **સતપુરુષ** આગળ થયા અને મુસાફરો તેની પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

પછી **સતપુરુષ** સાહેબ તેઓને કહેવા લાગ્યા કે. આ મેદાન જોઈને આપણે સહેજે ડરવાનું કારણ નથી. કેમ કે જો આપણે પોતે પોતા પર વિઘ્ન ન લાવીએ તો આપણને નુકસાન કરે એવું અહીં કંઈ નથી. એ તો ખરું છે કે ખ્રિસ્તીને અહીં અપાલ્યનનો મેળાપ થયો. અને તેને એની સાથે સખત યુદ્ધ કરવું પડ્યું. તથાપિ એ યુદ્ધ થવાનું કારણ એ હતું કે. પહાડ પરથી ઉતરતાં ખ્રિસ્તી અનેક વાર લપસી પડ્યો હતો. કેમ કે જેઓ ઉતરતાં લપસી જાય છે તેઓએ નક્કી જાણવું કે અમારે આ મેદાનમાં યુદ્ધ કરવું પડશે. અને એજ

કારણથી આ મેદાનની એવી ખોટી છાપ પડી છે. કેમ કે જ્યારે અજ્ઞાની લોકોના સાંભળવામાં એવું આવે છે કે. અમુક માણસને અમુક જગ્યાએ કંઈ ભયંકર વિઘ્ન નડ્યું ત્યારે તેઓ એવો મત બાંધે છે કે ત્યાં કોઈ ભૂત પલીતનો વાસો છે. પણ અફસોસ. કે ત્યાં લોકોને જે વિપત્તિઓ પડે છે તે તેમનાં પોતાનાં કૃત્યોનું જ ફળ છે. આ નમ્રતાનું મેદાન જાતે તો બહુ ફળદ્રુપ છે. એના કરતાં વધારે ફળદાયક મેદાન કાગડાઓને પણ મળવાનું મુશ્કેલ છે. અને આ જગ્યામાં ખ્રિસ્તીને એવું સખત યુદ્ધ કરવું પડ્યું તેનું કારણ દર્શાવનાર હર કંઈ ચીજ આપણને આટલામાં મળે તો મળે. એવું મને લાગે છે.

એટલામાં યાકૂબે પોતાની માને કહ્યું કે. જુઓ પેલો એક સ્તંભ દેખાય છે. અને તેના ઉપર કંઈ લેખ હોય એવું લાગે છે. ચાલો. આપણે જઈને જોઈએ કે શું છે. પછી તેઓએ ત્યાં જઈને જોયું તો તેના પર એવો લેખ લખેલો જોયો કે. "આ જગ્યાએ આવ્યા અગાઉ ખ્રિસ્તીએ જે ઠોકરો ખાધી. અને આ જગ્યામાં આવીને તેને જે યુદ્ધ કરવા પડ્યાં. તે ઉપરથી પાછળ આવનારાંએ ચેતવણી પામવી." ત્યારે તેઓના માર્ગદર્શકે કહ્યું કે. "જુઓ. આ જગ્યાએ ખ્રિસ્તીને એટલું બધું સખત યુદ્ધ કરવું પડ્યું તેનું કારણ દર્શાવનારી હર કંઈ વસ્તુ આટલામાં હશે. એવું શું મેં તમને નહોતું કહ્યું?" પછી **ખ્રિસ્તી સ્ત્રીની** તરફ ફરીને તેણે કહ્યું કે. આ ઠેકાણે એકલા ખ્રિસ્તીને જ વિપત્તિ પડી હતી એમ નહિ પણ બીજા ઘણાઓની તેજ દશા થઈ હતી. માટે હું ખ્રિસ્તીને પણ દોષ દેતો નથી. તેમ તેઓને પણ દેતો નથી. કેમ કે એ પહાડ પર ચઢવાના

કરતાં તે પરથી ઉતરવું વધારે મુશ્કેલ છે. અને દુનિયામાં માત્ર થોડા જ પહાડ હશે કે જેમના વિષે એવું કહી શકાય. પણ આપણે એ ભલા આદમીની વાત પડતી મૂકો. એ તો હવે વિસામો ભોગવે છે. વળી તેણે પોતાના શત્રુ ઉપર પૂરેપૂરી જીત મેળવી હતી. સ્વર્ગવાસી ઈશ્વર એવી કૃપા કરો કે. જ્યારે આપણે પરીક્ષણમાં પડીએ ત્યારે તેમના કરતાં ભૂંડા હાલ આપણા ન થાય.

પણ હવે નમ્રતાના મેદાન વિષેની વાત પર પાછા આવીએ. એ ભૂમિ આ દેશમાં સર્વોત્તમ તથા સૌથી વધારે ફળદાયક છે. વળી એ અતિ રસાળ જમીન છે. અને વિશેષ ભાગ બીડ તથા ચરા છે. આ મેદાનથી છેક અજાણ્યો કોઈ માણસ જો આપણી પેઠે વસંતઋતુમાં અહીં આવે. અને ખૂબીદાર દેખાવની આનંદમય અસર તેના મન પર થઈ શક્તી હોય તો અહીંના દેખાવથી તેને આનંદ થયા વગર રહે નહિ. જુઓ. આ મેદાન કેવું લીલુંછમ છે. અને શોભન ફૂલોથી તે કેવું ખીલી રહ્યું છે! મારા જાણવામાં એવા ઘણા મજૂર માણસો છે કે જેઓને આ નમ્રતાના મેદાનમાં ઉત્તમ જાગીરો મળેલી છે. કારણ કે દેવ અહંકારીઓની વિરુદ્ધ છે. પણ દીન જનોને કૃપા પમાડે છે. એ ભૂમિ તો ખરેખર ફળદ્રુપ છે. અને તેમાં ઢગલે ઢગલા પાક નિપજે છે. કેટલાક લોકોએ તો એવી ઇચ્છા દર્શાવી છે કે અમારા આકાશવાસી પિતાને ઘેર પહોંચતાં સુધી આવો ને આવો જ રસ્તો રહે તો કેવું સારું. કેમ કે ત્યારે તો અમારે બીજા ટેકરા કે પર્વતો ઓળંગવાનો શ્રમ વેઠવો પડે નહિ. પણ માર્ગ તો જે નિમાયેલો છે તે છે, અને બીજી બધી ઇચ્છા ફોકટ છે.



નમ્રતાના મેદાનમાં ભરવાડનો છોકરો.

હવે તેઓ વાતો કરતાં કરતાં ચાલ્યાં જતાં હતાં, એટલામાં તેઓએ એક છોકરાને પોતાના બાપનાં ઘેટાં ચરાવતો જોયો. તેના અંગ પર ઘણી હલકી જાતનાં કપડાં હતાં, પણ તેનો ચહેરો ઘણો ખીલેલો તથા સુંદર હતો, અને તે એકલો બેઠો બેઠો ગાતો હતો. સતપુરુષે કહ્યું કે, એ ભરવાડનો છોકરો શું ગાય છે તે સાંભળો. માટે તેઓ ધ્યાન દઈને છોકરાને નીચે મુજબ ગાતાં સાંભળ્યો.

**દોહા**

જે જન થાશે નીચ બહુ. પડવાનો નહિ ભય.
પથદર્શક પરમેશ સદા. નમ્ર જનોનો જય.
નિત્ય સુખી સંસારમાં. હોય થોડું કે બહુ.
ભાવ રાખે પ્રભુ વિખે. જગ આશ તજે છે સહુ.
વાટ. સરુ બહુ ભાર લઈ. ઊંચકી જાય નિજ ધામ.
અહીં કઠણતા કાપીને. તહીં પામે વિશ્રામ.

છોકરો ગાઈ રહ્યો ત્યારે તેમના માર્ગદર્શકે તેમને પૂછ્યું કે. તમે એનું ગાયન સાંભળ્યું? મને ખાતરી છે કે જેઓ રેશમ તથા મખમલનાં વસ્ત્ર પહેરીને ફરે છે તેઓના કરતાં આ છોકરો વધારે સુખી તથા આનંદી જીંદગી ભોગવે છે. અને અંતર્સુખરૂપી વનસ્પતિનો શણગાર તેને ઉરે તેઓના કરતાં વધારે છે. પણ આપણે જે વાત કરતાં હતાં તે હવે આગળ ચલાવીશું.

આ મેદાનમાં અગાઉ આપણા પ્રભુનું વનગૃહ હતું. અહીં રહેવાનું તેને બહુ સારું લાગતું હતું. વળી આ બીડોમાં પણ તેને હરવા ફરવાનું સારું લાગતું હતું કેમ કે તેને ત્યાંની હવા બહુ ખુશનુમા લાગતી હતી. વળી અહીં આવી રહેનાર માણસ સંસારી વ્યવહારની ધમાલ તથા દોડાદોડીથી મુક્ત થાય છે. સર્વ પ્રકારની

સ્થિતિમાં ઘોંઘાટ તથા ધાંધલ છે. માત્ર નમ્રતાનું મેદાન જ ગરબડ રહિત તથા એકાંત જગ્યા છે. ઈશ્વર વિષે મનન કરતાં જેમ બીજી જગ્યાઓમાં ભંગાણ પડે છે તેમ આ જગ્યાએ તેને બિલકુલ અડચણ થતી નથી. જે લોકો મુસાફરીની જીંદગી પસંદ કરે છે તેઓ વગર બીજું કોઈ આ મેદાનમાં આવતું હોતું નથી. અને જો કે દુર્ભાગ્યે ખ્રિસ્તીને અહીં અપાલ્યનનો મેળાપ થયો હતો અને તેની સાથે સખત યુદ્ધ કરવું પડ્યું હતું. તોપણ મારે તમને કહેવું જોઈએ કે આગળના સમયમાં અહીં કોઈ કોઈ લોકોને દૂતોની ભેટ થયેલી છે. મોતી માણેક મળેલાં છે અને આ સ્થળે જીવનનાં વચનો પ્રાપ્ત થયેલાં છે.

અગાઉ આપણા પ્રભુનું અહીં વનગૃહ હતું અને તેમને અહીં હરવા ફરવાનું બહુ ગમતું હતું. તે તો મેં તમને કહ્યું છે કે નહિ? વળી બીજું એ કહેવાનું કે. જે લોકો આ મેદાનને ચાહે છે અને તેમાં થઈને મુસાફરી કરે છે તેઓના લાભમાં ત્યાંના પ્રભુએ વાર્ષિક રકમ ઠરાવી આપી છે. અને એવો હુકમ કરેલો છે કે માર્ગે તેમની ખરચીને માટે તથા મુસાફરીમાં જારી રહેવામાં તેઓને ઉત્તેજન આપવા સારુ તે રકમના હપ્તા તેઓને અમુક દિવસોએ અચૂક આપવા.

હવે માર્ગે ચાલતાં ચાલતાં સેમ્યુએલે **સતપુરુષ**ને પૂછ્યું કે. "હું જાણું છું કે. આ મેદાનમાં મારા પિતાને અપાલ્યનની સાથે યુદ્ધ થયું હતું. પણ કઈ જગ્યાએ એ યુદ્ધ થયું હતું? કેમ કે હું જોઉં છું કે આ મેદાન તો વિશાળ છે."

**સતપુરુષ :** આપણી આગળ કેટલેક દૂર એટલે વિસ્મૃતિનું લીલું વન વટાવતાં જ એક સાંકડી નળી આવે છે તેમાં તારા

પિતાને અપાલ્યન સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. અને આ આખા પ્રદેશમાં એ જગ્યા સર્વ કરતાં વધારે ભયભરેલી છે. કેમ કે જ્યારે મુસાફરો પોતાના ઉપર થયેલા ઉપકાર. તથા તે ઉપકારોને માટે પોતાની અયોગ્યતા વીસરી જાય છે. ત્યારે જ તેમને કંઈ કષ્ટ કે વિપત્તિ વેઠવી પડે છે. વળી એ જગ્યાએ બીજાઓને પણ ઘણી જ મુશ્કેલીઓ કે આપદાઓ વેઠવી પડી છે. પણ જ્યારે આપણે એ જગ્યાએ પહોંચીશું ત્યારે એ વિષે બાકીની વાત કરીશ. કેમ કે મને ખાતરી છે કે. એ યુદ્ધની કંઈ પણ નિશાની. અથવા એ યુદ્ધ ત્યાં થયાના પ્રમાણરૂપ કોઈ પણ સ્મરણસ્તંભ હજી સુધી ત્યાં હોવો જોઈએ.

ત્યારે કરુણાએ કહ્યું કે. આ મેદાનમાં મને જેટલું સુખચેન થયું છે તે કરતાં વધારે સુખ અત્યાર સુધીની મારી મુસાફરીમાં બીજે કંઈ પણ થયું નથી. મને લાગે છે કે આ જગ્યા મારા મનને ગમતી આવે છે. આવી જગ્યાઓ કે જ્યાં ગાડીઓનો કે પૈડાંનો ખડખડાટ ભડભડાટ થતો નથી. ત્યાં રહેવાનું મને બહુ ગમે છે. મને લાગે છે કે અહીં હરકોઈ માણસ પોતે શું છે. પોતે ક્યાંથી આવ્યો. પોતે કેવાં કૃત્યો કર્યાં છે. અને પોતાને રાજાએ શા માટે તેડ્યો છે. એ બધા વિષે અડચણ વગર વિચાર કરી શકે. અહીં તે વિચાર કરી કરીને એટલે સુધી પોતાનું હૃદય ભંગિત કરે. અને પોતાનું મન પિગાળી શકે કે. તેની આંખો **હેશ્બોન**ના સરોવર જેવી થઈ જાય. જેઓ યોગ્ય રીતે આ **બાકા**ના (રુદનના) મેદાનમાં થઈને મુસાફરી કરે છે તેઓના લાભમાં તે એક ઝરારૂપ થઈ પડે છે. તેથી ત્યાંનાં તળાવો ભરાઈ જાય છે. વળી આજ મેદાનમાંથી રાજા પોતાના લોકોને દ્રાક્ષાવાડીઓ આપશે. અને **અપાલ્યન**ની સાથે

યુદ્ધ કરવામાં **ખ્રિસ્તીને** બહુ કષ્ટ વેઠવું પડ્યું તે છતાં પણ તેણે હર્ષગાયન કર્યું. તેમ જ આ મેદાનમાં ચાલતાં મુસાફરો હર્ષગાયન કરશે.

એ સાંભળીને તેઓનો માર્ગદર્શક બોલ્યો કે. તમે ખરું કહો છો. હું આ મેદાનમાં થઈને ઘણી વાર ગયો છું. અને અહીંના જેવું સુખચેન બીજે ક્યાંએ મને મળ્યું નથી. વળી બીજા ઘણા મુસાફરોની સાથે જઈને તેઓને મેં માર્ગ દેખાડ્યો છે. અને તેઓએ પણ એ વાત કબૂલ કરી છે. રાજાનું વચન છે કે. "જે જન દીન તથા હૃદયભંગિત છે. અને મારી વાતથી ધ્રૂજે છે. તેના પર હું નજર રાખીશ."

હવે તેઓ ચાલતાં ચાલતાં જ્યાં ઉપર કહેલું યુદ્ધ થયું હતું ત્યાં આગળ આવી પહોંચ્યા. ત્યારે માર્ગદર્શકે **ખ્રિસ્તી સ્ત્રી,** તેના **દીકરાઓ** તથા **કરુણાને** કહ્યું કે. યુદ્ધની જગ્યા આજ છે. આ જગ્યાએ **ખ્રિસ્તી** ઊભો હતો. અને ત્યાં સામેથી અપાલ્યન તેની સામે આવ્યો હતો. અને જુઓ. જેમ મેં તમને કહ્યું હતું તેમ. ખ્રિસ્તીનું કેટલુંક લોહી આજ સુધી આ પથ્થરો પર પડી રહેલું છે. વળી જુઓ, અપાલ્યનના ભાંગી ગયેલા તીરોની કેટલીક ચીપો હજી પણ અહીં તહીં પડેલી જોવામાં આવે છે. વળી પોતપોતાની જગ્યાએથી પાછા ન હઠવાને તે બંનેએ જોરથી પોતાના પગ જમીન સાથે ચોંટાડેલા તેથી જમીનમાં કેટલા ઘસારા પડ્યા છે તે તો જુઓ. વળી તેઓના ચૂકેલા ઘા આ પથ્થરો પર વાગવાથી તેમના કેવા ટુકડે ટુકડા થઈ ગયા છે તે પણ જુઓ તો ખરાં. ખરેખર ખ્રિસ્તીએ આ ઠેકાણે ખરેખરી મર્દાનગી બતાવી છે. અને તેને ઠેકાણે વીર વીક્રમ પોતે હોત તો તેણે જેટલું બળ દાખવ્યું



મૃતછાયાની ખીણમાં પેસવું.

હોત એટલું જ બળ ખ્રિસ્તીએ પણ દાખવ્યું છે. જ્યારે અપાલ્યન હારી ગયો ત્યારે તે આના પછીના **મૃત્યુછાયા** નામના મેદાનમાં નાસી ગયો. થોડે આગળ જતાં તે મેદાનમાં આપણે પહોંચીશું. જુઓ ખ્રિસ્તીની કીર્તિ યુગ પરંપરા કાયમ રાખવા સારુ પેલો કીર્તિસ્તંભ ઊભો કરેલો છે. તેના ઉપર એ યુદ્ધ તથા ખ્રિસ્તીના વિજયનો લેખ કોતરેલો છે. ત્યાર પછી એ સ્તંભ તેઓથી થોડે આગળ માર્ગની કોરે હતો ત્યાં તેઓ ગયાં, અને તેના પર કોતરેલો લેખ વાંચ્યો, તે લેખ શબ્દેશબ્દ નીચે મુજબ હતો :

અપાલ્યન છે દૈત્ય દુર્નામી, ખ્રિસ્તી સાથ લડાઈ ર્હાં જામી,
ઘોર યુદ્ધ કર્યું સામા થઈ, પણ જાતાં પાછો ન થાઈ.
ખ્રિસ્તી વીરપણું પ્રકાશે, સંતના ત્રાસે ભૂત રાય નાસે,
સત માની **જશધજા** લે તું, લેખ લખ્યો તે સ્મરણ હેતુ.

અહીંથી આગળ ચાલતાં તેઓ મૃત્યુછાયાના મેદાનની સરહદ પર આવી પહોંચ્યાં. આ મેદાન નમ્રતાના મેદાન કરતાં લંબાઈમાં વધારે હતું. એમાં જાત જાતનાં દુષ્ટ પ્રાણીઓનો વાસો છે, અને ઘણા લોકો આ બાબતની સાક્ષી આપી શકે છે, પણ એ મેદાન ઓળંગતી વખતે દિવસ હતો, અને તેમનો માર્ગદર્શક મહાત્મા તેમની સાથે હતો માટે એ અબળાઓ તથા બાળકો વધારે સલામતીથી તે ઓળંગી શક્યાં. પણ એ મેદાનની અંદર પેસતાં જ મરતા માણસો કણતા હોય એવા મહા વેદનાના અવાજ તેમને કાને પડતા હોય એવું તેમને લાગ્યું. વળી કોઈ માણસો અત્યંત વેદનાથી વિલાપ કરતા હોય એવું પણ તેમને સંભળાવા લાગ્યું. એ બધું સાંભળીને છોકરાઓ તો બીકથી ધ્રૂજી ઊઠ્યા, અને બંને

સ્ત્રીઓના ચહેરા પણ ફિક્કા તથા ધોળી પૂણીઓ જેવા થઈ ગયા. પણ તેમના માર્ગદર્શકે તેમને કહ્યું કે. ડરો મા. નિશ્ચિત રહો.

તેથી તેઓ આગળ ચાલવા લાગ્યાં. અને થોડોક માર્ગ કાપ્યા પછી જે જમીન પર તેઓ ચાલતાં હતાં તે જાણે તળેથી પોલી હોય એમ ધ્રૂજતી જણાઈ. વળી સર્પો ફૂંફાડા મારતા હોય એવા અવાજ પણ તેમને સંભળાવા લાગ્યા. પણ હજી સુધી તેમના જોવામાં કંઈ આવ્યું નહોતું. છોકરાઓ કહેવા લાગ્યા કે. શું હજી આ ભયાનક મેદાનનો અંત નથી આવ્યો? પણ માર્ગદર્શકે તેઓને પણ કહ્યું કે. હિંમત રાખો. અને કોઈ ફાંદામાં ફસાઈ ન પડો માટે બરાબર સંભાળીને પગલાં મૂકજો.

એટલામાં યાકૂબને તો માંદગીનાં ચિન્હો જણાવા લાગ્યાં. પણ મને લાગે છે કે એ મંદવાડનું કારણ બીક હશે. એ માટે તેની માને સમજાવનારને ઘેર જે દ્રાક્ષારસની શીશી આપવામાં આવી હતી તેમાંથી થોડો દ્રાક્ષારસ તેણીએ તેને પીવડાવ્યો. અને નિપુણ વૈદે જે ગોળીઓ બનાવી આપી હતી તેમાંની ત્રણ ગોળીઓ પણ છોકરાને પીવડાવી, તેથી તે સાજો થવા લાગ્યો. પછી તેઓ ચાલતાં ચાલતાં એ મૃત્યુછાયાના મેદાનની લગભગ મધ્યે આવી પહોંચ્યાં. ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ કહ્યું કે. મને લાગે છે કે, પેલું આપણી આગળ આપણા માર્ગમાં એવા વિચિત્ર ઘાટનું કંઈ દેખાય છે કે એના જેવું વિચિત્ર મેં કદી જોયું નથી. ત્યારે યૂસફે પૂછ્યું કે. મા એ શું છે? તેણીએ કહ્યું કે, દીકરા. એ તો બહુ બેડોળ અને કઢંગુ છે. છોકરાએ પૂછ્યું કે. તે શાના જેવું છે? તેણીએ કહ્યું કે. હું કહી શક્તી નથી કે તે શાના જેવું છે. હવે તો તે છેક નજીક આવ્યું છે. પછી થોડી વારમાં તેણીએ કહ્યું કે. હવે તો આ લગભગ આવી પહોંચ્યું.

ત્યારે સતપુરુષે કહ્યું કે. ભલે આવ્યું. આવવા દો. જેઓને બહુ બીક લાગતી હોય તેઓ મારી છેક નજીક રહીને મારી પાછળ પાછળ ચાલે. હવે એ દૈત્ય તેઓની સામે ધસી આવ્યો. પણ માર્ગદર્શક તેની સામે થયો. પણ જ્યારે દૈત્ય મહાત્માની લગોલગ આવી પહોંચ્યો. ત્યારે તે સર્વની દૃષ્ટિથી લોપ થઈ ગયો. આ બનાવ જોઈને કેટલાક વખત અગાઉ તેમને જે કહેવામાં આવ્યું હતું તે તેઓને યાદ આવ્યું કે. શેતાનની સામા થાઓ એટલે તે તમારી પાસેથી નાસી જશે.

હવે તેઓનાં મન થોડાં ઘણાં શાંત થવાથી તેઓ આગળ ચાલવા લાગ્યાં. પણ તેઓ થોડું આગળ ચાલ્યાં એટલામાં કરુણાએ પાછળ જોયું તો તેણીએ રીંછ જેવા કોઈ પ્રાણીને તેઓની પાછળ ઝડપથી ધસી આવતું જોયું. તે ભારે ગર્જના કરતું હતું. અને તેની ગર્જનાના પડઘાથી આખું મેદાન ગાજી રહ્યું હતું. અને તેથી માર્ગદર્શક સિવાય તેઓ સર્વના હાંજા ગગડી ગયા હતા. હવે તે નજીક આવવા લાગ્યું. એટલે મહાત્મા સાહેબ તેઓ સર્વની પછવાડે આવી ગયા અને સર્વ મુસાફરોને પોતાની આગળ કર્યાં. સિંહ પણ ત્વરાથી નજીક આવવા લાગ્યો. એટલે મહાત્મા સાહેબ તેની સાથે યુદ્ધ કરવા તૈયાર થયા, પણ જ્યારે સિંહે જોયું કે મહાત્માએ મારી સામે યુદ્ધ કરવાનો નિશ્ચય કર્યો છે, ત્યારે તે પાછો હટ્યો અને ત્યાંથી આગળ વધ્યો નહિ.

પછી તેઓએ ફરીથી ચાલવાનું શરૂ કર્યું. અને તેમનો માર્ગદર્શક તેમની આગળ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેઓ એક જગ્યાએ આવી પહોંચ્યાં. કે જ્યાં તેઓના માર્ગની વચ્ચે એક બાજુથી બીજી બાજુ એક ખાઈ ખોદેલી હતી. અને તેઓ તે

ઓળંગવાની તૈયારી કરે તે પહેલાં એકાએક એવી ભારે ઘુમર તથા અંધકાર વ્યાપી રહ્યાં કે તેઓને કંઈ જ સૂઝ્યું નહિ. ત્યારે મુસાફરોએ કહ્યું કે, અરે, રે! હવે અમે શું કરીએ? પણ માર્ગદર્શકે ઉત્તર આપ્યો કે, "બીહો મા, શાંત ઊભા રહીને જુઓ કે આનું શું પરિણામ આવે છે," એ સાંભળીને તેઓ ત્યાં ઊભા રહ્યાં. કેમ કે તેના માર્ગમાં મુશ્કેલી આવી હતી. પછી શત્રુઓનો ઘોંઘાટ તથા તેઓના ધસારાનો અવાજ વધારે સ્પષ્ટ રીતે તેમને કાને જાણે પડવા લાગ્યો. અને ખાઈમાંનો અગ્નિ તથા ધુમાડો પણ વધારે સ્પષ્ટ રીતે તેમને દેખાવા લાગ્યો. ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કરુણાને કહ્યું કે. "બિચારા મારા પતિને શા શા અને કેવાં કેવાં સંકટો ઉઠાવવાં પડ્યાં હશે તેની સમજણ હવે મને પડે છે. આ જગ્યા વિષે મેં બહુ બહુ વાતો સાંભળી હતી પણ અગાઉ કદી હું આ જગ્યાએ આવી નહોતી. માત્ર આ વખતે જ આવી છું. એ બિચારો રાતની વેળાએ એકલો આ મેદાનમાં ચાલીને ગયો હતો. લગભગ આ આખું મેદાન તેને રાતે ઓળંગવું પડ્યું હતું. અને આ મેદાનમાં ભૂતો તેના જાણે કે ફાડીને ટુકડા કરી નાખશે એવી રીતે તેની આસપાસ નાચી રહ્યા હતાં. ઘણાઓએ મૃત્યુછાયાના મેદાન વિષે બ્યાન કરેલું છે. પણ જાતે આ મેદાનમાં આવ્યા વગર એનું આબેહૂબ બ્યાન કોઈ પણ કરી શકે નહિ. હૃદય પોતાનું દુઃખ જાણે છે. અને પારકો માણસ તેના આનંદમાં સામેલ થઈ નથી શક્તો. આ મેદાનમાં થઈને જવું ઘણું ભયંકર છે."

**સતપુરુષ :** એ તો મહાસાગર પર વ્યવહાર ચલાવવા જેવું અથવા મહાસાગરના ઊંડાણમાં ઊતરી જવા જેવું વિઘ્નમય તથા ભયંકર છે. એ તો સમુદ્રના ઊંડાણમાં પેસી જવા જેવું તથા પર્વતોને

તળીયે ઉતરી પડવા જેવું ભયંકર છે. હમણાં એવું લાગે છે કે. જાણે આપણે પૃથ્વીના પેટાળમાં દટાઈ ગયા હોય અને આપણને તેમાં ભૂંગળો વડે સદાને માટે બંધ કરી રાખ્યાં હોય. પણ જેઓ અંધારામાં ચાલે છે અને જેઓને અજવાળાનો પ્રકાશ બિલકુલ છે જ નહિ. તેઓએ પ્રભુના નામ પર ભરોસો રાખવો. અને ઈશ્વર પર આધાર રાખવો. કેમ કે જેમ મેં તમને કહ્યું હતું તેમ હું તો ઘણી વાર આ મેદાનમાં થઈને પસાર થયો છું અને હમણાંના કરતાં વિશેષ મુશ્કેલીઓ મારે ઉઠાવવી પડી છે. તોપણ તમે જુઓ છો કે હું હજી જીવતો છું. હું ફૂલાશ મારવા નથી ઇચ્છતો. કેમ કે મેં પોતાને નથી બચાવ્યો. પણ મને આશા છે કે ઉત્તમ રીતે આપણો બચાવ કરવામાં આવશે. માટે આવો. ઈશ્વર જે આપણને અંધકારમાં અજવાળું આપી શકે છે અને જે માત્ર અમને જ નહિ પણ નર્કમાં સઘળા ભૂતપ્રેતાદીને ધમકાવી શકે છે. તે આપણને અજવાળું આપે એવી આપણે તેની આગળ પ્રાર્થના કરીએ.

પછી તેઓએ રુદન કરતાં પ્રાર્થના કરી એટલે ઈશ્વરે તેમની આસપાસ અજવાળું ચમકાવ્યું અને તેમનો બચાવ કર્યો. કેમ કે હવે તેઓના માર્ગોમાં કંઈ અટકાવ રહ્યો નહિ. ના ના, જ્યાં હમણાં થોડી જ વાર પર ખાઈના કારણથી તેઓને અટકવું પડ્યું હતું. ત્યાં પણ કંઈ મુશ્કેલી રહી નહોતી. તોપણ તેઓ હજી એ મેદાન ઓળંગી રહ્યાં નહોતાં. માટે તેઓએ ચાલવાનું ચાલુ રાખ્યું. એટલે થોડી વારમાં એવી દુર્ગંધ તથા બદબો આવવા લાગી કે તેથી તેઓને બહુ જ કંટાળો આવવા લાગ્યો. ત્યારે કરુણા **ખ્રિસ્તી સ્ત્રીને** કહેવા લાગી કે. જેવું સુખ દરવાજે કે સમજાવનારને ત્યાં અથવા

જે ઘરમાં આપણે છેલ્લાં ઉતર્યાં હતાં ત્યાં આપણે ભોગવ્યું હતું તેવું સુખ આ મેદાનમાં ચાલવામાં નથી.

એક છોકરાએ કહ્યું કે. 'અરે. એ તો ખરું. પણ જેટલું દુઃખ અહીં રહેવામાં પડે એટલું દુઃખ તેમાં થઈને ચાલ્યા જવામાં નહિ પડે. અને મને એવું લાગે છે કે આપણે સારુ જે ઘર તૈયાર કરવામાં આવ્યું છે ત્યાં આ માર્ગે થઈને આપણને અવશ્ય જવું પડે તેનું એક કારણ એ છે કે એથી આપણને આપણું એ ઘર વધારે સુખદાયક લાગે.''

માર્ગદર્શકે કહ્યું કે. ''શાબાશ સેમ્યુએલ, તેં ઠીક કહ્યું. આ તો તું શાણા માણસના જેવું બોલ્યો.''

છોકરાએ કહ્યું કે. ''અરે જો હું કદી આ વન ઓળંગીને બહાર નીકળીશ તો અજવાળું અને સારો રસ્તો મને અગાઉના કરતાં બહુ જ સુખકારક લાગશે.'' ત્યારે માર્ગદર્શકે કહ્યું કે. ''હવે થોડી વારમાં આપણે આ મેદાનની પાર નીકળી જઈશું.''

એ પ્રમાણે વાતો કરતાં કરતાં તેઓ ચાલ્યાં જતાં હતાં. એટલે થોડી વાર પછી યૂસફે પૂછ્યું કે. ''આ મેદાનનો છેડો હજી નથી દેખાતો શું?'' ત્યારે માર્ગદર્શકે કહ્યું કે. ''સાવચેતીથી પગલાં માંડજો. કેમ કે થોડેક આગળ જતાં ઠેકાણે ઠેકાણે ફાંદા પાથરેલા આવશે.'' માટે તેઓ સંભાળીને પગલાં મૂકતાં મૂકતાં આગળ ચાલવા લાગ્યાં. પણ ફાંદાઓના કારણથી તેઓ બહુ હેરાન થયાં. હવે તેઓ ફાંદાઓ મધ્યે ચાલતાં હતાં ત્યારે તેઓએ માર્ગની ડાબી બાજુએ ખાઈમાં એક માણસની લાશ નાખેલી જોઈ, જેનું બધું માંસ ફાડી તોડી નાખેલું હતું. ત્યારે માર્ગદર્શકે કહ્યું કે. ''એ માણસ પણ

આ માર્ગે મુસાફરી કરતો હતો. એનું નામ નિશ્ચિંત છે. ઘણા સમયથી એની લાશ એ જગ્યાએ પડેલી છે. જ્યારે તેને પકડીને મારી નાખવામાં આવ્યો ત્યારે સાવચેત નામે એક જણ તેની સાથે હતો. પણ એ તે લૂટારાઓના હાથમાંથી બચી ગયો. આટલામાં કેટલાં માણસો માર્યાં જાય છે તેનો ખ્યાલ પણ તમે કરી નથી શકતા. તેમ છતાં પણ ઘણાં માણસો એવા મૂર્ખ હોય છે કે વિચાર કર્યા વગર ખોટી હિંમત રાખીને પોતાની સાથે ભોમિયો લીધા વગર મુસાફરી પર ચાલી નીકળે છે. બિચારો ખ્રિસ્તી આ ઠેકાણે બચી ગયો એ અજાયબ જેવું છે. પણ એ તો ઈશ્વરનો વહાલો હતો. વળી તે સ્વભાવે ઘણો હિંમતવાન હતો. નહિ તો તે આ વનની પાર નીકળી શકત નહિ."

હવે તેઓ ચાલતાં ચાલતાં એ મેદાનના છેડાની નજીક આવી પહોંચ્યાં. ત્યારે **ખ્રિસ્તી**એ અહીં થઈને જતી વખતે રસ્તાની પડખે જે ગુફા જોઈ હતી તેમાંથી **ગદાવીર** નામનો એક રાક્ષસ નીકળી આવ્યો. આ ગદાવીર **મિથ્યાવાદ** કરીને કાચી ઉંમરના મુસાફરોને ભરમાવી ભુલાવતો હતો. એણે **સતપુરુષ**નું નામ દઈને તેને હાંક મારી. અને તેને કહ્યું કે. કેટલી વાર મેં તને આવાં કામ કરવાની મના કરી છે? ત્યારે મહાત્માએ પૂછ્યું કે. કયા કામ? રાક્ષસે કહ્યુંકે. કયા કામ. એવું તું મને પૂછે છે તે અજાયબ જેવું છે. તું જાણે છે કે કયા કામની હું તને મના કરું છું. પણ હું તારો ધંધો હવે બંધ કરીશ.

**સતપુરુષે** તેને કહ્યું કે. આપણે યુદ્ધ શરૂ કરીએ તે પહેલાં મહેરબાની કરી જરા વિચાર કર. કે આપણે શા કારણે યુદ્ધ કરવું જોઈએ. આ વાત ચાલતી હતી તે દરમિયાન મુસાફર સ્ત્રીઓ તથા

છોકરાઓ ઊભાં ઊભાં ધ્રૂજતા હતાં, અને શું કરવું કે શું નહિ. તે તેઓને સૂઝતું નહોતું. દૈત્યે **સતપુરુષ**ને કહ્યું કે. તું તો લુટારો છે. અને દેશમાંથી ભારે ભારે ચોરીઓ કરીને તું દેશને લૂટે છે. **સતપુરુષે** કહ્યું કે, અરે! એ તો તું સામાન્ય બટ્ટો મૂકે છે. પણ વિશેષ કે અમુક કૃત્યો વિશે બોલ.

ત્યારે દૈત્યે કહ્યું કે, "તું મનુષ્યહરણનો ધંધો કરે છે. તું લોકોની પત્ની છોકરાંને જુદી જુદી જગ્યાએથી ભેગાં કરીને તેમને પારકા તથા અજાણ્યા દેશમાં લઈ જાય છે. અને એમ તું મારા માલિકના રાજ્યને ધક્કો પહોંચાડે છે." પણ **સતપુરુષે** જવાબ આપ્યો કે. હું સ્વર્ગવાસી ઈશ્વરનો સેવક છું. પાપીઓને ઉપદેશ કરીને તેમના મનમાં પશ્ચાત્તાપ ઉત્પન્ન કરવો એ તો મારું કામ છે. પુરુષો. સ્ત્રીઓ તથા છોકરાં અંધારામાંથી નીકળીને અજવાળામાં આવે. અને શેતાનની સત્તા તળેથી નીકળીને ઈશ્વરની તરફ વળે. તેને માટે બનતો પ્રયત્ન કરવાની મને આજ્ઞા આપવામાં આવેલી છે. અને જો ખરેખર આજ કારણથી તું મારી સાથે યુદ્ધ કરવા માગતો હોય તો ચાલ, આવી જા, ઝડપ કર.

એટલે દૈત્ય **સતપુરુષ** સામે ધસી આવ્યો. અને **સતપુરુષ** પણ તલવાર તાણીને તેની સામે ધસ્યો. દૈત્યના હાથમાં એક મોટી ડાંગ હતી. તેઓએ એકદમ યુદ્ધ શરૂ કર્યું, અને પહેલે જ ઝપાટે દૈત્યે **સતપુરુષ**ને નીચે પાડ્યો. તે જોઈને પેલી સ્ત્રીઓ અને છોકરાઓ કલ્પાંત કરવા લાગ્યાં. પણ **સતપુરુષ** ઝટ ઊભો થઈ ગયો. અને બળથી તથા ચપળતાથી ઘા વરસાવવા લાગીને દૈત્યના હાથ પર ઘા કર્યો. આવી રીતે એક કલાક સુધી તેણે યુદ્ધ કર્યા કર્યું. અને તેઓ એટલા તપી ગયા હતા કે જેવી ઉકળતા દેગમાંથી વરાળ

નીકળે છે તેવો શ્વાસ **દૈત્ય**નાં નસકોરાંમાંથી નીકળવા લાગ્યો. પછી તેઓ બંને થાક ખાવાને બેઠા. પણ **સતપુરુષે** એ વખત પ્રાર્થના કરવામાં કાઢ્યો. પણ એ સ્ત્રીઓએ અને છોકરાઓએ તો જ્યાં સુધી યુદ્ધની સમાપ્તિ થઈ ત્યાં સુધી બધો વખત નિસાસા નાખ્યાં તથા રડ્યાં કર્યું.



થોડી વાર થાક ખાધા પછી તથા આરામ લીધા પછી **સતપુરુષ** તથા **દૈત્ય** ફરીથી યુદ્ધ કરવા લાગ્યા, અને **સતપુરુષે** એક ઝપાટો મારીને **દૈત્ય**ને જમીન પર ઢાળી દીધો, ત્યારે તેણે કહ્યું કે, નહિ, ઊભો રહે, મને ઊઠવા દે. ત્યારે **સતપુરુષે** તેને ઊઠવા દીધો, એટલે તેઓ ફરીથી લડવા લાગ્યા, અને **દૈત્યે** પોતાની ડાંગથી **સતપુરુષ**ને એવો સપાટો લગાવ્યો કે તેની

ખોપરી ફૂટતી સહેજ બચી ગઈ. આથી **સતપુરુષ**નો જુસ્સો ઉશ્કેરાયો. અને તેણે પૂરા જુસ્સાથી દૈત્ય ઉપર ધસી જઈને પોતાની તલવાર તેની છાતીમાં પાંચમી પાંસળીની નીચે ભોંકી દીધી. તેથી તેની આંખે અંધારાં આવવા લાગ્યાં. અને પોતાની ડાંગ ઊંચકવાની શક્તિ પણ તેનામાં રહી નહિ. પછી **સતપુરુષે** બીજા એક જ ઘાથી દૈત્યનું માથું તેના ધડથી જુદું કરી નાખ્યું. આ જોઈને પેલી સ્ત્રીઓ તથા છોકરાઓ આનંદ કરવા લાગ્યાં. અને ઈશ્વરે તેમનો જે બચાવ કર્યો હતો તેને લીધે **સતપુરુષે** પણ ઈશ્વરની સ્તુતિ કરી.

તેઓ એ પ્રમાણે હર્ષ તથા સ્તુતિ કરી રહ્યાં. ત્યાર પછી તે બધાંએ મળીને એક સ્તંભ ઊભો કર્યો. અને તે દૈત્યનું માથું તેના પર ટાંગ્યું. અને ત્યાં થઈને જનારાં બીજાં મુસાફરો વાંચીને માહિતગાર થાય માટે તે સ્તંભ પર નીચેની માહિતી મુજબનો લેખ કર્યો:

મસ્તક દેખી જાણજો. યાત્રી રિપુ છે મહાન.
ભો ગયો પથ રોકનાર તણો, થયો વધ તેનો જાણ.

હવે મેં સ્વપ્નમાં જોયું કે તેઓ અહીંથી આગળ ચાલતાં થોડે દૂર એક ટેકરી હતી ત્યાં પહોંચ્યાં. એ ટેકરી બનાવવાનું કારણ એ હતું કે મુસાફરો તે પર ચઢીને જુએ ત્યારે ઘણે દૂર સુધી પોતાનો માર્ગ જોઈ શકે. આ જગ્યાએ ખ્રિસ્તીએ પોતાના મિત્ર વિશ્વાસને સૌ પ્રથમ જોયો હતો. એ માટે તેઓ થાક ખાવા સારુ અહીં બેઠાં. તેઓએ વળી આ જગ્યાએ ખાઈ પીને આનંદ કર્યો. કેમ કે એવા મહા ભયંકર શત્રુના હાથમાંથી તેમનો બચાવ થયો હતો તેથી તેઓ આનંદમગ્ન હતાં. આવી રીતે બેસીને તેઓ ખાતાં હતાં

એવામાં **ખ્રિસ્તી સ્ત્રી**એ માર્ગદર્શકને પૂછ્યું કે, આપને યુદ્ધમાં કંઈ નુકસાન તો થયું નથી? ત્યારે **સતપુરુષે** કહ્યું કે, ના. માત્ર એક બે ઉપરછલ્લાં જૂજ ઘા મને થયા છે તે સિવાય બીજી કંઈ ઈજા થઈ નથી. અને તેથી વળી મને કંઈ નુકસાન થશે એમ નહિ,પણ એ તો હાલ મારા સ્વામી પર તથા તમારા પર મારા પ્રેમનું પ્રમાણ છે. અને છેલ્લે દિવસે મને મળવાના બદલામાં ઈશ્વરકૃપાથી વૃદ્ધિ થવાનું કારણ થઈ પડશે.

**ખ્રિસ્તી સ્ત્રી :** પણ મહારાજ, જ્યારે આપે તેને ડાંગ લઈને આવતો જોયો ત્યારે આપને બીક ના લાગી?

**સતપુરુષે** કહ્યું કે, સર્વશક્તિમાન ઈશ્વર ઉપર હું આધાર રાખું તે માટે પોતાની શક્તિનો ભરોસો રાખવો એ તો મારી ફરજ છે.

**ખ્રિસ્તી સ્ત્રી :** પણ જ્યારે દૈત્યે પહેલે જ ઝપાટે આપને ઘૂંટણીએ પાડ્યા ત્યારે આપના મનમાં કેવા વિચાર આવ્યા હતા?

**સતપુરુષે** ઉત્તર આપ્યો કે, મને એ વિચાર આવ્યો હતો કે, મારા સ્વામીને પણ તેઓએ એવું જ વિતાડ્યું હતું. પણ અંતે તેણે જય મેળવ્યો.

**માથ્થી :** તમે બધાંએ ગમે તેવા વિચાર કર્યા, પણ મને તો એ વિચાર આવે છે કે આ ભયંકર મેદાનમાંથી આપણને બહાર લાવવામાં, અને શત્રુના હાથમાંથી બચાવવામાં ઈશ્વરે આપણા પર અદ્દભુત ઉપકાર કર્યો છે. ઈશ્વરે આપણા પ્રત્યે પોતાની પ્રીતિનું આવું અદ્દભુત પ્રમાણ આવી ભયંકર જગ્યામાં આપણને હમણાં ને હમણાં આપ્યું છે તેથી મને તો ખાતરી છે કે હવે પછી કદી આપણા ઈશ્વર પર આપણે અવિશ્વાસ રાખવો ન જોઈએ.

પછી તેઓ ત્યાંથી ઊઠીને આગળ ચાલ્યાં. હવે તેઓની આગળ થોડે દૂર એક ઓકવૃક્ષ હતું, તેની પાસે તેઓ આવી પહોંચ્યાં. ત્યારે તેઓએ એક વૃદ્ધ મુસાફરને તેની નીચે ભર ઊંઘમાં સૂતેલો જોયો. તેનાં વસ્ત્ર, લાકડી તથા કમરપટો જોઈને તેઓએ જાણ્યું કે એ મુસાફર છે.



પછી સતપુરુષે તેને જગાડ્યો, ત્યારે વૃદ્ધ પુરુષ પોતાની આંખો ઊંચી કરીને ઘાંટો પાડીને કહ્યું કે, "શું છે? તું કોણ છે? અને અહીં તું શું કરવા આવ્યો છે?"

**સતપુરુષ :** ભલા આદમી, એટલો બધો ગુસ્સે ન થા. અહીં તારો શત્રુ કોઈ નથી. અમે બધાં તારાં મિત્રો છીએ. આટલું કહ્યાં છતાં પણ એ વૃદ્ધને તેઓનો ભરોસો ન આવ્યો, અને સાવચેતીથી

તેઓની સામે નજર રાખીને ઊભો થઈને પૂછવા લાગ્યો કે. "તમે કોણ છો?" ત્યારે માર્ગદર્શકે કહ્યું કે. "મારું નામ **સતપુરુષ** છે. આ મુસાફરો સ્વર્ગી દેશમાં જાય છે તેઓનો માર્ગદર્શક હું છું."

આ સાંભળીને એ વૃદ્ધ પુરુષ જેનું નામ સાત્વિક હતું તેણે કહ્યું કે. "કૃપા કરીને મને માફ કરો. મને એવી બીક હતી કે. જે ટોળીએ થોડા દિવસ અગાઉ અલ્પવિશ્વાસનું ધન લૂટી લીધું હતું. તે ટોળીમાંનાં તમે હશો. પણ હવે વધારે ધ્યાન દઈને તમને તપાસી જોતાં મને ખાતરી થાય છેકે તમે આબરુદાર માણસો છો."

**સતપુરુષ :** જો અમે ખરેખર એ લૂટારા ટોળીમાંનાં હોત તો તમે પોતાના રક્ષણાર્થે શું કરત?

**સાત્વિક :** શું કરત! અરે. મારામાં પ્રાણ રહેત ત્યાં સુધી હું યુદ્ધ કરત. અને જો મને યુદ્ધ કરવું પડત તો મને ખાતરી છે કે. તમે મને કદી હાર ખવાડી ન શકત. કેમ કે હર કોઈ ખ્રિસ્તી પોતાની મેળે શરણ ન થાય ત્યાં સુધી કોઈ તેને હરાવી ન શકે.

માર્ગદર્શકે કહ્યું કે. "કાકાજી સાત્વિક. શાબાશ છે તમને. તમારા બોલવાથી જાણું છું કે તમારા નામ પ્રમાણે તમે ખરેખર સાત્વિક પુરુષ છો. કેમ કે તમે સત્ય બોલ્યા છો."

**સાત્વિક :** અને તારા બોલવા પરથી હું પણ જાણું છું કે. ખરા મુસાફરનો ધર્મ શો છે તે તું સમજે છે. કેમ કે બીજા બધા લોકો એમ ધારે છે કે. આપણે ખ્રિસ્તીઓ બીજા લોકો કરતાં જલદી તથા સહેજમાં હારી જઈએ છીએ.

**સતપુરુષ :** આપનાં દર્શન થયાથી અમે પોતાને ભાગ્યવાન સમજીએ છીએ. કૃપા કરી આપનું નામ અને આપ જ્યાંથી આવ્યા તે જગ્યાનું નામ અમને કહેશો તો આપનો આભાર.

**સાત્વિક :** મારું નામ તો હું તમને કહી શકતો નથી. પણ જડબુદ્ધિ નામના શહેરમાંથી હું આવ્યો છું. એ શહેર નાશ થનાર શહેરની પેલે પાર આશરે ચાર રેખાંશ (દોઢસો ગાઉ)ને છેટે છે.

**સતપુરુષ :** ઓહો! તમે તે દેશના રહીશ છો કે? ત્યારે તો તમે કોણ છો તેની થોડી ઘણી અટકળ હું કરી શકું છું. તમારું નામ સાત્વિક બાવા છે કે નહિ?

ત્યારે એ વૃદ્ધ પુરુષ શરમાતાં શરમાતાં બોલ્યો કે. સાત્વિકતાનું સ્વરૂપ જ હું છું એમ તો નહિ. પણ મારું નામ જ સાત્વિક છે. અને મારા નામ પ્રમાણે મારો સ્વભાવ હોય એવું હું ઇચ્છું છું. પણ મહારાજ. હું એ શહેરમાંથી આવ્યો એ જાણીને તમે કેવી રીતે કલ્પ્યું કે હું તે જ માણસ છું?

**સતપુરુષ :** મેં અગાઉ મારા સ્વામીના મોંથી તમારા વિષે સાંભળ્યું હતું. કેમ કે પૃથ્વી પર જે કંઈ થાય છે તે સર્વ તે જાણે છે. પણ તમારા નગરમાંથી જ્યારે જ્યારે કોઈ માણસ મુસાફર થઈને નીકળી આવે છે. ત્યારે મને હમેશાં અચંબો લાગે છે. કેમ કે નાશ થનાર શહેર કરતાં પણ તમારું શહેર ભૂંડું છે.

**સાત્વિક :** હા. અમારો દેશ સૂર્યથી વધારે દૂર આવેલો છે. અને તેથી ત્યાંના લોક નાશ થનાર શહેરના લોકથી વધારે ઠંડા તથા જડ બુદ્ધિના છે. પણ કોઈ માણસ તદન બરફના બનેલા પહાડમાં રહેતો હોય તોપણ જો ન્યાયીપણાનો સૂર્ય તેના પર પ્રકાશે. તો તેનું કઠણ થઈ ગયેલું હૃદય પિગળ્યા વગર રહે જ નહિ. અને મને પણ એજ પ્રમાણે થયું છે.

**સતપુરુષ :** તમારું કહેવું હું પૂરેપૂરું માનું છું. સાત્વિક કાકા. મને તેનો ભરોસો છે. કેમ કે હું પોતે જાણું છું કે એ વાત ખરી છે.

પછી તે વૃદ્ધ પુરુષે બધાં મુસાફરોને હેતથી પવિત્ર ચુંબન કર્યું, અને તેમનાં નામ પૂછ્યાં, અને પૂછ્યું કે તમે મુસાફરીએ ચાલી નીકળ્યાં ત્યારથી તે અત્યાર સુધી તમને શો શો અનુભવ થયો તે મને કહો.

ત્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ કહ્યું કે, હું ધારું છું કે મારું નામ તો તમે સાંભળ્યું હશે. સુભક્ત ખ્રિસ્તી મારો પતિ હતો. અને આ ચાર તેના બાળકો છે.

પણ પોતે આ સ્ત્રી છે એવું જ્યારે **ખ્રિસ્તી સ્ત્રી**એ તેને કહ્યું કે, ત્યારે તે વૃદ્ધ પુરુષને કેટલી નવાઈ લાગી તેમ જ આનંદ થયો તેનો ખ્યાલ તમે કરી શકશો? તે નાચવા કૂદવા લાગ્યો, આનંદિત થયો, અને **ખ્રિસ્તી સ્ત્રી** વગેરેને પુષ્કળ આશિષ દઈને તેને કહેવા લાગ્યો કે, મેં તમારા પતિ વિષે, તેમની મુસાફરી દરમિયાન તેમને જે યુદ્ધ કરવાં પડ્યાં તે વિષે બહુ વાતો સાંભળી છે. આ સાંભળીને તમને બહુ આનંદ તથા દિલાસો પ્રાપ્ત થશે કે, દુનિયાના આ ભાગોમાં તમારા પતિના નામની કીર્તિ સર્વત્ર ગાજી રહી છે. તેમણે બધી હાલતમાં જે વિશ્વાસ, હિંમત, દૃઢતા તથા પ્રમાણિકપણું દેખાડ્યાં હતાં તેના કારણથી તેમનું નામ પ્રખ્યાત થઈ ગયું છે. પછી તે વૃદ્ધ પુરુષે છોકરાઓ તરફ ફરીને તેઓનાં નામ પૂછ્યાં. ત્યારે છોકરાઓએ પોતપોતાનાં નામ કહ્યાં. પછી તેણે છોકરાઓને નીચે મુજબ કહ્યું. માથ્થીને કહ્યું, "હે માથ્થી, તું માથ્થી દાણીના જેવો થજે. દુર્ગુણમાં તો નહિ પણ સદ્‌ગુણમાં તેના જેવો થજે." સેમ્યુએલને તેણે કહ્યું, "હે સેમ્યુએલ, તું સેમ્યુએલ ભવિષ્યવાદી જેવો વિશ્વાસી તથા પ્રાર્થનામાં લાગુ રહેનાર ભક્ત થજે." યૂસફને તેણે કહ્યું, "હે યૂસફ, જેમ પોટીફારના ઘરમાં યૂસફ પવિત્ર રહ્યો અને પરીક્ષણથી નાઠો તેમ તું પણ પવિત્ર તથા પરીક્ષણથી નાસનાર

થજે." અને યાકૂબને તેણે કહ્યું, "હે યાકૂબ, તું ન્યાયી યાકૂબ જેવો તથા આપણા પ્રભુના ભાઈ યાકૂબ જેવો ભલો થજે." પછી તેઓએ તે વૃદ્ધ પુરુષને કરુણા વિષે વાત કરીને તે કેવી રીતે પોતાનું ગામ તથા સગાંવહાલાં છોડીને ખ્રિસ્તી સ્ત્રીની તથા તેના છોકરાઓની સાથે આવી હતી, તે બધું તેને કહ્યું. એ સાંભળીને એ સાત્વિક વૃદ્ધ પુરુષે કહ્યું હે, કરુણા, તારું નામ કરુણા છે, તો માર્ગમાં તારા પર જે સઘળાં સંકટો આવી પડશે તેઓ મધ્યે ઈશ્વરની કરુણાથી જ તારો નિભાવ થશે તથા તેઓની પાર જઈ શકશે, અને અંતે તું સુખધામમાં પહોંચીને ત્યાં કરુણાનો ઝરો તારી નજરે જોઈને આનંદ તથા દિલાસો પામશે. આ બધી વાત ચાલી તે દરમિયાન માર્ગદર્શક સતપુરુષ બહુ આનંદિત થઈને હસમુખા ચહેરાથી પોતાનાં સંગાથીઓ તરફ જોયા કરતો હતો.

પછી તેઓ બધાં સાથે સાથે આગળ ચાલવા લાગ્યાં. ચાલતાં ચાલતાં માર્ગદર્શકે સાત્વિક વૃદ્ધને પૂછ્યું કે, બીકણ નામનો તમારા દેશનો એક જણ મુસાફરીને નીકળ્યો હતો તેને તમે ઓળખો છો કે નહિ?

સાત્વિકે કહ્યું કે, "હા, હું તેને સારી પેઠે ઓળખું છું. ધર્મનું મૂળ તો તેનામાં હતું, પણ એના જેવો તસ્દી દેનાર મુસાફર તો મેં મારી આખી જીંદગીમાં કોઈ જોયો નથી."

**સતપુરુષ :** મને ખાતરી છે કે તમે તેને ઓળખતા હતા, કેમ કે તમે તેની ચાલનું આબેહૂબ વર્ણન કર્યું છે.

**સાત્વિક :** ઓળખું કેમ નહિ! હું તો તેનો દિલોજાન દોસ્ત હતો. હું તેની સાથે ઘણો સમય રહેલો છું. ભવિષ્યમાં અમારું શું થશે એવી ચિંતા તે સૌ પ્રથમ કરવા લાગ્યો ત્યારે હું તેની સાથે હતો.

**સતપુરુષ :** હું તેને માર્ગ દેખાડવા સારુ મારા સ્વામીના ઘરથી તે સ્વર્ગી શહેરના દરવાજા સુધી તેની સાથે ગયો હતો.

**સાત્વિક :** ત્યારે તો એ કેવો તસ્દી દેનાર હતો એ તમે જાણ્યું હશે.

**સતપુરુષ :** હા. મને જાણ તો થઈ. પણ હું ઘણી સહેલાઈથી તેની તસ્દી સહન કરી શક્યો. કેમ કે મારા જેવી પ્રવૃત્તિ કરનારને એના જેવા જ માણસોને માર્ગ દર્શાવવાનું કામ ઘણી વખત સોંપવામાં આવે છે.

**સાત્વિક :** વારુ ત્યારે. જ્યાં સુધી તે તમારા હવાલામાં હતો ત્યાં સુધી તે કેવી રીતે વર્ત્યો. તે મહેરબાની કરીને અમને જરા કહેશો?

**સતપુરુષ :** અરે ભાઈ. તેને તો હમેશાં એવી બીક લાગતી હતી કે હું જે સ્થળે જવાની અભિલાષા રાખું છું ત્યાં સુધી હું જઈ શકવાનો નથી. માર્ગમાં જરા પણ અડચણ કે વિઘ્ન નડવા વિષે જો કોઈ કંઈ વાત કરે તો તે ડરી જતો. મેં એવું સાંભળ્યું છે કે તે **નિરાશકળણ** આગળ આવી પહોંચ્યો ત્યારે એક મહિના કરતાં વધારે સમય સુધી ત્યાં પડ્યો પડ્યો પોકેપોક મૂકીને વિલાપ કર્યા કરતો હતો. અને તેણે ઘણાંને તે કળણની પાર જતાં જોયાં. અને તેઓમાંનાં ઘણાંએ તેને હાથનો ટેકો આપીને પાર જતાં સુધી મદદ કરવાનું કહ્યું. પણ તેની હિંમત ચાલી જ નહિ. તેમ જ તે પાછો પણ ફરે નહિ. તે એમ કહેતો હતો કે, જો સ્વર્ગી શહેરમાં મારાથી નહિ પહોંચાય તો હું મરીશ. તેમ છતાં પણ કોઈ અડચણ જોઈને તે નિરાશ થઈ જતો. અને જો કોઈ એક તણખલા સરખી અડચણ રસ્તામાં નાખતો તેથી ઠોકર ખાઈને તે પડી જતો. એમ

કરતાં કરતાં, મેં તમને કહ્યું છે તે મુજબ લાંબી મુદત સુધી ત્યાં પડી રહ્યા પછી, એક સવારે નિર્મળ આકાશમાં સૂર્ય ખૂલ્લો પ્રકાશતો હતો તેવામાં કોણ જાણે શા કારણથી તેણે તેમાં ઝંપલાવવાની હિંમત કરી અને થોડી વારમાં પાર નીકળી ગયો, અને પાર ગયા છતાં તેને ભરોસો ન પડ્યો કે હું પાર નીકળ્યો છું. મને લાગે છે કે તેના મગજમાં **નિરાશકળણ** હતું. અને તે જ્યાં



જતો હતો ત્યાં તેને સાથે લઈને જ ફરતો, નહિ તો જેવો બીકણને નિરાશ હતો તેવો હોત નહિ.પછી તે એ માર્ગના નાકા પર દરવાજા આગળ આવી પહોંચ્યો, અને ત્યાં પણ તે ઘણીવાર સુધી ઊભો રહ્યો પણ દરવાજો ખખડાવવાની તેની હિંમત ચાલી નહિ. જ્યારે દરવાજો ઉઘાડવામાં આવતો, ત્યારે હું પેસવાને લાયક નથી

એમ કહીને પાછો હઠે અને બીજાઓને પેસવાનો માર્ગ આપે. માટે જો કે તે કેટલાકની આગળ દરવાજે પહોંચ્યો હતો તોપણ તેઓમાંના ઘણા તેની આગળ અંદર દાખલ થઈ ગયા. એ બિચારો દરવાજાની બહાર એવી રીતે ધ્રૂજતો અને સંકોચાતો ઊભો થઈ રહેતો, કે તેને જોઈને હર કોઈના મનમાં તેના પર દયા આવ્યા વગર ન રહે. વળી તે પાછો પણ ન ફરે. આખરે દરવાજા પર જે મોગરી ટાંગેલી હતી તે તેણે હાથમાં લઈને ધીમેથી એક બે ટકોરા દરવાજા પર માર્યા. ત્યારે એક જણે દરવાજો ઉઘાડ્યો, પણ તે આગળની પેઠે જ સંકોચાઈને પાછો હટ્યો. ત્યારે દરવાજો ઉઘાડનારે બહાર નીકળીને તેની પાસે આવીને કહ્યું કે, હે ધ્રૂજતા માણસ, તું શું માગે છે? એટલું સાંભળતાં જ તે જમીન પર ઢળી પડ્યો. તેની સાથે બોલનાર દરવાન તેને આટલો બધો નિર્ગત જોઈને નવાઈ પામ્યો. અને તેને કહ્યું કે તને શાંતિ થાઓ, ઊઠ, તારે જ માટે મેં દરવાજો ઉઘાડ્યો છે, અંદર આવ, કેમ કે તું આશીર્વાદિત છે. એ સાંભળીને તે ઊઠ્યો, અને ધ્રૂજતો ધ્રૂજતો અંદર ગયો. પણ અંદર ગયા પછી તે પોતાનું મોં દેખાડતાં શરમાતો હતો. પછી તમે જાણો છો તે રીત મુજબ કેટલાક દિવસ સુધી તેની પરોણાચાકરી કર્યા પછી તે લોકોએ તેને વિદાયગીરી આપી અને માર્ગ દેખાડીને કહ્યું કે, એ માર્ગે જજો. પછી તે ચાલતો ચાલતો અમારે ઘેર આવી પહોંચ્યો. પણ જેવી રીતે તે નાકાને દરવાજે વર્ત્યો હતો તેવી જ રીતે મારા સ્વામી **સમજાવનાર**ના બારણા આગળ પણ વર્ત્યો. ત્યાં આગળ ઘણા દિવસ તે ઠંડીમાં પડી રહ્યો, પણ બૂમ મારવાની તેને હિંમત ન થઈ. અને જો કે તે વખતે રાતો લાંબી હતી અને ઠંડી બહુ પડતી હતી, તોપણ પાછા ફરવાનું તેને મન નહોતું. તેની પાસે

મારા સ્વામી પર લખેલો એક અગત્યનો પત્ર હતો. તેમાં મારા સ્વામીને એવી સૂચના કરવામાં આવી હતી કે. આ ચિઠ્ઠી લાવનાર માણસને તમારા ઘરમાં આવકાર આપીને તેની પરોણાચાકરી કરીને તેને સુખી કરવો. અને તેને એક બળવાન તથા બહાદુર માર્ગદર્શક આપીને વિદાય કરવો. કેમ કે તે જાતે બહુ જ ડરપોક છે. આટલી બધી ભલામણ છતાં એ બારણા આગળ હાંક મારવાની તેને હિંમત થાય નહિ. તેથી એ બિચારો ત્યાં આગળ અહીં તહીં પડી રહ્યો. અને આખરે ભૂખથી મરણતોલ થઈ ગયો. તે એટલો બધો બેહોશ થઈ ગયો હતો કે. જો કે તેણે કેટલાક માણસોને બારણું ખખડાવીને અંદર દાખલ થતાં જોયાં. તોપણ તેને હાંક મારવાની હિંમત ન આવી. છેલ્લે મેં બારીમાંથી ડોકિયું કરીને બહાર જોયું. ત્યારે મેં તેને બારણા પાસે આંટાફેરા મારતો જોયો. એટલે તેની પાસે બહાર જઈને મેં તેને પૂછ્યું કે. તમે કોણ છો? પણ એ બિચારો કંઈ બોલી ન શક્યો અને તેની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં, તેથી હું તેના મનનો હેતુ સમજી ગયો. માટે મેં અંદર જઈને ઘરના લોકોને ખબર આપી. અને પછી અમે એ વાત અમારા સ્વામીને જાહેર કરી. એટલે તેને આગ્રહ કરીને અંદર બોલાવી લાવવા સારુ મને અમારા સ્વામીએ ફરીથી બહાર મોકલ્યો. પણ તેને અંદર બોલાવી લાવતાં મને ભારે મહેનત પડી. પણ તે આખરે અંદર આવ્યો ત્યારે મારા સ્વામી એટલા હેતથી તથા માયાળુ રીતે તેની સાથે વર્તવા લાગ્યા કે. અમ સર્વને નવાઈ લાગી. ત્યાં સારી સારી વાનગીઓ માત્ર થોડી જ પીરસવામાં આવેલી હતી. પણ પ્રત્યેક વાનગીમાંથી કેટલોક ભાગ તેની થાળીમાં મૂકવામાં આવ્યો. પછી તેણે પેલો ભલામણપત્ર રજૂ કર્યો. અને

મારા સ્વામીએ તે વાંચીને તેને કહ્યું કે, તારી અરજ મંજૂર કરવામાં આવશે. હવે ત્યાં ઘણા દિવસો રહ્યા પછી તેને થોડી ઘણી હિંમત આવતી જણાઈ તથા તેના મનને કંઈક અધિક શાંતિ તથા સમાધાન પ્રાપ્ત થવા લાગ્યાં. કેમ કે તમારે જાણવું જોઈએ કે મારા સ્વામી ઘણા દયાળુ સ્વભાવના છે. અને ડરપોક માણસો ઉપર તો તે વિશેષ દયા રાખે છે. માટે તેઓ તેની સાથે એવી માયાળુ રીતે વર્ત્યા કે જેથી તેને હિંમત તથા ઉત્તેજન મળ્યા વગર રહે નહિ. હવે ત્યાંની બધી વસ્તુઓનું તેને દર્શન કરાવ્યા પછી તે સ્વર્ગી શહેર તરફ ચાલી નીકળવાને તૈયાર થયો, ત્યારે મારા સ્વામીએ અગાઉ ખ્રિસ્તીને આપ્યું હતું તેમ તેને દ્રાક્ષરસની એક શીશી તથા કેટલીક ખાવાની સ્વાદિષ્ટ વસ્તુઓ આપી. અમે ચાલી નીકળ્યા. અને હું તેની આગળ આગળ ચાલતો હતો, પણ એ માણસ ક્વચિત જ વાત કરતો, માત્ર મોટા મોટા નિસાસા નાખ્યાં કરતો.

જ્યારે અમે ચાલતાં ચાલતાં જે ઠેકાણે પેલા ત્રણ માણસોને ફાંસીએ લટકાવ્યા હતા ત્યાં આવી પહોંચ્યાં, ત્યારે તેણે કહ્યું કે, મને એવો ભય ઉત્પન્ન થાય છે કે કદાપિ મારા પણ આખરે એ હાલ થશે. પછી જ્યારે તેણે વધસ્તંભ તથા કબર જોયાં ત્યારે જ માત્ર ખુશી થયેલો જણાયો. હું કબૂલ કરું છું કે, એ વસ્તુઓ નિહાળવાને ત્યાં કેટલાક સમય રોકાવાની તેણે વિનંતી કરી. અને ત્યાર પછી કેટલાક સમય સુધી તે જરા આનંદી જણાયો. અને જ્યારે અમે દુર્ઘટ પહાડ આગળ આવ્યા ત્યારે કંઈ બીક કે આનાકાની વગર તે ચઢી ગયો. અને ત્યાંના સિંહો જોઈને તે જરા પણ ગભરાયો નહિ. કેમ કે તમારે જાણવું જોઈએ કે એવી બાબતોથી

તેને બીક કે મુશ્કેલી નહોતાં લાગતાં, તેને બીક તો એથી લાગતી હતી કે કદાપિ આખરે મારો અંગીકાર કરવામાં નહિ આવે.

અમે ચાલતાં ચાલતાં રમણિય ઘર આગળ આવી પહોંચ્યાં ત્યારે તેમાં તરત પેસવાની તેને ઇચ્છા ન હતી. પણ હું માંડ માંડ તેને અંદર લઈ ગયો. વળી તેને અંદર લઈ ગયા પછી મેં ત્યાં રહેનારી કન્યાઓ સાથે તેની ઓળખાણ કરાવી. પણ તે તેઓની જોડે વધારે વાર બેસતાં શરમાતો. એકલા એકાંતમાં બેસી રહેવાનું તે બહુ ચાહતો હતો. પરંતુ સારી સારી વાતો સાંભળવાની તેને હમેશાં બહુ હોંશ હતી. અને ઘણી વાર એવી વાતો સાંભળવાને તે પડદાની ઓથે ભરાતો હતો. વળી પુરાતન બાબતો જોવાનું તથા તેઓ વિષે મનમાં મનન કરવાનું તેને બહુ મન હતું. તેણે પાછળથી મને કહ્યું કે. જે બે ઘરોમાં આપણે છેલ્લા ઊતર્યાં હતા તેમાં. એટલે નાકાના દરવાજા પાસેના ઘરમાં તથા સમજાવનારના ઘરમાં રહેવાનું બહુ મન હતું.પણ ત્યાં રહેવાનું પૂછવાની હિંમત મને ન થઈ.

જ્યારે અમે રમણિય ઘરમાંથી નીકળીને પર્વત પરથી નીચેના નમ્રતાના મેદાનમાં ઉતરવા લાગ્યા ત્યારે તે એવી સરળતાથી તેમાં ઊતરી પડ્યો કે મેં મારા જન્મારામાં કોઈને એથી વધારે ઉત્તમ રીતે ઉતરતાં જોયો નથી, કેમ કે તે એમ ધારતો હતો કે જો આખરે મને સુખ પ્રાપ્ત થાય તો હમણાં મને ગમે તેવી અધમ સ્થિતિમાં ઉતરવું પડે તેમાં શી ફિકર? મને તો લાગે છે કે તેને એ મેદાનની જોડે એક પ્રકારનો સંબંધ હોવો જોઈએ. કેમ કે એ મેદાનમાં તે જેવો સુખી હતો તે કરતાં વધારે સુખી તેની આખી મુસાફરીમાં કોઈ પણ જગ્યાએ મારા જોવામાં આવ્યો નથી.

આ મેદાનમાં તો તે જમીન પર સૂઈને તેને આલિંગન કરતો. અને ત્યાં જે ફૂલો ખીલેલાં હતાં તેમને પણ ચુંબન કરતો. અહીં તે દરરોજ સવારમાં વહેલો ઊઠીને એ મેદાનમાં બધે આનંદથી ફરતો.

પણ જ્યારે અમે મૃત્યુછાયાની ખીણના નાકા આગળ આવી પહોંચ્યાં ત્યારે તો મને લાગ્યું કે હવે તો મને સોંપેલો માણસ હું ખોઈ બેસવાનો. તેને પાછા જવાનું મન હતું એમ તો નહિ. કેમ કે એ કામ પ્રત્યે તો તેનો ધિક્કાર હતો. પણ બીકથી તે મરણતોલ થઈ ગયો હતો. તે એવી બૂમો પાડવા લાગ્યો કે, અરે. રે! મને ભૂતો પકડી જશે, મને પલિતો ઘસડી જશે. અને મેં તેને બહુ સમજાવ્યો. પણ તેની બીક ગઈ નહિ. આ જગ્યાએ તેણે એટલી તો બૂમરાણ ને ગરબડ કરી મૂકી કે જો ભૂતોએ એ કલ્પાંત સાંભળ્યું હોત, તો તેમને એટલું ઉત્તેજન મળત કે તેઓ અમારા પર ધસી પડત.

પણ મને ઘણું નવાઈ જેવું એ લાગ્યું કે જ્યારે અમે એ મેદાનમાં ચાલતાં હતા ત્યારે તેમાં એટલી શાંતતા તથા ચૂપકીદી ફેલાયેલી હતી કે, એથી વધારે શાંતિ તથા ચૂપકીદી મેં ત્યાર પહેલાં કે ત્યાર પછી કદી ત્યાં જોઈ નથી. મને લાગે છે કે આપણા સ્વામીએ આ વખતે અહીંના શત્રુઓને હુકમ કરીને ખાસ મના કરી હતી કે, જ્યાં સુધી ડરપોક એ મેદાનની પાર જાય નહિ ત્યાં સુધી તમારે કંઈ ખટપટ કરવી નહિ.

ડરપોકની તમામ વાત તમને કહેતાં બહુ સમય લાગે, માટે એના વિષેની બીજી બે ત્રણ બાબતો જ હું કહીશ. જ્યારે અમે વ્યર્થત્વના મેળામાં જઈ પહોંચ્યા, ત્યારે તે મેળામાં બધાં માણસોની

મૂર્ખાઈ જોઈને તે એટલાં ગુસ્સે થઈ ગયાં કે મને લાગ્યું કે તે એ સર્વની સાથે લડી પડશે. તે એટલે સુધી કે અમ બંનેનાં માથાં ફૂટશે એવી બીક મને લાગી. પણ મંત્રેલી ભૂમિમાં તો તે બહુ જાગૃત રહ્યો. પણ પૂલ વગરની નદી આગળ જ્યારે અમે આવી પહોંચ્યા ત્યારે ત્યાં આગળ તે પાછો ખૂબ ગભરાયો અને ઉદાસ થઈ ગયો. તે કહેવા લાગ્યો કે. હવે તો હું જરૂર અહીં ડૂબીને નાશ પામવાનો. અને જેનું મુખ જોવાને હું આટલી લાંબી મજલે ચાલ્યો આવ્યો છું તેના મુખના દર્શનનો આનંદ મને કદી પ્રાપ્ત થવાનો નથી.

હવે આ જગ્યાએ પણ એક નવાઈ જેવી વાત મારા જોવામાં આવી. તે એ કે. એ નદીનું પાણી આ વખતે એટલું ઊતરી ગયું હતું કે એટલું નીચું પાણી મેં મારા જન્મારામાં કોઈ વખત જોયું નથી. તેથી આખરે તે એ નદી ઊતર્યો. ત્યારે પાણી તેના પગની ઘૂંટીથી ઊંચું આવ્યું નહિ. ત્યાર પછી તે રાજધાની નગરના દરવાજા ભણી ચાલવા લાગ્યો. એટલે 'સ્વર્ગી' નગરમાં તમને ઉત્તમ આવકાર મળો.' એવી આશિષ તેને આપીને પછી મેં તેની રજા માગી. ત્યારે તેણે કહ્યું કે. મને મળશે. મને મળશે. પછી અમે જુદાં પડ્યા. અને ત્યાર પછી મેં તેને જોયો નથી.

**સાત્વિક :** ત્યારે તો મને લાગે છે કે અંતે તેનું કલ્યાણ થયું. કેમ બરાબર?

**સતપુરુષ :** હા. ખચીત થયું.મને તો એના વિષે કદી સંદેહ આવ્યો નથી. તે ઉત્તમ સ્વભાવનો માણસ હતો. માત્ર હમેશાં તેનું મન બહુ દીન અને દિલગીર રહેતું હતું. અને તેથી જ તેની જીંદગી તેને પોતાને ભારે બોજારૂપ થઈ પડી હતી. અને બીજાંઓને પણ

હાનિકારક થઈ પડી હતી. ઘણા ખરા મનુષ્યોના કરતાં તેને પાપ વિશે અધિક તીવ્ર લાગણી હતી. રખેને બીજાઓને નુકસાન પહોંચે એવી બીકથી પોતાને જે વસ્તુઓનો ઉપભોગ કરવાનો હક હોય તે પણ ઘણી વાર તે ભોગવતો નહોતો. કેમ કે કોઈને ઠોકર ખવડાવવાની કે કોઈનું મન દુઃખવવાની તેને ઇચ્છા ન હતી.

**સાત્વિક :** પણ આવો ઉત્તમ માણસ જન્મારાભર એટલો બધો દુઃખી તથા દિલગીર રહે એનું શું કારણ હશે?

**સતપુરુષ :** એનાં બે કારણ છે. એક તો એ કે. સર્વજ્ઞાની પરમેશ્વરની એવી ઇચ્છા છે કે. કેટલાંક તો ગાઈ વગાડીને આનંદ કરે અને કેટલાંક વિલાપ કરે. હવે બીકણ વિલાપરૂપી ખરજ સૂરવાળું વાજિંત્રો વગાડનારો હતો. તે અને તેના જેવા બીજા લોકો પીપુડી વગાડનારા છે. કે જેનો નાદ બીજાં વાજિંત્રોના કરતાં વધારે ઉદાસી ભરેલો છે. પરંતુ કેટલાકનો અભિપ્રાય એવો છે કે. એ ખરજ સૂર તો રાગરાગીણીઓનું મૂળ છે. જે લોકો પોતાને ધાર્મિક કહે છે તેઓના ધાર્મિકપણાનો આરંભ જો પસ્તાવિક તથા શોકાતુર મનથી નથી થયો તો તેવા ધાર્મિકપણાને હું બિલકુલ નકામું ગણું છું. જ્યારે કોઈ બજૈયો વાજિંત્રના બધા સૂર બરાબર મેળવવા ચાહે છે ત્યારે પ્રથમ ખરજ સૂરના ટકોરો મારી તપાસી જુએ છે. પરમેશ્વર પણ જ્યારે મનુષ્યના આત્મારૂપી વાજિંત્રના સૂર પોતાને માટે મેળવવા ચાહે છે ત્યારે આ ખરજ સૂરનો તાર પ્રથમ વગાડે છે. ડરપોકની ખામી એ હતી કે. લગભગ તેના મોત સુધી ખરજ સૂર વગર બીજો સૂર તે વગાડી શક્યો જ નહિ.

આ વાત દૃષ્ટાંતરૂપે કહેવાની મેં હિંમત બતાવી છે એનો હેતુ એ છે કે. મારા જુવાન વાંચનારાઓની અક્કલ ખીલે. અને

બીજું કે. પ્રકટીકરણના પુસ્તકમાં તારણ પામેલાઓને 'રાજ્યાસન આગળ પોતાનાં રણશિંગડાં તથા વીણા વગાડીને કીર્તન ગાનારા ગવૈયાઓની ટોળી'ની ઉપમા આપેલી છે.

**સાત્વિક :** તમે ડરપોક વિષે જે વાત કરી છે તે પરથી જણાય છે કે તે ઘણો ધર્માવેશી માણસ હતો. મુશ્કેલીઓ. સિંહો. તથા વ્યર્થત્વના બજાર. એ કશાથી તે ગભરાતો નહિ. માત્ર પાપ. મરણ તથા નર્ક તેઓથી જ તે ડરતો હતો. કેમ કે તેના મનમાં સંશય હતો કે. કોણ જાણે કદાપિ હું આકાશી રાજ્યનો હકદાર થઈશ કે નહિ થાઉં.

**સતપુરુષ :** તમારું કહેવું ખરું છે. એ બાબતો જ તેને દુઃખકર્તા થઈ પડી હતી. અને તમારું કહેવું વાસ્તવિક છે કે તેના ગભરાટનું કારણ એ હતું. કે તેનું મન એ બાબતો વિષે નબળું હતું. બાકી મુસાફર તરીકે તેની બધી ફરજો તથા કાર્યો બજાવવામાં તો તેનો ધર્માવેશ કંઈ નબળો નહોતો. મને ખાતરી છે કે. જો તેના માર્ગમાં આડો અંગારાનો ઢગલો આવ્યો હોત તો તે એના પર થઈને ચાલ્યો જાત. પણ જે બોજા તળે તે દબાઈ જતો હતો તે એવો હતો કે અત્યાર સુધી કોઈ માણસ તેનાથી સહેલી રીતે પોતાને મુક્ત કરી શક્યો નથી.

ખ્રિસ્તી સ્ત્રીએ કહ્યું કે ડરપોકની આ હકીકત સાંભળ્યાથી મને ફાયદો થયો છે. હું તો એમ જાણતી હતી કે મારા જેવું નિર્બળ કોઈ નહિ હોય. પણ હવે હું જોઉં છું કે મારી તથા એ ભલા માણસની વચ્ચે કેટલુંક મળતાપણું છે. માત્ર બે જ વાતમાં અમે જુદાં પડીએ છીએ. તેનાં સંકટ એટલાં ભારે હતાં કે તે બૂમ પાડીને જાહેર કર્યા વગર રહી શક્યો નહિ. પણ મારાં દુઃખો તો

મેં મારા પેટમાં જ સમાવી રાખ્યાં. વળી તેનાં સંકટોનું દબાણ તેના પર એટલું થયું હતું કે. જ્યારે તે જે ઘરો મુસાફરોની પરોણાગતને માટે બાંધેલાં છે ત્યાં આગળ ગયો ત્યારે બારણું ખખડાવવાની પણ શક્તિ તેનામાં નહોતી. પણ મારાં સંકટ તો એવાં હતાં કે તેમના કારણથી હું હમેશાં વધારે જોરથી બારણાં ખખડાવવાને ઉશ્કેરાતી હતી.

**કરુણા :** મારા મનની વાત પણ જો હું કહું તો મારે કહેવું પડે છે કે, મારો સ્વભાવ પણ કેટલેક દરજ્જે તેના જેવો હતો. સ્વર્ગવાસ ન પામતાં નર્કવાસ પામવાની મને હમેશાં એટલી બીક લાગ્યા કરતી કે તેટલી બીક બીજી કશી વાત વિષે મને લાગતી નહોતી. મને એવા વિચાર આવતા હતા કે, ઈશ્વર કરે ને મને સ્વર્ગવાસ પ્રાપ્ત થાય તો કેવું સારું! જગતનાં સઘળાં સુખ તથા સંપત્તિ ખોઈને પણ હું સ્વર્ગવાસ સંપાદન કરી શકું તો બસ છે, મારે બીજું કંઈ જોઈતું નથી.

પછી માથ્થીએ પણ કહ્યું કે બીકના કારણથી જ મને પણ એવા વિચાર આવતા હતા કે તારણ પામનારાઓમાં જે ગુણ હોવા જોઈએ તે ગુણ મારામાં છે જ નહિ. પણ જ્યારે એવા ઉત્તમ સાધુ પુરુષની વાત એ પ્રમાણે હતી ત્યારે મારું પણ કલ્યાણ કેમ નહિ થાય?

યાકૂબે કહ્યું કે. જ્યાં બીક નથી ત્યાં કૃપા નથી. જ્યાં નર્કની બીક હોય ત્યાં હમેશાં ઈશ્વરની કૃપા હોય એમ તો નહિ (એટલે નર્કની બીક રાખનારા સઘળા કૃપા પામેલાં હોય એમ તો નહિ), પણ જેનામાં ઈશ્વરની બીક નથી તેનામાં ઈશ્વરની કૃપા પણ નથી એ નક્કી જાણવું.

**સતપુરુષ :** શાબાશ યાકૂબ. તું બોલ્યો તે તો અકસીર છે. કેમ કે ઈશ્વરનું ભય તો જ્ઞાનનો આરંભ છે. અને જેઓએ આરંભ નથી કર્યો તેઓને મધ્ય તથા અંત ન હોય. પણ ડરપોક ભાઈને છેલ્લી સલામ તરીકે નીચેનું ગીત ગાઈને આપણે તેની વાર્તા સમાપ્ત કરીએ :

ધન્ય ધન્ય ભયવંત તને, તેં ધર્યું પ્રભુનું ભય.
કુડું કર્મ કર્યું નહીં, પ્રાણ રાખી લીધો જય.
દુઃખદાયક સંસારમાં, કીધી પ્રભુની પ્રીત.
સુમતિ ધરી સંતો તણી, ભય વિષે પામ્યો જીત.
નર્કાગ્નિની બીક ધરી, તું અપૂર્વ બુદ્ધિવંત.
અનિષ્ટ ગયું ગમતું થયું, કો જાણે એવો અંત.

હવે મેં સ્વપ્નમાં એવું જોયું કે તેઓએ હજી પણ વાતચીત કરવાનું જારી રાખ્યું. કેમ કે **સતપુરુષ** સાહેબ **બીકણની** વાર્તા કહી રહ્યા ત્યારે સાત્વિકે **સ્વેચ્છાચારી** નામના બીજા કોઈ માણસની વાત કહેવા માંડી ને કહ્યું કે, તે માણસ જૂઠો દાવો કરતો હતો, કે હું મુસાફર છું, પણ મને એવી ખાતરી થાય છે કે માર્ગને નાકે જે નાનો દરવાજો છે તેમાં થઈને તે આવ્યો જ નહોતો.

**સતપુરુષ :** કોઈ વખત તમારે એ વિષે તેની સાથે વાતચીત થઈ હતી કે કેમ?

**સાત્વિક :** હા, એક બે કરતાં વધારે વાર થઈ હતી, પણ તે હમેશાં એવો ને એવો સ્વેચ્છાચારી માલુમ પડતો હતો. તે ગમે તેવા માણસને કે દલીલને કે ઉદાહરણને ગણકારતો જ નહોતો. જે તેના મનમાં આવે તે જ તે કરતો, અને ગમે તેમ તેને સમજાવો તોપણ પોતાની ઇચ્છાથી ઊલટું કરતો જ નહિ.

**સતપુરુષ :** તેના મત કેવા હતા તે કૃપા કરીને કહો. કેમ કે મને લાગે છે કે તમે કહી શકશો.

**સાત્વિક :** તેનો મત એવો હતો કે. મુસાફરોના દુર્ગુણો તથા સદ્‌ગુણો બંનેને અનુસરીએ તો ચાલે. અને જો એ બંને પ્રકારનાં કામ કરીએ તો નિશ્ચે આપણું તારણ થાય.

**સતપુરુષ :** એમ કેમ? જો તેણે એમ કહ્યું હોત કે. જેમ આપણે મુસાફરોના સદ્‌ગુણો ગ્રહણ કરી શકીએ છીએ તેમ જ ગમે તેવા સારા માણસોને પણ વખતે મુસાફરોના જેવા દોષમાં પડવાનો સંભવ છે. તો તેનો વધારે વાંક કાઢી ન શકાત. કેમ કે આપણે કોઈ પણ દુર્ગણથી તદ્દન બિનઅપવાદે મુક્ત કરાયા નથી. પણ જાગૃતિ તથા પ્રયત્ન વાપરીએ તો જ પાપથી મુક્ત રહી શકાય છે. પણ મને લાગે છે કે તેના કહેવાનો ભાવાર્થ એવો નહોતો. પણ જો હું તમારું કહેવું બરાબર સમજ્યો હોઉં તો તેનો ભાવાર્થ એ છે કે. મુસાફરોના ગુણ તેમ જ દોષ અનુસરવાની આપણને છૂટ છે એવો તેનો મત હતો.

**સાત્વિક :** હા. એમ જ. મારા કહેવાનો ભાવાર્થ એ જ છે. અને એ જ પ્રમાણે તેનો મત તથા કરણી હતાં.

**સતપુરુષ :** પણ પોતાના એ મતને માટે તે શું પ્રમાણ આપતો?

**સાત્વિક :** અરે. તે તો એમ કહેતો હતો કે મારી એ વાતનું પ્રમાણ તો સતશાસ્ત્ર છે.

**સતપુરુષ :** સાત્વિક ભાઈ. એના આપેલા કેટલાક દાખલા કૃપા કરી કહી બતાવો.

**સાત્વિક :** હા. હું કહી બતાવીશ. એક તો તેણે એ દલીલ રજૂ કરી કે. દાઉદ જે ઈશ્વરનો વહાલો ભક્ત હતો તેણે પરસ્ત્રી સાથે

કુવ્યવહાર ચલાવ્યો. માટે હું પણ એવું કૃત્ય કરું તો ચાલે. તેની બીજી દલીલ એ હતી કે, એક કરતાં વધારે સ્ત્રીઓ રાખવાનો વ્યવહાર સુલેમાન કરતો હતો. માટે મને પણ એમ કરવાની છૂટ છે. તેની ત્રીજી દલીલ એ કે, સારા. તથા મિસરની ધાર્મિક દાઈઓ તથા તારણ પામેલી રાહાબ જૂઠું બોલ્યાં. માટે હું પણ જૂઠું બોલું તો ફિકર નહિ. વળી ઈસુના શિષ્યો પોતાના ગુરુના હુકમથી જઈને પારકાનું ગધેડું લઈ ગયા. માટે મને પણ પારકાનું લઈ જવાની છૂટ છે. તેણે વળી બીજી દલીલ એ આપી કે. યાકૂબે કપટ તથા ઢોંગ કરીને પોતાના બાપનો વારસો મેળવ્યો. માટે હું પણ તે નમૂનાને અનુસરું તો કંઈ હરકત નહિ.

**સતપુરુષ :** આ તો ખરેખર બહુ જ નીચ વાત! શું તમને ખાતરી છે કે તેનો એજ મત હતો?

**સાત્વિક :** હા. તેણે તો મારી આગળ એ મતનું ખરાપણું સાબિત કરવા આગ્રહથી વાદ કર્યો છે. તેની સાબિતીમાં શાસ્ત્રની કલમો રજૂ કરતાં દલીલો તથા પ્રમાણોથી એ મત ખરો પાડવાને પ્રયત્ન કર્યાં છે.

**સતપુરુષ :** એ મત એવો ખોટો છે કે તે દુનિયામાં કોઈ પણ ઠેકાણે બિલકુલ માનવા યોગ્ય નથી.

**સાત્વિક :** મારા કહેવાનો અર્થ બરાબર સમજજો. તેનું કહેવું એવું નહોતું કે, હર કોઈ માણસને ઉપર કહેલા અપરાધ કરવાની છૂટ છે. પણ તેનું કહેવું એ હતું કે. જેઓમાં ઉપર કહેલા દોષ કરનાર ભક્તોના ગુણો હોય. તેઓને જ એ દોષ પણ કરવાની છૂટ છે.

**સતપુરુષ :** પણ એના કરતાં વધારે ભૂલભરેલો સિદ્ધાંત કયો હોઈ શકે? કેમ કે એનો ભાવાર્થ એ થાય છે કે. "અત્યાર પહેલાં કેટલાક સુભક્તો અબળતાના કારણથી પાપમાં પડી ગયા. માટે હું પણ મનમાં અભિમાનથી જાણી જોઈને તેવાં પાપ કરું તો મને છૂટ છે. અથવા કોઈ એક છોકરું પવનના સપાટાથી. કે પથ્થરની ઠેસ વાગવાથી પડી જઈને કાદવમાં ખરડાયું. માટે હું પણ જાણી જોઈને ભૂંડની પેઠે તે કાદવમાં પડીને આળોટું તો ખોટું ન કહેવાય." કોઈ પણ માણસ પોતાની કુઇચ્છાના બળથી એટલો આંધળો ભીંત જેવો થઈ જઈ શકે. એવું કોના ધારવામાં આવી શકત? પણ એ શાસ્ત્રવચન ખરું હોવું જ જોઈએ કે, "તેઓ આજ્ઞા ન માનીને વચન વિષે ઠોકર ખાય છે. અને એ સારું તેઓ ઠરાવાયેલા છે." વળી જેઓ સુભક્તોનાં દૂષિત કૃત્યોને વળગી રહીને જાણી જોઈને તેવાં કૃત્યો કર્યા કરે છે તે માણસોએ સુભક્તોના સદગુણો પણ ધારણ કરી શકે. એ તેની ધારણા પેલી બીજી ધારણા જેવી જ ભૂલભરેલી છે. જેમ કૂતરો ગંદુ ચાટી ખાય છે તેમ જો કોઈ માણસ ઈશ્વરના સદભક્તોનાં પાપનો આહાર કરવામાં સંતોષ માને તો તે ઉપરથી એવું સિદ્ધ નથી થતું કે તે માણસમાં તે ભક્તોના સદ્ગુણો છે. વળી જે માણસનો મત એવો છે તેનામાં વિશ્વાસ કે પ્રીતિ હોઈ શકે એવું મારા માન્યામાં આવતું નથી. પણ મને ખાતરી છે કે તેના મત ખંડન કરવાને તમે તે વિરુદ્ધ સબળ પ્રમાણો આપ્યાં હશે. પોતાના લાભમાં તે શી દલીલો રજૂ કરી શકે છે, તે કૃપા કરી મને કહેશો.

**સાત્વિક :** અરે. એ તો એમ કહે છે કે. જેઓ મારા મતથી ઊલટો મત ધરાવ્યા છતાં મારા મત પ્રમાણે વર્તે છે તેઓ. મારો

મત ખરો માનીને તે પ્રમાણે વર્તનારાઓના કરતાં ઓછા પ્રામાણિક છે.

**સતપુરુષ :** એ તો અતિ દુષ્ટ ઉત્તર કહેવાય. કેમ કે આપણા મતો સર્વ દુષ્કર્મોની વિરુદ્ધ હોવા છતાં જો આપણી કુઇચ્છાઓ પ્રમાણે વર્તીએ તો તે ખોટું છે એમાં શક નહિ. પરંતુ પાપ કર્યાં જવું અને પછી એવું બહાનું કાઢવું કે એમ કરવાની છૂટ છે. એ તો વિશેષ ખોટું છે, પહેલી વાતમાં તો માણસો અકસ્માત ઠોકર ખાઈ બેસે છે. પણ બીજી વાતે તો માણસોને જાણી જોઈને ફાંદામાં દોરી જાય છે.

**સાત્વિક :** ઘણાઓનો મત આ માણસના મત જેવો છે. પણ તેઓ તેની પેઠે મુખથી જાહેર કરતા નથી. અને તેથી હાલ લોકો મુસાફરીએ નીકળવાનું બહુ યોગ્ય ગણતા નથી.

**સતપુરુષ :** તમારું કહેવું સત્ય છે. અને આ વાત તો ખેદકારક છે.પણ જેઓ સ્વર્ગી મહારાજાનું ભય રાખે છે તેઓ એ બધી મુશ્કેલીઓમાંથી બચીને પાર પડશે.

**ખ્રિસ્તી સ્ત્રી :** દુનિયામાં વિચિત્ર દુર્મતો ચાલે છે. મારો ઓળખીતો એક જણ એમ કહેતો હતો કે, હમણાંથી પશ્ચાત્તાપ કરવાની જરૂર નથી, મોતને બિછાને પડીશું ત્યારે કરીશું તો બસ છે.

**સતપુરુષ :** એવું બોલનારા ડાહ્યા ન કહેવાય. જો તે માણસને પોતાના જીવને સાટે એક આખા અઠવાડિયામાં વીસ માઈલ દોડવાનું હોય તો એ માણસ દોડવાનું કામ એ અઠવાડિયાની છેલ્લી ઘડી સુધી મુલતવી રાખવાની મૂર્ખાઈ નહિ કરે.

**સાત્વિક :** તમારું કહેવું વાજબી છે. તથાપિ જેઓ પોતાને મુસાફરો સમજે છે તેઓમાંના ઘણાં ખરા એવી જ રીતે વર્તે છે. તમે જુઓ છો કે હું વૃદ્ધ થયો છું, અને ઘણાં વર્ષથી આ માર્ગ પર મુસાફરી કરું છું, અને મારા જોવામાં ઘણી બાબતો આવી છે. કેટલાકને તો મેં એવા દમામ સહિત મુસાફરીએ ચાલી નીકળતાં જોયા છે કે. જાણે આખી દુનિયા તેમની સામે થાય તોપણ તેને હટાવીને આગળ ચાલ્યા જશે, તેમ છતાં તેઓ. જેમ ઇસ્રાએલ લોકો અરણ્યમાં મરણ પામ્યા તેમ થોડા દિવસમાં માર્યા ગયા. અને વચનનો દેશ દૂરથી પણ જોવા ન પામ્યા. વળી મેં કેટલાંક એવાં માણસો પણ જોયાં છે કે જેઓ મુસાફરીએ ચાલી નીકળ્યા ત્યારે તેઓ થોડે દૂર સુધી પણ ટકશે એવી આશા નહોતી. અને તેઓ એક દિવસ પણ કદાપિ જીવશે નહિ એવું લાગતું હતું, પરંતુ તેઓ બહુ ઉત્તમ મુસાફરો નીવડ્યા. મેં એવાં પણ કેટલાંક માણસો જોયાં છે કે જેઓ મુસાફરીએ નીકળીને ઝડપથી આગળ દોડવા લાગ્યા, પણ થોડા દિવસ પછી પાછા વળીને તેટલી જ ઝડપથી પાછા પોતાને ઘેર દોડી ગયા. વળી મેં એવાં પણ કેટલાંક માણસ જોયાં છે કે જેઓ પ્રથમ તો મુસાફરી કરવાના કામનાં બહુ વખાણ કરતાં હતાં, પણ કેટલીક મુદત પછી તેઓ એ કામની એટલી જ નિંદા કરવા લાગ્યાં. મેં કેટલાંક એવાં માણસો પણ જોયાં છે કે જેઓ સ્વર્ગીદેશ તરફ ચાલી નીકળતી વખતે ખાતરીથી કહેતા હતા કે સ્વર્ગ છે જ નહિ. વળી કેટલાક એવા મુસાફરો પણ મેં જોયા છે કે જેઓ એવી બડાશ મારતા હતા કે. ગમે તેવો શત્રુ કે અડચણ અમારી આડે આવશે તોપણ અમે તેનો પરાજય કરીને આગળ જઈશું. પરંતુ જ્યારે કોઈએ અમથી બૂમ પાડી કે માર્ગમાં

ભય છે ત્યારે તુરત પોતાનો વિશ્વાસ તથા મુસાફરીનો માર્ગ વગેરે બધું તજી દઈને પોબારા ગણી ગયા.

તેઓ એ પ્રમાણે વાતો કરતાં ચાલ્યાં જતાં હતાં, એટલામાં સામેથી એક જણ દોડતો તેમની પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે, ઓ ગૃહસ્થો, અને ઓ અબળાઓ, જો તમારા જીવ વહાલાં હોય તો તમારાથી બનતા ઉપાય કરો, કેમ કે આગળ જતાં તમારા માર્ગમાં લૂટારા બેઠેલા છે.

ત્યારે **સતપુરુષે** કહ્યું કે, જે ત્રણ જણે અલ્પવિશ્વાસી પર હુમલો કર્યો હતો તે જ એ લૂટારા છે. ફિકર નહિ. અમે તેમને માટે તૈયાર છીએ. પછી તેઓ આગળ ચાલવા લાગ્યાં. હવે જ્યાં એ દુષ્ટો તેમને મળવાનો સંભવ હતો તે જગ્યાએ દરેક ગલી કૂંચી તપાસતાં તપાસતાં તેઓ આગળ ચાલ્યાં. પરંતુ કદાપિ તેઓએ **સતપુરુષ**ની ખબર સાંભળી હોય તેથી, કે કદાપિ તેઓ બીજો કોઈ શિકાર મળ્યો હોય તેથી, પણ તેઓ આપણા મુસાફરોની નજીક આવ્યા જ નહિ.

હવે **ખ્રિસ્તી સ્ત્રીએ** વિનંતી કરી કે હું તથા મારાં બાળકો થાકી ગયાં છીએ માટે કોઈ ધર્મશાળામાં ઊતરીને વિસામો લેવાય તો બહુ સારું. ત્યારે સાત્વિકે કહ્યું કે, અહીંથી થોડે દૂર ગાયસ નામે એક જાણીતા શિષ્યની ધર્મશાળા છે. માટે તે બધાંએ ત્યાં જવાનું નક્કી કર્યું. અને વૃદ્ધ સાત્વિકે ગાયસની એટલી બધી તારીફ કરી હતી તેથી તેઓનાં મન તેને ત્યાં ઊતારો લેવાને વિશેષ લલચાયાં. તેઓ દરવાજા આગળ પહોંચતાં જ ખખડાવ્યા વગર અંદર પેઠાં, કેમ કે ધર્મશાળાનો દરવાજો ખખડાવવાનો રિવાજ નથી. પછી તેઓએ માલિકને બૂમ મારી એટલે તે તેઓની પાસે આવ્યો. ત્યારે

તેઓએ તેને પૂછ્યું કે. આજની રાત અમને અહીં સૂઈ રહેવા દેશો?

**ગાયસ :** હા. જો તમે બધાં ખરાં મુસાફર હશો તો ભલે પધાર્યાં, પણ મારું ઘર તો ફક્ત મુસાફરોને સારુ જ છે. માલિક મુસાફરોનો ભાવિક છે એ જોઈને ખ્રિસ્તી સ્ત્રી તથા તેનાં બાળકો તથા કરુણા બહુ ખુશ થયાં. પછી જ્યારે તેઓએ રાતવાસો રહેવાની ઓરડીઓ માગી ત્યારે માલિકે **ખ્રિસ્તી સ્ત્રી**, તેના છોકરાં તથા કરુણાને સારુ એક ઓરડી આપી. અને બીજી એક **સતપુરુષ** તથા **સાત્વિક**ને આપી.

પછી **સતપુરુષે** કહ્યું. હે ભલા મિત્ર **ગાયસ**, અમારે માટે શું વાળું તૈયાર કરાવ્યું છે? મારે પૂછવાનું કારણ એ છે કે આ મુસાફરો આજે ઘણે દૂરથી ચાલતાં આવેલા હોવાથી થાકી ગયેલાં છે.

ગાયસે કહ્યું કે. બહુ મોડું થઈ ગયું છે માટે બજાર જઈને કંઈ ખાવાનું લઈ આવવું એ બહુ મુશ્કેલ છે. પણ જે કંઈ ઘરમાં છે તેથી જો સંતોષ પામો તો ઘણી ખુશીથી હું તે પીરસાવું.

**સતપુરુષ :** તારા ઘરમાં જે કંઈ છે તે જરૂર અમારે માટે બસ થઈ પડશે. કેમ કે મારા પોતાના અનુભવ ઉપરથી હું જાણું છું કે, દર વખતને માટે જે જરૂરનું હોય તે હમેશાં તારા ઘરમાં હોય છે જ.

ત્યારે ગાયસે નીચે રસોડામાં જઈને **સુવસ્તુવાદી** નામે રસોઈયાને કહ્યું કે. આટલાં આટલાં મુસાફરોને સારુ વાળુ તૈયાર કર. એમ કહીને તે પાછો ઉપર આવ્યો અને કહેવા લાગ્યો કે, હે મારા ભલાં મિત્રો. તમારા આવવાથી મને બહુ આનંદ થયો છે. અને તમારી પરોણાગત કરવાને મારું આ ઘર છે તેથી પણ મને

હર્ષ થાય છે. અને જો તમારી ઇચ્છા હોય તો વાળું તૈયાર થાય ત્યાં સુધીમાં આપણે પરસ્પર સારી સારી વાતો કરીને એકબીજાનાં મન રંજન કરીએ. એ વાતથી બધાંને સંતોષ થયો.

પછી ગાયસે પૂછ્યું. આ વૃદ્ધ સ્ત્રી કોની પત્ની છે? અને આ જુવાન કુમારિકા કોની દીકરી છે?

**સતપુરુષ :** અગાઉના સમયમાં ખ્રિસ્તી નામે જે મુસાફર થઈ ગયો આ સ્ત્રી તેની પત્ની છે. અને આ ચાર બાળકો પણ તેમના છે. આ કુમારિકા તો ખ્રિસ્તીસ્ત્રીની ઓળખીતીઓમાંની એક છે. અને તેણીએ એને સમજાવીને પોતાની સાથે મુસાફરીમાં લઈ લીધી છે. આ છોકરાઓ બધા તેમના પિતાના જેવા સ્વભાવના છે અને તેનાં પગલાંમાં ચાલવાને બહુ આતુર છે. વળી તે વૃદ્ધ મુસાફર જ્યાં રાતવાસો રહ્યો હોય એ જગ્યા જોઈને અથવા તેમનું એકાદ પગલું પણ જોઈને તેમને બહુ આનંદ થાય છે. અને તે જગ્યાએ રાત વાસો રહેવા તથા તે પગલાંમાં પગ મૂકીને ચાલવાને માટે તેઓને બહુ ઇન્તેજારી છે.

ત્યારે **ગાયસે** વિસ્મય થઈને કહ્યું, શું આ સ્ત્રી ખ્રિસ્તીની પત્ની છે. અને શું આ બાળકો ખ્રિસ્તીના છે? હે બહેન. હું તમારા પતિના પિતાને તેમ જ દાદાને પણ ઓળખતો હતો. તે વંશમાંથી ઘણાં સાધુજનો નિપજ્યાં છે. તેમના પૂર્વજો અંત્યોખ શહેરના રહેવાસી હતા. હું ધારું છું. તમે તમારા પતિને મોંએ તેઓ વિષેની કંઈ હકીકત સાંભળી હશે. ખ્રિસ્તીના પૂર્વજો તો ઘણા લાયક પુરુષો હતા. જે બધાં માણસો મારા જાણવામાં આવ્યાં છે તે બધાં કરતાં તેઓ વધારે સદ્‌ગુણી તથા હિંમતવાન માલુમ પડ્યા હતા. અને મુસાફરોના સ્વામી પ્રત્યે. તેમના માર્ગો પ્રત્યે તથા તેમના ભાવિકો



ગાયસને ઘેર.

પ્રત્યે તેઓની વર્તણૂક ઉત્તમ હતી. તમારા પતિના સગાંઓમાંના ઘણા વિષે મેં સાંભળ્યું છે કે, તેઓએ સત્યની ખાતર ઘણાં પરીક્ષણો તથા સંકટો વેઠ્યા છે. તમારાં પતિના કુળના પ્રથમ જમાનામાં નિપજેલો સ્તેફન પથ્થરોથી માર્યો ગયો. એ કુળના તેજ જમાનામાં થયેલો બીજો એક ભક્ત નામે યાકૂબ તલવારની ધારથી માર્યો ગયો. તમારા પતિના પિતૃઓ પાઉલ તથા પીતર વિષે કહેવાની જરૂર નથી. તેજ કુળમાં નિપજેલો બીજો એક ભક્ત નામે ઇગ્નેશિયસ સિંહોની આગળ ફેંકાયો. બીજો એક ભક્ત રોમાનસ હતો. તેનું માંસ થોડું થોડું કરીને તેનાં હાડકાં ઉઘાડાં થાય ત્યાં સુધી ચૂંટી નાખવામાં આવ્યું. વળી પોલીકાર્પને અગ્નિમાં બાળ્યો. અને તેણે બળતાં બળતાં પણ સંપૂર્ણ હિંમત તથા દૃઢતા બતાવી. વળી બીજો એક ભક્ત હતો કે જેને શરીરે મધ ચોપડીને તેને એક ટોપલીમાં બેસાડીને તાપમાં લટકાવી રાખ્યો. જેથી ભમરાઓ તેને ચટકા ભરી ભરી મારી નાખીને તેનું માંસ ખાઈ ગયાં. વળી, તેજ કુળના બીજા એક માણસને દુશ્મનોએ કોથળામાં નાખી બંધ કરી સમુદ્રમાં ડૂબાડી દીધો. વળી આ કુળના જે બધા લોકોએ મુસાફરોના ધર્મ પરની પોતાની પ્રીતિની ખાતર વિવિધ સંકટો તથા મોત સહન કર્યાં છે, તેઓની ગણત્રી કરવી અશક્ય છે. વળી તમારા પતિ આવા ચાર દીકરાઓને પોતાની પાછળ મૂકી આવ્યો હતા, એ જોઈને મને આનંદ થયા વગર રહેતો નથી. તેઓ પોતાના પિતાનું નામ દિપાવશે, તેનાં પગલાંમાં ચાલશે અને આખરે તેમના જેવી પ્રગતિ મેળવશે એવી મારી આશા છે.

**સતપુરુષ :** આપે ખરું કહ્યું, મહારાજ, તેઓ તેમના પિતાના જેવા નિવડવાની આશા છે, અને તેઓ પોતાના પિતાના માર્ગોમાં ચાલવાનું ચાહે છે એવું સ્પષ્ટ દેખાય છે.

**ગાયસ :** મારા બોલવાનો અર્થ એ જ છે. અને ખ્રિસ્તીનો વંશ તો હજી પૃથ્વીની સપાટી પર સર્વત્ર ફેલાઈ જશે, અને તેના વંશજોથી પૃથ્વી હજી ભરપૂર થશે એવો સંભવ છે. આ છોકરાઓના પિતાનું નામ આ પૃથ્વી પર અમર રહે, અને તેના પિતૃઓનો વંશ સમાપ્ત ન થાય. માટે ખ્રિસ્તી સ્ત્રીએ પોતાના દીકરાઓને સારુ લાયક કન્યાઓની શોધ કરીને તેમની સાથે એમની સગાઈ કરવી જોઈએ.

**સાત્વિક :** તેનો વંશ જો સમાપ્ત કે નાબૂદ થઈ જાય તો એ તો ઘણા દુઃખની વાત કહેવાય.

**સતપુરુષ :** એ વંશ નાબૂદ થવો તો અશક્ય છે. કદાપિ ઓછો થાય તો થાય. પણ ખ્રિસ્તીબહેન મારી શિખામણ માને તો એ વંશને ચાલુ રાખવાની રીત એજ છે. અને ઓ ખ્રિસ્તીબહેન, તમને તથા તમારી સખી કરુણાને અહીં જોઈને મને બહુ ખુશી થાય છે, તમ બંને સુંદર સાહેલીઓની જોડ કેવી શોભે છે! જો મારી સલાહ માનો તો કરુણાને તમારી સાથે હજી વધારે નિકટના સંબંધમાં લો. જો તેની મરજી હોય તો તમારા મોટા દીકરા માથ્થીનું લગ્ન તેની સાથે કરાવો. પૃથ્વી પર તમારો વંશ કાયમ રાખવાનો એ માર્ગ છે. આ ઉપરથી તે વખતે જ આ બંને વચ્ચે સગાઈ કરી, અને યોગ્ય સમય પછી તેઓનું લગ્ન કરવામાં આવ્યું. આ બાબતનું વિશેષ વર્ણન આગળ કરવામાં આવશે.

ગાયસે વાત આગળ ધપાવતા કહ્યું કે, સ્ત્રીઓની નિંદાના નિવારણને અર્થે તેમના પક્ષમા હવે હું કંઈ બોલીશ. સ્ત્રીથી મોત તથા શ્રાપ જગતમાં પ્રવેશ પામ્યા એ તો ખરું. પરંતુ એ પણ યાદ રાખવું કે, જીવન તથા સલામતી પણ સ્ત્રીથી જ પ્રવેશ પામ્યાં. કેમ કે ઈશ્વરે પોતાના પુત્રને સ્ત્રીના ઉદરે આ જગતમાં મોકલ્યો. જૂના

કરારના વખતની ધાર્મિક સ્ત્રીઓ પોતાની આદિ માતાના પાપિષ્ટ કર્મને ધિક્કારતી હતી. તેની સાબિતી એ હતી કે તેઓનો મુખ્ય લોભ એ હતો કે અમને બાળકો થાય. કેમ કે દરેક સ્ત્રીને એવી આશા હતી કે કદાપિ ઈશ્વર મારું ભાગ્ય ખોલે ને મારે પેટે જગતના તારનારનો જન્મ થાય. વળી બીજું કહેવાનું એ કે. જ્યારે જગત્રાતા આ દુનિયામાં આવ્યા ત્યારે પુરુષો કે દૂતો આનંદ કરે તે પહેલાં સ્ત્રીઓએ આનંદ કર્યો. અને પુરુષોએ તેને એક પાઈ પણ કોઈ વખતે આપી હોય એવું મારા વાંચવામાં કદી આવ્યું નથી. પણ સ્ત્રીઓ તો તેમની પાછળ પાછળ ફરતી અને પોતાની સંપત્તિમાંથી ખરચીને તેમની સેવા બજાવતી હતી. પોતાનાં આંસુ વડે તેમના પગ ધોનાર તે સ્ત્રી જ હતી. અને તેમના શબને દફનને માટે તૈયાર કરવાને સુગંધીદાર તેલ ચોળનાર તે પણ સ્ત્રી જ હતી. જ્યારે તેમને વધસ્તંભે લઈ જવામાં આવતા હતા ત્યારે તેમને માટે રડનાર તો સ્ત્રીઓ જ હતી. વળી તેમને વધસ્તંભેથી ઉતારીને દાટવા લઈ જતા હતા ત્યારે તેમની પાછળ પાછળ જનાર પણ સ્ત્રીઓ જ હતી. અને જ્યારે તેમને દાટતા હતા ત્યારે કબરની સામે બેસીને સ્ત્રીઓ જ જોયાં કરતી હતી. વળી જે સવારે તેઓ મૂએલાંમાંથી પાછા જીવતા થઈને ઊઠ્યા ત્યારે તેમની પ્રથમ મુલાકાત લેનાર તે સ્ત્રીઓ જ હતી. અને તેમના પુનરુત્થાનની ખબર તેમના શિષ્યોને પ્રથમ આપનાર તે પણ સ્ત્રીઓ હતી. આ બધાં ઉપરથી સાબિત થાય છે કે, સ્ત્રીઓ પર ઈશ્વર મહા કૃપાવાન છે અને જીવનરૂપી કૃપામાં તેઓ પુરુષો સાથે સહભાગીદાર છે.

એટલામાં રસોઈયાએ નીચેથી કહી મોકલ્યું કે. વાળુ તૈયાર થવા આવ્યું છે. અને તેણે મેજ પર કપડું પાથરવા તથા તે પર

વાસણો, રોટલી વગેરે જમણની સઘળી સામગ્રી ગોઠવવા સારુ એક માણસને મોકલ્યો.

ત્યારે માથ્થીએ કહ્યું કે, આ મેજ પર પાથરેલું કપડું તથા તે પરની સામગ્રી જોઈને મને અગાઉના કરતાં વધારે ભૂખ લાગી છે.

**ગાયસ :** આ જીંદગીમાં જે સઘળો લાભકારક ધર્મબોધ તને મળે છે, તેથી તને સ્વર્ગના મહાન રાજાના રાજ્યના જમણની મેજ પર બેસવાની અધિક ઇચ્છા થવી જોઈએ, કેમ કે આપણે પ્રભુના ઘરમાં ગયા પછી જે ભોજન આપણે સારુ તૈયાર કરવામાં આવશે તેની સાથે સરખાવતાં આ જગતમાંનો ધર્મબોધ, ધર્મપુસ્તકો તથા સંસ્કારો તો માત્ર વાસણ, મીઠું વગેરે સામગ્રી જમણની મેજ પર ગોઠવવામાં આવે તેના જેવાં છે.

હવે જમણ ઉપર મોકલવામાં આવ્યું, અને જમવાનું શરૂ કર્યા પહેલાં ઈશ્વરની પ્રાર્થના તથા સ્તુતિ કરવી જોઈએ એ દર્શાવવાને પ્રથમ ઉચ્છાલિત બાવડું તથા આરક્તિ સીનો (લેવી. ૧૦:૧૫). તેઓની આગળ પિરસવામાં આવ્યાં. ઉચ્છાલિત બાવડું ઉછાળતાંની સાથે દાઉદ પોતાનું અંતઃકરણ ઈશ્વર તરફ ચઢાવતો હતો. વળી વીણા વગાડતી વખતે તેની આરક્તિ છાતી કે જે તેના અંતઃકરણનું સ્થાન હતું તે વડે તે વીણા પર ટેકતો હતો. એ બંને વાનગીઓ ઘણી જ તાજી તથા સ્વાદિષ્ટ હતી, તેથી તે બધાંએ બહુ જ ભાવ તથા સ્વાદથી એ વાનગીઓ આરોગી.

ત્યાર પછી લોહી જેવા લાલ દ્રાક્ષારસની શીશી અમારી આગળ મૂકવામાં આવી, એટલે ગાયસે તેઓને કહ્યું કે, મરજી ચાહે એટલો પીઓ, કંઈ અંદેશો રાખશો નહિ, એ તો દ્રાક્ષનો ખરો

રસ છે કે જેથી ઈશ્વર તથા માનવ બંનેનાં અંતઃકરણ હર્ષિત થાય છે. ત્યારે મુસાફરો એ રસ પીને ઘણાં આનંદિત થયાં.

ત્યાર પછી દૂધ તથા તેની સાથે મેળવેલો રોટલીનો ભૂકો એક વાસણમાં લાવવામાં આવ્યાં. ત્યારે ગાયસે કહ્યું કે. એ વાનગી છોકરાંઓને ખવાડો. એ માટે કે તેઓ જલદી વૃદ્ધિ પામે.

ત્યાર પછી માખણ તથા મધ લાવવામાં આવ્યાં. ત્યારે ગાયસે કહ્યું કે. નિર્ભયતાથી ખવાય એટલું ખાઓ. કેમ કે તેથી તમારી બુદ્ધિ તથા જ્ઞાનની વૃદ્ધિ થશે. આપણો પ્રભુ બાલ્યાવસ્થામાં હતો ત્યારે તેનો ખોરાક એ જ હતો. "માખણ તથા મધ એ તેનો ખોરાક થશે. એ માટે કે ભૂંડાનો ત્યાગ કરવાનું તથા સારાને પસંદ કરવાનું તે જાણે."

ત્યાર પછી એક થાળીમાં ખૂબ સુંદર તથા સ્વાદિષ્ટ ફળ લાવવામાં આવ્યાં. ત્યારે માથ્થીએ કહ્યું. શું અમે એ ફળ ખાઈએ? હું પૂછું છું એનું કારણ એ કે. એ જાતનાં ફળથી જ સર્પે આપણી આદિમાતાને ભૂલાવી હતી.

**ગાયસે** ઉત્તર આપ્યો કે :

આદિ જનો દુષિત થયાં. નિષેધિત ફળો ખાઈ.<br>
આજ્ઞાભંજન કારણે. ફળદ્વારાએ. ભાઈ.<br>
વસ્તુ નિષેધિત ખાઈને. પામ્યાં પ્રૌઢ વિકાર.<br>
(પણ) વચનતણું ફળ ખાત તો. પામત સૌ સુખ સાર.<br>
હે કપોત સમ મંડળી. તેથી સમજો જાણ.<br>
પીઓ દ્રાક્ષરસ પ્રેમથી. જેથી ટળે સૌ ગ્લાન.<br>
પ્રેમી જન જે જે બધા. તેના મિત્રો આપ.<br>
માટે ફળ આરોગશો. રાખો નહિ મન તાપ.

ત્યારે માથ્થીએ કહ્યું કે, થોડા વખત અગાઉ ફળ ખાવાથી હું માંદો પડ્યો હતો એ કારણથી જ મેં એટલો અંદેશો આપ્યો.

**ગાયસ :** નિષેધિત ફળથી તો પીડા થવાની જ, પણ જે ફળો ખાવાની આપણા પ્રભુએ છૂટ આપેલી છે તેથી કદી પીડા નહિ થાય.

આવી રીતે તેઓ વાત કરતાં હતાં એટલામાં અખરોટ, બદામ, કાજુ વગેરેથી ભરેલી એક થાળી તેઓની આગળ મૂકવામાં આવી, ત્યારે જમવા બેઠેલાંઓમાંના કોઈ એકે કહ્યું કે, એ કાચલીવાળાં ફળ ખાવાથી નાજુક દાંત અને વિશેષ કરીને છોકરાંના દાંતને નુકસાન થાય છે. એ સાંભળીને ગાયસે કહ્યું :

જુઓ મીંજ વચમાં રહે, સ્વાદે તો છે સાર,
મર્મો ઢાંકેલાં રહે, સુખદ જ્ઞાન ભંડાર.
જ્ઞાની ઢાંકણ તોડીને, ગરનો કરે આહાર,
જ્યાં જ્યાં તેને તે મળે, તો છે આ સંસાર.

એ સાંભળીને તેઓ બહુ હસાહસ કરવા લાગ્યાં, અને આનંદમાં ને આનંદમાં ઘણી ઘણી બાબતો વિષે વાતો કરતાં કરતાં તેઓ ઘણા સમય સુધી જમણ પર બેસી રહ્યાં. વૃદ્ધ ગૃહસ્થ સાત્વિકે કહ્યું, ભલા યજમાન, અમે તમારી બદામ, પિસ્તા વગેરે ફોડીને ખાઈએ તે દરમિયાન તમે આ સાખીનો અર્થ કરી બતાવો :

એક પુરુષ એવો હતો, ઘેલો કહે સંસાર,
નિજ ધન જ્યમ જ્યમ વાપરે, ત્યમ તે વધે અપાર.

ભલો ગાયસ એનો શો ખુલાસો કરશે, એ સાંભળવાને તેઓ ઇન્તેજારીથી ધ્યાન દઈને જોઈ રહ્યાં, ગાયસ થોડી વાર છાનો બેસી રહ્યો અને પછી નીચે મુજબ જવાબ આપ્યો :

સંપતિ જે પોતા તણી, દુઃખિતોને દે,
માનો સત્ય વચન કરી, દસ ગણું પામી લે.

એ સાંભળીને યૂસફે કહ્યું કે, "સાહેબ, હું નહોતો ધારતો કે આપ એનો અર્થ કરી શકશો."

ગાયસે કહ્યું, "અરે ભાઈ, લાંબી મુદતના મહાવરાથી એ કામમાં હું સારી પેઠે કેળવણી પામ્યો છું, અનુભવ જેવો શિક્ષક બીજો કોઈ નથી. હું મારા પ્રભુથી માયાળુ થવાનું શીખ્યો છું, અને જાત અનુભવથી મને માલુમ પડ્યું છે કે એમ કરવાથી મને લાભ જ થયો છે. કેટલાક એવા છે કે જેઓ વેડફી નાખે છે, તેમ છતાં વધારે દ્રવ્યવાન થાય છે. અને કેટલાક એવા પણ છે કે જેઓ અયોગ્ય રીતે કરકસર કરે છે તેમ છતાં દરિદ્ર થાય છે. કેટલાક એવા છે કે જેઓ ઘણું દ્રવ્ય મેળવે છે, તેમ છતાં સાવ કંગાલ છે, કેટલાક એવા છે કે જેઓ પોતાને છેક નિર્ધન કરી નાખે છે, તેમ છતાં બહુ ધનવાન બને છે."

પછી સેમ્યુએલે પોતાની માના કાનમાં કહ્યું કે, "મા, આ બહુ ભલા માણસનું ઘર છે, માટે અહીં આપણે ઘણા દિવસ રહીએ તો સારું અને આપણે અહીંથી જઈએ તે પહેલાં મારા ભાઈ માથ્થીનું કરુણા સાથે લગ્ન કરી દેવાય તો સારું." આ વાત યજમાન ગાયસના સાંભળવામાં આવી તેણે કહ્યું કે, "પ્રિય દીકરા, એમ થાય તો હું બહુ જ રાજી છું." માટે તેઓ અહીં એક મહિના ઉપરાંત રહ્યાં, અને કરુણાનું લગ્ન માથ્થી સાથે કરી દીધું. તેઓ આ જગ્યાએ રહ્યાં તે દરમિયાન કરુણાએ પોતાના રિવાજ મુજબ ગરીબોને માટે કપડાં સીવી સીવીને વહેંચ્યા કર્યાં, તેથી મુસાફરોની બહુ સારી છાપ પડી.

હવે વાત જ્યાંથી પડતી મૂકી હતી ત્યાંથી પાછી ઉપાડીએ. વાળુ કરી રહ્યા પછી છોકરાઓએ સૂવાની ઇચ્છા દર્શાવી. કેમ કે તેઓ માર્ગે ચાલવાથી થાકી ગયા હતા. તેથી ગાયસે ચાકરને બોલાવીને ફરમાવ્યું કે તેમને સૂવાની ઓરડી બતાવ, પણ કરુણાએ કહ્યું કે, હું જઈને તેઓને સૂવાડી આવીશ. પછી તેણીએ જઈને તે છોકરાઓને સૂવાડ્યા. અને થોડી વારમાં તેઓ ભર ઊંઘમાં પડ્યા. પણ બીજાં બધાં મુસાફરો આખી રાત બેસી રહ્યાં. કેમ કે ગાયસને તથા તેઓને એક બીજાની સોબત એટલી પ્રિય લાગતી હતી કે એક બીજાથી છૂટાં પડવાનું તેઓને ગમતું નહોતું. પોતાના પ્રભુની. પોતાની તથા પોતાની મુસાફરીની ઘણી ઘણી વાતો તેઓએ કર્યા પછી સાત્વિક વૃદ્ધ કે જેણે ગાયસને ઉખાણાનો અર્થ પૂછ્યો હતો તે ઊંઘથી ઝોકાં ખાવા લાગ્યો. ત્યારે **સતપુરુષે** કહ્યું, “અરે સાહેબ. એ શું? તમારી આંખમાં તો ઊંઘ ભરાવા લાગી છે, ચાલો, આંખો મસળીને જાગૃત થાઓ. હું તમને એક સાખીનો અર્થ પૂછું છું”. ત્યારે સાત્વિકે કહ્યું. “પૂછો ત્યારે, હું સાંભળું છું.” **સતપુરુષે** કહ્યું :

શત્રુ મારવા જે ચહે. પહેલો હારી જાય.
આપ મરે પોતા ઘરે. વિદેશ જીવન થાય.

સાત્વિકે કહ્યું કે. “અરે. એ સાખી તો ઘણી અઘરી છે, તેનો અર્થ કરવો મુશ્કેલ છે. અને વળી તેનો અમલ કરવો તે વિશેષ મુશ્કેલ છે. કેમ ભાઈ યજમાન. જો તમારી મરજી હોય તો મારું કામ હું તમને જ સોંપીશ, તમે એનો અર્થ કરી બતાવો, અને હું સાંભળીશ.”

ગાયસે કહ્યું. “એમ તો ન ચાલે. સાખીનો અર્થ તમને જ પ્રથમ પૂછવામાં આવ્યો છે, અને તેનો ઉત્તર જ તમે જ આપશો એવી બધાં આશા રાખે છે.” ત્યારે વૃદ્ધ સાત્વિકે કહ્યું :

કૃપા પરાજય જેનો કરે. તેજ અઘ મટવા આશા ધરે.
સ્વર્ગવાસ કરવાનું ગમે. તો આત્મદમનનું દુઃખ હ્યાં ખમે.

એ સાંભળી ગાયસ બોલ્યો કે. તમારું કહેવું ખરું છે. ઉત્તમ બોધ તથા અનુભવ આપણને એ શીખવે છે. કેમ કે જ્યાં સુધી કૃપા પ્રગટ થઈને પોતાના પ્રતાપથી આત્માને વશ નથી કરતી. ત્યાં સુધી પાપની સામે થવાની ધગશ તેને બિલકુલ નથી. વળી જ્યાં સુધી શેતાનના પાપરૂપી બંધનથી આત્મા બંધાઈને પડેલો હોય ત્યાં સુધી એટલે તેનું એ બંધન છોડી નાખવામાં ન આવે ત્યાં સુધી, તે પાપની સામે કેમ કરી થઈ શકે? વળી જેઓ બુદ્ધિવાન છે. અથવા જેઓ ઈશ્વરની કૃપા પામેલા છે. તેઓ તો કદી માનશે નહિ કે. આવો માણસ પોતાની ભ્રષ્ટતાને વશ છતાં કૃપાના કાર્યનો પ્રખ્યાત દાખલો થઈ શકે. અને હમણાં જ મને એક વાત સાંભરી આવી છે, તે હું તમને કહું છું. એ વાત સાંભળવા જેવી છે બે માણસો મુસાફર થઈને ચાલી નીકળ્યા. એક જુવાન હતો અને બીજો વૃદ્ધ હતો. જુવાનના વિષયો બહુ બળવાન હતા અને તેમની સામે તેને યુદ્ધ કરવાનું હતું, વૃદ્ધ માણસના વિષયો ઘડપણને લીધે ઘણા કમજોર હતા. જુવાન માણસ પેલા વૃદ્ધ માણસના જેટલી જ દૃઢતાથી તથા સરળતાથી ક્રમણ કરતો હતો. હવે આ રીતે જ્યારે બંને સરખા દેખાતા હતા. ત્યારે એ બેમાંથી કોના સદગુણોની ખૂબી અને નિર્મળતા વિશેષ હતાં?

**સાત્વિક :** પેલા જુવાન માણસના સદ્‌ગુણો વિશેષ પ્રકાશિત હતા, એમાં તો શક નથી. કેમ કે જે કોઈ અધિક અડચણો હટાવી દઈને આગળ ચાલે છે તે અધિક બળવાન હોવો જોઈએ, વિશેષ કરીને જેને વૃદ્ધપણા વગેરેને લીધે તેનાથી અડધી મુશ્કેલીઓ પણ

નડતી નથી તેની સાથે સાથે જ્યારે તે જુવાન ચાલી શકે છે ત્યારે તો જરૂર તે અધિક બળવાન હોવો જોઈએ. વળી મેં જોયું છે કે વૃદ્ધ પુરુષો આ બાબતમાં ભૂલ કરીને ખોટું અભિમાન ધરાવે છે. એટલે દેહની નબળાઈને લીધે તેઓના વિષયો મંદ પડવાથી તેઓ એવી ભૂલ કરે છે કે અમે દૈહિક વિષયો પર જીત મેળવી છે. વૃદ્ધ ધાર્મિક પુરુષો જુવાનોને સુબોધ આપવાની ઉત્તમ શક્તિ ધરાવે છે તો ખરા. કેમ કે તેઓએ સંસારી વાનાંની ઘણી ખરી પોકળતા જોઈ છે. તોપણ જ્યારે જુવાન તથા વૃદ્ધ પુરુષો સાથે સાથે મુસાફરીમાં ચાલી નીકળે છે. ત્યારે જોકે વૃદ્ધ પુરુષોના વિષયો સ્વાભાવિક રીતે અત્યંત મંદ હોય છે. તથાપિ જુવાનોને વિશેષ લાભ એ છે કે. પોતાના અંતઃકરણમાં કૃપાના કાર્યનું વિશેષ પ્રમાણ તેઓ અનુભવે છે. આવી આવી વાતો કરતાં બધાં સવાર સુધી બેસી રહ્યાં.

સવારમાં જ્યારે ઘરના લોક ઊઠ્યા ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ પોતાના દીકરા યાકૂબને ધર્મશાસ્ત્રનો એક અધ્યાય વાંચવાનું કહ્યું. એટલે તેણે યશાયાહનો ૫૩મો અધ્યાય વાંચ્યો. તે વાંચી રહ્યો ત્યારે સાત્વિકે પૂછ્યું કે એમ કેમ લખ્યું છે કે. ત્રાતા સૂકી ભૂમિમાંથી પ્રગટ થવાનો છે. અને તેને કંઈ લાવણ્ય કે સૌંદર્ય નહોતાં?

ત્યારે મહાત્માએ કહ્યું કે. પહેલી વાતનો ઉત્તર હું એ આપું છું કે ખ્રિસ્ત યહૂદી મંડળીમાંથી પ્રગટ થયો. તે મંડળીમાં તે સમયે ધર્મનો રસ તથા ભાવ છેક લોપ થયા જેવા હતા. માટે એમ લખેલું છે. બીજી વાતનો ખુલાસો હું એ આપું છું કે એ શબ્દો અવિશ્વાસીઓના મુખના કહેલા છે. કેમ કે તેમને આપણા ત્રાતાના અંતઃકરણમાં જોઈ શકે એવી આંખો નથી. તેથી તેઓ તેના બહારના

દેખાવની કંગાલતાને ધોરણે તેના વિષે હલકા વિચાર બાંધે છે, જેમ કોઈ અજાણ્યા માણસને માટીના પડથી ઢંકાયેલો હીરો મળે અને તે તેને માટીનું ઢેફું સમજીને ફેંકી દે. તેના જેવા એ લોક છે.

પછી ગાયસે કહ્યું કે, તમે બધાં અહીં છો. અને **સતપુરુષ** પોતાનાં શસ્ત્રો વાપરવામાં ઘણો પ્રવીણ છે. માટે જો તમારી મરજી હોય તો નાસ્તો કર્યા પછી આપણે બહાર ફરવા જઈએ અને જોઈએ કે આપણાથી કંઈ હિતકારક કામ થઈ શકે કે કેમ. અહીંથી અડધા ગાઉ ઉપર સાધુ હિંસક નામે એક દૈત્ય રહે છે, તેનું રહેવાનું સ્થળ હું જાણું છું, તે અહીંના રાજમાર્ગમાં ચાલતાં મુસાફરોને બહુ હેરાન કરે છે. તેના હાથ નીચે લૂટારાની આખી ટોળી છે જો આપણે તેને અહીંથી કાઢી શકીએ તો ઘણું સારું થાય. આ વાત સાંભળી બધાંએ જવાની હા પાડી. અને સઘળાં ચાલી નીકળ્યાં. **સતપુરુષે** પોતાની તલવાર તથા ટોપ તથા ઢાલ સજી લીધાં હતાં, અને બાકીનાં હાથમાં ભાલા તથા લાકડીઓ હતી.

જ્યારે એ બધાં દૈત્યની ગુફાએ જઈ પહોંચ્યાં, ત્યારે તેઓએ **ક્ષીણમન** નામના એક માણસને તેના પંજામાં સપડાયેલો જોયો. એને દૈત્યના ચાકરો રાજમાર્ગમાંથી પકડી લાવ્યા હતા. દૈત્યે તેના અંગ પરથી બધું ઉતારી લેવા માંડ્યું હતું અને પછીથી તેને મારી નાખીને તેનું માંસ ખાવાનો તેનો ઇરાદો હતો, કેમ કે તે માંસાહારી હતો.

જ્યારે દૈત્યે **સતપુરુષ** તથા તેના મિત્રોને શસ્ત્રસજ્જ થઈને પોતાની ગુફાના મુખ આગળ આવેલા જોયા, ત્યારે તેણે પૂછ્યું કે, તમે શું શોધો છો?

**સતપુરુષ :** તને જ શોધીએ છીએ, કેમ કે જે ઘણાં મુસાફરોને તેં રાજમાર્ગમાંથી પકડી લઈને મારી નાખ્યાં છે, તેઓનાં ખૂનનો બદલો તારી પાસે લેવાને અમે આવ્યા છીએ. માટે તારી ગુફામાંથી બહાર નીકળ. તેથી તે પોતાનાં શસ્ત્ર સજીને બહાર નીકળ્યો, એટલે તરત એ બે જણે યુદ્ધ શરૂ કર્યું, અને ચાર પાંચ ઘડી સુધી લડ્યા પછી હાંફી ગયાથી તેઓ આરામ લેવા ઊભા રહ્યા.

ત્યારે દૈત્યે પૂછ્યું કે, મારી ભૂમિમાં તમે કેમ આવ્યાં છો?

**સતપુરુષ :** એનો ઉત્તર તો મેં તને અગાઉ આપી દીધો છે, કે મુસાફરોનાં ખૂનનો બદલો લેવાને અમે આવ્યા છીએ. એ પરથી તેઓ પાછા યુદ્ધ કરવા લાગ્યા, અને દૈત્યે **સતપુરુષને** કેટલેક સુધી હટાવી દીધો, પણ સતપુરુષે ફરી સામા થઈને પોતાનું સ્વાભાવિક શૂરાતન દાખવીને દૈત્યના માથા તથા પાંસળીઓમાં એવા તો સપાટા વરસાવ્યાં કે તેના હાથમાંથી તલવાર પડી ગઈ. માટે **સતપુરુષે** તેને મારીને તેનું માથું કાપી નાખ્યું, અને તે લઈને બીજાં બધાંની સાથે ગાયસની વિશ્રામશાળામાં તે પાછો આવ્યો. તે **ક્ષીણમન** નામના મુસાફરને પણ પોતાની સાથે ઉતારામાં લેતો આવ્યો હતો. ઉતારે આવ્યા પછી તેઓએ તે માથું એ ઘરના લોકોને બતાવ્યું, અને આ દૈત્યના જેવો ધંધો ભવિષ્યમાં કરવાનો ઇરાદો રાખનારાઓને ડર લગાડવા સારુ બીજાં માથાંની સાથે એને પણ ઊંચે ટાંગી દીધું.

ત્યાર પછી તેઓએ ક્ષીણમનને પૂછ્યું કે, કેવી રીતે તું એ દૈત્યના હાથમાં સપડાઈ ગયો?

ત્યારે એ બિચારાએ કહ્યું કે, તમે જુઓ છો કે હું માંદો માણસ છું. સાધારણ રીતે દરરોજ એક વખત મોત જાણે કે મારું

બારણું ખખડાવતું હતું, તેથી મેં એવો વિચાર કર્યો કે ઘેર રહેવાથી મને કદી આરામ થવાનો નથી, માટે હું મુસાફર બન્યો, અને **અનિશ્ચય** નામે શહેર કે જેમાં મારો તથા મારા પિતાનો જન્મ થયો હતો, ત્યાંથી મુસાફરી કરતો કરતો અહીં સુધી આવ્યો છું. નથી મારા શરીરમાં બળ, તે નથી મારા મનમાં હિંમત, પરંતુ જો કે માત્ર ઘસડાતો ઘસડાતો જ ચાલી શકું છું તોપણ બધો જન્મારો મુસાફરી કરવામાં ગાળવાનો મારો નિશ્ચય છે. આ માર્ગને નાકે જે દરવાજો છે ત્યાં હું આવ્યો ત્યારે તે જગ્યાના માલિકે ઘણી ઉદારતાથી મારી આગતા સ્વાગતા કરી. મારું નબળું શરીર તથા નબળું મન જોઈને તેણે કંઈ વાંધો ન લીધો. પણ માર્ગને માટે અગત્યની કેટલીક વસ્તુઓ આપીને મને કહ્યું કે, આખર સુધી આશા છોડતો નહિ. જ્યારે હું સમજાવનારને ઘેર આવી પહોંચ્યો ત્યારે ત્યાં પણ મારા પર ઘણી કૃપા બતાવવામાં આવી, અને **દુર્ઘટ** પહાડ પર મારાથી ચઢી શકાશે એવું જાણીને તેની આજ્ઞાથી તેનો એક ચાકર મને ઊંચકીને તે પહાડ પર લઈ ગયો. મુસાફરો તરફથી પણ મને ઘણી મદદ મળી છે, અને જો કે કોઈને મારી સાથે રહીને મારી જેમ ધીમે ધીમે ચાલવાની મરજી નહોતી, તોપણ દરેક મુસાફર મારી પાસે થઈને આગળ જતાં જતાં મને કહેતો કે હિંમત હારીશ નહિ, આપણા પ્રભુની ઇચ્છા છે કે ક્ષીણમનના માણસોને સુખ આપવામાં આવે. એમ કહીને તેઓ મને પાછળ મૂકીને ઝડપથી આગળ ચાલ્યા જતા. પછી જ્યારે હું **હલ્લા** નામની ગલી પાસે આવી પહોંચ્યો ત્યારે પેલા દૈત્યે મને જોઈને કહ્યું કે, યુદ્ધને માટે તૈયાર થા. પણ અરે, રે! હું અશક્ત માણસ યુદ્ધ કેવી રીતે કરી શકું? ઊલટું મને તો ઔષધની જરૂર હતી. તેથી તેણે

મારા પર ધસી આવીને મને પકડી લીધો. મારા મનમાં એવો વિચાર આવ્યો કે તે મને મારી નહિ નાખશે. વળી જ્યારે તે મને પોતાની ગુફામાં લઈ ગયો ત્યારે હું રાજી ખુશીથી તેની સાથે નહોતો ગયો. તેથી પણ મને આશા હતી કે હું જીવતો પાછો બહાર આવીશ. કેમ કે મેં સાંભળ્યું છે કે. જ્યારે કોઈ મુસાફરને તેની મરજી વિરુદ્ધ જોરજુલમથી પકડી જવામાં આવે છે ત્યારે. જો તે પોતાનું મન પોતાના પ્રભુ પ્રત્યે વફાદાર રાખે. તો તે શત્રુના હાથથી માર્યો નહિ જશે. એવો અગમજ્ઞાની ઈશ્વરનો નિયમ છે. લૂટવાની તો હું વકી રાખતો જ હતો અને લૂંટાયો પણ ખરો. પરંતુ તમે જુઓ છો કે મારો પ્રાણ તો બચ્યો છે. આ બચાવ કરનાર તો મારો રાજા છે. અને તમે તેનું સાધન છો, તેથી હું પ્રથમ મારા પ્રભુનો અને પછી તમારો આભાર માનું છું. હું એ પણ જાણું છું કે હજી પણ ઘણાં વિઘ્નો મને નડવાનાં. પણ મેં એવો નિશ્ચય કર્યો છે કે. દોડી શકાશે તો દોડીશ. દોડી નહિ શકાય ત્યારે સાધારણ ચાલે ચાલીશ, અને ચાલી નહિ શકાય ત્યારે ઘસડાતો ઘસડાતો પણ આગળ વધીશ. મારા પ્રભુ જેમણે મારા પર પ્રીતિ કરી છે તેમને ધન્ય થાઓ કે, તારણ વિષે તો મારો દૃઢ નિશ્ચય છે. મારો માર્ગ મારી નજર આગળ છે. અને જો કે મારું મન છેક ક્ષીણ છે, તોપણ પૂલ વગરની નદીની પેલી તરફ તે લાગેલું છે.

વૃદ્ધ સાત્વિકે **ક્ષીણમન**ને પૂછયું કે, તમારે થોડા વખત પર **બીકણજી** નામના મુસાફર સાથે ઓળખાણ નહોતી થઈ શું?

**ક્ષીણમન :** હા. ઓળખાણ તો ખરેખર થઈ રહી. નાશ થનાર શહેરની ઉત્તર તરફ આશરે દોઢસો ગાઉ ઉપર આવેલું અને

મારી જન્મભૂમિથી પણ એટલે જ છેટે આવેલું જડબુદ્ધિ નામે એક શહેર છે તેમાંથી તે આવ્યો હતો; પણ અમારે પરસ્પર સારી ઓળખાણ હતી, કેમ કે એ તો મારો સગો કાકો હતો. અમારા બન્નેનો સ્વભાવ મોટે ભાગે સરખો હતો; જો કે તે મારા કરતાં થોડો નીચો હતો, તોપણ રૂપે રંગે અમે મોટે ભાગે સરખા હતા.

**સાત્વિક :** હવે હું સમજ્યો કે તમે તેને ઓળખો છો, અને તમે પરસ્પર સગા છો તે પણ મારા માનવામાં આવે છે; કેમ કે તમારું મુખ પણ તેની પેઠે ફિક્કું પડી ગયેલું છે, તમારી આંખો પણ તેની આંખો જેવી છે, અને તમારી બન્નેની બોલવાની ઢબ પણ લગભગ સરખી છે.

**ક્ષીણમન :** એમ બન્નેને ઓળખનારા સઘળા ઘણું કરીને એમ જ કહે છે; વળી તેના ચરિત્ર ઉપરથી તેનામાં જે જે વિકારો તથા ભાવનાઓ મારા જાણવામાં આવ્યાં છે, તે વિકારો તથા ભાવનાઓ ઘણું કરીને મારામાં પણ માલુમ પડ્યાં છે.

સુભક્ત ગાયસ બોલ્યો, હે ભાઈ, હિમ્મત રાખ; હું તથા આ ઘર બન્ને તારાં જ છીએ એમ સમજજે. જે કોઈ ચીજ પર તારું દિલ થાય તે મંગાવી લેતાં સંકોચ રાખવો નહિ; અને મારા ચાકરોને જે કંઈ આજ્ઞા તું કરશે તે તેઓ તારે માટે કરવા તત્પર રહેશે.

ત્યારે **ક્ષીણમને** કહ્યું કે, આવી કૃપા મારા પર કરવામાં આવશે એવી આશા હું રાખતો નહોતો, આ તો ઘણા કાળા વાદળમાંથી સૂર્યપ્રકાશ પાડે એવું છે. જ્યારે સાધુ હિંસક દૈત્ય મને પકડી લઈ ગયો હતો અને મને ત્યાંથી આગળ ન જવા દેવાનો તેણે નિશ્ચય કર્યો હતો ત્યારે શું મારું આવું ભલું કરવાનો તેનો

ઇરાદો હતો? મારા ખીસામાંથી બધું લૂંટી લીધા પછી મારા યજમાન ગાયસને ત્યાં મને પરોણો રહેવા મોકલવાનો તેનો ઇરાદો હતો શું? તોપણ મને એ લાભ થયો છે.

**ક્ષીણમન** તથા ગાયસ આવી વાતો કરવામાં ગુંથાયા હતા. એટલામાં એક માણસ દરવાજા આગળ દોડતો આવ્યો. અને બૂમ પાડીને કહેવા લાગ્યો કે. અહીંથી ગાઉએક દૂર **અસાધુ** નામે એક મુસાફર એકાએક વીજળી પડવાથી ત્યાં જ માર્યો ગયો છે.

ક્ષીણમન એ સાંભળીને કહેવા લાગ્યો કે. અરે. રે! શું તે માર્યો ગયો છે? હું અહીં આવી પહોંચ્યો તે પહેલાં કેટલાક દિવસ પર તેણે મને પકડી પાડ્યો, અને મારો સાથી થવાની ઇચ્છા તેણે દર્શાવી. જ્યારે **સાધુહિંસકે** મને પકડયો ત્યારે પણ તે મારી સાથે હતો, પણ તેની દોડવાની ઝડપ બહુ હતી તેથી તે નાસીને બચી ગયો. પણ એવું જણાય છે કે તે મરવાને નાસી છૂટયો, અને હું બચવાને પકડાઈ ગયો.

ઈશ્વરેચ્છા અદ્‌ભુત એવી, પાર ન પામે કોઈ જન તેવી;
બહાર જોતાં મૃત્યુ જેવી, અંદર વિધ વિધનાં સુખ એવી.
ઈશ્વરકાર્ય દેખીતું ભારી, દુઃખદ તથા મૃત્યુકારી;
નમ્રજનોને જીવન આપે, ગર્વિષ્ટ જન પાતાળે સ્થાપે.
છૂટયો હું પકડયો હતો, પકડાયો જન તેહ;
એમ મળે જીવન મળે, પામ્યો મૃત્યુ એહ.

આ અરસામાં માથ્થીની સાથે કરુણાનાં લગ્ન થયાં; ગાયસે પોતાની દીકરી ફેબીને માથ્થીના ભાઈ યાકૂબ જોડે પરણાવી; ત્યાર પછી તેઓએ ગાયસના ઘરમાં બીજા દસેક દિવસ મુસાફરોની રીત પ્રમાણે ગાળ્યા.

જ્યારે તેઓને વિદાય થવાનો વખત લગભગ આવ્યો ત્યારે ગાયસે તેમને માટે જમણ કર્યું, અને તેઓએ ખાઈપીને ઘણો આનંદ કર્યો. હવે તેમને ચાલી નીકળવાની ઘડી આવી. માટે મહાત્માએ ગાયસને કહ્યું કે, અમારા ખાધાખોરાકી વગેરેનો હિસાબ કહો કે અમે તે આપીએ. પણ ગાયસે તેને કહ્યું કે, અમારે ત્યાં જે મુસાફરો પરોણા રહે છે તેઓની પાસેથી પરોણાગતનો કંઈ ખર્ચ લેવામાં આવતો નથી. હું વરસ વરસ સુધી મુસાફરોને પરોણા રાખું છું. પણ તેનો ખર્ચ તો મને સારા **સમરૂની** પાસેથી મળવાનો છે. કેમ કે તેણે વચન આપ્યું છે કે મુસાફરોને લીધે જે જે ખર્ચ તને થશે તે બધો હું પાછો આવીશ ત્યારે વિશ્વાસુપણે વાળી આપીશ.

ત્યારે મહાત્માએ તેને કહ્યું કે, ઓ પ્રિય ભાઈ, તું ભાઈઓને માટે તથા વિદેશીઓને માટે જે જે કરે છે તે બધું વિશ્વાસુપણે કરે છે. તેઓએ તારી પ્રીતિ વિષે મંડળી આગળ સાક્ષી આપી છે. તું જો હવે પછીના મુસાફરોને પણ ધાર્મિકપણે મદદ કરીને ઉત્તેજન આપીશ, તો બહુ સારું કામ થશે. ત્યાર પછી ગાયસે પોતાની દીકરી તથા જમાઈને તથા વિશેષ કરીને **ક્ષીણમન**ને મળી બધાંને વિદાય કર્યાં. તેણે વળી ક્ષીણમનને રસ્તામાં પીવાને કેટલુંક શરબત આપ્યું.

હવે જ્યારે મુસાફરો ઘરમાંથી બહાર નીકળવા લાગ્યાં ત્યારે ક્ષીણમન પાછળ રહી જવાનું મન બતાવવા લાગ્યો. એ જોઈને મહાત્માએ કહ્યું કે, ક્ષીણમન ભાઈ, ચાલો, મહેરબાની કરીને અમારી સાથે જ આવો, હું તમારો માર્ગદર્શક થઈશ, અને આ બાકીનાં મુસાફરોના જેટલી જ સલામતી તમે ભોગવશો.

**ક્ષીણમન :** અરે. રે! મારે લાયક સાથી ક્યાં છે? તમે તો બધાં સાજાં તાજાં ને બળવાન છો. પણ તમે જુઓ છો કે હું અશક્ત છું. હું મારી ઘણા પ્રકારની નબળાઈને લીધે પોતાને તથા તમને ભારરૂપ ન થઈ પડું. તે માટે હું પાછળથી આવવાનું પસંદ કરું છું. મેં કહ્યું હતું તેમ મારું મન બહુ ક્ષીણ છે. અને જે વાતોથી બીજાઓને કંઈ મુશ્કેલી થતી નથી તે વાતોથી મને ઠોકર લાગે છે અને નબળાઈ આવે છે. મને હાસ્ય ગમતું નથી. ભપકાદાર પોશાક પણ મને ગમતો નથી. વળી વ્યર્થ પ્રશ્નોત્તરી મને ગમતી નથી. હું એવો તો નિર્બળ છું કે. જે કામો કરવાની છૂટ આપેલી છે તે જો હું બીજાઓને કરતાં જોઉં તો મને ઠોકર લાગે છે. ધર્મની બધી વાતો હું હજી જાણતો નથી. હું ઘણો અજ્ઞાની ખ્રિસ્તી છું. કોઈ કોઈ વખત કોઈ ભાઈને પ્રભુમાં આનંદ કરતો સાંભળીને પણ મને દુઃખ થાય છે. કેમ કે હું એ પ્રમાણે આનંદ કરી શક્તો નથી. બળવાનો મધ્યે જેમ નિર્બળ માણસ હોય. તંદુરસ્ત માણસો મધ્યે જેમ માંદો માણસ હોય અથવા જેમ ધિક્કારેલો દીવો હોય, તેવી જ મારી હાલત છે. માટે શું કરવું તે મને સૂઝતું નથી. "જે માણસ લપસી જનાર છે, તે સુખી મનુષ્યની નજરમાં તુચ્છ દીવાના જેવો છે."

સતપુરુષે કહ્યું કે. ભાઈ, ક્ષીણમનવાળાઓને દિલાસો દેવાનું તથા અબળાઓની સહાય કરવાનું કામ તો મને સુપ્રત કરવામાં આવેલું છે. તમારે અમારી સાથે આવવું જ પડશે. અમે તમારે માટે ધીમું ચાલીશું. અને તમને મદદ કરીશું. કેટલાક મત તથા કામો શાસ્ત્રાનુસાર છતાં તમને દુઃખ કે ઠોકરરૂપ થાય એમ હશે તો તે મતો વિષે વિવાદ કરવાનું કે તે કામો કરવાનું અમે તમારી ખાતર પડતું મૂકીશું. તમારા સાંભળતાં અમે શંકા ભરેલા વિવાદ નહિ

કરીએ. તમને સર્વ વાતે અનુકૂળ અને કામના થઈ પડીએ એવી રીતે વર્તીશું. પણ તમને પાછળ મૂકી જવાનો અમારો ઇરાદો નથી.

આ બધી વાતચીત થતી વેળાએ તેઓ ગાયસના ઘરનાં બારણા આગળ ઊભાં હતાં. અને તેઓ પૂર જોશમાં વિવાદ કરતા હતાં. એવામાં **પંગુ** નામે એક મુસાફર પોતાની ઘોડીઓ પર ટેકતો ટેકતો તેમની પાસે આવી પહોંચ્યો.

ક્ષીણમને તેને પૂછ્યું કે. તું અહીં કેવી રીતે આવી પહોંચ્યો? હું હમણાં જ દિલગીરી દર્શાવતો હતો કે મારે અનુકૂળ પડે એવો સાથી નથી. પણ તું તો મને જોઈએ એવો સાથી મળી ગયો છે. હે ભલા મિત્ર પંગુ. બહુ સારું થયું કે તું આવ્યો. મને આશા છે કે આપણે બંને એક બીજાને મદદગાર થઈશું.

પંગુએ ક્ષીણમનને કહ્યું કે. તારા સંઘાતથી હું બહુ ખુશી થઈશ. અને હે ભલા મિત્ર ક્ષીણમન. આમ સુભાગ્યે આપણો મેળાપ થયો છે. માટે આપણે જુદા પડીએ તે કરતાં હું એટલી ખોટ વેઠીને મારી એક ઘોડી તમને આપવા તૈયાર છું.

ક્ષીણમને ઉત્તર આપ્યો કે, આ તારી કૃપાને માટે હું તારો ઉપકાર માનું છું. તથાપિ મારે ઘોડીની જરૂર નથી. કારણ કે લંગડો થયાં પહેલાં લંગડાવાનું મને મન નથી. તોપણ મને લાગે છે કે કોઈ પ્રસંગે એ મને કૂતરાં મારવાને કામ લાગે.

**પંગુ :** ભલા મિત્ર ક્ષીણમન. જો કોઈ પણ વખત હું કે મારી ઘોડીઓ તમારા કંઈ પણ ખપમાં આવીએ એમ હોય. તો અમ બંને તમારી આજ્ઞાને આધીન છીએ.

આવી રીતે વાતો કરતાં કરતાં તેઓ બધાં ચાલી નીકળ્યાં. **સતપુરુષ** તથા સાત્વિક મોખરે ચાલતાં હતાં. **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેનું

કુટુંબ વચ્ચે ચાલતું હતું. અને **ક્ષીણમન** તથા ઘોડીઓ પર ટેકીને ચાલતો **પંગુ** સૌથી પછવાડે ચાલતા હતા.

ચાલતાં ચાલતાં સાત્વિકે કહ્યું. સાહેબ. આપણી અગાઉ થઈ ગયેલા મુસાફરોમાંથી કેટલાકની લાભદાયી વાતો માર્ગે ચાલતાં ચાલતાં કહેવાની કૃપા કરશો તો લાભ થશે.

**સતપુરુષ :** ઘણી ખુશીની સાથે કહીશ. આગલા વખતમાં નમ્રતાના મેદાનમાં ખ્રિસ્તીને અપાલ્યન જોડે જે યુદ્ધ થયું હતું. અને મૃત્યુછાયાના મેદાનમાં થઈને જતાં તેને જે જે કષ્ટ તથા શ્રમ વેઠવા પડ્યાં હતાં. તે વિષે તમે સાંભળ્યું હશે. એમ હું ધારું છું. વળી **વ્યભિચારેણ શેઠાણી, પ્રથમ આદમ, અસંતોષી** અને **શરમ** એ ચાર અત્યંત દુષ્ટ ઠગોથી વિશ્વાસુને કેટલાં બધાં સખત પરીક્ષણો વેઠવાં પડ્યાં. તે પણ તમે સાંભળ્યું જ હશે.

**સાત્વિક :** હા, એ સર્વ વાતો મેં સાંભળી છે. પણ વિશ્વાસુને બધાં કરતાં શરમ સાથે વધારે સખત યુદ્ધ કરવું પડ્યું. કેમ કે શરમ તો કેમે કરી તેનો કેડો મૂકે જ નહિ.

**સતપુરુષ :** તમે ખરું કહો છો. કેમ કે એ વિશ્વાસુ મુસાફર જે કહેતો હતો તે વાજબી છે, કે એનું નામ એના ગુણથી ઊલટું જ છે.

**સાત્વિક :** પણ સાહેબ, ખ્રિસ્તીને તથા વિશ્વાસુને વાચાળની ભેટ ક્યાં આગળ થઈ તે કૃપા કરી કહેશો? એ પણ જાણવા જોગ માણસ હતો.

**સતપુરુષ :** એ તો મૂર્ખ હતો એને પોતા વિષે ખોટું અભિમાન હતું. પરંતુ ઘણા માણસો એને અનુસરનારા છે.

**સાત્વિક :** તેણે તો વિશ્વાસુને પણ લગભગ ભુલાવી દીધો હતો.

**સતપુરુષ :** તમારું કહેવું ખરું છે. પણ ખ્રિસ્તીએ વિશ્વાસુને એવો ઉપાય બતાવ્યો કે તે શરમનું ખરું સ્વરૂપ તરત પારખી ગયો.

એવી રીતે વાતો કરતાં કરતાં જે ઠેકાણે સુવાર્તિકે **ખ્રિસ્તી** તથા **વિશ્વાસુ**ને મળીને **વ્યર્થત્વ**ના બજારમાં તેઓ પર શું વીતશે એની અગાઉથી ખબર આપી હતી. તે ઠેકાણે તેઓ આવી પહોંચ્યાં. ત્યારે તેમના માર્ગદર્શકે કહ્યું કે. આ જગ્યાએ સુવાર્તિક ખ્રિસ્તી તથા વિશ્વાસુને મળીને વ્યર્થત્વના બજારમાં જે જે સંકટો તેમના પર આવવાનાં હતાં તેની ખબર અગાઉથી આપી હતી.

**સાત્વિક :** શું તે જગ્યા આજ છે? મને લાગે છે કે એ વખતે તેણે તેઓને ઘણી સખત વાતો સંભળાવી હશે.

**સતપુરુષ :** હા. તમે કહો છો તેમ જ થયું હતું, પણ તે સાથે તેણે તેઓને હિંમત પણ આપી હતી. પણ આપણે તેઓ વિષે વધુ શું કહીએ? તે બંને સિંહ જેવા શૂરવીર પુરુષો હતા, અત્યંત દૃઢ અને અચળ હિંમતથી તેઓ સામી નજરે મુસાફરીમાં જારી રહેતા હતા. કેવી નિર્ભયતાથી તેઓ ન્યાયાધીશની સમક્ષ ઊભા રહ્યા હતા, તે શું તમે ભૂલી ગયા છો?

**સાત્વિક :** આહા, વિશ્વાસુએ કેવી હિંમતથી મોત સહન કર્યું!

**સતપુરુષ :** તમારું કહેવું ખરું છે, અને એની ઉત્તમ વર્તણૂકનાં પરિણામ એવાં જ ઉત્તમ નિપજ્યાં. કેમ કે લોકો એવી વાતો કરે છે કે મરણ સમયે તેની વર્તણૂક જોઈને આશાવાન તથા બીજા કેટલાક ઈશ્વર તરફ ફર્યા.

**સાત્વિક :** બહુ સારી વાત છે. પણ મહેરબાની કરી કહ્યે જાઓ. કેમ કે જે બધું થયું હતું તે તમે સારી પેઠે જાણો છો.

**સતપુરુષ :** વ્યર્થત્વ બજાર વટાવ્યા પછી ખ્રિસ્તીને જે જે લોક મળ્યા તે બધામાં **પ્રપંચી** નામનો એક માણસ બહુ જ પહોંચેલો હતો.

**સાત્વિક :** એ **પ્રપંચી** કોણ હતો?

**મહાત્મા :** એ માણસ બહુ જ કપટી અને પહોંચેલો હતો. અને પૂરો ઢોંગી હતો. અને વખતે વખતે દુનિયાનું ડોળ જેમ ફરે. તેમ તેને અનુસરીને પોતાના ધર્મનું ડોળ તે ફેરવતો. પણ તે એવો પક્કો હતો કે, ધર્મની ખાતર તેને કદી કંઈ ખોટ કે દુઃખ વેઠવાં પડતાં નહિ. દરેક પ્રસંગને અનુસરીને પોતાના ધર્મનું ડોળ તે રાખતો. અને એ બાબતમાં તેની સ્ત્રી પણ તેના જેવી જ હોશિયાર હતી. તે પોતાના મત વખતે વખતે બદલતો. અને એમ કરવું વાજબી છે એવું બતાવવાને પ્રમાણો આપતો. પણ મારા સાંભળવા પ્રમાણે તેના પ્રપંચથી તેની દશા ભયંકર થઈ. અને ખરી રીતે ઈશ્વરની બીક રાખનારા ભક્તોમાં કોઈની પણ નજરમાં તેનું કોઈ પણ સંતાન જરા પણ માનવંત નીવડ્યું નહિ.

એ પ્રમાણે વાતો કરતાં તેઓ હવે વ્યર્થત્વનું શહેર કે જ્યાં વ્યર્થત્વ બજાર ભરાય છે. તે દેખાવા લાગ્યું એટલે સુધી આવી પહોંચ્યાં. પોતે શહેરની નજીક આવી લાગ્યાં છે એ જોઈને તેઓ માંહોમાંહે વિચાર કરવા લાગ્યાં કે કેવી રીતે શહેરમાં થઈને પસાર થવું. એકે એક સૂચના કરી તો બીજાએ બીજી સૂચના કરી. છેલ્લે સતપુરુષે કહ્યું. તમે જાણો છો કે હું ઘણી વાર મુસાફરોનો માર્ગદર્શક થઈને તેઓને આ શહેરની આરપાર લઈ ગયો છું.

કુપ્રસ બંટના વતની નાસોન નામના એક જૂના શિષ્યની સાથે મારે ઓળખાણ છે. તેને ઘેર આપણે ઉતરી શકીશું. તમારી ઇચ્છા હોય તો આપણે ત્યાં જઈએ.

વૃદ્ધ સાત્વિકે કહ્યું. બહુ સારું, ચાલો; ખ્રિસ્તીબહેન, ક્ષીણમન તથા બીજાં બધાંએ પણ એમ જ કહ્યું. તેઓ ભાગળ આગળ આવી પહોંચ્યાં એટલામાં સાંજ પડી ગઈ; પણ **સતપુરુષ** પેલા વૃદ્ધ શિષ્યના ઘરનો માર્ગ જાણતો હતો. માટે તેઓ બધાં ત્યાં જઈ પહોંચ્યાં; અને **સતપુરુષે** બારણા આગળ ઊભા રહીને હાંક મારી. તે સાંભળતાં જ વૃદ્ધ માલિકે તેનો સાદ ઓળખીને તુરત બારણું ઉઘાડયું. એટલે તેઓ બધાં અંદર ગયાં. ત્યારે માલિક નાસોએ પૂછયું કે, તમે આજ કેટલે દૂરથી આવ્યાં છો? તેઓએ કહ્યું કે, તમારા મિત્ર ગાયસને ઘેરથી ચાલ્યાં આવ્યાં છીએ. પછી તેણે કહ્યું કે, ઓહો, એ તો બહુ લાંબી મજલ તમે કરી છે. માટે તમે જરૂર થાકી ગયાં હશો; તો બેસીને વિસામો લો. તેથી તેઓ બધાં બેઠાં.

ત્યારે માર્ગદર્શકે તેઓને કહ્યું, કેમ પ્રિય મિત્રો, મઝા પડે છે કે નહિ? મને ખાતરી છે કે મારો મિત્ર તમારા આવવાથી બહુ ખુશ થયો છે.

**નાસોને** કહ્યું કે, મિત્રો, તમે ભલે પધાર્યા; તમારે જે કંઈ જોઈએ તે ફરમાવશો, અને તે તમને પૂરું પાડવાને મારાથી બનતો પ્રયત્ન કરીશ.

**સાત્વિક :** થોડી વાર ઉપર અમને આશ્રયસ્થાનની તથા સારી સંગતની ભારે જરૂરિયાત હતી, પણ એ બન્ને હવે અમને મળી ચૂક્યાં છે.

**નાસોન :** આશ્રયસ્થાન કેવું છે તે તો તમે જુઓ છો; પણ સંગત સારી છે કે કેમ. તે તો અનુભવ કર્યાથી માલૂમ પડશે.

પછી **સતપુરુષે** માલિકને કહ્યું કે. આ મુસાફરોને ઉતરવાની ઓરડીઓ બતાવો તો સારું.

નાસોને કહ્યું. હું બતાવીશ. એમ કહીને તે તેઓને પોતપોતાની ઓરડીઓમાં લઈ ગયો; વળી તેણે તેમને જમવાનો ભવ્ય તથા સુંદર ઓરડો પણ બતાવ્યો. કે જ્યાં બધાં એકઠાં મળીને જમે. અને સૂવાનો વખત થાય ત્યારે જઈને પોતપોતાની ઓરડીઓમાં સૂઈ જાય.

હવે તેઓ બધાં પોતપોતાની જગ્યાએ બેઠાં. અને તેમનો રસ્તાનો થાક થોડો ઘણો ઉતર્યા પછી સાત્વિકે ઘરના માલિકને પૂછયું કે. આ શહેરમાં કોઈ ધાર્મિક લોકો છે કે નહિ?

**નાસોન :** કોઈ કોઈ છે તો ખરા. પણ અધર્મીઓ એટલા બધા છે કે તેમના પ્રમાણમાં ધર્મીઓની સંખ્યા જૂજ જેવી લાગે છે.

**સાત્વિક :** પણ કેવી રીતે અમારો તેઓની સાથે મિલાપ થાય? કેમ કે જેમ સમુદ્રગામીઓને ચંદ્ર તથા તારાઓનાં દર્શન લાભકારક થઈ પડે છે. તેમ મુસાફરોને સુભક્તોનાં દર્શનથી લાભ થાય છે.

પછી નાસોને જમીન પર પગ પછાડયો. તેનો અવાજ સાંભળીને તેની દીકરી કૃપા દોડી આવી. ત્યારે તેણે તેને કહ્યું કે. કૃપા. તું જઈને મારા મિત્રો **ચૂર્ણમન, પવિત્રમતિ, સાધુ-પ્રેમી, અસત્યદ્વેષી** તથા **અનુતાપીને** કહે. કે મારે ઘેર કેટલાક મહેમાન આવ્યાં છે. અને તેઓ આજ સાંજે તમને મળવા ચાહે છે. ત્યારે

કૃપા જઈને તેઓને બોલાવી લાવી. અરસપરસ પ્રણામ કર્યા પછી તેઓ બધાંની સાથે મેજ ઉપર બેઠા.

પછી તેમના યજમાન નાસોને કહ્યું કે, મિત્રો, તમે જુઓ છો કે આજ મારે ઘેર કેટલાંક પરદેશીઓ આવી ઉતર્યાં છે; તેઓ મુસાફર છે, ઘણે દૂરથી આવેલાં છે અને સિયોન પર્વત પર જાય છે. પછી તેણે ખ્રિસ્તી બહેન તરફ આંગળી કરીને કહ્યું કે, એ કોણ છે? તમે શું ધારો છો? એ તો ખ્રિસ્તી નામનો પ્રખ્યાત મુસાફર જેને પોતાના સોબતી વિશ્વાસુ સાથે અમારા શહેરમાં પુષ્કળ આપદા વેઠવી પડી હતી, તેની પત્ની છે. આ સાંભળીને તેઓ સ્તબ્ધ થઈ ગયા, અને કહેવા લાગ્યા કે જ્યારે કૃપા અમને બોલાવવાને આવી ત્યારે અમને એવું સ્વપ્ન પણ નહોતું આવ્યું કે અમને ખ્રિસ્તી બહેનની મુલાકાત થશે; માટે આ આશ્ચર્ય તો બહુ સાનંદાશ્ચર્ય છે. પછી તેઓએ ખ્રિસ્તી બહેનની ખબર અંતર પૂછીને કહ્યું કે, શું આ જુવાનો તમારા પતિના દીકરા છે? ખ્રિસ્તી બહેને કહ્યું, હા, તેઓ એમના જ દીકરા છે; ત્યારે તેઓએ એ જુવાનોને કહ્યું કે, જે મહારાજાની પ્રેમયુક્ત સેવા તમે કરો છો; તે તમને તમારા પિતાના જેવા કરો, અને તે હાલ જ્યાં છે ત્યાં તમને સહીસલામત પહોંચાડો.

હવે તેઓ બધાં બેસી ગયા પછી સાત્વિકે ચૂર્ણમન વગેરેને પૂછયું કે હમણાં તમારા શહેરની શી સ્થિતિ છે?

**ચૂર્ણમન :** બજાર ભરાય છે તે વખતે બધે પુષ્કળ ધમાલ મચે છે, જ્યારે આપણે શ્રમયુક્ત તથા સંકોચિત સ્થિતિમાં હોઈ છીએ ત્યારે આપણાં મન તથા મિજાજ ઠેકાણે રાખવાં એ ઘણું મુશ્કેલ છે. જેઓ આવી જગ્યામાં રહે છે, અને જેઓને આવા

લોકની સાથે વ્યવહાર કરવાં પડે છે. તેઓને પળેપળ સાવધાન રહેવાની ચેતવણી પામવાની જરૂર છે.

**સાત્વિક :** પણ હમણાં તમારા પડોશીઓ શાંત છે કે કેમ?

**ચૂર્ણમન :** અગાઉના કરતાં તો તેઓ ઘણાં જ શાંત છે. અમારા શહેરમાં ખ્રિસ્તી તથા વિશ્વાસુની કેવી સતાવણી કરવામાં આવી હતી તે તમે જાણો છો. પણ કેટલાક વખતથી તો તેઓ કંઈક હદમાં રહેતા શીખ્યા છે. મને લાગે છે કે વિશ્વાસુના ખૂનનો અપરાધ હજી સુધી તેમના મન પર બોજારૂપ થઈ પડેલો છે. કેમ કે જ્યારથી તેઓએ તેને બાળી નાખ્યો ત્યારથી તેઓ એટલા બધા શરમાઈ ગયા છે કે ત્યારથી આજ સુધી બીજા કોઈને તેઓએ બાળ્યો નથી. તે સમયમાં કોઈને એ શહેરના રસ્તાઓમાં ફરવાની હિંમત ચાલતી નહોતી. પણ હમણાં બીક વગર હરી ફરી શકાય છે. તે વખતમાં "ખ્રિસ્તી" નામ નિંદાપાત્ર ગણાતું હતું. પણ હમણાં અમારા આ મોટા શહેરના કોઈ કોઈ ભાગમાં એ નામ માનવંતું ગણાવા લાગ્યું છે. પછી ચૂર્ણમને મુસાફરોને પૂછ્યું કે મુસાફરીમાં તમારી હાલત કેવી છે? અને તમારા પ્રત્યે દેશના લોકનું વલણ તથા વર્તણૂક કેવાં છે?

**સાત્વિક :** જેવી બીજાં મુસાફરોની દશા તેવી જ અમારી દશા પણ થાય છે. કોઈ કોઈ વખતે અમારો માર્ગ સાફ તથા સપાટ હોય છે અને કોઈ કોઈ વખત મેલો તથા ખાડા ટેકરાવાળો હોય છે. કોઈ વખતે ઢોળાવ ચઢવા પડે છે અને કોઈ વખતે ઢોળાવ ઉતરવા પડે છે. પછી માર્ગ કેવો આવશે એ વિષે કંઈ જ નિશ્ચયતા નથી. માર્ગમાં વાયુ હમેશાં અનુકૂળ વાય છે, અને માર્ગે જેઓ અમને મળે છે તેઓ બધા મિત્રો હોય છે એમ તો નહિ. અત્યાર

પહેલાં તો અમને કેટલાંક જાણવા લાયક યુદ્ધો તથા ઝપાઝપીઓ કરવાં પડ્યાં છે. અને હવે પછી શું શું વીતશે એ અમે જાણતા નથી. પણ 'ધાર્મિક માણસોને સંકટ થયા વગર રહે નહિ.' એ પ્રાચીન વાક્ય ઘણે દરજ્જે અમારી બાબતમાં ખરું સાબિત થયું છે.

**ચૂર્ણમન :** તમે યુદ્ધ તથા ઝપાઝપી વિષે બોલ્યા છો. માટે હું પૂછું છું કે. તમારે ક્યાં યુદ્ધ કરવાં પડ્યાં હતાં?

**સાત્વિક :** ના ના. મને ન પૂછશો. અમારા માર્ગદર્શક **સતપુરુષ**ને પૂછો કે. કેમ કે તે એની હકીકત સૌથી સારી રીતે આપી શકશે.

**સતપુરુષ :** અમારા પર માર્ગમાં ત્રણ ચાર વાર હુમલા કરવામાં આવી ચૂક્યા છે. પ્રથમ **ખ્રિસ્તી સ્ત્રી** તથા તેના છોકરાઓ પર બે દુષ્ટોએ હુમલા કર્યા. તે વખતે તેમના જીવ પડીકે બંધાઈ ગયાં હતા. ત્યાર પછી **હત્યારો, ગદાવીર** તથા **સાધુહિંસક** નામના ત્રણ દૈત્યોએ અમારા પર હુમલા કર્યા. ખરું જોતાં **સાધુહિંસક** ઉપર તો અમે પોતે હુમલો કર્યો હતો. જેની વિગત એવી છે કે. અમારી તથા આખી મંડળીની પરોણાગત કરનાર ગાયસને ઘેર અમે કેટલાક દિવસથી ઊતર્યાં હતાં. તેવામાં એક દિવસે અમને એવો વિચાર આવ્યો કે શસ્ત્રો સજીને મુસાફરોના શત્રુઓની શોધમાં નીકળી પડવું. અને જોવું કે તેઓમાંનો કોઈ મળી આવે છે કે નહિ. કેમ કે અમને એવી ખબર મળી હતી કે એક પ્રખ્યાત શત્રુ એટલામાં રહે છે. હવે આ શત્રુના રહેઠાણ વિષે ગાયસ મારા કરતાં વિશેષ માહિતગાર હતો. કેમ કે તે એ પડોશમાં રહેતો હતો. અમે કેટલીક વાર સુધી અહીં તહીં તપાસ કરી. ત્યાર પછી આખરે તેની ગુફાનું મોં અમારી નજરે પડ્યું તેથી અમને બહુ ખુશી તથા આનંદ થયાં. પછી અમે તેની ગુફા તરફ જવા લાગ્યાં. અને ત્યાં પહોંચ્યાં ત્યારે

તો અમારા જોવામાં એવું આવ્યું કે. આ બિચારા ક્ષીણમનને બળજબરીથી એ દૈત્ય પકડી ગયો છે અને તેને હમણાં મારી નાખશે. પણ જ્યારે તે દૈત્યે અમને જોયાં ત્યારે બીજો શિકાર મળ્યો એમ ધારીને આ બિચારાને ગુફાની અંદર પડતો મૂકીને બહાર નીકળી આવ્યો. ત્યારે અમે એકદમ તેની સાથે સખત યુદ્ધ કર્યું. અને તે પણ અમારી સાથે જુસ્સાથી લડવા લાગ્યો. પણ આખરે તે માર્યો ગયો અને અમે તેનું માથું કાપી લીધું. અને એના જેવા બીજા દુષ્ટોને ભય પમાડવાને માર્ગની કોરે તેને ટાંગી દીધું. જેમ સિંહના મોંમાંથી કોઈ હલવાનને છોડાવે તેવી રીતે એ દૈત્યના હાથમાંથી જેને મેં છોડાવ્યો તે **ક્ષીણમન** પોતે અહીં હાજર છે. તેને પૂછવાથી તમને ખાતરી થશે કે મેં તમને જે કહ્યું તે સાચેસાચું છે.

ત્યારે ક્ષીણમને કહ્યું કે. એ વાત સાચી છે એ હું મારા અનુભવ ઉપરથી જાણું છું. એ હાલતથી મને દુઃખ પણ થયું અને ખુશી પણ થઈ. દુઃખ એટલે થયું કે એ દૈત્ય મારા શરીરનું બધું માંસ ચૂંટી ચૂંટીને ખાઈ જવાની ધમકી દર પળે બતાવતો હતો. અને મને ખુશી એટલે થઈ કે. મેં મહાત્મા તથા તેના મિત્રોને શસ્ત્રસજ્જ થઈને મારા બચાવને અર્થે છેક પાસે આવી પહોંચેલા જોયા.

**પવિત્રમતિ**એ કહ્યું કે. હિંમત તથા પવિત્ર ચાલ એ બે વાતો મુસાફરને ઘણી જ અગત્યની છે. જો તેમને હિંમત ન હોય તો તેઓ માર્ગમાં આખર સુધી ટકી શકે નહિ. અને જો તેઓની ચાલ ભૂંડી હોય. તો તેથી મુસાફરનું નામ જ **દુર્ગંધરૂપ** થઈ પડશે.

પછી **સાધુપ્રિય** બોલ્યો કે. તમને આ ચેતવણીની જરૂર નથી એવી મારી આશા છે. પરંતુ આ માર્ગમાં ચાલનારા ઘણા એવા

માણસો છે કે જેઓ પોતાને આ પૃથ્વી ઉપર પરદેશી તથા પ્રવાસી જેવા નહિ. પણ મુસાફરીના ધર્મ વિષે અજ્ઞાની જાહેર કરે છે.

ત્યારે **અસત્યદ્વેષીએ** કહ્યું કે એ ખરી વાત છે, એ લોકોનાં પોશાક તથા હિંમત મુસાફરોને ઘટે એવાં નથી. તેઓ સીધા ચાલતાં નથી પણ વાંકા ચૂંકા પગ મૂકીને ચાલે છે, તેમનું એક જોડું અંદરની બાજુએ મરડાયેલું હોય છે અને બીજું બહારની બાજુએ મરડાયેલું હોય છે. તેમનાં વસ્ત્ર ફાટી ગયેલાં હોય છે. ને ઠેકાણે ઠેકાણે ચિંદરડા લબડતા હોય છે તથા ચીરા પડેલા હોય છે, અને આથી તેમના પ્રભુનું અપમાન થાય છે.

**અનુતાપીએ** કહ્યું કે, આ બધી વાતોને લીધે તેઓએ શોક કરવો જોઈએ. અને જ્યાં સુધી આવા દોષ તથા કલંક મુસાફરોમાંથી દૂર નહિ થાય ત્યાં સુધી તેઓ તથા તેઓનાં **યાત્રિકક્રમણ** તેમની ઇચ્છા મુજબ શોભશે નહિ. એ રીતે તેઓએ બેઠાં બેઠાં જમણ તૈયાર થયું ત્યાં સુધી વાતો કર્યા કરી. પછી જમી તાજાં થઈને સૂઈ ગયાં.

હવે તેઓ આ શહેરમાં નાસોનને ઘેર ઘણા દિવસ રહ્યા. ત્યાર પછી નાસોને પોતાની દીકરી કૃપાને ખ્રિસ્તી સ્ત્રીના દીકરા સેમ્યુએલ જોડે તથા પોતાની દીકરી માર્થાને યૂસફ જોડે પરણાવી.

હું કહી ગયો છું કે તેઓ આ શહેરમાં ઘણા દિવસ રહ્યાં, અને એનું કારણ એ હતું કે ત્યાંના લોકો તરફથી અગાઉના જેટલી દુશ્મનાવટ તેઓના જોવામાં આવી નહિ. તેથી મુસાફરોએ ત્યાંના ઘણા ધાર્મિક લોકોની સાથે ઓળખાણ કરી, અને પોતાની શક્તિ મુજબ તેઓને મદદ કરી. વળી કરુણા પોતાના રિવાજ મુજબ

ગરીબ લોકોને માટે બહુ મહેનત કરીને તેમને કપડાં તથા અનાજ વહેંચતી હતી, અને તેથી એ લોકો તેનો આભાર માનીને તેને ધન્યવાદ આપતા હતાં, અને એવી રીતે તે ત્યાં પોતાના ધર્મના આભૂષણરૂપ થઈ પડી. અને ખરું પૂછો તો કરુણા, ફેબી તથા માર્થાએ પણ બહુ સારો સ્વભાવ દાખવ્યો. અને ઘણાં ઉત્તમ તથા હિતકારી કામો કર્યાં. વળી એ ચારે સ્ત્રીઓને છોકરાં પણ પુષ્કળ થતાં. અને એ કારણથી ખ્રિસ્તીનું નામ આ દુનિયામાં અમર રહેશે એ વિષે શંકા રહી નહિ.

તેઓ હજી આ શહેરમાં હતાં એટલામાં જંગલમાંથી એક ભયંકર પ્રાણી નીકળી આવ્યું અને શહેરના ઘણાં માણસોને મારી નાખ્યાં. વળી લોકોનાં છોકરાંને પણ ઘસડી જઈને તેમને પોતાનાં બચ્ચાંને દૂધ પીતાં શીખવતું હતું. એ શહેરનો કોઈ પણ માણસ તેનો પ્રતિકાર કરી શક્તો નહિ, પણ તેના આવવાનો અવાજ સાંભળતાં જ બધાં નાસી જતાં. પૃથ્વી પરનાં બીજાં બધાં જાનવરો કરતાં એનો આકાર તદ્દન જુદો હતો. એનું શરીર સર્પના જેવું હતું. તેને સાત માથાં અને દસ શીંગડાં હતાં. તે બાળકોનો તો નાશ કરતું હતું પણ નવાઈ જેવું એ હતું તે એક સ્ત્રીને આધીન હતું. તે માણસોને શરતો નીમી આપતું હતું. અને જે લોકોને પોતાના આત્માઓ કરતાં પોતાના જીવ વધારે વહાલા હતા તેઓ એ શરતો સ્વીકારીને તેને આધીન થતા.

માટે **સતપુરુષ** તથા જેઓ મુસાફરોને મળવા નાસોનને ઘેર આવ્યા હતા તે સઘળાંએ મળી એ શહેરના લોકોને એ ખાઈ નાખનાર સર્પના પંજા તથા મુખમાંથી બચાવવાના ઇરાદાથી જઈને

તે સર્પની સાથે લડવાની પ્રતિજ્ઞા કરી.

પછી **સતપુરુષ, ચૂર્ણમન, પવિત્રમતિ, અસત્યદ્વેષી** અને **અનુતાપી** પોતાનાં શસ્ત્ર સજીને તેની સાથે યુદ્ધ કરવાને ચાલી નીકળ્યા. જ્યારે તેઓ સર્પની નજીક આવી પહોંચ્યા ત્યારે સર્પે પોતાના એ શત્રુઓને અત્યંત તુચ્છકારની દૃષ્ટિથી નીહાળીને તેમના પર ઉછળી ઉછળીને હુમલા કરવા માંડ્યાં. પણ એ લોકો શસ્ત્રવિદ્યામાં ઘણા કુશળ હોવાથી તેને એવા તો ઝપાટા લગાવ્યા કે તે હાર ખાઈને પોતાની જગ્યાએ નાસી ગયો. એટલે તેઓ પણ નાસોનને ઘેર પાછા આવ્યા.

તમારે જાણવું જોઈએ કે એ સર્પ અમુક પ્રસંગોએ જ પોતાની ગુફામાંથી નીકળી આવીને એ શહેરના લોકોનાં બાળકોને પકડી જતો. એ સમયે ઉપર કહેલા પાંચ શૂરવીરો તેની બરાબર તપાસ રાખતા અને દરેક સમયે તેના પર હુમલો કરીને તેને એવો મારતા કે થોડા વખતમાં તે ઘાયલ થઈને કમજોર થઈ ગયો. વળી એ શહેરના લોકોનાં બાળકોનો નાશ જેમ તે અગાઉ કરતો તેમ પાછળથી વાળી શક્યો નથી, અને કેટલાક તો નિશ્ચે એવું માને છે કે એ સર્પને જે ઘા વાગેલા છે તેઓથી જ તેનું મોત થશે.

એ માટે આ પરાક્રમ કરવાથી સતપુરુષ તથા તેના સાથીઓનું માન એ શહેરમાં બહુ વધ્યું. તે એટલે સુધી કે જે લોકોને તેમનો ધર્મ ગમતો નહોતો તેઓમાંના પણ ઘણા તેમનું સન્માન તથા પ્રશંસા કરવા લાગ્યા, અને એ જ કારણથી આ મુસાફરોને ઝાઝું નુક્સાન કરવામાં આવ્યું નહિ. એ તો ખરું કે એ શહેરમાં કેટલાક અમુક જાતના એવા લોક પણ હતા કે જેઓ છછુંદરની માફક

ધોળે દિવસે આંધળા અને પશુ જેવા અબુદ્ધ હોવાથી એ શૂરવીરોની બહાદુરી તથા પરાક્રમો ધ્યાનમાં ન લેતાં તેમનું અપમાન કરતા.

હવે મુસાફરોને આગળ ચાલવાનો વખત આવી ગયો. માટે તેઓ પોતાની મુસાફરીને માટે સામગ્રી તૈયાર કરવા લાગ્યાં. તેઓએ પોતાના મિત્રોને બોલાવીને તેઓની સાથે વાતચીત કર્યા પછી તેઓએ એકઠાં મળી કેટલોક વખત પોતાના મહારાજાની પ્રાર્થના કરવામાં ગાળ્યો. અને પ્રાર્થના દ્વારા તેઓએ એક બીજાને પોતાના મહારાજાના હાથમાં સોંપ્યાં. અને તેઓના મિત્રોમાંથી કેટલાએકે પોતાની સંપત્તિમાંથી અબળ તથા બળવાનોને, સ્ત્રીઓ તથા પુરુષોને માફક આવે એવી તથા તેઓને માર્ગમાં જરૂર પડે એવી વસ્તુઓ તેઓને લાવી આપી. પછી તેઓ પોતાને માર્ગે ચાલી નીકળ્યા. અને તેમના મિત્રો તેમને કેટલેક સુધી પહોંચાડવાને ગયા. અને પછી એક બીજાને ફરી પોતાના મહારાજાના હાથમાં સોંપીને તેઓ જુદા પડ્યા.

હવે આપણી મુસાફર ટોળી પોતાને માર્ગે આગળ ચાલી. અને મહાત્મા તેમની આગળ ચાલતો હતો. પણ સ્ત્રીઓ અને બાળકો કમજોર હોવાથી તેઓ ચાલી શકે એમ ધીમે ધીમે બધાંને ચાલવું પડ્યું અને એ ધીમી ગતિ ક્ષીણમન અને પંગુની સ્થિતિને વધારે અનુકૂળ થઈ પડી.

શહેરના લોકોથી જુદા પડ્યા પછી તથા પોતાના મિત્રોને છેલ્લી સલામ કર્યા પછી થોડી વારમાં તેઓ જ્યાં વિશ્વાસુ માર્યો ગયો હતો તે જગ્યાએ આવી પહોંચ્યાં. ત્યાં તેઓએ કેટલીક વાર થોભીને જે પ્રભુએ વિશ્વાસુને મરણ સુધી દુઃખ સહન કરવાની

શક્તિ આપી હતી તેનો ઉપકાર માન્યો. અને તેણે ધૈર્યતાથી એ બધું દુઃખ સહન કર્યું તેથી તેઓને હાલમાં જે ફાયદો થયો હતો. તે સાંભળીને તેઓએ પ્રભુનો વિશેષ આભાર માન્યો.

એ પછી તેઓ ખ્રિસ્તી તથા વિશ્વાસુ વિષે. અને વિશ્વાસુના મરણ પછી આશાવાન કેવી રીતે ખ્રિસ્તીનો સાથી થયો એ વિષે વાતો કરતાં કરતાં ઘણે દૂર સુધી નીકળી ગયાં.

પછી તેઓ **દ્રવ્ય** નામના પહાડ આગળ આવી પહોંચ્યાં. આ જગ્યાએ **રૂપા**ની ખાણ હતી જેથી લલચાઈને દેમાસે મુસાફરી કરવાનું છોડી દીધું, અને કેટલાકનું ધારવું એવું હતું કે **પ્રપંચી** પણ એમાં પડીને મરી ગયો. એ માટે મુસાફરોએ એ વાત ધ્યાનમાં લીધી. પણ દ્રવ્યના પહાડની સામે જે પ્રાચીન સ્મરણસ્તંભ છે. એટલે સદોમ તથા તેના ગંધાતા સરોવરથી થોડે દૂર જે ખારનો થાંભલો છે. તેની પાસે તેઓ આવ્યાં ત્યારે ઉપર કહેલા બે પુરુષો એવા જ્ઞાની તથા બુદ્ધિવાન છતાં લોભથી અંજાઈ જઈને માર્ગ પરથી ફરી ગયા, એ વિચારથી જેમ ખ્રિસ્તીને આશ્ચર્ય થયું હતું તેમ તેઓને પણ નવાઈ લાગી. પણ પછીથી વિચાર આવ્યો કે એમાં કંઈ બહુ નવાઈ જેવું નથી. કેમ કે મૂર્ખ માણસોની આંખોને મોહ લગાડે એવી કોઈ વસ્તુ હોય છે તેને જોઈને મૂર્ખજનો લલચાઈ જાય છે. અને એમ લલચાવાથી બીજા લોકોને જે નુકસાન થયું હોય તેથી તેઓ બિલકુલ ચેતતા નથી.

હવે મેં જોયું કે મુસાફરો ચાલતાં ચાલતાં મનોરંજક પર્વતની સામી બાજુ જે નદી છે ત્યાં પહોંચ્યા. એ નદીના બંને કાંઠા પર સુંદર ઝાડ હતાં. જેનાં પાતરાં ખાધાથી બદપરહેજી મટી જાય છે.

ત્યાંનાં બીડ બારે માસ લીલાં રહે છે, અને ત્યાં મુસાફરો સહીસલામત સૂઈ રહી શકે છે.

આ નદીનાં કાંઠાં પરનાં બીડમાં ઘેટાંના ઘણા વાડા બનાવેલા હતા. અને મુસાફર સ્ત્રીઓનાં બાળકરૂપી જે હલવાનો તેમનું પોષણ કરવાને તથા ઉછેરવાને સારુ ત્યાં એક ઘર બાંધેલું હતું. અને ત્યાં એક પુરુષ રહેતો હતો. જેની સંભાળમાં એ બાળકો સોંપેલાં હતાં. તે ઘણો જ દયાળુ હતો. અને એ હલવાનોને ગોદમાં લઈને ફેરવતો હતો.. અને ગર્ભવતીઓને ધીમે ધીમે ચલાવતો હતો. એ માટે ખ્રિસ્તી સ્ત્રીએ પોતાની ચાર વહુઓને એવી ભલામણ કરી કે. તમારાં બાળકોને એ પુરુષની સંભાળમાં સોંપો. કે આ પાણી પાસેના ઘરમાં તેમનું રહેઠાણ. પાલણપોષણ તથા રક્ષણ થાય. અને અંતે તેઓમાંનો કોઈ ઓછો કે ખોવાયેલો માલુમ ન પડે. તેઓમાંના કોઈ જો કદાપિ ભટકી જશે કે ભૂલા પડશે. તો એ પુરુષ તેઓને વાળી લાવશે કે શોધી લાવશે. વળી એ ઘવાયેલાંને પાટા બાંધશે. અને માંદાને સાજાં તાજાં કરશે. આ જગ્યાએ તેઓને અન્ન વસ્ત્રાદિની તંગી કદી પડશે નહિ. અહીં ચોર તથા લૂટારાઓથી પણ તેમનું રક્ષણ કરવામાં આવશે, કેમ કે તેઓનો રખેવાળ એવો છે કે પોતાનો જીવ જતાં સુધી પોતાને સોંપેલાં હલવાનોમાંના એકનો ખોવા કે નાશ થવા દેશે નહિ. અને અહીં બાળકોને ઉત્તમ પોષણ તથા બોધ મળશે. અને તેઓ સુમાર્ગે ચાલવા શીખશે. અને તમે જાણો છો કે એ થોડો ફાયદો ન કહેવાય. વળી તમે જુઓ છો કે અહીંનું પાણી કેવું મીઠું છે. અને બીડ કેવાં રમણીય છે. ફૂલ કેવાં સુંદર તથા સુગંધીદાર છે. વૃક્ષો કેવાં નાના પ્રકારનાં તથા

તંદુરસ્તીકારક ફળોથી લદાઈ વળી ગયેલાં છે! બાલઝબૂલના બગીચાનાં ફળ કે જે કોટ ઉપર થઈને માર્ગ ઉપર ઝૂકી રહ્યાં હતાં. અને જે માથ્થીએ ખાધાં હતાં તેમના જેવાં એ ફળ નથી. પણ એ ફળ એવાં છે કે રોગીને નિરોગી કરે છે. અને નિરોગીને બળવાન કરે છે. આ બધું સાંભળીને તે બધી સ્ત્રીઓએ સંતોષથી પોતાનાં બાળકો એ પુરુષને સોંપ્યાં. વળી એ બાળકોના પાલનપોષણનો તમામ ખર્ચ મહારાજાના ભંડારમાંથી મળતો હતો. અને એ કારણથી એ ઘર બાળાશ્રમ તથા અનાથાશ્રમ જેવું હતું. એ સાંભળીને તેઓએ ઘણી ખુશીથી પોતાનાં બાળકોને સોંપ્યાં.

પછી તેઓ આગળ ચાલ્યાં. ચાલતાં ચાલતાં જે ઠેકાણે **આડમાર્ગી** બીડનું ખોડીબારું છે કે જે ઓળંગીને પેલી તરફ ઉતરતાં જ ખ્રિસ્તી તથા તેના સાથી **આશાવાન**ને નિરાશ દૈત્યે પકડીને **સંશય** કિલ્લામાં કેદ કર્યાં હતા. તે જગ્યાએ તેઓ આવી પહોંચ્યા. ત્યારે ત્યાં બેસીને વિચાર કરવા લાગ્યાં કે હવે આપણે શું કરવું શ્રેષ્ઠ છે; તેઓએ અરસપરસ કહ્યું કે, હવે આપણે આટલાં બધાં છીએ. અને મહાત્મા જેવો આપણો માર્ગદર્શક છે. માટે આપણે **નિરાશ** દૈત્ય ઉપર હુમલો કરીને તેનો કિલ્લો તોડી પાડવાને અને તેમાં કોઈ મુસાફરો હોય તો તેમને છોડાવવાનો પ્રયત્ન કરીએ તો સારું કે નહિ? વળી આપણે પ્રથમ એ કામ કરીને પછી આગળ ચાલીએ તો સારું. એ પ્રમાણે એકે એક સૂચના કરી ને બીજાએ તેથી ઊલટી સૂચના કરી કે. એકે કહ્યું કે અપવિત્ર જમીન પર જવું ઘટીત છે કે નહિ તે જ શક ભરેલું છે. બીજાએ કહ્યું કે. જો આપણો હેતુ સારો હોય તો એવી જમીનમાં જવામાં કંઈ વાંધા જેવું નથી.

પણ મહાત્માએ કહ્યું કે. જો કે એ છેલ્લું વાક્ય હમેશાં લાગુ પાડવું વાજબી નથી. તોપણ મને તો ખાસ હુકમ મળેલો છે કે પાપની સામે થવું. ભૂંડાનો પરાજય કરવો અને વિશ્વાસની સારી લડાઈ લડવી. અને જો હું નિરાશ દૈત્ય જોડે ન લડું તો બીજા કોની સાથે સારી લડાઈ લડી શકું? માટે હું તેનો પ્રાણ લેવા તથા સંશય કિલ્લાં તોડી પાડવાનો પ્રયત્ન કરીશ. પછી તેણે પૂછ્યું કે. મારી સાથે કોણ કોણ આવશે? ત્યારે વૃદ્ધ સાત્વિકે કહ્યું. હું આવીશ. તેમ જ ખ્રિસ્તી સ્ત્રીના ચારે દીકરા માથ્થી. સેમ્યુએલ. યૂસફ તથા યાકૂબે પણ કહ્યું કે. અમે પણ આવીશું. કેમ કે તેઓ બધા જુવાન તથા બળવાન હતા. માટે સ્ત્રીઓને માર્ગમાં મૂકીને અને તેઓ પાછા આવે ત્યાં સુધી તેમને સાચવવા ક્ષીણમન તથા ઘોડીઓ પર ટેકીને ચાલનાર પંગુને તેમની સાથે રહેવા દઈને તેઓ ચાલી નીકળ્યા. કેમ કે જો કે નિરાશ દૈત્યનું રહેઠાણ ઘણું જ નજીક હતું. તોપણ જો તેઓ આડાં અવળાં ન જતાં રાજમાર્ગમાં જ રહે તો એક નાનું બાળક પણ તેમને દોરે તથા તેમનું રક્ષણ કરી શકે.

પછી મહાત્મા, વૃદ્ધ સાત્વિક અને એ ચાર જુવાનો નિરાશ દૈત્યની શોધમાં સંશય કિલ્લા તરફ ચાલી નીકળ્યાં. તેઓ કિલ્લાના દરવાજા આગળ આવી પહોંચ્યા ત્યારે તેઓએ એ દરવાજો એટલા જોરથી ખખડાવ્યો કે ગર્જના જેવો અવાજ થવા લાગ્યો. એ સાંભળીને નિરાશ દૈત્ય દરવાજા આગળ આવ્યો અને તેની સ્ત્રી વહેમી પણ તેની પાછળ પાછળ આવી. પછી તેણે કહ્યું કે. મને નિરાશ દૈત્યને આવી રીતે છેડવાને હિંમત કરનાર કઠણ છાતીનો માણસ કોણ ને કેવો છે? સતપુરુષે ઉત્તર આપ્યો કે. એ તો હું સતપુરુષ છું. હું



નિરાશ દૈત્યનું મરણ.

મુસાફરોને સ્વધામ પહોંચાડનાર માર્ગદર્શકમાંનો એક છું. અને સ્વર્ગી દેશના મહારાજાનો સેવક છું, અને હું તને હુકમ કરું છું કે અમને અંદર દાખલ થવાને એકદમ દરવાજો ઉઘાડ, વળી યુદ્ધ કરવા પણ તૈયાર થઈ જા. કેમ કે હું તારું માથું કાપી નાખવા તથા તારા સંશય કિલ્લાને તોડી પાડવા આવ્યો છું.

હવે નિરાશ દૈત્ય એવું ધારતો હતો કે હું દૈત્ય છું. માટે કોઈ માણસ મારો પરાજય કરી શકવાનો નથી. અને બીજું કે આજ સુધી તો હું દૂતોનો પણ પરાજય કરતો આવ્યો છું. તો શું હું **સતપુરુષથી** ડરી જઈશ? માટે તે બખતર પહેરીને બહાર નીકળી પડ્યો. તેના માથા પર લોઢાનો તોપ પહેરેલો હતો. તેની છાતીએ ઉરપત્ર બાંધેલું હતું. અને તેને પગે લોઢાના જોડા પહેરેલા હતા. અને તેના હાથમાં લોઢાની જબરી ડાંગ હતી. તે બહાર આવ્યો કે તરત પેલા છ જણાએ તેને ચોતરફ ઘેરી લઈને તેના પર ઘા કરવા માંડ્યા. તે જોઈને દૈત્યની સ્ત્રી કે જેનું નામ **વહેમી** હતું. તે તેની મદદે આવી. ત્યારે વૃદ્ધ સાત્વિકે એક ઝાટકે તેને મારી પાડી. પછી બંને પક્ષના પોતાના જીવને માટે લડવા લાગ્યા. થોડી વારમાં નિરાશ દૈત્ય જમીન પર ઢળી પડ્યો, પણ તે કેમે કરી મરે નહિ. તેણે બહુ ધમપછાડા કર્યા. અને બિલાડી જેને ઘણા જીવ કહેવાય છે તેના જેવો ચીકણો તે માલુમ પડ્યો, પણ **સતપુરુષે** આખરે તેનો પ્રાણ લીધો. અને તેનું ડોકું તેના ધડથી જુદું કર્યા વગર તે ત્યાંથી ખસ્યો જ નહિ.

પછી તેઓ સંશય કિલ્લો તોડવા મંડી પડ્યા. અને તમે જાણો છો કે નિરાશ દૈત્યના મોતના કારણથી એ કામમાં હવે અડચણ કરનાર કોઈ નહોતું. માટે તે સહેલાઈથી થઈ શકે એમ

હતું. તોપણ એ કિલ્લાનો નાશ કરતાં તેમને સાત દિવસ લાગ્યા, અને તેની અંદરથી **આશાહીન** નામનો એક માણસ તથા તેની દીકરી **અતિભીરૂ** મળી આવ્યા, કે જેઓ ભૂખે મરીને મરણતોલ થઈ ગયાં હતાં, તેમને તેઓએ છૂટા કરીને તેમના પ્રાણ બચાવ્યા પણ તે કિલ્લાના ચોકમાં એટલા બધાં શબ ઠેકાણે પડ્યાં હતાં, અને ત્યાંનું બંદીખાનું મૂએલાં માણસોનાં હાડકાંથી એટલું બધું ભરપૂર હતું કે, તે જોઈને તમને નવાઈ લાગે.

**સતપુરુષ** તથા તેની સાથેના જુવાનોએ એ પરાક્રમી કામ કર્યાં પછી આશાહીન તથા તેની દીકરી અતિભીરૂને પોતાના આશ્રય નીચે લીધાં, કેમ કે જો કે તેઓ નિરાશ દૈત્યના સંશય કિલ્લામાં કેદ કરાયેલાં હતાં તોપણ તેઓ પ્રામાણિક માણસો હતાં. પછી તેઓએ નિરાશ દૈત્યના ધડ પર પથ્થરનો મોટો ઢગ કર્યો, અને તેનું માથું પોતાની સાથે લઈને રાજમાર્ગમાં પોતાના સાથીઓની પાસે આવ્યા, અને પોતે જે કામ કરી આવ્યા હતા તેનું ચિહન તેઓને દેખાડ્યું. ક્ષીણમન તથા પંગુએ જ્યારે જોયું કે એ તો ખરેખર નિરાશ દૈત્યનું માથું છે, ત્યારે તેઓ બહુ ખુશ થયા અને આનંદ કરવા લાગ્યા. હવે જરૂર પડે તો **ખ્રિસ્તી સ્ત્રી** વીણા સારી રીતે વગાડી શકતી હતી અને તેની વહુ કરુણાને પણ વાંસળી વગાડતાં આવડતું હતું, માટે ક્ષીણમન તથા પંગુને આનંદ તથા ગમત કરવાનું મન થયું છે એ જોઈને ખ્રિસ્તી સ્ત્રીએ એક બોધદાયક ગીતનો રાગ વાજિંત્રમાં વગાડ્યો, તે સાંભળીને પંગુને નાચવાનું મન થયું. તેથી આશાહીનની દીકરી અતિભીરૂનો હાથ પકડીને તેની સાથે રાજમાર્ગમાં નાચવા લાગ્યો. પોતાની એક ઘોડી હાથમાં રાખ્યા વગર તે નાચી નહોતો શક્તો એ તો ખરું, તોપણ તે

ખરેખર તાલ પ્રમાણે જ પગ ઉપાડતો હતો. અને અતિભીરૂ પણ એવી ઉત્તમ રીતે વાજિંત્રોનો તાલ સાચવીને નાચતી હતી કે જોનારાંએ તેની પ્રશંસા કરી.

પણ આશાહીનને તો એ નાચ ગાનથી કંઈ ગમત પડી નહિ. તે તો ભૂખથી મરણતોલ થઈ ગયો હતો માટે નાચવા કરતાં ખાવા ઉપર તેનું ધ્યાન વિશેષ હતું. એ માટે ખ્રિસ્તી સ્ત્રીએ તરત પોતાની દ્રાક્ષરસની શીશીમાંથી કેટલોક દ્રાક્ષરસ તેને પાયો. અને ત્યાર પછી તેને માટે કંઈ ખાવાનું તૈયાર કરીને તેને ખવાડ્યું. તેથી થોડી વારમાં એ વૃદ્ધ પુરુષ હોશમાં આવ્યો અને તેના શરીરમાં પણ થોડી શક્તિ આવવા લાગી.

હવે એ બધી વાતો પૂરી થયા પછી મેં મારા સ્વપ્નમાં જોયું કે, પાછળ આવનાર મુસાફરો સાવધાન રહીને નિરાશ દૈત્યની જમીનમાં ન પેસે એ હેતુથી તેમને ચેતવણી આપવા ખ્રિસ્તીએ જે સ્તંભ ઊભો કર્યો હતો, તેની સામે રાજમાર્ગની પાસે સતપુરુષે એક લાંબાં વાંસ પર નિરાશ દૈત્યનું શીર ટાંગ્યું અને પછી તેની નીચે આરસપહાણની એક તખ્તી પર નીચેના દોહા લખ્યા :

મસ્તક નિરાશ દૈત્યનું, ટાંગ્યું છે આ ઠામ.
પથિક બિહી જતા હતા, સુણતાં તેનું નામ.
પત્ની શંકા સાથ રહી, કરતો અભય નિવાસ.
સતપુરુષએ બંને હણ્યાં, ગઢનો કર્યો નાશ.
પથિક બાંધ્યો ત્યાં હતો, નામે આશાહીન.
અતિભિરૂ સૂતા પણ હતી, મન નિરાશ તન છીન.
શત્રુ જીતી બેઉનું, કર્યું સતપુરુષ ત્રાણ.
સંશય એમાં મા કરો, જો ઉપર સુજાણ.

નાચ કર્યો શિર જોઈને. પંગુ સાથ અતિભિર.
એ વાતો પથિક બધા. સુણી ધરો મન ધીર.

એ પાંચ પુરુષોએ ઉપર મુજબ ઘણી બહાદુરીથી નિરાશ દૈત્યને મારી નાખીને તેનો સંશય કિલ્લો તોડી પાડ્યા પછી મુસાફરો આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં જે જગ્યાએ ખ્રિસ્તી તથા આશાવાન ત્યાંની ભાત ભાતની વાનગીઓ જમીને તાજા થયા હતા. તે મનોરંજક પર્વતની પાસે તેઓ આવી પહોંચ્યાં. અને તેઓએ ત્યાંના ભરવાડો સાથે ઓળખાણ કરી. અને ભરવાડોએ જેમ અગાઉ ખ્રિસ્તીને આવકાર આપ્યો હતો. તેમ તેમને પણ મનોરંજક પર્વત પર આવકાર આપી પરોણાગત કરી.

સતપુરુષની સાથે તો ઘેટાંપાળકોને અગાઉથી જ ઓળખાણ હતી. અને તેઓએ તેની સાથે ઘણા મુસાફરોને જોઈને તેને પૂછ્યું કે. આટલી મોટી ટોળી તમને ક્યાં મળી? ત્યારે સતપુરુષે ઉત્તર આપ્યો કે :

આ છે ખ્રિસ્તીસ્ત્રી બહુ ભાવી. લૈ પરિવાર રમણિક ગિરી આવી;
ચારે પુત્રો ને વહુ ચારો. એ સઘળાંને પથિક ભાળો;
લોહ લોહચુંબક સાથ જ્યમ રહે છે. ત્યમ એ લોક સુપંથ ગ્રહે છે;
સીધે પથ ચાલીને આવ્યાં. તો પહાડે પહોંચવામાં ફાવ્યાં;
સાત્વિક ભાઈને પણ તમ દેખો. કપટ વિનાનો પથિક લેખો;
પંગુ સજન પાવડીએ ટેકે. સીયોન લગ જાવાને લેખે;
અબળ ક્ષીણમન આવ્યા હ્યાંએ. પથ મૂકીને કંઈ નહિ જાએ;
બહુ ગાભરા આશાહીન આવ્યા. સાથ પુત્રી અતિભિરુને લાવ્યા;
કહો મિત્રો મેમાની અમારી. કરવાને મન આપે ધારી?
ટકીએ કે અમ આગળ જઈએ. હુકમ ઇચ્છા હોય તે કહીએ.

ત્યારે ઘેટાંપાળકોએ કહ્યું કે, આ તમારો સંઘ તો બહુ મઝાનો છે. તમારા આવવાથી અમે બહુ ખુશી થયા છીએ. કેમ કે જેમ બળવાનને માટે તેમ અબળોને માટે પણ અમારી પાસે સામગ્રી છે. એઓમાંના સૌથી નાનાને શી મદદ કે કૃપા કરવામાં આવે છે તે પર અમારો મહારાજા નજર રાખે છે; માટે જે અબળ છે તેઓએ એવું ન ધારવું કે તેમની અબળતાને લીધે અમે તેનો અંગીકાર



તથા પરોણાચાકરી નહિ કરીએ. પછી ઘેટાંપાળકો તેઓને પોતાના મકાનના બારણા આગળ લઈ જઈને કહેવા લાગ્યા કે, ઓ ક્ષીણમન, અંદર પધારો; ઓ પંગુ ભાઈ, અંદર પધારો; ઓ આશાહીન, અને ઓ તેની દીકરી અતિભીરુ, અંદર પધારો. ઘેટાંપાળકોએ માર્ગદર્શકને કહ્યું કે, અમે એ ચાર જણનાં નામ લઈને અંદર બોલાવ્યાં. કેમ કે

તેઓ સહેજ પાછાં પડીને આવતાં અટકી જાય છે: પણ તમે તથા બાકીનાં બધા બળવાન હોવાથી, અમે તમને તમારી મરજી મુજબ વર્તવાની છૂટ આપીએ છીએ. ત્યારે સતપુરુષે કહ્યું કે, હું આજે જોઉં છું કે ઇશ્વરની કૃપાનું તેજ તમારાં મોં પર પ્રકાશે છે, અને તમે ખરેખર મારા પ્રભુના ઘેટાંપાળક છો: અને તેથી જ તમે આ અબળ તથા માંદાં જેવાંને કાઢી નથી મૂક્યાં પણ તમારી ફરજ પ્રમાણે તમે તેઓના આખા માર્ગમાં તમારા ઘર સુધી ફૂલો પાથર્યાં છે.

એમ અબળ તથા નબળાં પહેલાં અંદર ગયાં, અને સતપુરુષ તથા બાકીનાંઓ તેઓની પાછળ દાખલ થયાં. બધાં અંદર જઈને બેઠાં ત્યારે ઘેટાંપાળકોએ નબળાઓને પૂછ્યું કે, તમારે શું ખાવાની ઇચ્છા છે? કેમ કે અહીં બધી વ્યવસ્થા એવી રીતે કરવાની છે કે જેથી નબળાને ટેકો મળે અને તોફાનીઓને ચેતવણી મળે. પછી તેઓએ તેમને સારુ સહેલાઈથી પાચન થાય એવી સ્વાદિષ્ટ તથા પુષ્ટકારક વાનગીઓનું જમણ તૈયાર કર્યું. અને તે જમીને તેઓ બધાં પોતપોતાની જગ્યાએ જઈને સૂઈ ગયાં.

ઘેટાંપાળકોનો રિવાજ મુસાફરો તેમને ત્યાંથી વિદાય થાય ત્યાર પહેલાં તેમને ત્યાંની કેટલીક નવાઈની વસ્તુઓ બતાવવાનો હતો. એ માટે બીજે દિવસે સવાર થતાં આકાશ વાદળ વગરનું તથા નિર્મળ જોઈને તેઓએ મુસાફરોને બહાર લઈ જઈને કેટલીક વસ્તુઓ બતાવવાનું નક્કી કર્યું. પણ પર્વત ઘણો ઊંચો હતો, માટે મુસાફરોએ કપડાં પહેરી તૈયાર થઈને નાસ્તો કર્યા પછી, ઘેટાંપાળકોએ તેમને બહાર સીમમાં લઈ જઈને જે જે વસ્તુઓ તેઓએ અગાઉ ખ્રિસ્તીને બતાવી હતી તે વસ્તુઓ પ્રથમ તેમને બતાવી.

પછી ઘેટાંપાળકો તેઓને કોઈ નવી જગ્યાઓએ લઈ ગયા. પ્રથમ તો તેમને **આશ્ચર્ય પહાડ** પર લઈ ગયા, ત્યાં તેઓ જુએ છે તો કેટલેક દૂર એક માણસ પોતાના વચનોથી પર્વતોને આમ તેમ ગબડાવતો હતો. એ જોઈને તેઓએ ઘેટાંપાળકોને પૂછ્યું કે એનો અર્થ શું છે? ત્યારે ઘેટાંપાળકોએ તેમને કહ્યું કે, એ માણસ તો **મહાનુગ્રહ** નામનો એક માણસ જેનું વર્ણન યાત્રાકારીના પુસ્તકના પ્રથમ ભાગમાં આવે છે તેનો દીકરો છે, અને મુસાફરોના માર્ગમાં જે જે મુશ્કેલીઓ આવે તેમને વિશ્વાસથી કેવી રીતે દબાવી દેવી અથવા દૂર કરવી તે મુસાફરોને શીખવવાને તેને ત્યાં રાખેલો છે. ત્યારે સતપુરુષે કહ્યું કે, હું તેને ઓળખું છું. હજારોમાં એકાદ એવો પુરુષ મળે છે.

ત્યાર પછી ઘેટાંપાળકો તેમને **શુદ્ધતા** નામે એક બીજા પર્વત પર લઈ ગયા. ત્યાં તેઓએ તમામ શ્વેત વસ્ત્રો પહેરેલો એક માણસને જોયો. અને **અવિચારી** તથા **દુર્ભાવ** નામના બે માણસો તેના પર પુષ્કળ કાદવ કીચડ નાખ્યા કરતા હતા, પણ તેમાં અજબ જેવું એ હતું કે તેઓ ગમે તેવો કીચડ તેના પર નાખતા તોપણ થોડી વારમાં તે બધો ખરી પડતો, અને તેનાં વસ્ત્રો જાણે કંઈ પણ કીચડ તેમના પર નાખવામાં ન આવ્યો હોય એવાં સાફ દેખાતાં હતાં. એ જોઈને મુસાફરોએ પૂછ્યું કે, એનો અર્થ શું છે? ત્યારે ઘેટાંપાળકોએ કહ્યું કે, એ માણસ નામે **ધર્મિષ્ટ** છે, અને તેની વર્તણૂક પવિત્ર છે એ દર્શાવવાને તેનાં વસ્ત્રો શ્વેત છે. હવે જેઓને તેની સુચાલ ગમતી નથી તેઓ જ તેના પર કીચડ નાખે છે, પણ જેમ તમે જુઓ છો કે કીચડ તેનાં વસ્ત્રને વળગતો નથી તેમ જ

જેઓ દુનિયામાં પવિત્ર વર્તણૂક રાખે છે તેમનાં વસ્ત્રને પણ ડાઘ લાગવાનો નથી. જે લોકો આવા પવિત્ર પુરુષોની નિંદા કરીને તેમને કલંક લગાડવાને પ્રયત્ન કરે છે તેઓનો બધો શ્રમ ફોકટ જવાનો નથી. કારણ કે થોડી જ વારમાં પરમેશ્વર તેઓની પવિત્રાઈને અજવાળાની પેઠે અને તેઓનાં ન્યાયીપણાને દિવસની પેઠે પ્રકાશિત કરશે.

પછી તેઓ મુસાફરોને દાનધર્મ નામના પહાડ પર લઈ ગયા. અને ત્યાં તેઓને એક માણસ દેખાડ્યો કે જે એક કપડામાંથી ટુકડા ફાડી ફાડીને તેની આસપાસ ઊભેલાં દરિદ્રી લોકોને સારુ વસ્ત્રો બનાવતો હતો. પણ એ કપડું ન ખૂટતાં એટલું ને એટલું જ રહેતું હતું. એ જોઈને મુસાફરોએ પૂછ્યું કે એનો શો અર્થ છે? ઘેટાંપાળકોએ કહ્યું કે. એ ઉપરથી એવી શિખામણ મળે છે કે જે માણસ રાજી ખુશીથી પોતાની મહેનતના ફળમાંથી દરિદ્રીઓને આપે છે તેને કદી પણ કશાની ખોટ પડવાની નથી. પાણી આપનાર પાણી પામે છે. અને વિધવાએ (એલિયાહ) ભવિષ્યવાદીને રોટલી આપી. તે આપવાથી એ વિધવાની માટલીમાંનો લોટ ઘટ્યો નહીં.

પછી ઘેટાંપાળકો તેમને બીજી એક જગ્યાએ લઈ ગયા. ત્યાં તેઓએ એવું જોયું કે મૂર્ખ અને બુદ્ધિહીન નામે બે માણસો એક હબસીને ગોરો કરવા સારુ તેના શરીરને ઘસી ઘસીને ધોતા હતા. પણ તેઓ જેમ જેમ તેને ઘસતા હતા તેમ તેમ તે વધારે કાળો થતો જતો હતો. એ જોઈને યાત્રીઓએ ઘેટાંપાળકોને પૂછ્યું કે. એનો અર્થ શો છે? ત્યારે તેઓએ જવાબ આપ્યો કે. અધમ લોકોની દશા

એવી જ જાણવી. તેઓ સુકીર્તિને માટે ગમે તેટલો પરિશ્રમ ઉઠાવે તોપણ તેઓ વધારે ધિક્કારપાત્ર થાય છે. ફરોશીઓની એવી જ દશા થઈ અને બીજા બધા ઢોંગી લોકોની પણ એવી જ દશા થશે.

પછી માથ્થીની પત્ની કરુણાએ પોતાની સાસુ ખ્રિસ્તી સ્ત્રીને કહ્યું કે, માજી, જો આજ્ઞા હોય તો આ પર્વતની જે ગુફામાં થઈને નરકે જવાની ગલી છે તે હું જોવા ચાહું છું. ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ તે વાત ઘેટાંપાળકોને કહી. ગુફાનો દરવાજો એક ટેકરીને પડખે હતો, ત્યાં તેઓએ કરુણાને લઈ જઈને તે દરવાજો ઉઘાડીને કહ્યું કે, થોડી વાર કાન દઈને સાંભળો. પછી તે કાન દઈને સાંભળવા લાગી તો તેણીએ એક માણસને એમ કહેતા સાંભળ્યો કે, મારા બાપને ધિક્કાર હોજો. કેમ કે તેણે મારા પગને શાંતિના તથા જીવનના માર્ગમાં ચાલતાં અટકાવ્યાં. બીજો બોલ્યો કે, અરે, રે! શરીરના બચાવને માટે મેં તો આત્માનું તારણ ખોયું. પણ એમ કરવા પહેલાં મારા શરીરના ટુકડે ટુકડા થઈ ગયા હોત તો કેવું સારું! ત્રીજો બોલ્યો કે, જો હું ફરી સંસારમાં જીવન ભોગવવા પામું તો આ જગ્યાએ મારું આવવું કદી ન થાય તે માટે જેટલું દુઃખ સહન કરવું પડે તેટલું સહન કરું. એ વાતો સાંભળીને કરુણાને એટલી બીક લાગી કે જાણે તેના પગ નીચેની ધરતી કાંપતી તથા ચીસ પાડતી હોય એમ લાગ્યું. તેનું મોં ફિક્કું પડી ગયું, અને ત્યાંથી ધ્રૂજતી ધ્રૂજતી આવીને તે કહેવા લાગી કે, જે પુરુષ કે સ્ત્રી ઈશ્વરની કૃપાથી આ ભયંકર જગ્યાથી બચી જાય તેને ધન્ય છે.

એ બધી બાબતો બતાવીને ઘેટાંપાળકો મુસાફરોને પાછાં ઘર આગળ લઈ લાવ્યા, અને પોતાની શક્તિ મુજબ તેઓની

પરોણા ચાકરી કરવા લાગ્યા. તે વખતે કરુણા ગર્ભવતી હતી. માટે ત્યાંની કોઈ વસ્તુ જોઈને તેનું  તે પર બહુ મન થયું, પણ શરમને લીધે તેણે તે કોઈની પાસે માગી નહિ. તેની સાસુએ તેને આનંદિત જોઈને તેને પૂછ્યું કે. તને શું થયું છે? ત્યારે તેણે કહ્યું કે. ભોજનશાળામાં એક આરસી લટકાવી છે તેના પર મારું દિલ ખૂબ લલચાયું છે, માટે જો તે મને નહિ મળે તો મને લાગે છે કે મને ગર્ભપાત થઈ જશે. ત્યારે તેની સાસુએ કહ્યું કે. વારુ, હું તારી જરૂરિયાત ઘેટાંપાળકોને જણાવીશ. મને નિશ્ચે ખાતરી છે કે તેઓ તને એ વસ્તુ આપશે. વહુએ કહ્યું કે. મારું મન એ વસ્તુ પર લલચાયું છે એ વાત તેઓના જાણવામાં આવે એ વિચારથી મને ઘણી શરમ આવે છે. સાસુએ કહ્યું કે. ના રે દીકરી, એવી વસ્તુની ઇચ્છા કરવી એમાં કંઈ શરમાવા જેવું નથી. પરંતુ એ તો સુલક્ષણ કહેવાય. ત્યારે કરુણાએ કહ્યું કે. માજી. તમે મહેરબાની કરીને ઘેટાંપાળકોને પૂછો કે, તમે એ વસ્તુ વેચશો? હવે એ દર્પણ હજારો દર્પણ કરતાં શ્રેષ્ઠ હતું. કેમ કે તેમાં એક બાજુએ જોવાથી જોનારને પોતાના પંડનું પ્રતિબિંબ દેખાતું હતું અને બીજી બાજુએ ફેરવીને જોવાથી મુસાફરોના રાજાનું મુખ તથા સ્વરૂપ સ્પષ્ટ રીતે દેખાતું હતું. વળી તેમાં એક બીજી આશ્ચર્યની વાત મેં આ વસ્તુના માહિતગારોની સાથે વાત કરતાં  તેઓનાં મુખેથી એ સાંભળી છે કે, એ દર્પણમાં જોવાથી મહારાજાના માથા પરનો કાંટાનો મુગટ અને તેના હાથ પગ તથા કૂખમાં ઘાની નિશાનીઓ પણ તેઓની દૃષ્ટિએ આવી છે. વધારે શું કહું? એ દર્પણમાં એવા ગુણ છે કે તેને જોનારા ચાહે તો મરણની દશામાં કે જીવનની દશામાં, પૃથ્વીમાં

કે આકાશમાં, અપમાનની સ્થિતિમાં કે માનવંત સ્થિતિમાં, દુઃખ સહન કરવા આવતાં કે રાજ્ય ધારણ કરવા આવતાં – જેવી સ્થિતિમાં પોતાના મહારાજાનાં દર્શન કરવા ચાહે તેવી સ્થિતિમાં દર્શન કરી શકે છે.

માટે ખ્રિસ્તી સ્ત્રીએ ઘેટાંપાળકો જેઓનાં નામ **જ્ઞાની, અનુભવ, સાવધ** અને **નિષ્કપટી** હતાં, તેઓને એકાંતમાં મળીને કહ્યું કે મને લાગે છે કે મારી એક ગર્ભવતી વહુને આપના ઘરની કોઈ વસ્તુ ઉપર બહુ મન થયું છે અને તેને લાગે છે કે જો તે વસ્તુ તેને નહિ મળે તો તેને ગર્ભપાત થશે.

**અનુભવ :** તેને અહીં બોલાવી લાવો. જો અમે આપી શકીએ એવું કંઈ પણ હશે તો અમે તેને ખચીત આપીશું. પછી તેઓએ તેને બોલાવીને કહ્યું કે, હે કરુણા, તારે શું જોઈએ છે? તેણીએ શરમાતાં શરમાતાં કહ્યું કે, ભોજનશાળામાં જે મોટું દર્પણ લટકાવેલું છે તે મારે જોઈએ છે. એ સાંભળીને **નિષ્કપટી** તરત જઈને તે દર્પણ લઈ આવ્યો, અને ચારે જણની સંમતિથી ખુશીથી તેને આપ્યું. ત્યારે કરુણાએ પ્રણામ કરીને તેમનો આભાર માન્યો અને કહ્યું કે, આથી હું જાણું છું કે મારા પર આપની કૃપાદૃષ્ટિ થઈ છે.

પછી ઘેટાંપાળકોએ બીજી બધી સ્ત્રીઓને પણ મોં માગી વસ્તુઓ આપી, અને તેઓના પતિઓને નિરાશ દૈત્યનો અને તેના કિલ્લા વગેરેનો નાશ કરવામાં જે સતપુરુષની સહાય કરી હતી તેને લીધે તેઓનાં પણ ઘણાં વખાણ કર્યાં. પછી ઘેટાંપાળકોએ ખ્રિસ્તી સ્ત્રીના અને તેની ચાર વહુઓના ગળામાં હાર, કાનમાં કર્ણફૂલ, અને માથા પર મુગટો પહેરાવીને તેઓને શોભાયમાન કર્યાં.

જ્યારે મુસાફરોએ વિદાય થવાનો વિચાર કર્યો ત્યારે ઘેટાંપાળકોએ તેઓને શાંતિએ વિદાય કર્યાં. પણ ખ્રિસ્તીને અને તેના સાથીને જે અમુક ચેતવણીઓ તેઓએ આપી હતી તે તેઓને આપી નહિ. કેમ કે મહાત્મા જે તેઓનો માર્ગદર્શક હતો તે રસ્તાની બધી બીકની જગ્યાઓ જાણતો હતો અને તેથી વધારે યોગ્ય સમયે એટલે ભય નજીક આવે ત્યારે તેઓને ચેતવણી આપી શકે એમ હતું. માટે ખ્રિસ્તી અને તેનાં સાથીઓ કરતાં આ લોક વિશેષ ભાગ્યવાન હતાં. કેમ કે ઘેટાંપાળકોએ જે ચેતવણીઓ ખ્રિસ્તી અને આશાવાનને આપી હતી તેનો અમલ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તે ચેતવણીઓ તેઓ ભૂલી ગયા હતા. ત્યાંથી વિદાય થઈને મુસાફરો નીચે પ્રમાણે ગાતાં ગાતાં આગળ ચાલ્યાં :

કંઈ કંઈ ધર્મશાળા બની. શુભ પથિકને માટ.
અતિ સુંદર સુખદાયી તે. સુખ દે છે બહુ ભાત.
ત્યાં યાત્રીઓ જાય તો. સુખ પામે સુપેર.
બહુ આદર આપી કરી. લે તો વખતો ઘેર.
તેથી બહુ રાજી થઈ. સુખ પામે સહુ કોઈ.
સ્વર્ગ ધરી મુખ આગળે. ચાલો સીધું જોઈ.
જે વસ્તુથી થાય છે. પથિક તણી પીછાન.
તે વસ્તુનું તેહને. કરે કૃપાથી દાન.

મુસાફરો ઘેટાંપાળકોથી વિદાય થઈને જ્યાં અગાઉ કહ્યા પ્રમાણે **ધર્મભ્રષ્ટ** શહેરનો રહેવાસી **પાછોફરનાર** નામનો એક પુરુષ ખ્રિસ્તીને મળ્યો હતો ત્યાં જઈ પહોંચ્યાં. ત્યારે તેમનો માર્ગદર્શક મહાત્મા તે પુરુષની વાત એ પ્રમાણે તેઓને યાદ કરાવવા લાગ્યો કે, જુઓ. આ ઠેકાણે ખ્રિસ્તીએ **પાછોફરનાર**ને જોયો જેની પીઠ પર

રાજ્યદ્રોહનું તહોમતનામું ચોંટાડેલું હતું. વળી તે માણસ વિષે બીજું એ કહેવાનું કે. તે જ્યારે સત્ય માર્ગથી પાછો ફરી જઈને કુમાર્ગે ચાલવા લાગ્યો ત્યારે કોઈની પણ શિખામણ તેણે માની નહિ. જ્યારે તે વધસ્તંભ અને કબરની પાસે પહોંચ્યો ત્યારે કોઈ આદમીએ ત્યાં જઈને તેને સમજાવ્યો કે આ વધસ્તંભ પ્રત્યે નિહાળ. ત્યારે તેણે દાંત પીસીને ભોંય પર પગ પછાડીને કહ્યું કે. હું તમારી વાત નહિ માનીશ અને હું નક્કી મારા દેશમાં પાછો જઈશ. પછી રસ્તાના ઝાંપે ગયા પહેલાં સુવાર્તિકે તેને દીઠો ત્યારે તેનો હાથ પકડીને તેને પાછો ફરવાની જીદ કરી. પણ પાછો ફરનાર તેની સામો થયો અને તેનો ઘણો તિરસ્કાર કરીને પોતાના હાથ છોડાવીને એકદમ કોટ ચઢી ઉતરીને નાસી ગયો.

પછી મુસાફરો આગળ ચાલતાં ચાલતાં જ્યાં અગાઉ લૂટારાએ અલ્પવિશ્વાસીને લૂટ્યો હતો ત્યાં જઈ પહોંચ્યાં, ત્યારે તેઓએ એવું જોયું કે. એક પુરુષ તલવાર તાણીને ઊભો હતો ને તેના મોં પર બધે લોહી છંટાયેલું હતું. મહાત્માએ તેને પૂછ્યું કે. તું કોણ છે? તેણે જવાબ આપ્યો કે. મારું નામ સત્યવીર છે. હું યાત્રાકારી છું અને સ્વર્ગી શહેર જાઉં છું. હું માર્ગે ચાલતો ચાલતો અહીં આવ્યો ત્યારે ત્રણ જણાએ મને ઘેરી લઈને એવી ત્રણ શરતો રજૂ કરી કે. ૧. તું અમારો સોબતી થા. અથવા ૨. તું જ્યાંથી આવ્યો ત્યાં પાછો જા. નહિ તો ૩. આ જગ્યાએ તારો જીવ આપવા તૈયાર થા. તેઓની પહેલી વાતનો જવાબ મેં એવો આપ્યો કે. હું ઘણા દિવસોથી સત્યમાર્ગને અનુસરતો આવ્યો છું. માટે હવે આટલા દિવસ પછી હું ચોરોનો સોબતી થાઉં એ અસંભવિત છે. ત્યારે તેઓએ કહ્યું. વારુ. આ બીજી વાતનો તું શો જવાબ આપે છે? ત્યારે મેં કહ્યું કે.

સાંભળો, જ્યાંથી હું આવ્યો છું ત્યાં મને દુઃખ ન હોત તો હું એ જગ્યાને શા માટે છોડી આવત? પણ જ્યારે મેં ત્યાં પોતાની હાનિ જોઈ અને નિશ્ચે જાણ્યું કે એ જગ્યા મારે રહેવા લાયક નથી ત્યારે તેઓએ મને પૂછ્યું કે અમારી ત્રીજી શરતનું તું શું કહે છે? મેં તેઓને કહ્યું કે, મારા જીવનું તો એટલું બહુ મૂલ્ય છે કે હું સહેલી રીતે તેને ત્યાગી દઈશ નહિ. અને આવી રીતે મારી પાસે શરતો કબૂલ કરાવવાનો અધિકાર તમને બિલકુલ નથી. એ માટે જો તમે મારી આડે આવ્યા તો તમારી વાત તમે જાણો. એમાં તમે સાર કાઢવાના નથી. ત્યારે એ ત્રણ જણ, એટલે **અવાધ્ય, અવિવેકી** તથા **લબાડ** તલવાર તાણીને મારી સામે યુદ્ધ કરવાને તૈયાર થયા. એટલે હું પણ તલવાર તાણીને તેઓની સામો થયો. અને જો કે હું એકલો હતો અને એ ત્રણ મારી સામે હતા, તોપણ કલાકોના કલાકો સુધી મેં તેમની સાથે યુદ્ધ ચલાવ્યું. તેમના શૂરાતનની કેટલીક નિશાનીઓ તેઓ મારા પર મૂકી ગયા છે તે તમે જુઓ છો, અને મારા હાથની પણ કેટલીક નિશાનીઓ એ લોકો લેતા ગયા છે. તેઓ હમણાં જ નાસી ગયા. મને લાગે છે કે તમારા આવવાનો અવાજ સાંભળીને તેઓ સરકી ગયા.

**સતપુરુષ :** ત્રણ જણને એકલો હરાવે એ તો બહુ ભારે પરાક્રમી કહેવાય.

**સત્યવીર :** તમારું કહેવું ખરું છે. તથાપિ જેને પક્ષે સત્ય છે તેના શત્રુ થોડા હોય કે ઘણા, પણ એ વાતની ચિંતા નહિ. એક ભક્તે કહ્યું છે કે, "જો સૈન્ય મારી વિરુદ્ધ છાવણી કરે તોપણ મારા મનને બીક નહીં લાગશે. અને જો મારી સામે યુદ્ધ મચે તોપણ હું તારામાં નિર્ભય રહીશ." વળી એક પ્રાચીન ઇતિહાસમાં મેં વાંચ્યું

છે કે. એક માણસે એકલાએ એક સૈન્ય સાથે યુદ્ધ કરીને તેને હરાવ્યું. અને વળી સામસુને ગધેડાના જડબાના હાડકાંથી કેટલા બધા માણસોને મારી નાખ્યાં!

ત્યારે માર્ગદર્શકે પૂછ્યું કે, તમે તે વખતે સહાયને સારુ કોઈને હાંક મારી હતી?

**સત્યવીર :** હા. મેં મારા રાજાને હાંક મારી હતી. અને મને એવો પાક્કો ભરોસો હતો કે તે મારી હાંક સાંભળીને ગુપ્ત રીતે મારી રક્ષા કરશે, અને મારે માટે એટલું બસ હતું.

પછી **સતપુરુષે સત્યવીર**ને કહ્યું કે, તમે યથાયોગ્ય શૂરાતન કર્યું છે, તમારી તલવાર તો મને દેખાડો?

જ્યારે સત્યવીરે તેને તલવાર દેખાડી ત્યારે તેણે તેને હાથમાં લઈને કેટલીક વાર સુધી તપાસીને જોયા પછી કહ્યું કે. આહા, આ તો ખરેખરી યરુશાલેમની લોઢાની તલવાર છે.

**સત્યવીર :** હા, એમ જ છે. જેના હાથમાં બળ હોય અને જે યુદ્ધમાં કુશળ હોય., તેની પાસે જો એવી તલવાર હોય તો તે **ભૂતાત્મા** સાથે પણ યુદ્ધ કરવાની હિંમત ધરાવી શકે, જો તેને માત્ર વાપરતાં આવડે તો તેને તૂટવાની બીક નથી, તેની ધાર પણ કદી બુઠ્ઠી થવાની નથી. એનાથી માંસ, હાડકાં, આત્મા અને પ્રાણ એ સર્વ કપાઈ જાય છે.

**સતપુરુષ :** તમે એટલી વાર સુધી યુદ્ધ કરવાથી થાકી ન ગયા એ નવાઈ જેવું છે.

**સત્યવીર :** યુદ્ધ કરતાં કરતાં તલવાર મારા હાથમાં ચોંટી ગઈ. મારો હાથ અને તલવાર તે બંને એવાં મળી ગયાં કે જાણે હાથમાંથી જ એ તલવાર ઊગી નીકળી હોય. અને જેમ જેમ

આંગળીઓમાંથી લોહી વહેવા લાગ્યું તેમ તેમ હું અધિકાધિક બહાદુરીથી યુદ્ધ કરવા લાગ્યો.

**સતપુરુષ :** તમે ઉત્તમ રીતે વર્ત્યા છો. તમારું લોહી વહેવડાવતાં સુધી તમે પાપ સામે યુદ્ધ કર્યું છે. હવે અમારા સોબતી થઈને અમારી સાથે સાથે ચાલો. કેમ કે અમે પણ તમારા જેવાં જ મુસાફરો છીએ. એ રીતે તેઓએ તેને પોતાની સાથે લઈને તેના બધા ઘા ધોયા, અને પોતાની પાસેથી તેને કંઈ ખાવાનું પણ આપીને તેને જરા તાજો કર્યો. પછી બધાં સાથે મળીને આગળ ચાલ્યાં.

આ **સત્યવીર** સતપુરુષના જેવો બળવાન અને ચતુર પુરુષ હતો. માટે તેની સંગતથી મહાત્મા બહુ ખુશી થયો, અને તેની સાથે ચાલનારાઓમાં કેટલાંક અબળ તથા માંદાં જેવાં હતાં. માટે રસ્તે ચાલતાં ચાલતાં તેણે ઘણી બાબતો વિષે પૂછ્યું. પહેલું તો તેણે પૂછ્યું કે, તમે કયા દેશના વતની છો?

**સત્યવીર :** હું તિમિરભૂમિ દેશનો છું. ત્યાં હું જન્મ્યો હતો અને મારાં માબાપ પણ હજી સુધી ત્યાં જ છે.

એ સાંભળીને માર્ગદર્શકે પૂછ્યું કે. એ તિમિરભૂમિ દેશ શું નાશ થનાર શહેરની પાસે નથી?

**સત્યવીર :** હા, છે. હવે હું કેવી રીતે મુસાફર થયો તે કહું છું. **સત્યવાદી** નામે એક માણસ અમારા દેશમાં આવીને ખ્રિસ્તી નામનો જે મુસાફર નાશ થનાર શહેરની યાત્રા કરવા ગયો હતો તેના સમાચાર કહેવા લાગ્યો કે. કેવી રીતે તે પોતાની સ્ત્રી, પુત્ર આદિનો ત્યાગ કરીને યાત્રા કરવા નીકળ્યો. વળી તે ખાતરીપૂર્વક કહેતો કે, રસ્તામાં હરકત કરનાર જે એક નાગ તેની સામ થયો

તેને મારીને જે દેશમાં તે જવા ચાહતો હતો તે દેશમાં તે પહોંચ્યાં. અને વળી માર્ગમાં પોતાના મહારાજાનાં બધાં ઘરોમાં આવકાર પામીને વિશેષ કરીને સ્વર્ગી શહેરમાં પેસતાં કેટલા બધા માનથી તેનો અંગીકાર કરવામાં આવ્યો તે પણ તેણે કહ્યું. એ દરવાજે તો તેજસ્વી પુરુષનાં એક સૈન્યે આવીને તુરાઈ વગાડતાં વગાડતાં તેને સ્વર્ગમાં વધાવી લીધો. ત્યારે સ્વર્ગના લોકે તેના આવવાથી ઘણા ખુશ થઈને સ્વર્ગના સમસ્ત ઘંટ વગાડી દીધા. પછી ત્યાં તેને જરિયાનનાં વસ્ત્ર પહેરાવી દીધાં. એવી એવી ઘણી વાતો સત્યવાદીએ કહી જે હમણાં કહેવાનો અવકાશ નથી. વિશેષ હું શું કહું? એના મોંથી ખ્રિસ્તીની તથા તેની મુસાફરની એવી મનોહર વાતો મેં સાંભળી કે. મારું ચિત્ત મુસાફરીએ જવાને એવું ઉતાવળું થયું કે મારાં માબાપ પણ મને રોકી ન શક્યાં. માટે હું બધાંને મૂકીને સ્વર્ગના રસ્તે અહીં સુધી આવી પહોંચ્યો છું.

**સતપુરુષ :** તમે દરવાજે થઈને આવ્યા છો કે નહિ?

**સત્યવીર :** હા. ત્યાં થઈને આવ્યો છું. કેમ કે સત્યવાદીએ અમને કહ્યું હતું કે. એ દરવાજેથી માર્ગમાં દાખલ થયા વગર બધું ફોકટ છે.

માર્ગદર્શકે ખ્રિસ્તી સ્ત્રીની તરફ જોઈને કહ્યું કે. જુઓ બહેન. તમારા સ્વામીની યાત્રા અને તે યાત્રાથી તેને મળેલા લાભની કીર્તિ સર્વત્ર વ્યાપી રહી છે.

**સત્યવીર :** ઓહો! શું આ બહેન ખ્રિસ્તીની પત્ની છે?

**સતપુરુષ :** હા. એમ જ છે અને ચાર જુવાનો તેના પુત્ર છે.

**સત્યવીર :** તે પણ શું યાત્રી થયાં છે?

**સતપુરુષ :** હા. એ પણ પોતાના પિતાને માર્ગે ચાલે છે.

**સત્યવીર :** આ વાત સાંભળીને મને મનમાં ખરેખર ઘણો આનંદ થયો છે. જે પહેલાં તેની સાથે જવાને ખુશી નહોતાં તેઓને જ્યારે તે ધર્મી પુરુષ દરવાજે થઈને સ્વર્ગી શહેરમાં પ્રવેશ કરતાં જોશે ત્યારે તેને કેવો આનંદ થશે?

**સતપુરુષ :** બેશક. તેઓને જોઈને તે રાજી થશે. તેને પોતાને સ્વર્ગ મળવાથી જેવો આનંદ થયો તેવો જ આનંદ પોતાની પત્ની તથા છોકરાંનો ત્યાં મેળાપ થવાથી તેને થશે.

**સત્યવીર :** આ જે વાત તમે કરો છો તે વિષે તમારો શો મત છે? (એટલે જ્યારે અમે સ્વર્ગી શહેર પહોંચીશું ત્યારે એક બીજાને ઓળખીશું કે નહિ. એ વિષે તમે શું સમજો છો?) કોઈ કોઈ એવો સંદેહ રાખે છે કે. ત્યાં આપણે એકબીજાને નહિ ઓળખીએ.

**સતપુરુષ :** જે લોકો એ બાબત વિષે સંદેહ રાખે છે તેઓને જો એવી આશા છે કે તેઓ પોતાને સ્વર્ગમાં ઓખળશે અને પોતાને પણ પરમસુખના અધિકારી જોઈને ખુશી થશે. તો બીજા માણસોને નહિ ઓળખે અને તેઓનું સુખ જોઈને રાજી નહિ થાય એવું કેમ સમજે છે? વળી આપણાં સગાં તે આપણું અંગ કહેવાય. અને જોકે સ્વર્ગમાં એ સંબંધ તો નહિ રહેશે તે સત્ય છે. તોપણ આ લોકોમાં જે આપણા પોતાના લોક છે. તેમનો મેળાપ આપણને સ્વર્ગમાં ન થયા છતાં. જે સુખ આપણને થાય. તેના કરતાં અધિક સુખ તેઓની સાથે મેળાપ થવાથી થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

**સત્યવીર :** વારુ. એ બાબત વિષે હું તમારો વિચાર સમજ્યો. મારા યાત્રી થવા વિષે તમે બીજું કંઈ પૂછવા માગો છો?

**સતપુરુષ :** હા. એ પણ પૂછું છું કે. તમારાં યાત્રી થવાથી તમારાં માબાપ રાજી હતાં?

**સત્યવીર :** ના રે. ના. તેઓએ મને ઘરમાં રાખવાને પોતાથી બને એટલા ઉપાય કર્યા.

**સતપુરુષ :** તેઓ યાત્રા કરવા વિરુદ્ધ શો વાંધો બતાવતાં હતાં?

**સત્યવીર :** તેઓ કહેતાં હતાં કે. યાત્રા કરવી તે આળસુનું કામ છે તું તો કેવળ આળસુ થઈને બેસી રહેવા માગે છે નહિ તો તું યાત્રી થવાની વાતને કાન ધરે જ નહિ.

**સતપુરુષ :** તેઓએ બીજું શું કહ્યું?

**સત્યવીર :** તેઓ એમ પણ કહેતાં હતાં કે યાત્રાનો રસ્તો ઘણો ભયાનક છે. તે એવા સંકટ તથા ભયથી ભરેલો છે કે આખા જગતમાં એવો બીજો કોઈ માર્ગ નથી.

**સતપુરુષ :** એ માર્ગમાં કયા કયા સંકટ છે તે વિષે તેઓએ કંઈ બતાવ્યું?

**સત્યવીર :** હા. એમણે અનેક સંકટો બતાવ્યાં.

**સતપુરુષ :** તેમાંનાં કેટલાંક કહો જોઈએ.

**સત્યવીર :** તેઓએ કહ્યું કે. એ રસ્તામાં એક તો **નિરાશકળણ** છે. તેમાં ખ્રિસ્તી પડીને ગુંગળાઈ મરતાં માંડ માંડ બચ્યો. અને જે લોકો સાંકડે દરવાજે પેસવાને બારણાં ઠોકે છે તેઓને તીર મારવાને બાલઝબુલના કિલ્લા પર ધનુર્ધારી લોક તૈયાર થઈને બેસી રહે છે. વળી તેઓએ કહ્યું કે, એ માર્ગે વન અને અંધકારમય પહાડ અને દુર્ઘટ નામે પર્વત અને સિંહ તથા હત્યારો. ગદાવીર અને સાધુહિંસક નામના ત્રણ દૈત્ય છે. વળી તેઓએ કહ્યું કે. **નમ્રતાના** મેદાનમાં એક દુષ્ટ ભૂત રહે છે. તેણે ખ્રિસ્તીનો જીવ લેવાનું કર્યું હતું. અને

તમારે પણ મરણછાયાના મેદાનમાં થઈને જવું પડશે. જેમાં મોટા મોટા ભૂત છે અને જ્યાંનું અજવાળું અંધકારરૂપ છે. અને જ્યાં માર્ગમાં પુષ્કળ **જાળો, ખાડા, ફાંદા** અને **પાશ** છે. તે સિવાય નિરાશ દૈત્યના સંશય કિલ્લામાં જે મુસાફરો માર્યા ગયા હતા તેમનું પણ વૃત્તાંત **મન** કહીને વળી બોલ્યાં કે. તમારે **વિઘ્નમય મંત્રેલી ભૂમિમાં** થઈને જવું પડશે અને સૌથી અંતે એક નદી તમારી દૃષ્ટિએ પડશે જેના ઉપર કોઈ પૂલ નથી. અને તેની પાર ગયા વગર તમારાથી સ્વર્ગી શહેરમાં પહોંચી શકાશે નહિ.

**સતપુરુષ** : એટલું જ. કે બીજું કંઈ તેઓએ કહ્યું?

**સત્યવીર** : હા. તેમણે મને એમ પણ કહ્યું કે. એ રસ્તામાં પુષ્કળ **ઠગારા** તથા **સજ્જન** પુરુષોને માર્ગથી ભુલાવવાને સંતાઈ રહેલા દુષ્ટો પણ ત્યાં ઘણા છે.

**સતપુરુષ** : તેઓએ એ વાતોનું શું પ્રમાણ આપ્યું?

**સત્યવીર** : તેઓ કહેતાં હતાં કે. એ રસ્તામાં **સંસારબુદ્ધિવાન** નામે એક ઠગ લોકોને ઠગવાને સંતાઈ રહે છે. વળી **કર્મઠ** તથા **કપટી** એ માર્ગે પુષ્કળ આવ જા કરે છે. અને **પ્રપંચી** તથા **વાચાળ** કે **દેમાસ** તમને લગભગ ભુલાવશે. અને **ખુશામતીઓ** તમને પોતાની જાળમાં ફસાવશે અથવા તમે નાદાન નિર્બુદ્ધની પેઠે અભિમાનથી સ્વર્ગના દરવાજા સુધી ચાલ્યા જશો અને તેની પેઠે ત્યાંથી કાઢી મૂકાઈને પર્વત પાસેની ખોમાં થઈને તમારે નરકમાં જવું પડશે.

**સતપુરુષ** : આટલું સાંભળીને કોઈ હિંમત હારી જાય તો તેમાં શી નવાઈ? પણ તેઓએ એટલેથી બસ કર્યું કે નહિ?

**સત્યવીર :** ના. સબૂર કરો. હું કહું છું. તેઓએ એમ પણ કહ્યું કે. ઘણા લોક સ્વર્ગી વૈભવની વાતો ઘણી વાર અનેક લોકોથી સાંભળીને તે વૈભવ મેળવવાની લાલચથી એ રસ્તામાં દાખલ થઈને દૂર સુધી ચાલ્યા ગયા, પણ આખરે તેઓ પાછા ફરીને પોતાને દેશ આવ્યા અને એ માર્ગમાં પગ મૂકવાને લીધે પોતાની નાદાનીનો ફિટકાર કરીને પોતાના સર્વ સ્વદેશીઓને રાજી કર્યાં એની સાબિતીમાં તેઓએ કેટલાકનાં નામ પણ દીધાં. જેમ કે. **હઠીલો. ચંચળ. વહેમી, બીકણ, પાછો ફરનાર** અને **વૃદ્ધ નાસ્તિક** ઇત્યાદિ. વળી તેઓએ કહ્યું કે. તેઓમાંના કેટલાએક સુખ પામવાની આશાએ દૂર સુધી ગયા. પરંતુ તેઓમાંના એકને જવાથી લેશમાત્ર લાભ થયો નહિ.

**સતપુરુષ :** તમને બીવડાવવાને તેઓએ બીજું કંઈ કહ્યું?

**સત્યવીર :** હા. તેઓએ એ પણ કહ્યું કે. બીકણ નામે એક મુસાફર હતો. તેને રસ્તો એવો સૂનો તથા ઉદાસ લાગતો હતો કે. એક પળવાર પણ તેનું મન કદી ખુશ થયું નહિ. વળી આશાહીન નામે એક મુસાફર તે યાત્રામાં ભૂખને લીધે મરતો મરતો બચ્યો. અને વળી તેમની કહેલી એ વાત તો મને હમણાં જ યાદ આવે છે કે. ખ્રિસ્તી જેના સમાચાર બધે ફેલાઈ ગયા છે તે પણ સ્વર્ગી મુગટ મેળવવાને વાસ્તે પોતાના આયુષ્યના અંત સુધી ઘણાં ઘણાં સાહસ કરીને અંતે મૃત્યુ નદીમાં ડૂબી મર્યો. અને નદીને પેલે પાર એક ડગલું પણ જવા પામ્યો નહિ. પરંતુ એ વાત તેના ભાઈઓએ છૂપાવી રાખી છે

**સતપુરુષ :** એ બધી વાતોથી તમારું મન ડગી ગયું નહિ શું?

**સત્યવીર :** ના. એ બધી વાતો મને તુચ્છ જેવી લાગી.

**સતપુરુષ :** એ કેવી રીતે બન્યું?

**સત્યવીર :** સત્યવાદીની વાત પર મારો દૃઢ વિશ્વાસ હતો. અને એથી એ બધી અડચણો મેં તુચ્છ જેવી ગણી.

**સતપુરુષ :** ત્યારે તમે તો તમારા વિશ્વાસથી જ જીત પામ્યા. કેમ?

**સત્યવીર :** તમે કહો છો તેમ જ છે. કેમ કે વિશ્વાસથી મેં ઘર છોડ્યું અને આ માર્ગનો પથિક થઈને મારા બધા વિરોધીઓની સાથે લડ્યો. અને વિશ્વાસથી તેઓને જીતીને હું અહીં સુધી આવી પહોંચ્યો છું.

વીરપણું જોવા ચહે. આવે તો આ ઠામ.
શૂરવીર એનું નામ છે. અભય અટળ શુભ કામ.
ભુલાવનારથી ના ભમે. મન રાખે અતિ ધીર.
ચિત સ્થિર રાખી શકે. પંથી દીસે ગંભીર.
યાત્રીને ભય જે દહે. વિસ્તારીને વાત.
કહેનારો નિષ્ફળ થશે. યાત્રી અચળ સાક્ષાત.
શૂરવીર તો સિંહો થકી. જોઈ બીહી નહિ જાય.
કરે યુદ્ધ બહુ હોંશથી, માર્ગે ચાલતો થાય.
દુષ્ટ ભૂત ને અસુરથી. તે નહિ કંપી જાય.
લહે આશરો ઈશ તણો. દુઃખ તેને નહિ થાય.
સૌ ચિંતા જાતી રહે. સુણે ન ભૂંડી વાત.
પ્રેમયુદ્ધ નિશ દિન કરી. થાય પથિક પ્રખ્યાત.

એટલામાં તેઓ મંત્રેલી ભૂમિમાં આવી પહોંચ્યાં. ત્યાંની હવામાં એવો સ્વાભાવિક ગુણ હતો કે તેથી માણસોની આંખો ઊંઘથી ઘેરાઈ જતી. એ જમીનમાં બધે કાંટાનાં ઝાડ. ઝાંખરાં હતાં.

માત્ર અહીં તહીં જાદુઈ કુંજો બનાવેલી હતી. જેમાં બેસવાથી કે સૂઈ જવાથી માણસને આ જગતમાં ફરીથી ઊઠવું અથવા જાગવું શક ભરેલું હતું. એવા વનની વચ્ચે થઈને તેઓને જવું પડ્યું. પણ મહાત્મા રસ્તો દેખાડનાર હતો માટે તે આગળ ચાલતો હતો અને પાછળથી કોઈ ભૂત કે અજગર કે દૈત્યો કે ચોર આવીને મુસાફરો ઉપર પાછળથી હુમલો કરીને નુકસાન કરે નહિ તે માટે સૌની પાછળ રહીને સત્યવીર **પૂઠરક્ષક** તરીકે ચાલતો હતો. પણ તે જગ્યાને ભય ભરેલી જાણીને બધા પોતપોતાની તલવારો ખેંચીને ખુલ્લી તલવારે ચાલવા લાગ્યા. વળી ચાલતાં ચાલતાં તેઓ એક બીજાને હિંમત તથા દિલાસો આપતા હતા. સતપુરુષની આજ્ઞા પ્રમાણે **ક્ષીણમન** તેની પાછળ ચાલતો હતો. અને **આશાહીન** **સત્યવીર**ની દેખરેખ નીચે હતો.

તેઓ એવી રીતે થોડેક સુધી ગયાં એટલે તેમની પર એવો એકાએક ઘોર અંધકાર તથા ધુમર આવી પડ્યાં કે ઘણી વાર સુધી તેઓ એક બીજાને જોઈ શક્યાં નહિ. માટે તેઓને કેટલીક વાર સુધી એક બીજાનું નામ લઈને બોલાવતાં બોલાવતાં ચાલવું પડ્યું. કેમ કે ત્યાં તેઓને સૂઝયા વગર ચાલવું પડતું હતું. હર કોઈને લાગશે કે એ જગ્યાએ ચાલવું બળવાનોને માટે પણ અઘરું હતું. તો પછી સ્ત્રીઓ તથા બાળકો કે જેઓના પગ અને અંતઃકરણ બંને નાજુક હતાં તેમને માટે કેટલું વિશેષ અઘરું હશે! તોપણ આગળ પાછળ ચાલનાર બંને રક્ષકોથી હિંમત મળવાથી તેઓ સારી રીતે આગળ ચાલ્યાં જતાં હતાં.

વળી આ જગ્યાએ કીચડથી રસ્તો ઘણો ચીકણો થઈ જવાથી મુસાફરો થાકી જાય એવો હતો. વળી અબળાોના નિભાવને સારુ

કંઈ ખાવા પીવાની ચીજો મળે એવી ધર્મશાળા એ આખા પ્રદેશમાં એકે નહોતી. માટે આ ઠેકાણે ચાલતાં ચાલતાં કોઈ ફૂંફાડા મારતું હતું. કોઈ હાંફતું હતું. કોઈ નિસાસા નાખતું હતું. કોઈ કાંટાનાં જાળાંથી ઠોકર ખાઈને પડી જતું હતું. કોઈ કીચડમાં ચોંટી•જતું હતું. અને કેટલાંક બાળકોનાં પગમાંથી જોડાં કાદવમાં રહી જતાં. અને કોઈ બૂમ પાડીને કહેતો કે હું પડી ગયો. કોઈ હાંક મારીને કહેતો કે તમે ક્યાં છો? અને કોઈ કહેતો હતો કે હું ઝાંખરાંમાં ભરાઈ ગયો છું. અને મારાથી નીકળી શકાશે નહિ એમ લાગે છે.

એવી રીતે ચાલતાં ચાલતાં તેઓ એક કુંજ આગળ આવી પહોંચ્યા. તેમાં હવા હૂંફાળી હતી અને મુસાફરોને ઘણો આનંદ અને વિશ્રામ મળશે એમ જણાતું હતું. કેમ કે તે ઉપરથી ઘણી સુંદર બનાવેલી હતી અને તેને લીલા વેલાઓથી શોભાયમાન કરેલી હતી. અને તેઓની અંદર બાજટ તથા બેઠકો ગોઠવેલાં હતાં. અને થાકેલા માણસને આરામ લેવા સારુ પલંગ પર નરમ બિછાનું બિછાવેલું હતું. કઠણ રસ્તાથી છેક થાકી ગયેલા મુસાફરોનાં મન એ બધી સામગ્રી જોઈને લલચાય એમ તમને લાગે. તોપણ તેઓમાંથી કોઈએ ત્યાં વિશ્રામ લેવાની ઇચ્છા પણ દર્શાવી નહીં. કેમ કે માર્ગદર્શક તેઓને જે જે શિખામણ દેતો હતો તેના ઉપર તેઓ એટલા આગ્રહથી ધ્યાન દેતાં હતાં અને તેમને જોખમ વિષે તથા ભય નજીક આવે ત્યારે તે કેવી જાતનું છે તે વિષે. એવી સારી રીતે વિસ્તારથી સમજાવતો હતો કે જ્યારે સંકટ છેક નજીક હોય ત્યારે તેઓ વિશેષ બળ તથા હોશ જાળવી એકબીજાને ઇંદ્રિયદમન કરવાને ઉત્તેજન આપતા હતા. તે કુંજનું નામ આળસુનો મિત્ર હતું.

થાકેલા મુસાફરો લલચાઈને ત્યાં વિશ્રામ કરીને નાશ પામે એ હેતુથી દુશ્મને તે કુંજ બનાવી હતી.

પછી મેં સ્વપ્નમાં જોયું કે. એ લોક આ ઉજ્જડ જમીનમાં ચાલતાં ચાલતાં એવા ઠેકાણે જઈ પહોંચ્યાં કે જો તેઓ સાવધાન ન રહે તો રસ્તો પણ ભૂલી જાય. દિવસે તો તેઓનો માર્ગદર્શક ખોટા રસ્તાઓ કેવી રીતે તજવા તે બરાબર બતાવી શકતો હતો. પણ રાતે અંધારામાં તો તેનાથી એક ડગલું પણ આગળ ચલાતું નહિ. પરંતુ તેની પાસે હમેશાં દીવાસળીની પેટી રહેતી હતી તેથી અજવાળું કરીને પોતાના ગજવામાં જે સ્વર્ગી શહેર જવાની સડકોનો નકશો હતો તે કાઢીને જોવાથી તેને તેમાં એવું ફરમાવેલું માલૂમ પડ્યું કે. તે જગ્યાએ તેઓએ કાળજી રાખીને પોતાના જમણા હાથ તરફ વળવું. જો તેણે કાળજી રાખીને પોતાનો નકશો આ વખતે જોયો ન હોત તો એવું લાગે છે કે તેઓ બધા કળણમાં પડીને સો ટકા મરી જાત. કેમ કે ત્યાંથી થોડેક આગળ જતાં અતિ સ્વચ્છ દેખાતા માર્ગને અંતે ઓચિંતી એક અગાધ ઊંડી કાદવ ભરેલી ખાઈ હતી. જે શત્રુએ એટલા માટે ખોદી હતી કે મુસાફર તેમાં પડી જઈને નાશ પામે.

એ જોઈને મારા મનમાં એમ આવ્યું કે જે મનુષ્યો મુસાફર થઈને જવા ચાહે તેઓએ પોતાની પાસે રસ્તાનો નકશો રાખવાનું ચૂકવું નહિ. એ સારુ કે જ્યારે સ્વર્ગી રસ્તામાં મુશ્કેલી આવે ત્યારે તેમાં જોઈને તેઓને માલૂમ પડે કે અમારે કયો સાચો માર્ગ લેવો.

પછી તેઓ એ મંત્રેલી ભૂમિમાં થઈને ચાલતાં ચાલતાં જ્યાં બીજી એક કુંજ રાજ્યમાર્ગની કોરે બનાવેલી હતી ત્યાં પહોંચ્યાં. એ કુંજમાં **અચિંત** તથા **દુઃસાહસી** નામના બે માણસો સૂતા હતા. તે

યાત્રા કરતા કરતા અહીં સુધી આવીને કુંજમાં વિશ્રામને માટે બેઠક પર આડા પડીને ભર ઊંઘમાં પડ્યા હતા. મુસાફરો તેમને જોઈને ઊભા રહ્યાં. અને તેઓની દુરાવસ્થાનો વિચાર કરીને શોકથી અફસોસ કરવા લાગ્યાં. પછી તેઓને ઊંઘતા મૂકીને ચાલ્યા જવું કે પાસે જઈને તેમને જગાડવાનો પ્રયત્ન કરવો. એનો તેઓએ પરસ્પર વિચાર કરીને એવો નિર્ણય કર્યો કે તેમની પાસે જઈને બની શકે તો આપણે તેઓને જગાડવા. પણ સાવધાન રહેવું કે ત્યાંની સુખની સામગ્રી જોઈને આપણામાંથી કોઈ કદાપિ મોહિત થઈને ત્યાં બેસી ન જાય.

પછી તેઓ એ કુંજમાં ગયાં. અને તે બે માણસોનાં નામ લઈને તેમને હાંકો મારી. કેમ કે માર્ગદર્શક તેઓને ઓળખતો હતો. પછી માર્ગદર્શકે તેમને જગાડવાને ઢંઢોળ્યા અને બને તેટલા ઉપાય કર્યા. પણ તેઓમાંના એકે કહ્યું કે. મારું વેતન પામીશ ત્યારે મારું ઋણ ભરી દઈશ. એ સાંભળીને માર્ગદર્શકે માથું હલાવ્યું. બીજો બોલ્યો કે. જ્યાં સુધી મારામાં તલવાર પકડવાની શક્તિ રહેશે ત્યાં સુધી યુદ્ધ કરીશ. એ સાંભળીને છોકરાઓમાંનો એક હસી પડ્યો.

ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ પૂછ્યું કે. એનું શું કારણ હશે? માર્ગદર્શકે કહ્યું કે, તેઓ નિંદ્રામાં બકે છે. તમે તેમને મારો કે ઢંઢોળો કે ગમે તેમ કરો પણ તેઓ એવી જ રીતે જવાબ આપશે. એજ પ્રમાણે પ્રાચીન કાળમાં એક માણસ જે જાણે કે વહાણના ડોલ પર સૂતો હોય એવી ભયાનક સ્થિતિમાં સૂતો હતો. અને તેના પર સમુદ્રના મોજા અફળાતા હતા. તેણે કહ્યું કે. હું ક્યારે જાગીશ કે હું ફરી બિછાનું શોધું. તમે જાણો છો કે મનુષ્ય ઊંઘમાં વાત કરે છે ત્યારે

તે ગમે તે બકે છે. અને તેમનું બોલવું વિશ્વાસના કે વિચારના ધોરણે થતું નથી. જેમ યાત્રા કરવી અને તે દરમિયાન વિશ્રામ પણ લેવો એ બંને અરસપરસ બનતું નથી. તેમ તેમની વાતોનો પણ મેળ બેસતાં નથી. જ્યારે બેદરકાર માણસો યાત્રા કરે છે ત્યારે સો ટકા તેની દશા એવી જ થાય છે. આ **મંત્રેલી ભૂમિ** તો મુસાફરોના મહા શત્રુનો લગભગ છેલ્લો ઉપાય છે. અને તે માર્ગના અંત ભાગમાં એટલા સારુ રાખેલી છે. માટે તે આપણને સહેજમાં નુક્સાન કરી શકે છે. આપણો શત્રુ એવો વિચાર કરે છે કે. નાદાન મુસાફરો રસ્તાના અંત ભાગે પહોંચતાં સુધી થાકીને લોથ થઈ જવાથી ખચીત બેસવાની ઇચ્છા કરશે. એ કારણથી મંત્રેલી ભૂમિ રસ્તાના અંત ભાગમાં બ્યૂલા દેશની છેક નજીકમાં રાખવામાં આવેલી છે. માટે રખે અમે પણ એ મનુષ્યોની પેઠે એવી નિદ્રામાં પડીએ કે પછી કોઈના જગાડ્યાથી જગાય નહિ. એવી બીક રાખીને મુસાફરોએ નિત્ય સાવધાન રહેવું જોઈએ.

પછી મુસાફરોએ ધ્રૂજતા ધ્રૂજતા આગળ ચાલવાની ઇચ્છા જાહેર કરી. પણ તેઓએ માર્ગદર્શકને વિનંતી કરી કે. મહારાજ, બત્તી સળગાવીને તેના અજવાળા વડે અમને આગળ ચલાવો. ત્યારે તેણે દીવાસળીથી બત્તી સળગાવી. અને તેની મદદથી તેઓએ બાકીની મજલ પૂરી કરી. પણ બાળકો બહુ થાકી જવા લાગ્યાં. માટે મુસાફરો પર પ્રેમ રાખનાર મહારાજાને તેઓએ રડી રડીને વિનંતી કરી કે માર્ગ વધારે સરળ થાય. એટલે તેઓ થોડા આગળ ચાલ્યા પછી પવન વાવા લાગ્યો અને તેથી ધુમ્મસ જતું રહ્યું ને આકાશ નિર્મળ થઈ ગયું. તોપણ હજી મુસાફરોને મંત્રેલી ભૂમિ

પાર પહોંચવાને ઘણી વાર હતી. માત્ર એટલું જ કે હવે તેઓ એક બીજાને તથા માર્ગને જોઈ શક્તાં હતાં.

જ્યારે તેઓ મંત્રેલી ભૂમિની સીમા પર પહોંચવા આવ્યાં ત્યારે થોડે દૂરથી અતિ ચિંતાતુર મનુષ્યનો ગંભીર સાદ તેઓને કાને પડ્યો, અને તેઓ આગળ ગયાં ત્યારે તેઓએ એવું જોયું કે. એક પુરુષ ઘૂંટણીએ ટેકીને ઊંચા હાથ તથા ઊંચી દૃષ્ટિ કરીને જાણે કે કોઈ પુરુષ ઊંચે બેઠા હોય તેની સાથે એકાગ્રચિત્તે વાત કરતો હતો. તેઓ તેની પાસે જઈ પહોંચ્યાં તોપણ તેનું બોલવું તેઓને સ્પષ્ટ રીતે સંભળાયું નહિ. પછી જ્યાં સુધી તે વાત કરી રહ્યો ત્યાં સુધી તેઓ ધીમે ધીમે ચાલ્યાં. તેનું વાત કરવાનું પૂરું થયું ત્યારે તે ઊઠીને ઘણી ઝડપથી સ્વર્ગી શહેર તરફ દોડવા લાગ્યો. ત્યારે સતપુરુષે તેને હાંક મારીને કહ્યું કે. અહો મિત્ર. મને લાગે છે કે તમે સ્વર્ગી શહેરના મુસાફર છો. અને એમ હોય તો મહેરબાની કરી અમારા સાથી થાઓ તો બહુ સારું. એ સાંભળીને તે ઊભો રહ્યો એટલે તેઓ સર્વ તેને જઈ મળ્યાં. પણ સાત્વિકે તેનું મોં જોઈને તરત કહ્યું કે. હું એને ઓળખું છું. ત્યારે સત્યવીરે પૂછ્યું કે. એ કોણ છે? તેણે જવાબ આપ્યો. કે એ તો મારી જન્મભૂમિ પાસે રહેનાર માણસ છે. એનું નામ **અટળચરણ** છે. અને એ ખરો મુસાફર છે.

પછી તેઓ બધાં એકઠાં થયાં. ત્યારે **અટળચરણે** વૃદ્ધ સાત્વિકને કહ્યું કે. ઓહો **વૃદ્ધ સાત્વિક** તમે છો કે? તેણે જવાબ આપ્યો કે. હા. તમે જુઓ છો કે હું જ છું. ત્યારે **અટળચરણે** કહ્યું કે. તમને આ માર્ગ પર જોઈને હું બહુ ખુશી થયો છું. સાત્વિકે કહ્યું કે. તમને

ઘૂંટણે ટેકેલા જોઈને હું પણ ઘણો ખુશી થયો છું. એ સાંભળીને અટળચરણે શરમાઈને કહ્યું કે. શું તમે મને ઘૂંટણે ટેકેલો જોયો હતો? સાત્વિકે કહ્યું કે. હા. મેં તમને જોયા હતા. અને એવી રીતે તમને જોવાથી મારું મન બહુ ખુશ થયું હતું. અટળચરણે પૂછ્યું કે. એ જોઈને તમે કેવું અનુમાન કર્યું? સાત્વિકે કહ્યું કે. વળી બીજું શું અનુમાન કરું? એ જ અનુમાન કર્યું કે કોઈ ખરો મુસાફર છે અને થોડી વારમાં તે અમારો સંઘાતી થશે. ત્યારે અટળચરણે કહ્યું કે. જો તમારું અનુમાન વાજબી હોય તો હું ઘણો નસીબદાર. પણ જો એમ ન હોય તો મારી પોતાની પાયમાલી છે. સાત્વિકે કહ્યું કે. તમે સત્ય કહો છો. પણ તમારી બીક પરથી મને વધારે ખાતરી થાય છે કે મુસાફરોના રાજા સાથે તમારે સમાધાન છે. કેમ કે તેણે કહ્યું છે કે. જે નિત્ય ભય રાખે છે તેને ધન્ય છે.

**સત્યવીર :** પણ ભાઈ. તમે શા માટે હમણાં ઘૂંટણે ટેકી રહ્યા હતા તે કૃપા કરી કહેશો? શું કોઈ વિશેષ અનુગ્રહ પામવાથી સ્તુતિ કરતા હતા કે બીજું કંઈ કારણ હતું?

**અટળચરણ :** જુઓ. આપણે ચાલીએ છીએ તે મંત્રેલી ભૂમિ છે. અને તેમાં ચાલતાં ચાલતાં હું મનમાં એવો વિચાર કરવા લાગ્યો કે. આ ઠેકાણે માર્ગ કેટલો ભયજનક છે. અને કેટલા બધા માણસો છેક અહીં સુધી આવીને આ ઠેકાણે રોકાઈને મરી ગયા છે! વળી આ જગ્યામાં કેવા પ્રકારના મોતના ભોગ થઈ પડે છે એ વાતનો વિચાર પણ મારા મનમાં આવ્યો. જે લોક અહીં મરે છે તે કોઈ વિશેષ રોગથી મરતાં નથી. અને તેઓને મરતાં દુઃખ પણ થતું નથી. કેમ કે જેઓ સૂતા સૂતા મરી જાય છે તેઓ સુખે

તથા કષ્ટ વગર પરલોક જાય છે. તેઓ વળી ખુશીથી પોતાના રોગની સત્તાને સ્વાધીન થાય છે.

એટલામાં સાત્વિક વચ્ચે બોલી ઊઠ્યો કે, શું તમે કુંજમાં પેલા બે માણસોને સૂતેલા જોયાં?

**અટળચરણ :** હા. મેં **અચિંત** અને **દુ:સાહસી** એ બે જણને ત્યાં જોયાં. એવું જણાય છે કે તેઓ ત્યાં પડ્યા પડ્યા મરીને સડી જશે. પણ મારી વાત મને આગળ ચલાવવા દો. ઉપર કહ્યા પ્રમાણે હું વિચાર કરતો કરતો ચાલ્યો આવતો હતો. એટલામાં સુંદર વસ્ત્ર પહેરેલી એક વૃદ્ધ સ્ત્રી મારી આગળ આવીને ઊભી રહી. તેણીએ પોતાનું શરીર તથા ધન તથા આબરૂ એ ત્રણ વસ્તુઓ મને આપવા માંડી. હવે ખરું જોતાં હું તે વખતે છેક કંગાલ અને દરિદ્રી અવસ્થામાં હતો. અને થાકીને ઊંઘે પણ ઘેરાયો હતો. અને તે ડાકણ મારી એવી સ્થિતિ કદાપિ જાણતી પણ હશે. મેં તેને કંઈ વાર સુધી તો હડસેલી કાઢી તોપણ તે મારો તિરસ્કાર ન ગણકારતા મોં મલકાવવા લાગી. ત્યારે મેં તેના ઉપર ગુસ્સો કર્યો પરંતુ મારા ક્રોધને પણ તેણીએ બિલકુલ ગણકાર્યો નહિ. તે ફરી મને લાલચ આપવા લાગી. અને કહેવા લાગી કે જો તું મારું માનીશ તો હું તને અધિક દોલત અને સુખ આપીશ. કારણ કે હું જગતની અધિકારેણ છું અને મારાથી ઘણા લોકોને સુખ પ્રાપ્ત થયા છે. પછી મેં તેનું નામ પૂછ્યું ત્યારે તેણીએ કહ્યું કે. મારું નામ **બુલબુલા ઠકરાણી** છે. એ વાત સાંભળીને હું તેનાથી વિશેષ કંટાળવા લાગ્યો. તોપણ હજી તે મને ફોસલાવતી ફોસલાવતી મારી પાછળ આવી. એવા સંકટના સમયે મેં ઘૂંટણ ટેકીને અને હાથ જોડીને મુસાફરોના

મોટા સહાયકની રડી રડીને પ્રાર્થના કરી. તમે મને જે પ્રાર્થના કરતાં જોયો તેનું એ જ કારણ હતું. પણ તમે છેક પાસે આવી પહોંચ્યા ત્યારે એ ઠકરાણી ચાલી ગઈ. એ મુશ્કેલીથી મુક્ત થતા હું તરત ઊઠ્યો નહિ. પરંતુ કેટલીક વાર સુધી ઈશ્વરની સ્તુતિ કરતો રહ્યો. કેમ કે તે સ્ત્રી મારું સારું નહોતી ચાહતી. પણ મારી મુસાફરીમાં ખલેલ પહોંચાડવાનો પ્રયત્ન કરતી હતી.

**સાત્વિક :** એમાં શો સંદેહ! એની મતલબ તો ખોટી જ હતી. પણ તમારી વાત પરથી મને જણાય છે કે. એ સ્ત્રીને મેં કંઈ જોઈ છે અથવા તેની કંઈ વાત પણ વાંચી છે.

**અટળચરણ :** કદાપિ તમે તેને જોઈ હશે અને તેના વિષે વાંચ્યું પણ હશે.

**સાત્વિક :** એ બુલબુલા ઠકરાણી તે કોઈ રૂપાળી શ્યામ રંગી અને ઊંચા કદની સ્ત્રી હતી કે નહિ?

**અટળચરણ :** બરાબર. તે એવી જ હતી. તમે તેનું આબેહૂબ વર્ણન કર્યું છે.

**સાત્વિક :** તેની વાણી ઘણી મધુર છે અને તેના પોતાના દરેક વચનને અંતે મોં મલકાવે છે કે નહિ?

**અટળચરણ :** એ વાત પણ તમારી આબેહૂબ છે કેમ કે તે એમ જ કરે છે

**સાત્વિક :** તેની કમરમાં રૂપિયાની મોટી થેલી લટકે છે કે નહિ? અને રૂપિયા ખખડાવવાથી તેને અત્યંત આનંદ થતો હોય તેમ તે વારંવાર થેલીમાં હાથ નાખીને રૂપિયા ખખડાવ્યા કરે છે કે નહિ?

**અટળચરણ :** હા. બરાબર એમ જ કરે છે. જો તે આ પ્રસંગે અહીં ઊભી હોત તો તમે તેના સ્વરૂપનું અને આચરણનું વર્ણન આથી વધારે સંપૂર્ણ રીતે કરી ન શકત.

**સાત્વિક :** ત્યારે તો જેણે તેનું ચિત્ર પાડ્યું છે તે ઘણો ઉત્તમ ચિતારો હશે. અને જેણે તેની તવારીખ લખી છે તે પણ ઘણો સત્યવાદી હોવો જોઈએ.

**સતપુરુષ :** એ બુલબુલા ઠકરાણી તો ડાકણ જ છે. તેની જાદુક્રિયાઓથી એ ભૂમિ મંત્રેલી થઈ ગઈ છે. તેના ખોળામાં માથું મૂકવું તે માથું કાપવાનાં યંત્રમાં માથું મૂકવા સરખું છે. પણ જેઓ તેની સુંદરતાથી લલચાઈને તેના પર નજર કરે છે તે ઈશ્વરના શત્રુઓ ગણાય છે. તે દુષ્ટ સ્ત્રી મુસાફરોના દુશ્મનોના વૈભવની વૃદ્ધિ કરે છે. અને કેટલાએકને તો તેણીએ લાલચ દેખાડીને યાત્રીધર્મથી ભ્રષ્ટ કર્યા છે. તે લોકોની સાથે ગપ્પા માર્યા કરે છે અને તે તથા તેની કન્યાઓ નિત્ય કોઈ નહિ ને કોઈ પણ મુસાફરોની પાછળ લાગીને સ્વર્ગી સુખની નિંદા અને સંસારિક સુખના વખાણ કર્યા કરે છે. તે ઘણી નિર્લજ્જ વેશ્યા છે. કોઈ પણ પુરુષની સાથે તે વાત કરવા લાગે છે. તે હમેશાં દરિદ્રી મુસાફરોનો તિરસ્કાર અને શ્રીમંતોની પ્રતિષ્ઠા કરે છે. જે દ્રવ્ય સંપાદન કરવામાં હોશિયાર હોય છે તેની ઘેરઘેર પ્રશંસા કરતી ફરે છે. તે મુખ્યત્વે કરીને જમણ તથા મિજબાનીઓ ઘણી ચાહે છે. જ્યાં જ્યાં જમણ થાય છે ત્યાં તે અવશ્ય હોય છે જ. તેણીએ કેટલીક જગ્યાએ એમ પણ જાહેર કર્યું છે કે હું દેવી છું, અને એ કારણથી કોઈ કોઈ તેની પૂજા પણ કરે છે. લોકોને ઠગવા સારુ તેણીએ વિશેષ સમય અને સ્થળ

પણ રાખેલાં છે. તે આગ્રહથી કહે છે કે, જેવું સુખ હું આપું છું તેવું સુખ બીજો કોઈ આપી શક્તો નથી. જે મનુષ્યો તેના ઉપર પ્રીતિ કરીને તેને શ્રેષ્ઠ જાણે છે તેઓની સાથે અને તેમના પુત્ર પૌત્રોની સાથે પણ રહેવાને તે વચન આપે છે. કોઈ કોઈ જગ્યાએ અને કોઈ કોઈ માણસની આગળ પોતાની થેલીમાંથી ધૂળની પેઠે સોનું વરસાવી દે છે. લોકો તેની પાછળ ફરે, અને તેને ભલી કહે તથા તેને સોડમાં લે એવું તે ચાહે છે. તે પોતાના ધનની પ્રશંસા કરવાથી કદી થાકતી નથી, ને જેઓ તેને અધિક પ્રતિષ્ઠા યોગ્ય ગણે છે તેમના ઉપર તે અધિક પ્રેમ કરે છે. કેટલાએકને તો તે એવું વચન આપે છે કે, જો તમે મારી શિખામણ માનશો તો હું તમને રાજ્યો અને મુગટો આપીશ. માટે તેના કપટથી ઘણા માણસોનાં માથાં ગયાં છે અને લક્ષાવધિ નરકે ગયાં છે.

એ સાંભળીને **અટળચરણે** કહ્યું કે, ઓ ભાઈ, હું તેની સામો થયો એ મારા પર ઈશ્વરકૃપા થઈ એમ જાણું છું, કેમ કે કોણ જાણે તે મને ક્યાં લઈ જાત.

**સતપુરુષ :** ક્યાં લઈ જાત? એ તો ઈશ્વર વગર બીજું કોઈ ન જાણે, પરંતુ મોટે ભાગે એટલું તો નિશ્ચે છે કે તે તમને મૂઢ અને **હાનિજનક અભિલાષરૂપી** કળણમાં ખેંચી જાત કે જ્યાં લોકોનો નાશ તથા નર્કવાસ થાય છે. જુઓ, એવી દુષ્ટ સ્ત્રીએ આબ્શાલોમને પોતાના પિતાનો દ્રોહી કર્યો અને યરોબઆમને પોતાના રાજાનો શત્રુ બનાવ્યો, સ્ત્રીએ જ યહૂદાને પણ એવી શિખામણ આપી કે, તેણે પોતાના પ્રભુને વેચ્યો અને દેમાસને યાત્રી ધર્મનો ત્યાગ કરાવ્યો. તેણીએ જે જે હાનિ કરી છે તે દરેકનું વર્ણન કોઈથી થાય

એમ નથી. તે રાજા અને પ્રજામાં, માબાપ અને છોકરાંમાં, પડોશીમાં, પતિ અને પત્નીમાં, દેહ અને આત્મામાં, હા માણસના પંડમાં પણ વિરોધ કરાવે છે. માટે હે ભાઈ અટળચરણ, જેવું તમારું નામ છે તેવું તમારું કામ પણ થજો, અને તમે બધા શત્રુઓને જીતીને અટળ રહેજો.

આ વૃત્તાંત સાંભળીને્ મુસાફરોને ભય સાથે આનંદ પણ થયો અને થોડી વાર પછી તેઓએ નીચે પ્રમાણે ગાયન કર્યું.

પંથી જનને દુઃખ ઘણાં. ભૂંડાં શત્રુ માન,
વાટો બહુ બહુ પાપની. જાણે કોણ સુજાણ?
અથાગ જગતની ખાણમાં. બહુ જન લપસી જાય,
ઉષ્ણતાથી બચવા ચાહે. ચૂલે પ્રાણ ગુમાય.

ત્યાર પછી મેં સ્વપ્નમાં જોયું કે, મુસાફરો બ્યૂલા દેશમાં જ્યાં સૂર્ય આઠે પહોર પ્રકાશિત રહે છે ત્યાં પહોંચ્યાં. તેઓ ઘણાં થાકેલાં હતાં માટે વિશ્રામને સારુ ત્યાં કેટલીવાર થોભ્યાં. તે દેશ બધાં મુસાફરોને સારુ હતો અને ત્યાંની દ્રાક્ષવાડીઓ તથા ફળબાગ સ્વર્ગી શહેરના મહારાજાનાં હતાં, તે માટે મુસાફરોને ત્યાંની હર કોઈ ચીજનો ઉપયોગ કરવાની છૂટ હતી. પછી થોડી વારમાં તેઓનો થાક ઊતરી ગયો, કેમ કે જો ઘંટ, તુરાઈ ઇત્યાદિ વાજિંત્રોના અતિ મધુર અવાજને લીધે તેઓને ઊંઘ આવી નહિ. તોપણ જેમ કોઈ ભર ઊંઘથી તૃપ્ત થયો હોય તેમ તેઓ પૂરી તાજગી પામ્યા. વળી ત્યાંના રહેનારાં રસ્તામાં આવતાં જતાં એ જ વાત કરતાં સંભળાતાં હતાં કે, આજે ઘણાં નવાં મુસાફરો નગરમાં આવી પહોંચ્યાં છે. બીજો ઉત્તર દેતો કે આજે આટલાં બધાં મુસાફરો નદી

પાર ઉતરીને સોનેરી દરવાજાની અંદર પ્રવેશ પામ્યાં. વળી તેઓ એવો હર્ષ પોકાર કરતાં કે, તેજસ્વી પુરુષોનું એક દળ હમણાં શહેરમાં આવી પહોંચ્યું છે. તે પરથી અમે જાણીએ છીએ કે, ઘણાં મુસાફરો માર્ગમાં છે, કેમ કે ત્યાં તેઓ મુસાફરોની આગતાસ્વાગતા કરવા તથા દુઃખમાં દિલાસો આપવા આવે છે. પછી મુસાફરો ઊઠીને અહીં તહીં ફરવા લાગ્યાં ત્યારે મધુર સ્વર્ગવાણી સાંભળીને અને સ્વર્ગી દર્શનો જોઈને ઘણાં ખુશી થયાં, કેમ કે એ પ્રદેશમાં તેઓએ જે જે જોયું, સાંભળ્યું, પકડ્યું, સૂંઘ્યું અથવા ખાધું તેઓમાંની કોઈ પણ વસ્તુ તેઓનાં મનને કે પેટને નડે એવી નહોતી. કેવળ જે નદી ઉતરીને તેઓને સ્વર્ગી શહેર જવાનું હતું, તેનું પાણી ચાખતાં તેઓને કંઈક કડવું જેવું જણાયું, પણ પીધા પછી મીઠું લાગ્યું.

તે નગરમાં એક પુસ્તક રાખેલું હતું, જેમાં જે જે મુસાફરો પૂર્વ કાળે આવ્યાં હતાં તેઓનાં નામ તથા મોટાં મોટાં પરાક્રમો નોંધેલાં હતાં. આ જગ્યાએ મુસાફરોએ એ વાત પણ બહુ ચર્ચાતી સાંભળી કે, કોઈને પાર ઉતરતી વખતે એ નદીમાં ભરતી નડતી અને કોઈના વખતમાં છેક ઊતરી જતી, કોઈ કોઈને તો પાર ઉતરતી વખતે નદી લગભગ સુકાઈ જતી અને કોઈ કોઈ તો પાર ઉતરતા હતા ત્યારે તેમાં એવું પૂર આવતું કે, બંને તરફના કિનારા ડૂબી જતાં.

તે નગરનાં બાળકો પણ મહારાજાની ફૂલવાડીઓમાં જઈને ફૂલોના હાર બનાવીને પ્રેમભાવથી મુસાફરોને આપતાં. એ ફૂલવાડીમાં કપૂર, જટામાંસી, કેશર, ચંદન અને કસુંબી રંગનાં

તથા ધોળાં ફૂલ તથા તજ તથા ધૂપ વગેરે બધી મુખ્ય સુગંધીઓના છોડ હતા. મુસાફરો જ્યાં સુધી ત્યાં રહેતાં ત્યાં સુધી તેમની કોટડીઓમાં ઉપર કહેલી સુગંધીદાર વસ્તુઓની સુગંધી વ્યાપી રહેતી. અને જ્યારે નદી ઉતરવાનો સમય આવતો ત્યારે તેઓને તૈયાર કરવા સારુ એ સુગંધીઓ તેમનાં શરીરે મસળવામાં આવતી.

એ રીતે તેઓ બધાં સુકાળની વાટ જોઈને ત્યાં થોભેલાં હતાં. એટલામાં એક દિવસે નગરમાં એવી વાત ચાલવા લાગી કે. ખ્રિસ્તી નામે મુસાફરની પત્નીને સારુ કોઈ અગત્યના સમાચાર લઈને સ્વર્ગી શહેરથી એક દૂત આવ્યો છે. પછી દૂતે તે સ્ત્રી ઉતરેલી હતી તે ઘર શોધી કાઢીને તેને એક પત્ર આપ્યો. તેમાં એવું લખેલું હતું કે. હે ઉત્તમ સ્ત્રી. તારું કલ્યાણ થાઓ. આ ઉપરથી તને એવી વધામણી છે કે પ્રભુ તને બોલાવે છે. દસ દિવસ વીતે તે પહેલાં તારે અમર વસ્ત્ર પહેરીને પ્રભુની સમુંખ જઈને ઊભા રહેવું એવી તેની આજ્ઞા છે.

એ પત્ર દૂતે તેને વાંચી સંભળાવ્યા પછી. હું ભરોસા લાયક દૂત છું અને તને જલદીથી વિદાય થવાનું ફરમાવવાને પ્રભુએ મને મોકલ્યો છે. એવી વાતની સાબિતીમાં દૂતે તેને એક ખાતરીદાયક ચિહ્ન આપ્યું. સારાંશ. પ્રેમરૂપી પથરી પર ઘસેલું એક સહેલથી તેનું અંતઃકરણ વીંધે એવું એક બાણ તેને આપ્યું. તે બાણથી ધીમે ધીમે તેનું અંતઃકરણ વીંધાયું. એથી એવું થયું કે. ઠરાવેલા વખતે તેને અવશ્ય જવું પડ્યું.

જ્યારે ખ્રિસ્તી સ્ત્રીએ જાણ્યું કે. હવે મારો સમય પાસે આવ્યો છે અને મારા સાથીઓની પહેલાં મારે નદી પાર ઉતરવું પડશે.

ત્યારે તેણીએ પોતાના માર્ગદર્શક મહાત્માને બોલાવીને તેને બધા સમાચાર સંભળાવ્યા. ત્યારે તેણે કહ્યું કે, આ વાત સાંભળવાથી મને ઘણો આનંદ થયો છે. એ દૂતે જો મને બોલાવ્યાં હોત તો હું ઘણી ખુશીથી જાત. ત્યારે ખ્રિસ્તી સ્ત્રીએ તેને કહ્યું કે. મારે માર્ગને માટે સર્વ સામગ્રી કેવી રીતે તૈયાર કરવી તે વિષે મને કંઈ સૂચના આપશો. ત્યારે તેણે તેને યોગ્ય શિખામણ આપીને કહ્યું કે. તમારે આ રીતે કરવું. અને જે વખતે તમે જશો તે વખતે અમે બધાં નદીના કાંઠા સુધી તમારી સાથે આવીશું.

પછી ખ્રિસ્તી સ્ત્રીએ પોતાના છોકરાઓને તથા વહુઓને બોલાવીને તેમને આશીર્વાદ આપતાં કહ્યું કે. તમારા કપાળ પરનાં ચિહ્નો વાંચીને બહુ દિલાસો મળે છે. અને તમે અહીં સુધી મારી સાથે આવ્યાં છો. અને પોતાનાં વસ્ત્ર પણ ઘણાં શ્વેત રાખ્યાં છે. માટે મને ઘણો આનંદ થાય છે. વળી તેણીએ આજ્ઞા આપી કે મારી જે થોડી સંપત્તિ છે તે બધી કોઈ દરિદ્રીઓને વહેંચી આપવી. અને પોતાના છોકરાઓ તથા વહુઓને એવી શિખામણ આપી કે, તમને પણ બોલાવવાને દૂત આવશે. માટે તમારે તેની વાટ જોઈને તૈયાર રહેવું.

ખ્રિસ્તી સ્ત્રીએ માર્ગદર્શકને તથા પોતાનાં સંતાનને એ વાતો કહ્યા પછી સત્યવીરને પણ બોલાવીને કહ્યું કે. તમે અત્યાર સુધી સર્વસ્થળે અમારી મધ્યે વિશ્વાસુ જણાયા છો. અને જો તમે મરણ સુધી વિશ્વાસુ રહેશો તો મારો રાજા તમને જીવનનો મુગટ આપશે. અને હું વિનંતી કરું છું કે. તમે મારા છોકરાં પર નજર રાખશો. જો કોઈ વખત તેમને નિર્ગત થયેલાં જુઓ તો તેમને દિલાસો તથા હિંમત આપજો. મારી વહુઓ તો વિશ્વાસુપણે વર્તતી આવી છે.

તેથી મને ભરોસો છે કે અંતે પણ તેઓને વચન પ્રમાણે ફળ મળશે. પછી તેણીએ **અટળચરણ**ને એક વીંટી આપી.

પછી તેણીએ વૃદ્ધ **સાત્વિક**ને બોલાવ્યો. અને (તેને આવતો જોઈને) કહેવા લાગી કે. "જુઓ. ખરો ઇસ્રાએલી. જેનામાં કંઈ કપટ નથી." પછી સાત્વિક બોલ્યો કે. જે દિવસે તમે સિયોન પહાડ પર જવા નીકળો તે દિવસ નિર્મળ હોય એવી મારી પ્રાર્થના છે. અને તમને કોરા પગે નદી પાર જતાં હું જોઉં તો મને ઘણો આનંદ થાય. પણ ખ્રિસ્તી સ્ત્રીએ જવાબ આપ્યો કે, ભીનું હોય કે કોરું, પણ મને જવાની બહુ અભિલાષા છે. મારી મુસાફરીમાં હવા ગમે તેવી હશે તોપણ ત્યાં પહોંચ્યા પછી બેસીને વિશ્રામ લેવાનો તથા અંગ પરની ભિનાશ સૂકવવાનો મને ઘણો અવકાશ મળશે.

પછી પંગુ નામનો મુસાફર જ્યારે તેની મુલાકાત લેવા આવ્યો ત્યારે તેણીએ તેને કહ્યું કે અહીં તો તમારી મુસાફરી દુઃખ તથા મુસીબત ભરેલી હતી, પણ વિપત્તિને લીધે તમારો વિશ્રામ અધિક સુખમય લાગશે. માટે સાવધાન થઈને તમે તૈયાર રહેજો. કેમ કે તમે નહિ ધારતા હોય તે ઘડીએ મરણદૂત કદાપિ આવી પહોંચશે.

એના પછી આશાહીન તથા તેની દીકરી અતિભીરૂ આવ્યાં. તેઓને ખ્રિસ્તી સ્ત્રીએ કહ્યું કે. તમે પેલા દુષ્ટ નિરાશ દૈત્યના હાથથી અને તેના સંશય કિલ્લામાંથી બચાવ પામ્યાં તેનું તમારે કૃતજ્ઞતાથી નિત્ય સ્મરણ કરવું જોઈએ. તે અનુગ્રહનું ફળ એ છે કે તમે અહીં સુધી સહીસલામત આવી પહોંચ્યા છો. માટે હવે બધી બીક છોડી દઈને સાવધાન રહેજો. અને હોશિયાર રહીને અંત સુધી આશા રાખજો.

પછી તેણીએ **ક્ષીણમન**ને કહ્યું કે, અમર પુરુષોના અજવાળામાં સદા જીવવાને અને તમારા મહારાજાને જોઈને શાંતિ પામવાને તમે સાધુહિંસકના હાથમાંથી બચાવ પામ્યા છો. માટે હું તમને સલાહ આપું છું કે પ્રભુ તમારે માટે તેડું મોકલે તે પહેલાં તેના કૃપાળુપણા વિષે બીક તથા સંદેહ રાખવાનો જે તમારો સ્વભાવ છે તેને વેળાસર પશ્ચાત્તાપ કરીને મૂકી દેજો. નહિ તો જ્યારે તે આવશે ત્યારે તમારે આ દોષને લીધે શરમિંદા થઈને તેની સમ્મુખ ઊભા રહેવું પડશે.

જ્યારે ખ્રિસ્તી સ્ત્રીને સ્વર્ગી શહેર જવાનો દિવસ આવ્યો ત્યારે તેને જતી જોવાને રસ્તામાં લોકોની ભીડ થઈ હતી, તેને રાજધાનીના દરવાજા સુધી પહોંચાડવાને અનેક બહેનો સ્વર્ગી શહેરથી આવીને નદીની સામી બાજુએ ઊભી હતી. પછી તેણીએ ઘરની બહાર નીકળીને પાછળ આવનાર લોકોને ઇશારતથી છેલ્લી સલામ કરીને નદીમાં પ્રવેશ કર્યો. તેના છેલ્લા શબ્દો એ સંભળાયા કે, હે પ્રભુ તારી પાસે રહેવાને અને તારી સ્તુતિ કરવાને હું આવું છું, જેઓ ખ્રિસ્તી બહેનની વાટ જોતાં ઊભા હતા તેઓ તેને લઈને ચાલ્યા ગયા, અને તે બધા લોકથી અદૃશ્ય થઈ ત્યારે તેના પુત્ર, મિત્રો ઇત્યાદિ સર્વ લોકો પોતપોતાને મુકામે પાછા આવ્યા. ખ્રિસ્તી સ્ત્રીએ સ્વર્ગના દરવાજા આગળ જઈને જેવી હાંક મારીને અંદર પ્રવેશ કરવાની વિનંતી કરી તેવી જ તેને તેના પતિની જેમ ઘણા હર્ષ તથા ઉલ્લાસ સહિત દરવાજાની અંદર દાખલ કરવામાં આવી. તેના જવાથી તેનાં બધાં સંતાન રડવા લાગ્યા. પણ **સતપુરુષ** અને **સત્યવીર** હર્ષને લીધે મધુર સ્વરે વાજિંત્રો વગાડવા લાગ્યા, પછી બધા લોક પોતપોતાને મુકામે ચાલ્યા ગયા.



ખ્રિસ્તી સ્ત્રી નદી પાર જાય છે.

ત્યાર પછી કેટલીક મુદતે એક રાજદૂત તે નગરમાં આવ્યો અને પંગુને શોધવા લાગ્યો. અને પૂછતાં પૂછતાં તેને શોધી કાઢી કહેવા લાગ્યો કે. તમે પંગુ છતાં પણ ઘણી પ્રીતિથી પ્રભુની પાછળ ચાલ્યા છો. એ કારણથી હું એ જ પ્રભુનો સંદેશવાહક થઈને તમારે માટે એ સંદેશો લાવ્યો છું કે. તમારા રાજાની આજ્ઞા છે કે મુક્તિ પર્વના એક દિવસ પછી તેના રાજ્યમાં તેની સાથે બેસી ભોજનપાન કરવાને તમારે હાજર થવું. માટે તે દિવસે જવાને તમારે તૈયારી કરવી. એ વાત કહીને તે દૂતે પોતાની સત્યતાના પ્રમાણમાં એ વચન કહ્યું કે. મેં તમારો સોનાનો પ્યાલો ભાંગ્યો અને તમારો રૂપેરી દોરો પણ છોડ્યો છે.

અને પછી પંગુએ પોતાના સાથી મુસાફરોને બોલાવીને કહ્યું કે. ઈશ્વરે મને બોલાવ્યો છે. અને ખચીત તે તમારા ઉપર કૃપાદૃષ્ટિ કરશે. એમ કહીને તેણે સત્યવીરને વિનંતી કરી કે મારા નામનું એક વસિયતનામું લખો. તેની પાસે પોતાની પાછળનાઓને આપવાને ઘોડીઓ અને આશીર્વાદ સિવાય બીજું કંઈ નહોતું. તે માટે તેણે એવું લખાવ્યું કે. મારો પુત્ર જો મારી પાછળ આવે તો તે મારાથી સો ગણો સારો મુસાફર થાય એવા આશીર્વાદ સહિત તેને મારી આ બે ઘોડીઓ આપવી. પછી **સતપુરુષે** રસ્તામાં કૃપા કરીને તેની સહાયતા કરી હતી તેને માટે તેનો આભાર માન્યા પછી તે ચાલી નીકળ્યો. નદીનાં કાંઠા પર જઈને કહેવા લાગ્યો કે હવે મને આ ઘોડીઓની કંઈ જરૂર નથી. કેમ કે મારે સવારી કરવા સારુ સામી બાજુએ ઘોડાગાડીઓ ઊભેલી છે. તેના છેલ્લા શબ્દો એ સંભળાયા કે. અનંતજીવનની જય! એટલું કહીને તે નદી પસાર કરી ગયો.

કેટલાએક દિવસ પછી **ક્ષીણમન**ને પણ સમાચાર મળ્યા કે. તમારા ઓરડાના બારણા આગળ રાજદૂત તુરાઈ વગાડે છે. પછી તે દૂત અંદર જઈને તેને કહેવા લાગ્યો કે. પ્રભુને તમારું કામ છે. માટે બહુ થોડી વારમાં તમને તેના પ્રકાશિત મુખનું દર્શન થશે. તે વાત જણાવવાને હું અહીં આવ્યો છું. મારા વચનની સત્યતાનું પ્રમાણ એ છે કે. બારીમાંથી જોનારાઓ ઝાંખા થઈ જશે. જ્યારે ક્ષીણમને પોતાના સાથીઓને બોલાવીને પોતાને જે સંદેશો તથા તેનું પ્રમાણ આપવામાં આવ્યાં હતાં. તે મને કહી બતાવ્યાં. પછી એવું કહ્યું કે. કોઈને આપી જવાનું મારી પાસે કંઈ નથી. મારે તો વસિયતનામું લખવાનું શું કારણ? મારા મનની જે દુર્બળતા છે તેને હું પાછળ મૂકી જઈશ. કેમ કે હમણાં હું જ્યાં જાઉં છું ત્યાં તેની કંઈ અગત્ય નથી. અને તે કોઈ સૌથી ગરીબ મુસાફરને પણ આપવા લાયક નથી. માટે હે **સત્યવીર**. મારા ગયા પછી તમે તેને કોઈ એક ઉકરડામાં દાટી દેજો. એ પછી જ્યારે તેને જવાનો દિવસ આવ્યો ત્યારે બીજાઓની જેમ તેણે નદીમાં પ્રવેશ કર્યો. અને 'મારો વિશ્વાસ તથા ધીરજ અંત સુધી દૃઢ રહો.' એમ કહીને તે નદી પાર ઉતરી ગયો.

ત્યાર પછી ઘણા દિવસ વિત્યા બાદ તે જ દૂતે **આશાહીન**ને બોલાવવા આવીને આવો સંદેશો તેને કહ્યો. હે ધ્રૂજનાર માણસ. આવતા પ્રભુવારે સંપૂર્ણ સંશયથી મુક્ત થઈને હર્ષનાદ કરવા માટે મહારાજાને મળવા સારુ તૈયાર થવાનો હુકમ તને આપવાને આવ્યો છું. અને મારા સંદેશાના ખરાપણાની આ નિશાની લે. એમ કહીને તેણે તેને એક ટીડ આપીને કહ્યું કે. એનો પણ તને ભાર લાગશે. અને સાચે જ એ તેને બોજારૂપ લાગ્યો.

પછી **આશાહીન**ની પુત્રી **અતિભીરૂ**એ તે વાતો સાંભળીને કહ્યું કે. હું પણ મારા પિતાની સાથે જઈશ. ત્યાંરે તેના પિતાએ પોતાના મિત્રોને કહ્યું કે. હું અને મારી દીકરી કેવાં દુર્બળ હતાં. અને બધાં મુસાફરોની સોબતમાં ઘણાં હેરાન થયાં હતાં. તે વાત તમે બધાં જાણો છો. હવે મારી તથા મારી દીકરીની એવી મરજી છે કે અમારા ગયા પછી અમારી નિરાશા અને બીક કોઈએ કદી ધારણ કરવાં નહિ. હું જાણું છું કે. અમારા મરણ પછી તેઓ બીજા લોકોની સેવા કરવા તૈયાર થશે. પરંતુ હું સ્પષ્ટ રીતે કહું છું કે તેઓ ભૂત છે. કેમ કે અમારી મુસાફરીના આરંભમાં અમે તેઓને જે જગ્યાઓ આપી તેમાંથી ફરી અમે તેઓને કાઢી શક્યાં નહિ. તેઓ મુસાફરને ઘેરેઘેર ફરીને જગ્યા માગ્યા કરશે. પણ અમારી ખાતર કોઈએ પોતાના ઘરમાં તેઓને પેસવા દેવા નહિ. પછી જ્યારે તેમને જવાનો વખત આવ્યો ત્યારે તેઓ નદીના કિનારા પર ગયાં. આશાહીનના છેલ્લા શબ્દો એ સાંભળવામાં આવ્યાં કે. હે રાત્રિ. તને છેલ્લી સલામ. અને હે દિવસ. તું ભલે પધાર. અને તેની દીકરી પણ ગાતી ગાતી નદી પાર ચાલી ગઈ. પણ તેઓએ શું ગાયું તે કોઈ સમજી ન શક્યું.

પછી કેટલાએક દિવસ વીત્યા બાદ રાજદૂતે નગરમાં આવીને **સાત્વિક**નું ઘર શોધવા માડ્યું. પછી તે શોધી કાઢીને તેને પત્ર આપ્યો. તેમાં એવું લખેલું હતું કે. આજથી આઠમે દિવસે તમારા પ્રભુના પિતાને ઘેર તમારા પ્રભુની હજૂરમાં હાજર થવા સારુ તૈયાર રહેવાની તમને આજ્ઞા આપવામાં આવે છે. અને મારો સંદેશો ખરો છે. તેનું પ્રમાણ એ છે કે. બધી ગવૈયણોનું માન

ઉતારાશે. એ સાંભળીને સાત્વિકે પોતાના મિત્રોને બોલાવીને તેઓને કહ્યું કે. હવે હું મરવાની તૈયારીમાં છું. પણ વસિયતનામું લખાવતો નથી. કેમ કે મારી સાત્વિક્તા તો મારી સાથે આવશે. આ વાત મારી પાછળ આવનારાઓને કહેવી. જ્યારે તેને વિદાય થવાનો દિવસ આવ્યો ત્યારે સાત્વિક નદી ઉતરવા તૈયાર થયો. તે વખતે નદીમાં એટલું પૂર ચઢેલું હતું કે કોઈ કોઈ ઠેકાણે તેના કિનારા પણ ડૂબી ગયા હતા. તોપણ તેને પાર ઉતરતાં તેણે પોતાના જીવતા **શુદ્ધમન** નામના એક પુરુષની સાથે એવો ઠરાવ કર્યો હતો કે. પાર ઉતરતી વેળાએ તે આવીને એની સહાય કરે. માટે તેણે તે વખતે આવીને તેની સહાય કરી. અને તેને નદી પાર ઉતારી દીધો. તે છેલ્લા શબ્દો એ બોલ્યો કે. પ્રભુના અનુગ્રહનો જય થયો છે. પછી તે અદૃષ્ય થઈને પરલોક ચાલ્યો ગયો.

ત્યાર પછી એવી ચર્ચા સાંભળવામાં આવી કે **સાત્વિક**ને માટે જે દૂત સંદેશો લાવ્યો હતો તેણે તેવી જ રીતના સમાચારનો પત્ર **સત્યવીર**ને પણ આપ્યો છે. અને તે સંદેશાની સત્યતાના પ્રમાણ તરીકે તેને એ વાક્ય આપવામાં આવ્યું કે તારી ગાગર ઝરા આગળ ફૂટી ગઈ છે. જ્યારે સત્યવીરને એ સમાચારની સમજ પડી ત્યારે તેણે પોતાના મિત્રોને બોલાવીને તે વિષે ખબર આપતાં કહ્યું કે. હું પિતાને ઘેર જાઉં છું અન જો કે હું ઘણા કષ્ટથી અહીં સુધી આવ્યો છું. તોપણ આ જગ્યાએ આવતાં જે મહા સંકટ મારે ભોગવવું પડ્યું છે તેની મને આ સમયે કંઈ દિલગીરી થતી નથી. મુસાફરીમાં જે કોઈ મારો અનુગામી થાય તેને મારી તલવાર આપી જાઉં છું. અને જે કોઈ મારી બહાદુરી તથા હોશિયારી પ્રાપ્ત

કરી શકે તેને માટે તે સદગુણો મૂકી જાઉં છું. મારા શરીર પર જે ચોટ તથા ઘાની નિશાનીઓ છે તેમને હું મારી સાથે લઈ જાઉં છું. એ સારુ કે એ નિશાનીઓ. હમણાં તેનું મને જે પ્રતિફળ આપનાર છે તેની ખાતર મેં જે યુદ્ધ કર્યું છે. તેનું મારા લાભમાં સાક્ષીરૂપ થાય. પછી તેને જવાનો દિવસ આવ્યો ત્યારે ઘણા લોક તેની સાથે નદી સુધી વળાવવા ગયા. નદીમાં ઉતરતી વખતે તેણે કહ્યું કે. અરે મૃત્યુ. તારો ડંખ ક્યાં? જ્યારે તે અધિક ઊંડાણમાં ઉતર્યો ત્યારે બોલ્યો કે. અરે કબર. તારો જય ક્યાં? એ વાત બોલીને તે નદી પાર કરી ગયો. અને સામી બાજુએ તેને અનેક તુરાઈઓના નાદ સહિત વધાવી લેવામાં આવ્યો.

પછી **અટળચરણ** જેને મુસાફરોએ **મંત્રેલી ભૂમિ**માં **પ્રાર્થના** કરતાં જોયો હતો તેના તેડાનો પત્ર આવ્યો. રાજદૂતે તે પત્ર ઉઘાડો લાવીને તેને હાથમાં આપ્યો. તેમાં એવા સમાચાર લખ્યાં હતાં કે તમારા પ્રભુ નથી ચાહતા કે તમે હવે તેમનાથી દૂર રહો. તેથી તમારે દેવલોકમાં જવાને તૈયાર રહેવું. એ વાતથી જ્યારે **અટળચરણ** વિચારમાં પડ્યો. ત્યારે દૂતે તેને કહ્યું કે. મારી વાતની સત્યતા વિષે કંઈ સંદેહ રાખવો નહિ. કેમ કે તેનું પ્રમાણ એ છે કે ટાંકી આગળ તમારો ચાકળો ભાંગી ગયો છે. ત્યારે અટળચરણે માર્ગદર્શક સતપુરુષને બોલાવીને કહ્યું કે, હે મહારાજ. મારી મુસાફરી દરમિયાન થોડા જ દિવસ આપની સંગતનો શુભ લાભ મને મળ્યો છે. પણ જ્યારથી આપણી ઓળખાણ થઈ. ત્યારથી આપનો મારા પર ઉપકાર થતો આવ્યો છે. હું મારી સ્ત્રી અને પાંચ છોકરાંને ઘેર મૂકીને આવ્યો છું. આપ બીજા પવિત્ર મુસાફરોના માર્ગદર્શક થવાની

આશા રાખીને ઘેર પાછા જશો. એવું જાણીને હું આપની વિનંતી કરું છું કે, જ્યારે આપ ત્યાં જાઓ ત્યારે કોઈ મનુષ્યને મારે ઘેર મોકલીને જે જે મારી દશા થઈ છે અને થશે તે બધું મારી સ્ત્રી, પુત્રો આદિને કહેવડાવશો. વળી હું હમણાં કેવી સુખી સ્થિતિમાં છું અને સ્વર્ગી શહેર સુધી આવી પહોંચવાથી મને કેવો આનંદ થયો છે તે પણ તેમને કહેજો. પછી ખ્રિસ્તી અને ખ્રિસ્તી સ્ત્રીના સમાચાર તેમને જણાવશો, અને ખ્રિસ્તી સ્ત્રી પોતાના ચાર પુત્ર અને તેમની વહુઓ સુદ્ધાં કેવી રીતે ખ્રિસ્તીની પાછળ મુસાફર થઈને તેની પાસે જઈ પહોંચી, અને તે કેવી જગ્યાએ ગઈ છે અને આખરે તેને કેવું સુખ મળ્યું છે, તે બધી વાતો કહેવડાવજો. મારા કુટુંબને આપવા સારુ પ્રાર્થના અને આંસુઓ વગર બીજું કંઈ અધિક મારી પાસે નથી. માત્ર એ બધા સમાચાર આપ કહેવડાવશો તો બસ, કદાપિ તેઓ ઈશ્વરની કૃપાથી મુસાફરો પણ થઈ જાય. એવી રીતે વ્યવસ્થા કરીને **અટળચરણ** પણ પોતાને જવાનો સમય પૂરો થયો ત્યારે નદીના કિનારા પર ગયો, તે વખતે નદીનું પાણી છેક સ્થિર હતું. માટે જ્યારે તે નદીની મધ્યે જઈને થોડી વાર ઊભો રહ્યો અને તેની સાથે કિનારા સુધી આવેલા લોકોની સાથે વાતો કરીને કહેવા લાગ્યો કે, આ નદીથી ઘણા મુનષ્યો ગભરાઈ જાય છે, અને મને પણ એના વિષેના વિચારથી ઘણી વાર બીક લાગતી હતી. પરંતુ આ વખતે મારું મન શાંત તથા દૃઢ છે, કેમ કે ઇસ્રાએલ લોકોને યરદન નદી ઉતરીને પાર જવાની વખતે જેના ઉપર સ્થાપનાનો કોષ ઊંચકનારા યાજકોના પગ સ્થિર હતા, તેના જ ઉપર આ સમયે મારા પગ પણ દૃઢ છે. આ પાણી સ્વાદમાં કડવું

અને પેટમાં ઠંડક ઉપજાવનાર છે. તોપણ જે જગ્યાએ હું જાઉં છું ત્યાંના વિચારથી તથા જે તેજસ્વી પુરુષો નદીને પેલે પાર મને લેવાને ઊભા છે તેઓના વિચારથી મારું મન હર્ષથી ઊભરાઈ જાય છે. હવે મારી મુસાફરીનો અંત આવી પહોંચ્યો છે. અને મારા સંકટના દિવસ વીતી ગયા છે. જે મહાપુરુષના મોં પર લોકો થૂંક્યાં હતા અને જેમના માથા ઉપર કાંટાનો મુગટ પહેરાવ્યો હતો. તે મહાપુરુષનાં દર્શનને વાસ્તે હું જાઉં છું. અત્યાર સુધી તો સાંભળ્યાથી અને વિશ્વાસથી મેં જીવન ગાળ્યું છે, તોપણ જ્યાં હું હમણાં જાઉં છું ત્યાં હું મારા પ્રભુને પ્રત્યક્ષ રીતે જોઈશ અને તેમની સંગતથી મને અતિ આનંદ થશે. અત્યાર સુધી તો મારા પ્રભુ વિષેની હકીકત સાંભળવાથી મને નિત્ય ઘણો આનંદ થતો હતો. અને જે જે જગ્યાએ તેમના પગલાં પડેલાં દેખાતાં હતાં ત્યાં મને પણ પગલાં મૂકવામાં બહુ મન થતું હતું. મને તેમનું નામ કસ્તુરીની દાબડી સમાન. સર્વ સુગંધિત દ્રવ્યો કરતાં મધુર લાગતું હતું. તેમના શબ્દો મને અત્યંત મધુર લાગતા હતા, સૂરજનો પ્રકાશ જોવાને જેઓ અત્યંત આતુર હોય છે તેઓના કરતાં અધિક અભિલાષા હું તેમનું મુખ જોવાને રાખતો હતો. તેમનાં વચનોને સ્વાદિષ્ટ ભોજન અને મને નિર્ગત થતાં અટકાવનાર મહા ગુણવાન ઓસડના જેવાં જાણીને હું તેઓનો સંગ્રહ કરતો હતો. તેમના આશ્રયથી ગુનાઓથી બચાવ પામ્યો છું. તેમના માર્ગમાં ચાલવાની તેમણે મારા પગોમાં શક્તિ આપી છે.

**અટળચરણ** એવી રીતે વાતો કરતો હતો એટલામાં તેના મોંનું સ્વરૂપ બદલાઈ ગયું અને હું તમારી પાસે આવું છું. મારો

અંગીકાર કરો. એટલું કહીને તે કાંઠા પર લોકોની દૃષ્ટિમાંથી અદૃશ્ય થઈ ગયો.

હવે એમ મુસાફર લોકો એક પછી એક જે વખતે સિધાવતા હતા અને સ્વર્ગી શહેરના રમ્ય દરવાજામાં દાખલ થતા હતા, તે વખતે તેઓને આવકાર આપવા સ્વર્ગી ભૂમિમાં જે અસંખ્ય ઘોડા, રથ, તુરાઈ, વાંસળી અને વીણા ઇત્યાદિ અનેક પ્રકારનાં વાજિંત્રો વગાડનારા ટોળે મળ્યાં હતાં. તે દેખાવ અત્યંત તેજસ્વી અને ભપકાદાર હતો.

ખ્રિસ્તી સ્ત્રીના ચાર પુત્ર અને તેઓની પત્ની સંતાન આદિ નદી ઉતરીને પાર ગયાં ત્યાં સુધી હું ત્યાં થોભ્યો નહિ. વળી મારા પાછા આવ્યા પછી મેં એક માણસથી એવું સાંભળ્યું કે, તેઓ હજી સુધી પણ જીવે છે અને તેઓ જ્યાં રહે છે ત્યાંની મંડળીની વૃદ્ધિને માટે હજી પણ તેઓ કેટલાંક વર્ષ જીવશે. જો મારે ફરીથી તે દેશમાં જવું પડશે તો જે લોકોને તેઓની બાકીની હકીકત સાંભળવાની ઇચ્છા હશે તો કહી સંભળાવીશ. પણ હમણાં વાચક વર્ગને નમસ્કાર કરીને વિદાય થાઉં છું.

## ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીના

1BGY2

| ક્રમ | પુસ્તકનું નામ | |
|---|---|---|
| ૧ | પ્રેષિતોના કાર્યો દ્વારા મળતો ઈશ્વરી સંદેશ | ૮૦-૦૦ |
| ૨ | માર્કનો સંદેશ | ૫૦-૦૦ |
| ૩ | ગિરિપ્રવચનનો સંદેશ | ૪૦-૦૦ |
| ૪ | કરિંથવાસીઓને લખેલા પહેલા પત્રનો સંદેશ | ૪૦-૦૦ |
| ૫ | અયૂબ | ૬૦-૦૦ |
| ૬ | રૂથનો સંદેશ | ૨૫-૦૦ |
| ૭ | વિશ્વવ્યાપી જળપ્રલય | ૧૫-૦૦ |
| ૮ | તમારા સંજોગોના સંચાલક | ૨૫-૦૦ |
| ૯ | ખાલી કબરનો ચુકાદો | ૨૦-૦૦ |
| ૧૦ | માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે? | ૩૦-૦૦ |
| ૧૧ | વધામણીની વાતો | ૧૦-૦૦ |
| ૧૨ | નાતાલની વાતો | ૧૦-૦૦ |
| ૧૩ | બારાબ્બાસ | ૩૦-૦૦ |
| ૧૪ | ઝબકાર અને ઝાંખી | ૨૦-૦૦ |
| ૧૫ | પ્રબોધકો અને તેના કાર્યો | ૨૦-૦૦ |
| ૧૬ | રેવ. થોમાભાઈ પાથાભાઈ | ૧૦-૦૦ |
| ૧૭ | આત્મામાં સ્વપ્નો અને સંદર્શનો | ૧૫-૦૦ |
| ૧૮ | બેન-હર | ૨૦-૦૦ |
| ૧૯ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૧ | ૩૦-૦૦ |
| ૨૦ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૨ | ૩૦-૦૦ |
| ૨૧ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૩ | ૩૦-૦૦ |
| ૨૨ | પુલ્પિટ હેલ્પસ ભાગ-૪ | ૩૦-૦૦ |
| ૨૩ | વધસ્તંભના સપ્તવચન | ૧૫-૦૦ |
| ૨૪ | ફબીઓલા | ૩૫-૦૦ |
| ૨૫ | વધસ્તંભ અને ચપ્પુ | ૩૫-૦૦ |
| ૨૬ | વહાલાં પંખીડાં | ૧૫-૦૦ |
| ૨૭ | ચિરાયેલો પડદો | ૨૦-૦૦ |
| ૨૮ | નિર્મળા | ૧૦-૦૦ |
| ૨૯ | યોનેકો | ૧૫-૦૦ |
| ૩૦ | અનેક માની આંસુભરી પ્રાર્થનાના પરિણામ | ૧૫-૦૦ |
| ૩૧ | સભાશિક્ષક | ૩૦-૦૦ |